

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું સર્વલક્ષી
સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૬મું

જુલાઈ ૧૯૯૩

સળંગ અંક

૭૮૬

તંત્રી


ધીરુ પરીખ

સંપાદક

બિહારીલાલ ટાંક

વરુણ

પ્રાચીન વૈદિક કાળમાં પ્રધાન દેવ. કાળાંતરે એનું સ્થાન ઇન્દ્રને અપાયું. કદાચ એટલે એની પ્રતિમાઓ ઓછી જોવા મળે છે. ઋગ્વેદમાં એના અનેક મંત્રો છે. જલ-સમુદ્રના એ દેવ. પશ્ચિમ દિશાના દિગ્પાલ. નાગલોકના સ્વામી. દ્વાદશ આદિત્યોમાંનો એક. જલાશયોત્સર્ગમાં એનું પૂજન થાય. અનેક ધાર્મિક, યાજ્ઞિક, શાંતિક, પૌષ્ટિક ઇત્યાદિ કાર્યોના પ્રારંભનાં દેવપૂજનમાં કલશ-સ્થાપના કરી તેના ઉપર વરુણનું આવાહન અને પૂજન કરવાની પ્રથા છે. ભુવનેશ્વરના બારમી સદીના રાજરાણી મંદિરમાં કંડારાએલી અને અલંકારખચિત એની અતિ સુંદર પ્રતિમાનો એક અંશ અહીં પ્રસ્તુત છે.



ગોવર્ધનધરણ - અઢારમી સદીના આરંભકાળનું બસોલી શૈલીનું એક સુંદર (રંગીન) ચિત્ર. આગવાં ચિત્રસંયોજનો, પાત્રાલેખનમાં વિશિષ્ટ ચહેરા અને તેજસ્વી રંગો એ બસોલી શૈલીની લાક્ષણિકતા રહી છે. પોતાની પૂજા બંધ કરાવીને કૃષ્ણે વ્રજવાસીઓને ગોવર્ધનપૂજા કરવા પ્રેર્યા એથી ક્રુદ્ધ ઇન્દ્રે અતિ ભારે વૃષ્ટિ કરાવી અને કૃષ્ણે ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળી ઉપર ઉપાડી લઇ તેની નીચે ગોપ અને ગાયોનું રક્ષણ કર્યું એ કથા સુવિદિત છે. રાજસ્થાની અને પહાડી કલાકારોમાં આ કથાનો ચિત્રવિષય બહુ પ્રિય છે. અન્ય કોઈ વિગતો ન દર્શાવતા ચિત્રકારે સંયમ રાખી આ ચિત્રમાં એ પ્રસંગની મુખ્ય ઘટના આલેખવા પર જ લક્ષ કેન્દ્રિત કર્યું છે. અને એથી ચિત્ર-વસ્તુની સચોટ સુંદર રજૂઆત થઇ છે. મનાય છે કે ઇ. ૧૭૩૦માં રાજવંશી કવયિત્રી માણકુએ કવિ જયદેવના 'ગીતગોવિંદ' પર મુગ્ધ થઇ આ ચિત્ર બનવરાવ્યું છે. પહાડી રજવાડાંઓમાં એ કાળે કૃષ્ણભક્તિનો મહિમા સવિશેષ હતો.

દરેક સંસ્કારી ઘર અને દૃષ્ટિવંત લાઈબ્રેરીમાં આ નવાં પુસ્તકો હશે જ

અશ્વદોડ : મોહંમદ માંકડ — ૧૦૮-૦૦

'ડોન કિહોટે', 'ભદ્રંભદ્ર' અને 'મિથ્યાભિમાન' જેવી ક્લાસિક વ્યંગરચનાઓના વંશની, એટલી જ રસપ્રદ અને પ્રથમ પુરુષ એકવચનમાં હોવાથી લખાવટમાં તો એથીય ઉત્તમ એવી આ નવલકથા છે. સમસ્ત ગુજરાતીભાષી સમાજને એની ભલામણ કરતી વેળા એક ચેતવણી : પોતાને 'સમથિંગ' માનતા સાહિત્યકારો અને વિવેચકો આને હાથ જ ન લગાડે. દાઝી જવાશે !

પચ્ચીસમો કલાક : વર્જિલ ઘોર્ઘ્યુ — ૧૪૦-૦૦

વિશ્વયુદ્ધ, ફાસીવાદી કોમવાદ, વિજેતાનું દુરભિમાન, અને એ બધી યંત્રણાઓ તળે પિસાતી ભોળીભલી માનવતા - આપણે તો માનતાં હતાં કે ભારતને આ દિવસો કદીય જોવના નહીં આવે; પરંતુ જ્યારે એ કરાલ શક્યતા રાક્ષસી મુખ ફાડીને સામે આવી ઊભી છે ત્યારે 'પચ્ચીસમો કલાક' વાંચવાથી કશુંક બળ મળી રહેશે. નોબેલ પારિતોષિક વિજેતા કૃતિનો આ અનુવાદ છે.

જગતના મંદિરમાં : ગુણવંતરાય આચાર્ય — ૬૫-૦૦

ગુણવંતરાય આચાર્યની 'દરિયાલાલ' પછી સૌથી સુંદર કૃતિ કદાચ 'જગતના મંદિરમાં' ગણાવય - એના કથાવસ્તુને માટે, એના ઐતિહાસિક મહત્ત્વને માટે અને વધુ તો સુરેખ પાત્રાલેખન માટે ! દ્વારકા અને ઓખામંડળના ગૌરવ માટે અંગ્રેજો અને મરાઠાઓ સામે ઝઝૂમતા મરણિયા વાઘેરોની આ કથા આજના સંદર્ભમાંય ઘણું કહી જાય એમ છે.

અંગારસ્વપ્ન : હસુ યાજ્ઞિક — ૭૦-૦૦

'સંદેશ' દૈનિકમાં પ્રગટ થઈ ચૂકેલી ખૂબ રસપ્રદ નવલકથા.

મહાભારત : સી. રાજગોપાલાચારી — ૧૧૦-૦૦

રાજાજી, એટલે કે ચક્રવર્તી રાજગોપાલાચારી એક વિચક્ષણ રાજનેતા અને સુદક્ષ વકીલ જ નહોતા, સુસજ્જ લેખક અને શબ્દસ્વામીય હતા. એમણે કરેલું 'મહાભારત'નું સરલીકરણ હવે ગુજરાતીમાં પ્રાપ્ય બને છે. હવે મહાભારત વાંચવા ઇચ્છનારે બીજે ક્યાંય ફાંફાં મારવાની જરૂર રહેતી નથી.

હું ગૂર્જર ભારતવાસી : માધવ ચૌધરી — ૪૦-૦૦

ગુજરાતનો પ્રસંગ આવે, ગુજરાત વિષે કાંઈ લખવાનું આવે ત્યારે વિદ્યાર્થીઓને, શિક્ષકોને, લેખકોને, નેતાઓને મૂંઝવણ થાય છે. ગુજરાત વિષે કાવ્યો ક્યાં મળે ? આ ગ્રંથમાં નર્મદથી માંડીને આજ સુધીના કોડીબંધ કવિઓની ગુજરાત સંબંધી કાવ્યરચનાઓ એકઠી મળશે. દરેક શાળા આ પુસ્તક વસાવી જ લે.

હું ફળાહારથી જીવું છું : હ્યાપ અને હોનિબોલ — ૧૫-૦૦

ખોરાકમાં ફળનું મહત્ત્વ કેટલું ? કેટલાય શ્રદ્ધાળુ હિંદુઓ ફળાહાર કરીને કેટલાક તહેવારો પસાર કરે છે. અન્નની તંગીમાં ફળાહાર પર આધાર રાખી શકાય ? આ બધા પ્રશ્નોના ઉત્તર આ પુસ્તકમાંથી મળશે.

જિજ્ઞાસા અને કૌતુક ૧-૫ : હરસુખ થાનકી — ૭૦-૦૦

બાળસાહિત્યનો આ એક જુદો જ આયામ છે. કંઈક જાણવું, સમજવું, શોધવું, એ પણ કેટલું આનંદદાયી હોઈ શકે. એનો નમૂનો જોવો હોય તો આ પુસ્તક જોવું. વરસાદી દિવસોમાં બાળકોના હાથમાં મૂકવા માટે આ ઉત્તમોત્તમ ભેટ છે.

- ગુજરાતી ભાષામાં મળતાં શ્રેષ્ઠ પુસ્તકો માટે સંપર્ક સાધો

ગૂર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧ : ફોન : ૩૪૪૬૬૩

પૂજાની ઓરડી

હવે મને વહાલી છે પૂજાની ઓરડી :
        મેવા-મીઠાઈ મસ ચાખી લીધા,
હવે વહાલી છે શબરીની બોરડી;
        હવે મને વહાલી છે પૂજાની ઓરડી !

ઝળહળતી રોશનીના જોયા ઝગારા,
        હવે ધીને દીવે છે મન મોહ્યું;
હસી હસી આયખાને એળે ગુમાવ્યું,
        હવે ભર રે આનંદ ઉર રોયું !
ધીરે ધીરે સળગે છે વાસનાની દોરડી :
        હવે મને વહાલી છે પૂજાની ઓરડી !

એકે એકે છોડતો ચાલ્યો સંધુય,
        એક વહાલ ભૂંડું છોડયું ના છૂટે !
નમણી કપૂરની ગોટી જલે છે, એક
        હોલવું ત્યાં શગ બીજી ફૂટે !
જેણે મારી અજવાળી આઠમ નકોરડી :
        હવે મને વહાલી છે પૂજાની ઓરડી !

બાલમુકુન્દ દવે

જુલાઈ **કુમાર** ૧૯૯૩

કુમાર સળંગ અંક ૭૮૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા-ચરિત્રનિબંધ

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ. અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦, પરદેશમાં રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

અવસ્થાન્તર/જયન્ત પાઠક

(શિખરિણી-સોનેટ)

અહો એ અશ્વો, એ તડિત-શી ત્વરા, ખૂંદતી ધરા
ખરીઓ એ, ખુલ્લાં હરિત ચરિયાણો ગજવતી
મહાહેષાઓ એ અનલ ઊંડું આકાશ ભરતી;
જરા વાગી એડી, ગગન ઊડતા લક્ષ્યઅધીરા !

અહો એ વેગીલા શત શત સર્પો પ્હાડથી ઝરા !
ઝલાતા ના ઝાલ્યા, તટ ઉભયને ઉચ્છલી જતા :
મહામોજે તાણી તરુવર, ગુહાઓ ગજવતા
ફીણો ફુત્કારંતા વળવમળબંકા બલભર્યા. !

હવે ધીમે ધીમે ઘટતું મટતું જાય જીવન;
બુઝાતા દીવાની શગશું, અવળો વાય પવન;
દગો ટૂંકું ભાળે પગ નજીકનું-તે ય ધૂંધળું;
પગો ટૂંકી ચાલે ઘર મહીં ફરે રે હળુહળુ;

બધી ઇન્દ્રિયો ને મન પણ હવે શાંત, શિથિલ
જગત્ જાણે ગૂંથ્યું જીવ જકડતું જાળું જટિલ.

¤

સંગાથ/વ્રજલાલ દવે

દેખ, મલકતી આંખમાં ફાગણ ક્રૂર
ને ભીતર રમતાં શીતલ નીર,
વાટના મેળા પડતા મેલી
પહોંચીએ સામે તીર;
કેડીએ છાનું, લાવ, હસીને
હાથમાં પ્રોઈએ હાથ;
અણધાર્યો સંગાથ.

ખીણમાં સુણાય વાયરે પાડ્યા
પડઘા ગાંડાતૂર,
જંગમાંહી ફેલંતા ગાજે
દવના દાહ ફિતૂર;
કંપવું નહીં, જંપવું નીલમ તૃણનો ઝીલી
નરવો હરિત સાથ;
અણધાર્યો સંગાથ.

ચલ ! નદીનાં આછર્યાં હવે ઝીલીએ શ્વેતલ વહેણ,
[redacted]ાંજની ઝાલી આંગળી આવે ચંપકભીની રેણ;
[redacted]ણાં, બારી, ભીંત ઓગાળી, ભીડીએ ચંદન બાથ.
[redacted]ણધાર્યો સંગાથ.

ઉપલબ્ધિ/હેમન્ત દેસાઈ

(શિખરિણી-સોનેટ)

હસે તું - જન્મોનું પરિચિત મને હાસ્ય, સલૂણું
સ્રવે જન્મી તારે અધર નિલયે કાવ્ય ઝરણું
વિખરે પૃથ્વીના રસ સકલ, સૌભાગ્ય પ્રસરે
ખરે ! મારે હૈયે નિભૃત પરિતાપો પરિહરે.

બીડ્યાં નેત્રો ખોલે- અમી ચિર, પીધ્યાં એય, ક્ષિતિજે
છલી ઊઠી રંગો અનુપમ ઉષાના અભિરમે
યથા, અસ્તિત્વે આ અણુઅણુ વિશે ભૈરવી બજે
ધીમે ધીમે શાતા - ઘન ગહન જ્યોત્સ્ના સમ, ઝમે.

વળી ઝૂકી ઢાળે વદન મધુરું, મૌન મુદિતા
પ્રભા માણુ એની, સુરભિ-અભિષેકે નિત નવા
કશો તેં સંકોર્યો જીવનરસ મારો, સુખપ્રદા
સુખશ્રી, રૂપશ્રી,... સપદી પ્રકટેલી તું કવિતા.

અને જ્યાં તારો આ હૃદયરસ ઉત્કર્ષ પરશે
કૃપા હેલી જાણે વિભુની વરદાયિની વરસે !

¤

જોઈએ/ભરત ભટ્ટ 'તરલ'

(ગઝલ)

આપણે સામ સામે હસી જોઈએ,
ફૂલ માફક સહજતા શ્વસી જોઈએ.

લોહીના રંગની જ્યાં સમજ હો સરળ,
એક એવા નગરમાં વસી જોઈએ.

એ ત્વચા પણ ઊતરડી હવે નાખશે,
ઝંખનાથી ચપોચપ ખસી જોઈએ.

એ જ સાચું પ્રતિબિંબ છે આપણું,
ખુદ જાતે સ્વયં આરસી જોઈએ.

આખરે અહીં રચાશે શબદનું જગત,
જો ગઝલની ખુમારી કસી જોઈએ

¤

હાઈકુ/મંગળ રાવળ 'સ્નેહાતુર'

શેઢા વચમાં
દાતરડું, સૂર્યનાં
કિરણ વાઢે.

—મેઘનાદ સહા—

— પ્રહ્લાદ છ. પટેલ —

ઈ.૧૯૧૦-૩૦ના સમય ગાળા દરમ્યાન જ્યારે હિંદમાં સ્વાતંત્ર્ય-સંગ્રામ વધુ ને વધુ બળવાન બનવા લાગ્યો ત્યારે તે સમયે વિજ્ઞાન જેવાં બીજાં કેટલાંક ક્ષેત્રોમાં બ્રિટિશ શિક્ષણની અસર વધુ ઘેરી બનતાં તે શિક્ષણ વધુ પ્રભાવક બની રહ્યું હતું. તે સમયે રાજકીય ક્ષેત્રે મહાત્મા ગાંધી, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ અને સરોજિની નાયડુનાં નામ હરપળે લોકજીભે ચઢેલાં રહે. વિજ્ઞાન અને સાહિત્ય-કલા ક્ષેત્રે શ્રીનિવાસ રામાનુજન, જગદીશચંદ્ર બોઝ, મેઘનાદ સહા, ચંદ્રશેખર રામન, સત્યેન્દ્રનાથ બોઝ અને રવીન્દ્રનાથ ટાગોર વગેરે તેજસ્વી તારલાઓની જેમ પ્રકાશતા હતા. આ બધા શિક્ષિત ભારતીય યુવાનો માટે પ્રેરકબળ હતા. વિજ્ઞાન અને સાહિત્ય માટે સાચે જ આ સુવર્ણકાળ હતો. સ્વાતંત્ર્યની સિદ્ધિ-સાધનામાં આ બૌદ્ધિક રાષ્ટ્રભક્તોનો પરોક્ષ ફાળો નોંધપાત્ર છે. આ ટુકડીએ લાખો ભારતીય નાગરિકોનાં સ્વપ્નોને વાસ્તવિકતામાં ફેરવી નાખ્યાં હતાં.

રામનના પ્રાયોગિક સંશોધન 'રામન ઘટના' માટે તેમને નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો. રામનના આ સંશોધનની સામે રામાનુજનના તો માત્ર ચાર સંશોધન લેખો અને મેઘનાદ સહાનું આયનીકરણ સિદ્ધાંતને લગતું સંશોધન-પત્ર વધુ મૂલ્યવાન ગણાય છે. કારણ કે તે પાયાની ઈંટનું મહત્ત્વ ધરાવે છે. આ સંશોધન-પત્રના ઉપલક્ષમાં બ્રિટિશની રોયલ સોસાયટીની ફેલોશિપ સહાને એનાયત કરવામાં આવી હતી. આ સમયે સૈદ્ધાંતિક અને વિભાવનાત્મક સંશોધન ક્ષેત્રે બ્રિટનનું નામ મોખરે હતું. આથી આ ફેલોશિપનું મહત્ત્વ અજોડ હતું. કોઈ પણ વ્યક્તિને રોયલ સોસાયટીની ફેલોશિપ પ્રાપ્ત થાય એટલે તેના પાયાના સંશોધનનો બ્રિટને સ્વીકાર કર્યો છે એમ અર્થ થાય. આ એવો સમય હતો જ્યારે હિંદમાં સંશોધનની કોઈ સુવિધાઓ નહોતી. આથી આ સમયે વિજ્ઞાનક્ષેત્રમાં સંશોધન સૈદ્ધાંતિક સ્વરૂપનું જ રહ્યું અને વિજ્ઞાનક્ષેત્રે સંશોધન સ્વદેશી ઉપકરણો વડે કરવું પડતું હતું.

મેધાવી મેઘનાદ સહાનો જન્મ આજના બાંગ્લાદેશના પાટનગર ઢાકાથી ૪૫ કિલોમીટર દૂર આવેલા નાના ગામ સીયોરાતલી ખાતે ૬ ઓક્ટોબર ૧૮૯૩ના રોજ થયો હતો. વતનમાં શૈક્ષણિક સુવિધાઓ નહોતી; આથી તેમણે શાલેય શિક્ષણ ઢાકામાં લીધું. સમગ્ર શાળાકાળ દરમ્યાન મેરિટ શિષ્યવૃત્તિ મેળવતા રહ્યા. આ રીતે શાલેય શિક્ષણ પુરું કરીને ઉચ્ચ શિક્ષણ માટે તે કલકત્તાની પ્રેસિડેન્સી કોલેજમાં દાખલ થયા. આ કોલેજમાં અભ્યાસ કરી તેમણે ૧૯૧૩માં બી. એસસી. અને ૧૯૧૫માં એમ. એસસી.ની પરીક્ષાઓ ગણિતશાસ્ત્ર સાથે પાસ કરી. ૧૯૧૬માં કલકત્તા યુનિવર્સિટી ખાતે વ્યાખ્યાતા તરીકે જોડાયા. અહીં તેમને ભૌતિકશાસ્ત્રી સત્યેન્દ્રનાથ બોઝે (બોઝ-આઈન્સ્ટાઈમ સ્ટેટિસ્ટિક્સવાળા) સાથે મેળાપ થયો. સહાને બોઝનો સાથ મળતો રહ્યો. કોઈપણ ઈર્ષા વિના આ બે પ્રતિભાઓ વચ્ચે વ્યક્તિગત સંઘર્ષ ચાલતો હતો. બોઝ અને સહા વચ્ચે એટલું બધુ અંતર હતું કે તે બે કદાપિ ભેગા બેસવા ખુશ ન હતા. આ બંનેના સંબંધો પરત્વે એક સારું લક્ષણ એ હતું કે તેમની વચ્ચે ટંટિયા-ખેંચ કે કુસ્તી-દંગલો થતાં નહોતાં. સહા અને બોઝના સંબંધો પાઉલીના બાકાતી (exclusion) સિદ્ધાંતની સમજ આપે છે. આ બૌદ્ધિકો વચ્ચે જો અપાકર્ષણ બળ જન્મ્યું ન હોત તો બોઝ- આઈન્સ્ટાઈન સ્ટેટિસ્ટિક્સને બદલે બોઝ-સહા સ્ટેટિસ્ટિક્સ શક્ય બનત.



અનુસ્નાતક શિક્ષણ આપતાં આપતાં તેમણે સંશોધનકાર્ય ચાલુ કર્યું. થોડાક જ સમય બાદ એટલે કે ૧૯૧૭માં તેમના પ્રથમ સંશોધન- લેખ 'મેક્સવેલ્સ' ફિલોસોફિક્લ મેગેઝિનમાં પ્રસિદ્ધ થયો. અને પછી તો સંશોધન લેખોની લંગાર ચાલુ થઈ. ૧૯૨૦માં તેમણે 'સૌર ક્રોમોસ્ફીયરનું આયનીકરણ'નો સંશોધન લેખ પ્રસિદ્ધ કર્યો. ચાલુ સદીના પ્રારંભમાં આ લેખ સાથે સૌપ્રથમ મૂળભૂત સંશોધનનો પાયો નંખાયો. આ સાથે માત્ર ૨૭ વર્ષની વયે વિજ્ઞાન-જગતની ક્ષિતિજ ઉપર આવી સહાએ સંશોધનનો પ્રકાશ ફેલાવ્યો. આ લેખ મૌલિક અને નવીન હોવાથી જગપ્રસિદ્ધ બન્યો. આ લેખથી વિશ્વના કેટલાક વિજ્ઞાનીઓને સંશોધન માટે નવી દિશા ઉપલબ્ધ થઈ અને કેટલાયના સંશોધનમાર્ગ મોકળા થયા. આ લેખની ગુણવત્તાના આધારે સહા ઇંગ્લેન્ડની રોયલ સોસાયટીના ફેલો તરીકે ચૂંટાયા. નોબેલ પુરસ્કારનો પ્રથમ ક્રમ ગણીએ તો આ ફેલોશિપ બીજા ક્રમે આવે, અને તે અદ્વિતીય સંશોધાન-સિદ્ધિ માટે જ એનાયત થાય છે. આ લેખમાં તેમણે ઉષ્મીય આયનીકરણનો સિદ્ધાંત સ્થાપિત કર્યો. આ પછી તેમણે 'સૂર્યનાં તત્ત્વો', 'વાયુઓનું તાપમાન-વિકિરણ' અને 'સ્ટેલર વર્ણપટનું વર્ગીકરણ' નામના ત્રણ સળંગ સંશોધનલેખો વિજ્ઞાનજગત સમક્ષ રજૂ કર્યા.

૧૯૨૦માં પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ અને ઘોષ ફેલોશિપ મળતાં મેઘનાદ સહા વિજ્ઞાનના ઉચ્ચ અભ્યાસાર્થે યુરોપ ગયા. ત્યાં લંડનના ખ્યાતનામ ખગોળભૌતિકશાસ્ત્રી ફાઉલર સાથે સંશોધનકાર્ય કર્યું. આ ગાળામાં આર્થર એડિંગ્ટન, મિલ્ને જેવા ખગોળભૌતિકશાસ્ત્રીઓના પરિચયમાં આવ્યા. વિવિધ ક્ષેત્રે પ્રતિષ્ઠિત વિજ્ઞાનીઓ સાથે સંશોધનકાર્ય કર્યું. અહીં ફાઉલર સાથે રહીને તેમણે 'સ્ટેલર વર્ણપટનું વર્ગીકરણ' નામનો સંશોધનલેખ ફરીથી લખ્યો, અને 'સ્ટેલર વર્ણપટનો સિદ્ધાંત' જેવા નવા નામે પ્રસિદ્ધ કર્યો. આ લેખ તથા 'સૌર ક્રોમોસ્ફીયરનું આયનીકરણ' લેખ ખગોળભૌતિકવિજ્ઞાન ક્ષેત્રે અત્યંત મહત્ત્વના અને મૂલ્યવાન પુરવાર થયા. આ લેખો ખગોળભૌતિકવિજ્ઞાનનો પાયો ગણાય છે. તેમના પોતાના લેખોમાં આ લેખ મોખરે છે. ખગોળભૌતિકવિજ્ઞાનનો જે સિદ્ધાંત સહાએ રજૂ કર્યો તેની ઘેરી અસર થઈ અને તે આ ક્ષેત્રે અત્યંત ઉપકારક બન્યો. ખગોળભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રના સંશોધન માટે તે ચાવી રૂપ છે. આર.

એચ. ફાઉલર, ઈ.઼ઓ. મિલ્ને, સહા અને તેમના વિદ્યાર્થીઓએ ભેગા મળી તેમના મૂળ સિદ્ધાંતમાં સુધારો કર્યો છે. આ સિદ્ધાંત પાયાનું સ્વરૂપ ધરાવતો હોઈ તેને આધારે સ્ટેલર વર્ણપટના તાપમાન, દબાણ જેવા બીજા ગુણધર્મોની પ્રાગુક્તિ (આગાહી) શક્ય બની. સહાનો ઉષ્મીય આયનીકરણનો સિદ્ધાંત વ્યાપક સ્વરૂપ ધરાવે છે અને તેથી તે જ્યોતની વાહકતા, વિદ્યુત આર્ક, વિસ્ફોટ ઘટના, આયનો-સ્ફીયર (આયનમંડળ) અને ગરમ- પ્લાઝમાને લાગુ પાડી શકાય છે. પૃથ્વીની સપાટીથી ૯૦ થી ૫૦૦ કિલોમીટરની ઊંચાઈએ પૃથ્વીને ફરતે વિદ્યુતભારિત કણો (આયનો) અને ઈલેક્ટ્રોનના બનાવેલા જાડા વલયાકાર પટ્ટાને આયનોસ્ફીયર કહે છે. વિદ્યુતભારિત કણો, તટસ્થ કણો અને ઈલેક્ટ્રોનનું મિશ્રણ જે સમગ્રપણે તટસ્થ વર્તણુક દાખવે છે તેને પ્લાઝમા કહે છે. સહાના આયનીકરણના સિદ્ધાંતને સૂત્ર-બદ્ધ કર્યા બાદ ૭૦ વર્ષે તેની પ્રતીતિ થઈ. જ્યારે પ્રયોગશાળામાં તાપ-ન્યૂક્લીય ઊર્જાના નિયંત્રણના પ્રયત્નો થયા તે દરમ્યાન મેગ્નેટોહાઈડ્રોડાયનેમિક પ્રક્રિયા સહાના સિદ્ધાંત વડે સમજી શકાઈ. ઈંગ્લન્ડથી પાછા ફરતા પહેલાં માઉન્ટ વિલ્સન વેધશાળાના નિર્દેશક ડૉ. જી. એચ. હેલ સાથે ખગોળભૌતિકવિજ્ઞાન ક્ષેત્રે બીજી કેટલીક પ્રાગુક્તિઓ કરી અને ત્યાંજ તેની ચકાસણી પણ કરવામાં આવી. સંશોધન માટે ઈંગ્લન્ડમાં તેમને પૂરતો અવકાશ હતો, સુવિધા હતી, પણ પોતાના વતનની લાગણીને વશ થઈ તે હિંદ પાછા ફર્યા. જો કે તે સમયે સહાની કક્ષાના વિજ્ઞાની માટે આપણા દેશમાં સંશોધન સુવિધાઓ અને સાધનો ટાંચા હતા, છતાં બધાજ પડકાર ઝીલવા માટે સહા સમર્થ હતા.

સન ૧૯૨૧માં સર આસુતોષ મુખરજીએ કલકત્તા યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના ખેરા પ્રોફેસર તરીકે જોડાવા સહાને નિમંત્રણ આપ્યું. તેમણે આ નિમંત્રણ સહર્ષ સ્વીકારી યુનિવર્સિટીના ગૌરવમાં વધારો કર્યો. થોડોક સમય ત્યાં ભૌતિકશાસ્ત્રનું શિક્ષણ આપ્યું અને સંશોધનની શરૂઆત કરી. ત્યારબાદ તે ત્યાંથી અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રના પ્રધ્યાપક અને તે વિભાગના અધ્યક્ષ તરીકે જોડાયા. અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં તે જોડાયા તે પહેલાં ત્યાં ભૌતિકશાસ્ત્રનું માત્ર શિક્ષણ જ અપાતું હતું, પણ સહાએ સૌપ્રથમ ભૌતિકશાસ્ત્ર વિભાગમાં શિક્ષણ સાથે વિવિધ શાખાઓમાં સંશોધનકાર્ય ચાલુ કર્યું.

વીસમી સદીના પ્રારંભમાં પરમાણુનું ચિત્ર સ્પષ્ટ થવા લાગ્યું હતું. પરમાણુના કેન્દ્રમાં ન્યૂક્લિઅસ હોય છે, જે પરમાણુના વજન માટે જવાબદાર છે. ન્યૂક્લિઅસનું આંતરિક બંધારણ જાણવા પ્રયત્નો ચાલુ હતા. આથી સહાએ પોતાની કારકિર્દીના પ્રારંભમાં ન્યૂક્લિઅસ ભૌતિક - વિજ્ઞાનના શિક્ષણ અને સંશોધનનો પાયો નાખ્યો. સહાએ અલ્લાહાબાદમાં શિક્ષણ ચાલુ કર્યું ત્યારે ન્યૂટ્રોન કણની શોધ થઈ ન હતી. આથી ઈલેક્ટ્રોન અને પ્રોટોનને ન્યૂક્લિઅસની સંરચનાના ઘટક-કણો તરીકે ગણવામાં આવતાં, પરંતુ ન્યૂક્લિઅસના ઈલેક્ટ્રોન-પ્રોટોનવાદ મુજબ તથા કેટલાક ગુણધર્મો અને તેને આનુષંગિક પરિણામો સમજાવી શકાયાં નહીં. ૧૯૩૨માં ન્યૂટ્રોન શોધાયા પછી જ ન્યૂક્લિઅસનું ચિત્ર સ્પષ્ટ બન્યું અને ત્યાર બાદ ન્યૂક્લિઅસનો પ્રોટોન-ન્યૂટ્રોનવાદ શરૂ થયો. જે ન્યૂક્લિઅસના બધાજ ગુણધર્મો સંતોષકારક રીતે સમજાવે છે, તથા સુસંગત આનુષંગિક પરિણામો મળે છે. સહા ન્યૂક્લિઅસનો વિગતવાર અભ્યાસ કરી ન્યૂક્લિઅસ ભૌતિકશાસ્ત્રી તરીકે પ્રકાશમાં આવ્યા. આ રીતે આપણા દેશમાં સહાએ ન્યૂક્લિઅસ અને ખગોળભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. સહા પોતે તેજસ્વી વિદ્યાર્થી અને આત્મનિષ્ઠ શિક્ષક હતા. સંનિષ્ઠ સહાને પી. કે. કિચલુ, ડી. એસ. કોઠારી (યુ.જી. સી. અને કોઠારી કમિશનના અધ્યક્ષ), કે. મજુમદાર, જી. આર. ડોસ્નીવાલ અને આર. સી. મજુમદાર જેવા તેજસ્વી અને અઠંગ મહેનતુ વિદ્યાર્થીઓ મળ્યા. સહાનું તે સદ્‌ભાગ્ય અને યુનિવર્સિટી આયામનું ગૌરવ ગણાય. આ રીતે સહાના વડપણ નીચે કલકત્તા પછી અલ્લાહાબાદ ભૌતિકશાસ્ત્રનું નવું કાશી બન્યું. અહીં અણુ તથા પરમાણુ ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રે અભ્યાસ અને સંશોધન સાથે અન્ય વિવિધ શાખાઓમાં કામ કર્યું - જેમકે ખગોળભૌતિકશાસ્ત્ર, સક્રિય નાઈટ્રોજન અણુઓનું ઊંચા તાપમાને વિઘટન, આંકડાશાસ્ત્રીય યાંત્રિકી આયનોસ્ફીયરમાં રેડિયો તરંગોનું સંચરણ વગેરે. પૃથ્વીના ઉપલા વાતાવરણના ભૌતિકશાસ્ત્રને લગતા વિષયોના પ્રશ્નો બાબતે ઉષ્મીય આયનીકરણનો સિદ્ધાંત પ્રયોજી પોતાની યશકલગીમાં એક છોગું ઉમેર્યું. સહાની કારકીર્દિનો પ્રારંભ સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી તરીકે થયો અને લગભગ આખી જિંદગી તે રીતે ગઈ. પણ પ્રાયોગિક ભૌતિકશાસ્ત્રમાં તેમને એટલો જ રસ અને સમજ હતાં. તે સમજતા હતા કે વિજ્ઞાનનું પ્રાયોગિક પાસું જ વિજ્ઞાનને જિવાડે છે અથવા મારે છે અને તે વિજ્ઞાનની કરોડરજ્જૂ છે. પ્રાયોગિક પૂર્તતા એ વિજ્ઞાનનું બળ છે. તે માનતા હતા કે ભૌતિકશાસ્ત્ર આ બાબતે અપવાદ હોઈ શકે નહીં. આજે વિજ્ઞાનશિક્ષણની સંસ્થાઓએ સરકારે અને યુનિવર્સિટીઓએ તેમની પોતાનીજ નબળાઈઓ અને સ્થાપિત હિતોને કારણે વિજ્ઞાનના પ્રાયોગિક અંગને સમૂળગું છેદી નાખ્યું છે. આજે આપણા દેશમાં વિજ્ઞાનના 'શિક્ષણનો' આત્મા હણાઈ ચૂક્યો છે. વિજ્ઞાનના પ્રાયોગિક શિક્ષણ સાથે ભયંકર રમતો કરીને વિજ્ઞાનને ખાલી ખોખું બનાવી દેવાયું છે. આ ખોખામાં પ્રાણ પૂરવા માટે મેઘનાદ સહા પૃથ્વી ઉપર પાછા અવતરે તો પણ આજની ગતિવિધિ જોતાં, વિજ્ઞાનના શિક્ષણને સંજીવની પ્રાપ્ત થાય તેમ લાગતું નથી.

૧૯૨૬માં સહા મુંબઈ ખાતે યોજાયેલી ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસમાં ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ બન્યા. સહાના સંનિષ્ઠ પ્રયાસો તથા લગનીને કારણે અલ્લાહાબાદ યુનિવર્સિટીનો ભૌતિકશાસ્ત્ર વિભાગ આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પામ્યો.

સને ૧૯૩૦ પછી સહા શિક્ષણ અને સંશોધન ઉપરાંત ધીમે ધીમે સામાજિક અને રાષ્ટ્રિય પ્રશ્નોના નિરાકરણની દિશામાં પગરણ માંડે છે. પ્રથમ ચરણ રૂપે તેમણે યુ. પી. એકેડેમી ઓફ સાયન્સીસની સ્થાપના કરી. આ એકેડમીની પ્રવૃત્તિઓના વ્યાપને અનુલક્ષી પાછળથી તેનું નામ નેશનલ એકેડમી ઓફ સાયન્સીસ રાખવામાં આવ્યું. આ સંસ્થાએ ૧૯૯૦માં ૬૦ વર્ષ પૂરાં કર્યાં. ૧૯૩૪માં ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસના જનરલ પ્રમુખ તરીકે આવ્યા ત્યારે તેમણે 'ઓલ ઈન્ડિયા એકેડેમી ઓફ સાયન્સીસ'ની સ્થાપના માટે અપીલ કરી. તેના ફળ સ્વરૂપે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સીસ (હાલ જેને નેશનલ સાયન્સ એકેડમી કહે છે) સ્થાપના થઈ.

અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં તેમણે ૧૫ વર્ષ શિક્ષણ અને સંશોધનનું કાર્ય કર્યું. તે દરમ્યાન તેમણે ૪૫ સંશોધન લેખો લખ્યા. આ સમયે તેમણે ચુંબકીય મોનોપોલ માટે ડિરાકની કવોન્ટીકરણની શરતની પુનઃ તારવણી કરી. આ લેખમાં તેમણે મોનોપોલના દળનો અંદાજ કાઢ્યો જે ન્યૂટ્રોનના દળ કરતાં ૨૫૪ ગણો છે. તેમની આ સૈદ્ધાંતિક પ્રાગુક્તિની ચકાસણી માટે ચુંબકીય મોનોપોલની શોધ હજુ કરવાની બાકી છે.

કલકત્તા યુનિવર્સિટી ખાતે પાલિટ પ્રોફેસરનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. આ સ્થળ ઉપર અગાઉ ૧૯૩૨ સુધી સર સી. વી. રામન રહ્યા હતા. ત્યાર બાદ ૧૯૩૨ થી ૧૯૩૭ સુધી પ્રો. ડી. એમ. બોઝ આ સ્થાને રહ્યા હતા. તે પછી આ સ્થાન ઉપર મેઘનાદ સહા નિયુક્ત થયા. આ સમયગાળા દરમ્યાન લીઝમાઈટનરે યુરેનિયમના વિખંડનની સંભાવનાની સૈદ્ધાંતિક ગણતરી કરી હતી. તત્પશ્ચાત્ એનરિકો ફર્મીએ ન્યૂકિલઅર વિખંડનની પ્રાયોગિક પૂર્તિ કરી. આથી ન્યૂકિલઅર ભૌતિકશાસ્ત્રનું અને તે ક્ષેત્ર સંશોધનનું મહત્ત્વ સહાને સમજાયું. આથી તેમણે કલકત્તા યુનિવર્સિટીમાં એમ. એસસી. ભૌતિકશાસ્ત્રના અભ્યાસક્રમમાં ન્યૂકિલઅર ભૌતિકશાસ્ત્રનો વિષય શરૂ કર્યો. ભૌતિકશાસ્ત્રની પાલિટ પ્રયોગશાળામાં તેમણે ન્યૂકિલઅર ભૌતિકશાસ્ત્ર અને કોસ્મિક કિરણોના ક્ષેત્રે સંશોધન શરૂ કર્યું. ન્યૂકિલઅર ભૌતિકશાસ્ત્રમાં સંશોધન કરવા માટે સાઈકલોટ્રોન (સૂક્ષ્મ વિદ્યુતભારિત કણોને પ્રવેગિત કરવાનું સાધન) વસાવવાની મહત્ત્વકાંક્ષા તે ધરાવતા હતા, પણ આ સાધન બેહદ ખર્ચાળ હતું. તેથી યુનિવર્સિટીને તે પોષાય તેમ ન હતું. આ માટે સહાની નજર શ્રી તાતા ઉપર ઠરી, કારણ કે તેમને મન સંશોધનનું મહત્ત્વ તથા સમજ હતાં, અને તેમની આર્થિક શક્તિ પણ હતી. આ હેતુ માટે સહાએ સ્વ. નેહરુ મારફતે તાતા પાસે રૂપિયા ૬૦ હજાર (!!!) મંજૂર કરાવ્યા. સંશોધન માટે રાષ્ટ્રિય કેન્દ્ર ઊભું કરવા જેવા ઉમદા કામ માટે દેશના વડાપ્રધાન અને દેશના પ્રથમ કોટિના દાતાની મદદ મેઘનાદ સહાને લેવી પડી છે. તેના ફળ સ્વરૂપે કલકત્તા યુનિવર્સિટી ખાતે સાઈક્લોટ્રોન કાર્યમાં બિરલાએ પણ સહયોગ આપ્યો હતો. પાલિટ પ્રયોગશાળામાં ન્યૂકિલઅર ભૌતિકશાસ્ત્ર અને નવા મકાનમાં સાઈક્લોટ્રોન ઉપર સહાની નિશ્રામાં સંશોધન કાર્ય પૂરજોશમાં ચાલુ થયું. પ્રારંભમાં પ્રાપ્ત કરેલાં પ્રાયોગિક પરિણામો અત્યંત પ્રેરક હતાં. અહીં કરવામાં આવેલા પ્રયોગોને આધારે મ્યુ-મેસોનનો જીવનકાળ નક્કી કરવામાં આવ્યો (મ્યુ-મેસોન ઈલેકટ્રોન કરતાં ભારે અને પ્રોટોનથી હલકો દ્રવ્યનો મૂળભૂત કણ છે). આ સાથે યુરેનિયમના વિખંડનનો આડ-છેદ નક્કી કરવામાં આવ્યો.

સ્વાતંત્ર્ય બાદ ભારતે વિજ્ઞાન અને ટેકનોલોજિના વિકાસ માટે પોતાની નીતિ તૈયાર કરવાની હતી. તે માટે સંશોધનને પ્રાધાન્ય આપવું જરૂરી હતું. રાષ્ટ્ર કક્ષાએ વિશાળ યોજના માટે નાણાંની જરૂર પડે જ. દેશમાં સંશોધનના નકશાની રૂપરેખા સહાએ તૈયાર કરી અને તેમાં આવશ્યક રંગો હોમી ભાભાએ પૂર્યા. સંશોધન માટે નાણાં પ્રાપ્ત કરવા માટે સરકાર સાથે સહાએ મસલતો કરી. આ નીતિના ભાગ તરીકે સમગ્ર રાષ્ટ્રમાં રાષ્ટ્રિય પ્રયોગશાળાઓ અને સંશોધન સંસ્થાઓ ઊભી કરવાનું નક્કી થયું. આ સાથે સાઈક્લોટ્રોન પ્રયોગશાળા કેન્દ્રમાં રહે તે રીતે ન્યૂકિલઅર ભૌતિકશાસ્ત્ર અને તેને આનુષંગિક વિષયો માટે એક અલગ સંસ્થાની સ્થાપના કરવા માટે તેમણે એક બાજુ કેન્દ્ર સરકારના અણુઊર્જા ખાતા તથા શિક્ષણ ખાતાને અને બીજી બાજુ યુનિવર્સિટીઓને સમજાવવાનું હતું. આ બંને કામો ઘણાંજ, કઠોર હતાં પણ સહાએ સફળતાપૂર્વક તેને પાર પાડ્યાં. આવી એક રાષ્ટ્રિય પ્રયોગશાળા અને સંશોધન સંસ્થાની કલકત્તામાં સ્થાપના થતાં સહાનું સ્વપ્ન સાકાર થયું. અત્યારે આ સંસ્થાને 'સહા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂકિલઅર ફિઝિક્સ' તરીકે ઓળખવામાં આવે છે. ડૉ. શ્યામપ્રસાદ મુખરજીના હસ્તે ૨૧-૩-૧૯૪૮ના રોજ આ સંશોધન સંસ્થાનો પાયો નંખાયો અને ઔપચારિક રીતે આ સંસ્થાનો તા. ૧૧-૧-૧૯૫૦ના રોજ મંગલ પ્રારંભ થયો. આ સંસ્થાની ઉદ્ઘાટનવિધિ વિશ્વવિખ્યાત ન્યૂકિલઅર ભૌતિકશાસ્ત્રી ઈરિનજોલિયોટ ક્યુરીના હસ્તે થઈ હતી. આ સંસ્થાના ઉદ્ઘાટન સમયે વિશ્વવિખ્યાત વિજ્ઞાનીઓ ફ્રેડરિક જોલિયોટ, રોબર્ટ રોબિન્સન અને જે. ડી. બર્નલ ઉપસ્થિત રહ્યા હતાં. આવી હસ્તીઓની હાજરી સંસ્થાના મૂલ્યને નિર્દેશિત કરે છે.

કલકત્તા પાછા આવ્યા પછી સહાએ ભૌતિકશાસ્ત્રનાં વિવિધ ક્ષેત્રે કાર્ય કર્યું હતું. તેમના કાર્યનું ફલક વિશાળ હતું. ન્યૂકિલઅસના સિસ્ટેમેટિક્સ એટલે કે ન્યૂકિલઅસની ઊર્જા, તેના ચુંબકીય અને રેડિયોએક્ટિવ ગુણધર્મો ખાસ કરીને ક્ષય-નિયતાંક અને અર્ધજીવનકાળ, સમસ્થાનિકો વગેરેના ઉપલક્ષમાં અભ્યાસ અને વર્ગીકરણ બાબતે સૌપ્રથમ ધ્યાન કેન્દ્રિત કર્યું. રેડિયોએક્ટિવ ન્યૂકિલઅસમાંથી બીટા કણો (એટલે કે ઈલેકટ્રોન) ઉત્સર્જિત થતાં હોય છે. આ ઘટનાને બીટા ક્ષય કહે છે. તે વિષે તેમણે વિષદ અભ્યાસ અને સંશોધન કર્યું છે. એક બાજુ ચાર દીવાલો વચ્ચે પરમાણુ અને પેટાપારમાણ્વિક કણોનો અભ્યાસ તો બીજી બાજુ પૃથ્વીથી દૂર દરાજના વાતાવરણમાં (પૃથ્વીની સપાટીથી ૯૦ થી ૫૦૦ કિલોમીટર વચ્ચે) વિદ્યુતભારિત કણો (આયન) અને ઈલેકટ્રોનના જાડા વલયાકાર પટ્ટામાં વિદ્યુતચુંબકીય તરંગોના સંચરણને લગતું અનુસંધાન કર્યું પોતાના કાર્યની ક્ષિતિજો વિસ્તારી સૌર કોરોના ઉપર કેટલાય સંશોધન લેખો લખ્યા છે. સૌર ક્રોમોસ્ફીઅરના કેટલાક વણઉકલ્યા કોયડાઓ તેમના ઉષ્મીય આયનીકરણના સિદ્ધાંતને આધારે હલ થાય છે. ભારતીય ખનિજો અને ખડકોના ભૂસ્તરીય આયુ ઉપર પણ તેમણે એટલો જ દિલચસ્પ વૈજ્ઞાનિક અભ્યાસ કર્યો હતો. ૧૯૪૪ બાદ 'ઈન્ડિયન એસોસીએશન ફોર કલ્ટિવેશન ઓફ સાયન્સ'ની પ્રવૃત્તિઓમાં સહા રસ લેવા માંડ્યા. આ એક સંશોધન સંસ્થા છે જેની સ્થાપના કલકત્તા ખાતે ૧૮૭૬માં કરવામાં આવી હતી.

ભૌતિકવિજ્ઞાનના શિક્ષણ અને સંશોધનનો પાયો સહા, રામન અને બોઝની ત્રિપુટીએ નાખ્યો અને મજબૂત કર્યો. આ સાથે નવોદિત સંશોધન-કારોના સંશોધન લેખોની પ્રસિદ્ધિ માટે સહાએ 'સાયન્સ અને કલ્ચર' નામના સામયિકની શરૂઆત ૧૯૩૫માં કરી તે સાથેસાથે તે સાલમાં જ 'ઈન્ડિયન સાયન્સ ન્યૂઝ એસોસીએશન'ની પણ શરૂઆત કરી. સ્થાપક તંત્રી તરીકે તે જીવ્યા ત્યાં સુધી પોતાના લેખોનું આ સામયિકોને પ્રદાન કરતા રહ્યા.

સહા રાષ્ટ્રિય પ્રશ્નો પરત્વે પણ અત્યંત સભાન, સર્જક અને સંવેદશીલ હતા. નદીઓનાં પાણી સમુદ્રમાં ખામખા ઠલવાતાં જોઈ પાણીના આવા વિપુલ જથ્થાનો યોગ્ય પ્રબંધ કરવા તેમણે વિચાર્યું હતું. સિંચાઈ યોજનાઓ

દ્વારા પાણીનો સદુપયોગ કરવા માટે તેમણે પોતાના મૌલિક વિચારો રજૂ કર્યાં હતા. રાષ્ટ્રના વિકાસમાં ઊર્જા મહત્ત્વનું અંગ છે. તે માટે કોલસો, તેલ, વાયુ અને ખનિજો જેવાં ઈંધણ, વિદ્યુત ઊર્જાના સ્રોત, ઔદ્યોગિકીકરણ અને રાષ્ટ્રિય આયોજન ઉપર તેમણે વિગતો અને વિદ્વત્તા સાથે પૂરા ૫૧ સંશોધનલેખો તૈયાર કર્યાં હતા. 'મેઘનાદ સહાનાં સંગ્રથિત કાર્યો ભાગ-૨' નામે ૬૩૭ પાનાંનો ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો. સહા અને ત્યારબાદ કેટલાક રાષ્ટ્રિય વિજ્ઞાનીઓનાં અનુસંધાનિક સૂચનોનો ખજાનો ખોલી રાષ્ટ્રનું કલ્યાણ કરવાની આજે કોને પરવા છે?

સહા પોતાની શક્તિ અને સિદ્ધિઓને આધારે ભારતીય નાગરિક મટીને વિશ્વનાગરિક બન્યા. તેમણે ઘણા બધા વિકસિત અને વિકસતા દેશોની મુલાકાત લીધી હતી. તે દરમ્યાન ઘણી યુનિવર્સિટીઓએ તેમને ડૉક્ટરેટની માનદ પદવીઓ આપેલી તેમજ ઘણી સંસ્થાઓએ તેમને ફેલોશિપથી નવાજ્યા હતા. પાંડિત્ય સાથે તે ઉચ્ચ કોટિના શિક્ષક હતા. વિદ્યાર્થીઓ ઉપર તે મજબૂત પકડ ધરાવતા હતા. સામાજિક, રાષ્ટ્રિય અને આતંરરાષ્ટ્રિય પ્રવૃત્તિઓથી ઘેરાયેલા હોવા છતાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ આપવા સહાની તૈયારી અને તત્પરતા બેમિશાલ હતાં. તે લેખક તરીકે પણ અદ્વિતીય હતા. તેમણે 'મૉડર્ન ફિઝિક્સ' પુસ્તક લખ્યું છે, જેનો વ્યાપ વિશાળ છે અને એટલું જ પ્રિય પણ છે. તેમનું બીજું ચિરપ્રતિષ્ઠિત પુસ્તક 'ટ્રીટાઈઝ ઑન હીટ' અજોડ ગ્રંથ છે. જગતના કેટલાય દેશોમાં આ પુસ્તકનો આધાર લેવાય છે. જર્મન અને રશિયન જેવી જગતની કેટલીક ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે.

સહા અલ્પાંશે રાજકીય માનસ ધરાવનારા હતા, અને ડાબેરી વિચારધારા તરફ થોડા ઢળેલા હતા. જ્યારે બોઝ અને રામન રાજકીય રીતે અલિપ્ત રહ્યા હતા. રાજકારણીઓની શાન ઠેકાણે રાખવા આત્મનિષ્ઠ અને નિસ્પૃહી વિજ્ઞાનીઓ ઘણું કરી શકે તેમ છે. આવા સહા કેટલીક વખત નેહરુને થોડાક કઠતા હતા. પણ સહાએ છેક સુધી 'સહાપણું' સાચવી રાખ્યું હતું. ૧૯૫૨માં સહા સંસદમાં સ્વતંત્ર સભ્ય તરીકે ચૂંટાયા હતા. સંસદમાં તો તે થોડાક સમય માટે રહ્યા હતા, પણ તેમની હાજરી ધ્યાનાકર્ષક રહેતી, કારણ કે તે અસરકારક અને પરિણામલક્ષી કાર્યવાહી કરતા હતા. વિજ્ઞાન અને ટેકનોલૉજિની રાષ્ટ્રિય નીતિ અને રાષ્ટ્રિય આયોજનાની બાબતે જ્યારે તે સંસદમાં વિચારો રજૂ કરતા ત્યારે કેટલાયને તેમની હાજરીનો સન્માન્ય અનુભવ થતો. સંસદમાં તેમનો દૃષ્ટિકોણ તેમજ વ્યવહાર આદરણીય, અને રચનાત્મક રહેતો. જ્યારે સંસદમાં અણુ-ઊર્જા, નદીઓનાં પાણીના વિતરણ, ખાણખનિજ યોજના, શિક્ષણ, રાજ્યોની પુનઃરચના, નિરાશ્રિતોના વસવાટને લગતી ચર્ચાઓ થતી ત્યારે સાંસદોની નજર તેમનાં ઉપર પડતી અને તેમના સૂચન તથા અભિપ્રાયની આતુરતા-પૂર્વક રાહ જોવાતી. તેનું મુખ્ય કારણ એ હતું કે કોઈપણ પ્રશ્ન પ્રત્યે તે રાજકીય નહીં પરન્તુ રાષ્ટ્રિય અભિગમ ધરાવતા હતા, વ્યક્તિનો નહીં પણ સમષ્ટિનો વિચાર કરતા હતા અને કોઈ પ્રાંતનો નહીં પણ દેશનો વિચાર કરતા. રાષ્ટ્રના વિકાસને લગતા પ્રશ્નો પ્રત્યે તેમનો અભ્યાસ ઠોસ હતો. આથી તેમના અભિપ્રાય કે સૂચનમાં ફેરફારને અવકાશ રહેતો નહીં અને તેમનો શબ્દ આખરી ગણાતો. 'તે સમયે 'કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિઅલ રિસર્ચ' નામની સંસ્થાએ સહાને કેલેન્ડર સુધારા સમિતિના અધ્યક્ષ તરીકે નીમ્યા. તેમણે ભારતીય એસ્ટ્રોનોમિ ઉપર પાંડિત્યપૂર્ણ ખતપત્ર માત્ર ત્રણ વર્ષમાં તૈયાર કરી આપ્યો. તેનો સરકારે અક્ષરશઃ 'સ્વીકાર કર્યો હતો. આજે તેનો જાતીય પંચાંગ તરીકે ઉપયોગ થાય છે.

સહાનું લગ્ન ૧૯૧૮માં રાધારાની રોય સાથે થયું હતું. તેમને ત્રણ દીકરા અને ચાર દીકરીઓ હતી. બધાં જ બાળકોની શૈક્ષણિક અને ધંધાકીય કારકિર્દી પિતા જેટલી જ ઉજ્જવળ અને સંસ્કારમય રહી છે. એક પળની પણ નવરાશ ન મળવા છતાં સહા પોતાનાં બાળકો માટે ગમે તે રીતે સમય કાઢતા અને દિવસમાં થોડીક મિનિટો બાળકોને ફાળવી ઘણુંબધું સંસ્કારધન આપતા. સહાના દીવા તળે અંધારું ન હતું તે એક નોંધપાત્ર ઘટના છે.

ચાલુ સદીના પ્રારંભમાં બંગાળી અને દક્ષિણ ભારતીય સમાજ ઉપર અંગ્રેજી શાસનનો ખાસ્સો એવો પ્રભાવ હતો. આથી એક વિશિષ્ટ પ્રબુધ્ધ વર્ગ રચાયો હતો, જે પશ્ચિમના શિક્ષણ, ઈન્ડિયન સિવિલ સર્વિસ અને ઈન્ડિયન ફાઈનાન્સ જેવી સરકારી નોકરીને સામાજિક મોભો ગણતો. આ બધા માટે સહા શક્તિ ધરાવતા હતા પણ સહા તેમના વિદ્યાર્થીકાળ દરમ્યાન ક્રાંતિકારી હતા, જેને કારણે તેમને આમાંની કોઈપણ પરીક્ષામાં બેસવા દીધા ન હતા. અંગ્રેજોના પૂર્વગ્રહ અને આવા પ્રતિબંધે ભારતને મહાન વિજ્ઞાનીની ભેટ આપી ! આ ઘટના ભારત અને વિજ્ઞાનનું સૌભાગ્ય જ ગણાય. ક્રાંતિકાળ દરમ્યાન સહા અને સત્યેન્દ્રનાથ બોઝ બે પ્રથમ કોટિના સૈધ્ધાંતિક ભૌતિકશાસ્ત્રીઓ ભારતને મળ્યા. સહાએ એક શિક્ષક તરીકે વિજ્ઞાનના વિદ્યાર્થીઓમાં ચાલના પેદા કરી ભારતીય ભૌતિક-શાસ્ત્રીઓની એક પેઢી તૈયાર કરી. આથી ભારતના ભૌતિકવિજ્ઞાનક્ષેત્રે સહા એક દીવાદાંડી સમાન રહ્યા છે. ક્રાંતિકારી સહા અને ધર્મપ્રિય રામન વચ્ચે બે ધ્રુવો જેટલું અંતર હતું તે છતાં બંને પોતપોતાની રીતે વિધાયક અને રચનાત્મક હતા. રાષ્ટ્રિય વિચારધારા પરત્વે બંને પૂરક હતા. સહા, બોઝ અને રામનનો સંશોધન, સમાજ અને સ્વાતંત્ર્ય પ્રત્યે અદ્વિતીય ફાળો હતો. તેમની પ્રગલ્ભતા અને તેજસ્વિતા મહાન હતી. વ્યક્તિગત રીતે અદ્વિતીય બનવાની ભાવનાએ ત્રણે જણને દૂર રાખ્યા હતા. પરિણામે તેમની વચ્ચે સંવાદિતાના અભાવનો એહસાસ થતો રહેતો હતો. અને આવું તો બીજા દેશોમાં પણ બનતું હોય છે, કારણકે તે માનવ પ્રકૃતિનું પરિણામ છે.

સહા જ્યારે દિલ્હીમાં પ્લાનિંગ કમિશનના કાર્યાલયમાં સવારે જતા હતા ત્યારે ૧૬-૨-૧૯૫૬ના રોજ આ મહાન શિક્ષક, વિજ્ઞાની સમાજ-ચિંતક અને રાષ્ટ્રપ્રેમીનું દિલનો દોર તૂટી જતાં રસ્તામાં જ અવસાન થયું. ભલે તેમના ભૌતિક દેહે અલવિદા લીધી પણ તેમનાં કાર્યો વિજ્ઞાનજગતમાં અને ભારતના રાષ્ટ્રિય આયોજનમાં હમેશને માટે અવિસ્મરણીય રહેશે. □

સત્યજિત રાયની વાર્તા

તારિણીકાકા અને વેતાળ

અનુ. સુકન્યા ઝવેરી

શ્રાવણ માસનો વાદળિયો દિવસ હતો. સવારથી જ ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. એવામાં સાંજ થતાં તારિણીકાકા આવી ચડ્યા. હાથમાંની ભીની જાપાની છત્રી ફટાક લઈને બંધ કરી બારણા પાસે ઊભી મૂકી અને ખાટ ઉપર એમની કાયમી જગ્યાએ બેસી તકિયાને પોતાની પાસે ખેંચતાં બોલ્યાં: 'ક્યાં ગયાં બધાં ? બોલાવ, બોલાવ એ બધાંને ; અને નિકુંજને કહે કે એક કપ મારી ચા બનાવી લાવે.'

લોડશેડિંગ હતું એટલે બેઠકખંડમાં મીણબત્તી બળતી હતી, પણ તેનાથી નિસ્તબ્ધતા ઘટવાને બદલે વધતી હતી.

પાણી ઊકળવા મૂકી નિકુંજ આ ઘેર પેલે ઘેર જઈ ભુલુ, ચટપટી, સુનંદ અને નેપલાને બોલાવી આવ્યો. આવતાં જ નેપલો બોલ્યો: 'આ વાદળિયા દિવસે મીણબત્તીના ઉજાશમાં જો—'

'ભૂતની વાર્તા ને ?' કાકાએ પૂછ્યું.

'એટલે કે જો તમારા સ્ટૉકમાં હોય તો. બે વાર્તા તો તમે ઑલરેડી કહી દીધી છે.'

'મારા સ્ટૉકમાં હોય તો !? અરે, મારા સ્ટૉકમાંથી તો અરેબિયન નાઈટ્સ જેવડાં બે પુસ્તકો થાય.'

'મતલબ કે ટુ થાઉઝન્ડ એન્ડ ટુ નાઈટ્સ ?'

અમારાં બધાંમાંથી નેપલો જ કાકા જોડે વાત કરવામાં પૂરો ઊતરે.

'જી, હા' કાકા બોલ્યા, 'પણ એ બધી જ વાતો કેવળ ભૂતની ન યે હોય.

૧ અહીં કહી રાખું કે તારિણીકાકાની વાર્તાઓ આટલી બધી જામે છે તે બધી જ ખરી છે કે ગપ્પા છે એ મેં એમને કદી પૂછ્યું નથી, પણ એટલી ખબર છે કે પિસ્તાળીસ વર્ષ સુધી હિંદુસ્તાનની જુદી જુદી જગ્યાએ ફરવાને લીધે કાકાએ અનુભવોનો જબરો સ્ટૉક એકઠો કર્યો હતો.

'આજે શાની વાત કરશો ?' ભુલુએ પૂછ્યું.

'આજની વાર્તાને ભૂતની યે કહી શકો અને હાડપિંજરની પણ કહી શકો.'

'હાડપિંજર ને ભૂત એક જ હોવાની તો મને ખબર જ નહોતી !' નેપલો બોલ્યો.

'તે તું શું બધી જ વાત જાણે છે, છોકરા ?' એ બંને એક જ ન હોયને તો ય ક્યારેક એક થઈ જાય છે. કમ સે કમ હું જે વાત કરવાનો છું તેમાં તો થઈ ગયેલી. તમારામાં સાંભળવાની હિંમત હોય તો કરું.'

અમે પાંચેય જણ ઉપરાઉપરી ત્રણવાર બોલ્યા કે હિંમત છે, અને કાકાએ વાર્તા શરૂ કરી.

મલબારમાં એલચીનો વ્યાપાર કરી બે પૈસા કમાઈને હું ત્યારે રખડતો હતો. કોચીનથી ગયો કોએમ્બટોર(કોઈમ્બતુર), ત્યાંથી બૅંગ્લોર, બૅંગ્લોર ટુ કુર્નુલ, કુર્નુલ ટુ હૈદરાબાદ. ફર્સ્ટ ક્લાસ સિવાય ટ્રેનમાં બેસતો નહીં, સારી હોટેલમાં જ ઊતરતો. શહેરમાં ફરવાની ઇચ્છા થાય તો ટેક્સી બોલાવતો. હૈદરાબાદ જવાની ઇચ્છા ત્યાંનું સાલારજંગ મ્યૂઝીઅમ જોવા ખાતર જ હતી. કેવળ એક માણસે કરેલા સંગ્રહથી એક મ્યૂઝીઅમ બને એ જો જોઈએ નહીં તો માન્યમાં પણ ન આવે. એ મ્યૂઝીઅમ જોઈ, ગોલકોંડાની એક ટ્રિપ મારી ફરી નીકળી પડવું એવો વિચાર કરતો હતો ત્યાં અચાનક લોકલ અખબારમાં એક જાહેરખબર જોઈ મન ચંચળ બની ઊઠ્યું. હૈદરાબાદના એક આર્ટિસ્ટ ધનરાજ માર્તન્ડને એક મોડેલની જરૂર હતી. એને કોઈ પૌરાણિક વિષય પર ચિત્ર દોરવું હતું. તમે રવિવર્માનું નામ સાંભળ્યું છે ? રાજા રવિવર્મા એ ત્રાવણકોરના એક રાજવંશી નબીરા હતા. પૌરાણિક વિષયનાં ચિત્રો બનાવવામાં એમનું નામ ખૂબ ખ્યાતિ પામેલું, પણ એ તો ગઈ સદીના પાછલા કાળની વાત. હિંદુસ્તાનમાં ઘણાં બધાં રાજરજવાડાંના રાજમહેલોમાં એમણે કરેલાં ઑઈલ પેઈન્ટિંગ્ઝ જોવાં મળતાં. કંઈક એ રવિવર્માની સ્ટાઈલથી જ આ ધનરાજ માર્તન્ડ ચિત્રો બનાવતા. હું આ જે વાત કરું છું એ પાંત્રીસ વર્ષ પહેલાંની છે. ત્યારે ચિત્રકાર તરીકે એમનું પણ ખૂબ નામ અને પ્રતિષ્ઠા હતાં. એમની આ જાહેરખબર જોઈ મને ખૂબ જ ઉત્તેજના થઈ આવી. એમને પુરુષ મોડેલ જોઈતું હતું. ચહેરો સારો જોઈએ, રોજ સિટિંગ આપવાનું અને આની સામે પૂરતું પારિશ્રમિક મળવાનું હતું. તમને તો મેં કહ્યું જ છે કે એ સમયે મારો ચહેરો હતો લાઈક એ પ્રિન્સ. અસલ રાજાનો કુંવર જ જોઈ લો! એમાં વળી દંડબેઠક કરી ઘડેલું શરીર. અંગ ઉપર ઝભ્ભો, માથે મુકુટ અને કમ્મરે તલવાર લટકાવી હું કોઈ પણ નેટિવ સ્ટેટ - દેશી રજવાડાના સિંહાસને બેસું તો રાજા જ લાગું. ખેર, મેં તો એપ્લાઈ કરી દીધું. અને સાત દિવસમાં તો મારી અરજીનો જવાબ પણ આવી ગયો. ધનરાજ માર્તન્ડે મને રૂબરૂ મળવા બોલાવ્યો.

નવા અસ્ત્રાથી દાઢી કરી, સરસ પોષાક પહેરી, દુર્ગામાતાનું નામ જપી હું ચિત્રકાર માર્તન્ડને ત્યાં પહોંચી ગયો. ઘર જોઈને લાગ્યું કે કોઈ જમાનામાં એ નવાબની હવેલી-બવેલી હશે. ચારે કોર માર્બલના મોઝેઈકની ડિઝાઈનો જડેલી હતી. ધનરાજ માર્તન્ડને ચિત્રો કરવામાંથી સારી કમાણી થતી હશે એ દેખાઈ આવતું હતું.

યુનિફોર્મ પહેરેલા નોકરે મને ઘરમાં લઈ જઈ એક ઓરડામાં બેસાડ્યો. ત્યાં હારબંધ ગોઠવેલી ખુરશીઓ ઉપર બીજા પાંચેક જણ પણ બેઠા હતા. લાગ્યું કે તેઓ પણ મારી જેમ મોડેલ બનવા માટેના ઉમેદવાર જ હતા. ડૉક્ટરના વેઈટિંગરૂમ જેવા એ ખંડમાં બેઠેલા ઉમેદવારોમાં એક ચહેરો મને કંઈક જાણીતો લાગ્યો, પણ હું તેને બરાબર ઓળખી શક્યો નહીં. હું એ સૌની સાથે બેઠો અને થોડી જ વારમાં અંદરથી બહાર આવી નોકરે નામ પોકાર્યું : વિશ્વનાથ સોલંકી. એ સાંભળતાં જ મને યાદ આવી ગયું. કોઈ ફિલ્મ મૅગેઝિનમાં મેં પેલા ઉમેદવારનો ફોટો જોએલો. પણ ફિલ્મ લાઈન છોડી એ અહીં નોકરીની દરખાસ્ત શા માટે કરતો હશે ?

કુતૂહલ થવાથી મેં મારી પાસે બેઠેલા સજ્જનને પૂછ્યું, 'આ હમણાં જે ઊઠીને ગયા એ મહાશય તો ફિલ્મસ્ટાર છે ને ?'

જરાક હસીને એમણે કહ્યું, 'સ્ટાર હોય તો અહીં આમ જોવા મળે ખરા ? હા, સ્ટાર બનવાની એમને ઇચ્છા હતી, પણ ઉપરાઉપરી એમની ત્રણ ફિલ્મ માર ખાઈ ગઈ તેથી હવે બીજું કંઈ કામ શોધે છે.'

એ સજ્જને એ પણ કહ્યું કે, સોલંકી હૈદરાબાદનો જ છે. ધનવાન બાપના પૈસા જુગાર અને મોજમજામાં ઉડાવી દીધા. એ પછી મુંબઈ જઈને ફિલ્મોમાં હીરો બનવાનો પ્રયાસ કર્યો; પણ તેમાં યે સફળતા ન મળતાં પાછો અહીં આવી જઈ હવે કોઈ બીજા ધંધામાં પડવા મથે છે.

આ માહિતી આપનાર પોતે પણ મૉડેલિંગના ઉમેદવાર તરીકે જ અહીં આવેલા, અને એ જ રીતે અહીં આવેલા અન્ય સજ્જનો પણ. આ બધામાં સોલંકીનો ચહેરોમહોરો જરૂર સારો હતો, પરંતુ તેમાં પૌરુષ કહેવાય એવા તત્ત્વની છાપ કંઈક કમ હતી.

સૌથી છેલ્લે મારો વારો આવ્યો. જે ખંડમાં ઇન્ટરવ્યૂ લેવાતો હતો એ ધનરાજ માર્તન્ડનો સ્ટુડિઓ જ હતો. ત્યાં એક તરફ કાચ જડેલી મોટી બારી હતી. એક તરફ ચીતરવાની ઘોડી ઈઝલ અને એની પાસે ચિત્રકામનો રંગપીંછીપ્લેટ વગેરે સરંજામ હતો. વચ્ચે એક ટેબલ અને તેની પાસે બે ખુરશી. એમાંની એક ઉપર માર્તન્ડસાહેબ બેઠેલા હતા. સાહેબ શબ્દ મેં ખોટો નથી વાપર્યો, કારણ એ સજ્જનનું અંગ્રેજી એકદમ અંગ્રેજ જેવું હતું. શકુનિ જેવું નાક, ફ્રેન્ચ કટ દાઢી, માથે ખભા સુધી પહોંચતા લાંબા વાંકડિયા વાળ અને પોશાક કદાચ એમણે પોતે જ ડિઝાઈન કરેલો. કેમકે જાપાની, સાહેબી અને મુસલમાની પોશાકની એવી ખીચડી મેં કદી જોઈ નહોતી. પાંચેક મિનિટ વાત કરી, શર્ટ કઢાવીને મારા બાઈસેપ, ટ્રાઈસેપ મસલ્સ અને છાતી જોઈ એમણે મને જ સિલેક્ટ મતલબ કે પસંદ કરી લીધો. ડેઈલી સિટિંગના એક સો રૂપિયા, એટલે કે મહિને ત્રીસ દિવસ કામ થાય તો ત્રણ હજાર રૂપિયા થાય. આજના હિસાબે તો દસ પંદર હજાર રૂપિયા જેટલા તો સહેજે થાય !

બીજા દિવસથી જ કામ શરૂ થઈ ગયું. ગમે તે પૌરાણિક ઘટનાનું ચિત્રવસ્તુ હોય તેનું પ્રધાન પુરુષપાત્ર મારે બનાવાનું હતું. નારીપાત્ર માટે હતાં મિસિસ માર્તન્ડ - એમનાં પત્ની અને એમની ઓગણીસ વર્ષની પુત્રી શકુન્તલા. પરચૂરણ પુરુષપાત્રો માટે મોડેલોની કમી ન હતી. માર્તન્ડ પાસે પૌરાણિક ઢબના પોશાકોનો પણ મોટો સંગ્રહ હતો, પાઘડી, સાફો, મુકુટ, ધોતિયું, ખેસ, કમરબંધ, બાજુબંધ, ગળાનાં તાવીજ, નેકલેસ વગેરે વગેરે કંઈક જાતભાતનાં વસ્ત્રાભૂષણો એમણે સંઘરેલાં. અર્જુનના લક્ષ્યવેધથી ચિત્રાંકનનો આરંભ કરેલો. આ માટે એમણે એક જબરદસ્ત ધનુષ્ય પણ બનાવડાવેલું.

હુસેનસાગર લેઈકથી ચાલીને જતાં પાંચ મિનિટ લાગે એટલે દૂર મેં દોઢસો રૂપિયા ભાડાથી બે રૂમ રાખી લીધી. મકાનમાલિક મોનાલિફ હુસેન અતિ સજ્જન હતા. બંગાળીઓ માટે તેઓ સારો અભિપ્રાય ધરાવતા હતા. રોજ સવારે ટોસ્ટ અને ઈંડાનો નાસ્તો કરી હું નીકળી પડતો. નવથી એક વાગ્યા સુધી સિટિંગ આપતો. આમાં વચ્ચે ચા-પાણી માટે થોડો આરામ મળતો. કામ પતી ગયાં પછી બાકીનો દિવસ હું ફ્રી રહેતો અને ત્યારે હૈદરાબાદ શહેરમાં ઘૂમતો. સાંજે લેકને કાંઠે જરા લટાર મારીને દસેક વાગતાં સુધીમાં તો સૂઈ જતો. આ ઉપરાંત, બીજું એક કામ માર્તન્ડે મને સોંપેલું. એમણે પોતે તો રામાયણ અને મહાભારતની કથા માત્ર વાંચેલી એટલે મારે એમને ચિત્રયોગ્ય પૌરાણિક વિષયો શોધીને સૂચવવાના હતા.

આ રીતે મેં એમને રાજા વિક્રમાદિત્યની કેટલીક કથાઓ કહેલી, જે એમને ગમી ગઈ હતી. મને ખબર હતી કે વિક્રમાદિત્યના પાત્ર માટે મારો ચહેરો ખૂબ જ યોગ્ય અને અનુરૂપ હતો. પણ વિક્રમાદિત્યનાં ચિત્રો આલેખવામાં જે ગરબડ થઈ ગઈ તે ક્યાં અને કેવી રીતે થઈ એ હું તમને કહું.

ચારેક મહિના એકધારું સિટિંગ આપ્યા પછી આઠ ચિત્રો તૈયાર થઈ ગયાં હતાં. એવામાં એક દિવસ સાંજે સરોવરકાંઠે લટાર મારી હું ઘેર જતો હતો ત્યારે માર્ગમાં આવતી એક જૂનીપુરાણી મસ્જિદ પાસેથી પસાર થતાં એ નિર્જન સ્થાનમાં આંબલીના એક ઝાડ નીચે આવી પહોંચતાં અચાનક પાછળથી કોઈએ મારા માથા પર લાકડીનો એક જોરદાર ફટકો માર્યો અને હું બેભાન થઈ ત્યાં જ ઢળી પડ્યો.

ભાન આવ્યું ત્યારે હું હૉસ્પિટલના ખાટલામાં પડ્યો હતો. માથામાં અને ડાબા હાથમાં અતિશય પીડા થતી હતી. બેહોશ થઈ રસ્તા પર પડી ગએલો ત્યારે કોઈ સહૃદય સજ્જને એમની ગાડીમાં ઊંચકી લઈ મને હૉસ્પિટલ પહોંચાડેલો. જ્યારે પડ્યો ત્યારે ડાબા હાથ નીચે પથ્થર આવી જતાં કોણી પાસે ફ્રેક્ચર થઈ ગયેલું. બેભાન થઈ પડવામાં મારું બીજું પણ નુકસાન થયેલું. મારા વૉલેટમાંથી દોઢસો રૂપિયા ઊપડી ગયેલા. સાતસો રૂપિયાની મારી ઓમેગા રિસ્ટવૉચ પણ કોઈ કાઢી ગયેલું. પોલીસમાં ફરિયાદ તો નોંધાવી, પણ કંઈ વળ્યું નહીં. કારણ, આવું તો શહેરોમાં રોજબરોજ બનતું જ હોય છે.

હાથે પ્લાસ્ટર કરાવી ત્રણ અઠવાડિયાં સુધી ખાટલામાં પડ્યા રહેવું પડ્યું. મારા ઉપર હુમલો થયાના ચારપાંચ દિવસમાં જ મેં માર્તન્ડને પત્ર લખીને હાલતની જાણ કરી દીધેલી, અને એમનો જવાબ પણ બેએક દિવસમાં આવી ગયો. એમણે લખેલું કે વિક્રમાદિત્યનાં ચિત્રો માટે એમને

ઑર્ડર મળી ગયો હતો અને અમુક દિવસોમાં જ એનાં છ ચિત્રો કરીને આપી દેવાનાં હતાં એટલે એમને મારા બદલે બીજા મૉડેલને લઈ લેવાની ફરજ પડી હતી. જો કે મારા જેવી લાયકાત એ બીજા મૉડેલમાં નહોતી. પણ એ નિરુપાય હતા. અને હવે એ ચિત્રમાળા પૂરી કર્યા પછી જરૂર હશે તો તેઓ મને જણાવશે, વગેરે વગેરે.

આમ, એ વિષે તો મારે હવે કંઈ કરવાનું રહેતું ન હતું તેથી, નાછૂટકે સમય પસાર કરવા અને જે કંઈ કમાવા મળે તે માટે મેં 'આન્ધ્ર હેરલ્ડ' સામયિકમાં થોડું થોડું લખવા માડ્યું. છ ચિત્રો બનાવતાં માર્તન્ડને સહેજે ત્રણેક મહિના તો થાય જ. એટલે હૈદરાબાદના ગુંડાએ મને મારીને બેહોશ બનાવવામાં નવ હજાર રૂપિયાનું નુકસાન તો પહોંચાડેલું જ.

પણ એકાદ મહિનો થતામાં તો મારા મકાનમાલિકને ત્યાં મારા નામ પર માર્તન્ડસાહેબનો ફોન આવ્યો. મારી ખાસ જરૂર હોઈ રૂબરૂ મળી જવા મને બોલાવેલો. સ્વાભાવિક જ ઇંતેજારીપૂર્વક હું એમને ત્યાં જઈ પહોંચ્યો.

'મારે એક સારું સ્કેલેટન-હાડપિંજર જોઈએ છે, મેળવી આપશે ?' મને મળતાં જ માર્તન્ડસાહેબે પૂછ્યું અને કહ્યું, 'મેં એકબે જણને કહ્યું પણ કંઈ વળ્યું નહિ તેથી તારી યાદ આવી. જો મેળવી આપે તો એ માટે તને સારું એવું કમિશન આપીશ. પણ મને માનવ હાડપિંજરની બહુ જરૂર છે.

સ્કેલેટન શાને માટે જોઈએ છે એ મેં પૂછ્યું તો કહે, 'વેતાળ-પચ્ચીસીનાં ચિત્રો બનાવવાનાં છે. એમાં વિક્રમાદિત્યને ખભે વેતાળ હોય એવો આ ચિત્રોનો વિષય છે.' વેતાળની વાત આજકાલનાં છોકરાં વાંચે છે કે નહિ એ તો ખબર નથી, પણ અમે તો અમારા જમાનામાં બહુ વાંચતા. એમાં એક સંન્યાસી વિક્રમાદિત્યને આદેશ આપે છે કે બે કોસ દૂર સ્મશાનમાં એક વૃક્ષ ઉપર એક શબ લટકે છે. તે મને લાવી આપ. વિક્રમાદિત્યે સ્મશાનમાં જઈને વૃક્ષ ઉપર લટકતા શબના ગળે બાંધેલી દોરીને તલવારના એક ઝાટકે કાપી નાખી. શબ ભોંય પર પડ્યું ને ખડખડ હસવા લાગ્યું. નાનો હતો ત્યારે 'જિંદા લાશ' નામની એક હિંદી ફિલ્મ મેં જોએલી. આ પણ એવી જિંદા લાશ જ કહેવાય ને ! એવી લાશ જેમાં ભૂતે વાસ કરલો. આ ભૂત વળગેલી લાશને કહેવાય વેતાળ. વિક્રમાદિત્ય એ વેતાળને ખભે નાખી સંન્યાસી પાસે જવા ઊપડ્યા અને ખભા ઉપર ચડાવેલા એ વેતાળે એને એક કોયડાભરી વાર્તા કહેવા માંડી. આમાં રાજા જો કોયડાનો સાચો ઉત્તર દે તો પેલું શબ એના ખભા ઉપરથી ઊડીને પાછું પેલા ઝાડ ઉપર પોતાને સ્થાને ચાલ્યું જાય, અને જો રાજા સાચો ઉત્તર ન આપી શકે તો એ મરી જાય.

ખેર, જે હોય તે, મેં માર્તન્ડને કહ્યું, 'પણ સાહેબ વેતાળ તો શબ છે, હાડપિંજર નહીં.'

માર્તન્ડ કહે, 'હાડપિંજર મળશે તો ચિત્રમાં એની ઉપર ચામડી ચીતરી શકીશ, પણ હાડપિંજર તો જોઈએ જ.'

મેં ફરી પૂછ્યું, 'તમારો મૉડેલ હાડપિંજરને ખભે ઉપાડવા તૈયાર થશે ?'

'થશે જ તો !' માર્તન્ડ બોલ્યા, 'મેં એની સાથે વાત કરી રાખી છે. એ કહે છે કે એને ડર લાગે તેવું કંઈ જ નથી. અત્યારે તો તું કહે કે મને હાડપિંજર મેળવી આપીશ કે નહીં ?'

'આઈ શેલ ટ્રાઈ માઈ બેસ્ટ' (હું મારથી શક્ય બધું કરી છૂટીશ) પણ એ માટે સારો એવો ખર્ચ થાય, અને કદાચ કામ પતી ગયા પછી એ પાછું યે આપવું પડે !'

માર્તન્ડે મારા હાથમાં બે હજાર રૂપિયા મૂકી કહ્યું, 'આ હાડપિંજરનું સાત દિવસનું ભાડું, અને તને હું મહેનતાણાના બસો રૂપિયા આપીશ.'

સ્કેલેટન એટલે કે હાડપિંજર મેળવવું આજકાલ બહુ મુશ્કેલ છે. જે મળે એ લગભગ બધા પરદેશ એક્સપોર્ટ થઈ જાય છે. પણ એ જમાનામાં યે હાડપિંજર મેળવવું કંઈ સરળ નહોતું - ખાસ કરીને હૈદરાબાદમાં. વળી, હું એ શહેરથી પણ બહુ પરિચિત નહોતો. આડાંઅવળાં ફાંફાં મારવાને બદલે મેં તો સાધી મારા મકાનમાલિકને વાત કરી. ઓનાલિફ સાહેબ બેંતાલીસ વર્ષથી હૈદરાબાદમાં રહેતા હતા. અહીંની નાડીનસ ને ગલીકૂંચીના એ જાણકાર. મારી વાત સાંભળી, ભવાં સંકોચી, થોડીવાર વિચાર કરીને એ બોલ્યા, 'અરે, હા ! સ્કેલેટનની એક વાત યાદ આવી. પણ એ હાડપિંજર અસલી હતું કે બનાવટી તેની ખબર નથી, અને હજી યે તે હાડપિંજર પેલા માણસ પાસે છે કે નહીં તેની યે જાણ નથી.'

'કોણ એ માણસ ?'

'એક મેજિશીઅન - જાદુગર.' હુસેનસાહેબ બોલ્યા, 'એનું અસલ નામ પણ મને ખબર નથી, પણ જાદુગર ભોજરાજના નામે એ ખેલ કરતો. એમાં એક ખેલ હાડપિંજરનો પણ હતો. એમાં હાડપિંજર એની સાથે એક ટેબલ પર બેસી ચા પીતું, પાનાં રમતું, બંને જોડે જોડે હાલતાં ચાલતાં અને કંઈકંઈ કરતાં. એ એક તાજુબીભર્યો ખેલ હતો અને એનાથી ભોજરાજ ખૂબ ખ્યાતિ પામેલો. પણ પંદર વર્ષથી તો એનો પત્તો નથી. સાંભળેલું કે એણે જાદુના ખેલ કરવા છોડી દીધા છે.'

'એ શું હૈદરાબાદનો જ હતો ?'

'હા, પણ એનું એડ્રેસ જાણતો નથી. આંધ્ર એસોસીએશનમાં જઈને તપાસ કર. તેઓ દર વર્ષે ભોજરાજને ખેલ કરવા બોલાવતા હતા.'

આંધ્ર એસોસીએશન પાસેથી ભોજરાજનું એ સમયનું જૂનું સરનામું મળી શક્યું. ત્યાં મેં તપાસ કરી. આશ્ચર્ય ! એ માણસ હજી યે ત્યાં ચોકબજારમાં એકમાળી મકાનમાં બે ઓરડામાં ભાડે રહેતો હતો. ઉંમર પણ ખાસ્સી એંશી વર્ષ જેટલી હતી. કથ્થાઈ રંગની લાંબી ભરાવદાર દાઢી, માથે ચળકતી ટાલ અને વાન એટલે કે શરીરનો રંગ કાળો અબનૂસ. મને જોઈને પહેલું જ વાક્ય એ બોલ્યો કે 'આજકાલ બંગાળી બાબુનું તકદીર બરાબર નથી.'

મને થયું કે એને ભવિષ્ય જોતાં આવડતું હશે, નહિતર એ દિવસોની મારી તકલીફો વિશે એ કઈ રીતે જાણી જાય? આડીઅવળી વાતો ન કરતાં મેં સીધી જ મૂળ વાત ઉપાડી કહ્યું, 'જો પેલું હાડપિંજર હજી આપની પાસે જ હોય અને એક હપ્તા માટે મને ભાડે આપી શકો તો કદાચ મારું તકદીર હું સુધારી શકું. જેને માટે એ જોઈએ છે એ સજ્જન આપને એ માટે બે હજાર રૂપિયા આપવા તૈયાર છે. આપની પાસે છે એ હાડપિંજર ?'

'એક શું, બે છે. હા હા હા હા !' હું તો આ સાંભળી આભો જ બની ગયો.

'અરે, હાડપિંજર તો તારેય છે. નથી ?' ભોજરાજ બોલ્યા, 'નથી ? હાડપિંજર છે એટલે તો હરીફરી શકે છે. તારું હાડપિંજર તો હું મારી નજર સામે જોઈ શકું છું. કોણી પાસેના હાડકામાં તિરાડ પડી છે. ડાક્ટરે જોડી યે દીધી છે. તું જવાન છે એટલે સંધાઈ ગયું. મારા માથા પર લાકડી પડી હોત અને હાડકું ભાંગ્યું હોત તો હું બેઠો થયો હોત ખરો ?'

આ તક મળતાં એક સવાલ પૂછ્યા વિના ન રહી શક્યો, 'મને કોણે જખમી કરેલો એ કહી શકશો ?'

'એ વેરી ઓર્ડિનરી ગુંડા.' ભોજરાજે જવાબ આપ્યો, પણ એની પાછળ કોઈ હતું કે નહીં એની ખબર નથી, હોઈ પણ શકે. એ વાત મારું હાડપિંજર જાણી શકે છે. મારા કરતાં એ વધુ જ્ઞાની છે. તને જે હાડપિંજર જોઈએ છે એ હું આપીશ. ઘણા વખતથી કામધંધો નથી. ઘણુંબધું દેવું થઈ ગયું છે, પણ તારા બે હજારમાંથી એ બધું ચુકવાઈ જશે. હું નિશ્ચિંત મરી શકીશ.પણ એક વાત કહી રાખું. આ હાડપિંજર જેવુંતેવું નથી. જેનું આ હાડપિંજર છે એ એક સિદ્ધ પુરુષ હતા. જમીનથી પાંચ હાથ ઊંચા રહી યોગસાધના કરતા. હવામાંથી આહાર મેળવતા. ફળમૂળની જરૂર જ ન પડતી એમને. એમનું તેજ અસામાન્ય હતું. એક વાર એમની સાધના સમયે એક ચોર એમની કુટિરમાં પેસી ગયેલો. કંઈ ચોરવા હાથ લંબાવ્યો કે એનાં આંગળાં વાંકાં વળી ગયેલાં, અને એને કુષ્ટરોગ થઈ ગયો. સાપ એમને ડંખવા આવતો તો બળીને ભસ્મ થઈ જતો. બાબાજીને કંઈ થતું નહીં.'

હું બોલ્યા વિના રહી શક્યો નહીં, 'પણ એ બાબાજીના હાડપિંજરને તો તમે વશ કરી લીધેલું અને તેના દ્વારા સ્ટેજ ઉપર જાદુના ખેલ પણ કરી બતાવતા.'

'જો, તને વાત કરું તે સાંભળ,' ભોજરાજ બોલ્યા, "મેં કદી એ હાડપિંજરને વશ કર્યું નહોતું. એ બધી તો બાબાજીની લીલા હતી. હું જાદુના જે બીજા ખેલ બતાવતો એ બધા તો હાથચાલાકી અને કળની કરામત. લોકોને થતું કે હાડપિંજરમાં મેં કંઈ કરામત કરી હશે, પણ મૂળ તો હાડપિંજરમાં જે અદ્‌ભુત ક્ષમતા દેખાતી એ બધી ગુરુજીની કૃપા હતી. મનોમન એમના શિષ્ય થઈ દસ વર્ષ સુધી એમની પાદસેવા કરેલી. ત્યારે તો હું જુવાન હતો. જાદુ વિશે એક કુતૂહલ હતું એટલું જ. ગુરુજીએ કદી મને એકાદ વખત પૂરતો યે નોટિસ કર્યો નહોતો (ધ્યાનમાં લીધો નહતો). એ પછી એક દિવસ અચાનક મારી સામે જોઈ બોલ્યા, 'બેટા, તારા પર હું પ્રસન્ન થયો છું, પણ તું હમણાં સંસારત્યાગ કરીશ નહીં. તારે ઘણું કામ કરવાનું છે. તું જાદુગરોનો રાજા બનીશ. તારા નામની ઘણી પ્રસિદ્ધિ થશે. તું જે કામ કરીશ તેમાં મારી સહાય હશે. તેં કરેલી મારી સેવાનો હું બદલો આપવા ઇચ્છું છું. પણ એ હમણાં નહીં, મારા મરણ બાદ.'

મેં કહ્યું, 'એ કઈ રીતે બને ? ગુરુજી મને એ સમજાવો.'

ગુરુજીએ મને સાલ-તારીખ આપી કહ્યું, 'આ દિવસે નર્મદા કિનારે માંધાતા નામના સ્થળે જજે. ત્યાંના સ્મશાનમાં બિલિનું એક મોટું વૃક્ષ છે. એ વૃક્ષ પાસેથી નદીના કાંઠેકાંઠે પશ્ચિમ દિસામાં નવસો નવ્વાણું પગલાં દૂર સુધી જજે. ત્યાં વનમાં એક બાવળ અને એક આમલીનું વૃક્ષ જોવા મળશે. આ બે વૃક્ષોની વચ્ચે વનસ્પતિના ઝુંડમાં એક માનવ હાડપિંજર પડ્યું હશે. એ હું જ હોઈશ. એને તું ઊંચકી લેજે. એ હાડપિંજર જ તને તારા કામમાં મદદ કરશે. તું કહેશે એ કામ એ કરી બતાવશે. તારા જાદુના ખેલમાં એ હાડપિંજરનું કામ તને ખૂબ પ્રસિદ્ધિ અપાવશે. તારો ખેલ પૂરો થાય એ પછી તું એ હાડપિંજરને નદીમાં પધરાવી દેજે. જો તારું કામ કરવાનું તારા નસીબમાં બાકી હશે તો એ હાડપિંજર પાણીમાં ડૂબવાને બદલે તરતું રહેશે. જો એવું થાય તો તું તે હાડપિંજર પાછું લાવી તારી પાસે મૂકી રાખજે.'

આ બધું સાંભળ્યા પછી મેં પૂછ્યું, 'તો તમે એને હજી પાણીમાં પધરાવ્યું નથી ?'

'ના,' ભોજરાજે કહ્યું, 'એને ડૂબવાનો વખત હજી આવ્યો નથી. એકવાર મૂસી નદીમાં પધરાવેલું, પણ ડૂબ્યું નહીં. ગુરુજી એના દ્વારા હજી કંઈક કરાવવા ઇચ્છતા હશે. હવે આજે લાગે છે કે એ તારી જ રાહ જોતા હશે.' પછી એકાએક ભોજરાજે પૂછ્યું, 'અરે, હા ! તારી રાશિ શું કર્ક છે ?'

મેં હા પાડી.પછી એમણે ફરી પૂછ્યું, 'તારી જન્મતિથિ પાંચમ હતી ?'

મેં ફરી હા પાડી. પછી એ બોલ્યા, 'તો પછી તું જ એ વ્યક્તિ છે. જો કે રાશિ અને તિથિ ન મળતા હોત તો યે તને જોતાં જ મારા મનમાં થયેલું કે તું સજ્જન માણસ છો. બાબાજીના હાડપિંજરની જવાબદારી તારા હાથમાં સોંપીશ તો સારું જ થશે. મને ખાતરી છે કે બાબાજીને પણ તું ગમ્યો જ હશે. એમને સાચુકલા માણસો ખૂબ ગમતા.'

'તો પછી હવે શું કરીશ ?'

'પહેલાં તું પેલી પેટી ખોલ.' ભોજરાજે ઓરડાના ખૂણામાં પડેલી લાકડાની એક પેટી બતાવી કહ્યું.

મેં એ પેટીનું ઢાંકણું ખોલ્યું. અંદર જરીકસબ ભરેલા લાલચટક મખમલની ગાદી ઉપર એક હાડપિંજર ઘૂંટણ વાળીને સુવડાવેલું હતું. એને ઊંચકીને બહાર કાઢવા ભોજરાજે મને કહ્યું.

મેં જોયું કે તાંબાના પાતળા તાર વડે હાડપિંજરનાં હાડકાં સરસ રીતે જોડેલાં હતાં. છાતીનાં હાડકાં પાસેથી પકડીને હળવેથી મેં હાડપિંજર પેટીની બહાર કાઢ્યું. ભોજરાજે એને ઊભું રાખી મારા બંને હાથ છોડી દેવા કહ્યું.

મેં હાથ છોડી દીધા અને મારી આંખો ફાટી રહી. કંઈ પણ આધાર વિના ઊભું રાખતાં પડી જવાને બદલે એ હાડપિંજર ટટ્ટાર ઊભું હતું.

'એને પ્રણામ કર.' ભોજરાજે કહ્યું, 'આ છેલ્લા કામ માટે હવે એ તારું છે.'

છેલ્લું કામ શું એ તો મનેય ખબર નહોતી, પણ રિસ્ક (જોખમ) ન લેતાં મેં વાંકા વળી પ્રણામ કરવાને બદલે એ હાડપિંજર સામે સાષ્ટાંગ લાંબો થઈ એને પગે પડ્યો.

'જે કરે છે તે આસ્થાથી કરે છે ને ?' ભોજરાજે પૂછ્યું.

મેં કહ્યું, 'મારા મનનાં બધાં જ દ્વાર ખુલ્લાં છે, ભોજરાજજી. હું દોરાધાગા, ભૂતપલિત, દેવદાનવ,વેદવેદાંત, આઈન્સ્ટાઈન બધાંને માનું છું.'

'વેરી ગુડ ! હવે તું એને લઈ જવાની તજવીજ કર. જો જે ગુરુજીની મનોવાંછના પૂરી કરવાનું ભૂલીશ નહીં. તારું કામ પૂરું થાય ત્યારે એને નદીમાં પધરાવવાનું યાદ રાખજે.'

હાડપિંજર મળી ગયું એટલે અતિશય ખૂશ થઈ માર્તન્ડે મને બક્ષિસમાં બસોને બદલે પાંચસો રૂપિયા આપી દીધા.પછી પૂછ્યું, 'આજે સાંજે તું શું કરવાનો છે ?'

'કેમ ? શું કામ છે, કહો.'

'આજે વિક્રમાદિત્યના ચિત્રનો આરંભ કરવાનો છું. તું આવીશ તો મને આનંદ થશે.'

'આ ચિત્ર માટે ખાસ વ્યવસ્થા કરી છે.' માર્તન્ડ બોલ્યા,' આ ચિત્ર માટે જે મૂડ જોઈએ એ રાતના જ આવશે. આને માટે મેં પોતે લાઈટિંગની જે ખાસ ગોઠવણ કરી છે એ હું તને બતાવવ ઇચ્છું છું.'

'પણ મોડેલ મારી હાજરીનો વાંધો ઉઠાવશે તો ?'

'સ્ટૂડિઓમાં તારી હાજરી હોવાની એને ખબર જ નહીં પડે. તું બરાબર સાત વાગ્યે આવી જઈને પેલા ખૂણામાં લપાઈને ઊભો રહેજે. બત્તીઓનું બધું અજવાળું મોડેલ ઉપર જ પડે તેવી મેં ગોઠવણી કરી છે એટલે બત્તી પાછળ શું છે એ તેને નહીં દેખાય.'

એક જમાનામાં એમેચ્યોર થીએટરમાં કામ કરેલું તેથી મને ખબર હતી કે ફૂલલાઈટની પાછળ સ્ટેજ ઉપરથી દર્શકો લગભગ દેખાય જ નહીં આ પણ એવું જ ને ?

હું તૈયાર થઈ ગયો. સાતમાં પાંચ મિનિટ બાકી હતી ત્યાં માર્તન્ડને ત્યાં પહોંચી ગયો. અને એમના મદ્રાસી નોકર શિવશરણે મને સ્ટૂડિઓમાં ઘુસાડી દીધો.

મોડેલની જગ્યા હજી ખાલી હતી, પણ લાઈટો ચાલુ કરી દીધેલી. ખરેખર વખાણવાલાયક ગોઠવણી હતી. સ્મશાનમાં ભૂતપિશાચ નાચતાં હોય ત્યાં આવો જ પ્રકાશ હોય.

કેનવાસની સામે માર્તન્ડ બેઠા હતા. મને સ્ટૂડિઓમાં પ્રવેશતો જોઈ એક ખાસ સ્થાન તરફ નિર્દેશ કર્યો. એ જગ્યાએ સ્ટૂડિઓની પાસેના એક ખંડનું બારણું હતું. હું સમજી ગયો કે એ ઓરડામાં મોડેલ તૈયાર થાય છે. મારી નજર એક બીજી વસ્તુ તરફ પણ ગઈ. એ હતું મેં લાવી આપેલું હાડપિંજર. એક હેટસ્ટેન્ડની દાંડીના આધારે એ લટકતું હતું. ભૌતિક પ્રકાશમાં એની સામે જોતા જાણે એ ભૌતિક રીતે હસતું હોય તેવું મને લાગ્યું. તમને લોકોને ખબર છે કે નહીં તે હું નથી જાણતો, પણ બત્રીસે દાંતનું ચોકઠું ખુલ્લું હોય તેવી કોઈ પણ ખોપરી સામે જોતાં લાગે કે એ હસે છે.

ખટ એવો અવાજ સાંભળતાં મારી નજર પેલા ઓરડાના બારણા તરફ ગઈ. રાજપોશાક પહેરી હાથમાં તલવાર લઈ એ ઓરડામાંથી વિક્રમાદિત્ય સ્ટૂડિઓના ખંડમાં આવ્યા. લાંબા વાંકડિયા વાળ, વળ દીધેલી મૂછ અને ગાલ પર દાઢી. ખરેખર વિક્રમાદિત્ય જ જોઈ લો. મારું મન હાહાકાર કરી ઊઠ્યું, કારણ આ પાઠ મને મળવાનો હતો અને નસીબના ચક્કરે હું ફસકી પડ્યો.

રાજા આવીને સ્ટેજ ઉપર ગોઠવેલા તેજ પ્રકાશમાં ઊભા રહ્યા. માર્તન્ડે ઉપર ચડીને એમનો પોઝ અને પોઝીસન બરાબર કરી દઈ હેટસ્ટેન્ડ પરથી હાડપિંજર ઉતારી લાવીને મોડેલની પીઠ ઉપર ગોઠવી દઈ કહે, 'આના બંને હાથ તારા ખભા ઉપરથી આગળ લટકાવી દે, અને બંને પગને તારી કમરની બંને બાજુએથી લઈને આગળ ભેગા કરી દે, અને તારા ડાબા હાથથી એને દબાવી રાખજે.'

મોડેલે આ સૂચનાનું બરાબર પાલન કર્યું. એ માણસની હિંમતને હું દાદ દીધા વિના રહી ન શક્યો. માર્તન્ડે હવે ચિત્ર દોરવા માંડ્યું. પ્રથમ તો ચારકોલ વડે સ્કેચ કર્યો. પછી બદામી રંગની પાકી રેખાઓ દોરી. અગાઉ તો હું મોડેલ બનતો તેથી તેઓ કેવી રીતે ચિત્ર દોરે છે એ જોવાની તક મળતી નહીં, પણ આજ જોયું કે એમનો હાથ કેનવાસ ઉપર બહુ દક્ષતાપૂર્વક ઝડપથી ચિત્રાલેખન કરતો હતો.

થોડીવાર પછી અચાનક મને લાગ્યું કે સ્ટેજ પરથી ઊંહકારા જેવો અવાજ મેં સાંભળ્યો. માર્તન્ડ તો પોતાના કામમાં એટલા મશગુલ હતા કે કદાચ એમણે એ સાંભળ્યો નહીં હોય. એ કેવળ બોલ્યા, 'સ્ટેડી, સ્ટેડી.' કારણ રાજા જરાજરા હલવા માંડેલા.

માર્તન્ડના કહેવા છતાં મોડેલથી સ્થિર રહી શકાતું નહોતું. એ આમતેમ ઊંચોનીચો થવા લાગ્યો. અને એના મોંમાંથી નીકળતા ઊંહકાર હવે સ્પષ્ટ સંભળાવા લાગ્યા.

'વ્હોટ્સ ધ મેટર ?' (શી વાત છે ?) માર્તન્ડના પ્રશ્નમાં ચીડ સ્પષ્ટ વરતાઈ આવતી હતી. આ તરફ હું વસ્તુસ્થિતિ પામી ગયો હતો, કારણ કે જે બની રહ્યું હતું એ હું બરાબર જોઈ રહ્યો હતો.

હાડપિંજરના લટકતા હાથ હવે ધીરેધીરે ઉપર ઊઠી મોડેલની ગરદન આસપાસ વીંટળાઈ ભીંસ આપી રહ્યા હતા. આ સાથે એના બંને પગ પણ મોડેલની કમરને સજ્જડ રીતે પકડમાં લઈ રહ્યા હતા. એ પકડ ખૂલે તેમ લાગતું નહોતું.

મોડેલની હાલત શોચનીય બની ગઈ હતી. એના ઊંહકાર હવે આર્તનાદમાં પલટાઈ ગયા હતા. અંતે એણે જમણા હાથમાંથી તલવાર ફેંકી દઈ વાંકા વળી જઈ બંને હાથે હાડપિંજરને પોતાની પીઠ ઉપરથી અળગું કરવાની મથામણ શરૂ કરી.

(અનુસંધાન પાન ર૪૯ ઉપર)

કોલંબસ : અર્ધસહસ્રાબ્દી પછી

દુષ્યંત પંડ્યા

આજથી આશરે એકસો વર્ષ પહેલાં, સને ૧૮૯૩માં, અમેરિકાના શિકાગો શહેરમાં એક વિશ્વધર્મપરિષદ ભરાઈ હતી તેમાં ભાગ લેવા અહીંથી સ્વામી વિવેકાનંદ ગયા હતા અને ત્યાં આપેલા પ્રથમ પ્રવચનથી જ તેઓ અજાણ, ભટકતા સંન્યાસીમાંથી જગપ્રસિદ્ધ બની ગયા હતા, એ વાતથી આપણે વાકેફ છીએ. એ વિશ્વધર્મપરિષદ જેવા અનેક કાર્યક્રમોના આયોજનનો હેતુ હતો કોલંબસે કરેલી કહેવાતી અમેરિકાની શોધની ચતુર્થ શતાબ્દીની ઉજવણી.

ઈ.સ. ૧૪૯૨ના ઓગસ્ટની ૩જી તારીખે સ્પેઈનના એંદેલુસિયા પ્રાંતના પેલોસ બંદરેથી કોલંબસે લંગર ઉપાડ્યું અને બે માસ ને નવ દિવસ પછી, ઓક્ટોબરની ૧૨મી તારીખે એનાં વહાણો લાંગર્યાં. એણે નવી ભૂમિની શોધ કર્યાનો અને એ ભૂમિ પર સ્પેઈનની આણ વર્તાવ્યાનો પત્ર રાજારાણીને સંબોધીને લખ્યો અને, પછીથી પોતે એમના દરબારમાં દબદબા સાથે કુર્નિશ બજાવતો દાખલ થયો તે વાતને આજે પાંચસો વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે. અમેરિકા ખંડના શોધક તરીકે એના નામની આસપાસ દંતકથાઓનાં પડ બંધાયાં છે.

ઈ. ૧૮૯૨માં એ ઘટનાની ચતુર્થ શતાબ્દી મોટા ભપકાથી ઉજવનાર અમેરિકા અને એણે જે ભૂમિમાંથી આ 'શોધ' માટે સહાય મેળવી, જે ભૂમિના રાજ્યનો વિસ્તાર કર્યો અને જેનાં રાજારાણી એની પર વારી ગયેલાં તે સ્પેઈનમાં કેમ કશો સળવળાટ નહીં? આ ઉજવણી કરી કેટલાય લોકો પોતાનું રાજકીય ભાવિ પાકું કરી શકે, વિશ્વમેળાનું કે ઑલિમ્પિક રમતોનું આયોજન કરી ધંધા - ઉદ્યોગોમાં મબલખ કમાણી કરી શકે અને લાખો પ્રવાસીઓના આવાગમનથી પણ પુષ્કળ ધનલાભ રળી શકે. આ બધા 'લાભો' છતાં, આ મહત્ત્વના લાગતા પ્રસંગની ઉજવણી શા માટે નથી કરવામાં આવી તે જાણવું રસપ્રદ અને જરૂરી છે. તવારીખની કિતાબમાં સોનાને અક્ષરે લખાયેલી કહેવાતી ઘટનાના અક્ષરો પરનું સોનું ઝંખું શા માટે પડી ગયું છે? નામ આસપાસ, એના પ્રવાસો આસપાસ અને એની 'શોધ' આસપાસ દંતકથાઓની મસમોટી ઇમારતો ઊભી કરવામાં આવી છે. મોટા બલૂન જેવી એ દંતકથાઓને ઇતિહાસનું શૂલ ભેદી નાખી જે સત્યનું દર્શન કરાવે છે તેને આધારે કોલંબસને મૂલવવાનો સમય પાકી ગયો છે.

(૨)

કોલંબસે પોતાના વહાણ સાંતા મારિયાનું સુકાન પકડ્યું તેની લગભગ ૫૦૦ વર્ષ પૂર્વે, ઈ.સ. ૧૦૦૦ આસપાસ, નોર્વેના લેય્વ એરિક્સન (leif Ericsson) નામના સાહસવીરે, પોતાના પિતાને પગલે ચાલી - એના પિતાએ ગ્રીનલૅન્ડમાં વસાહત કરી હતી - લેબ્રેડોરમાં વસાહત સ્થાપી હતી. નોર્વેના રાજાએ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કરતાં, કોઈ નવી ભૂમિ શોધ્યાનો ઢોલ પીટ્યા વિના, એ પાછો નોર્વે હંકારી ગયો હતો.

અને, કોલંબસના પહેલા પ્રવાસ પછીનો દાયકો પૂરો થાય ત્યાં સુધીમાં, સને ૧૪૯૭થી ૧૫૦૨ સુધીમાં, કોલંબસના મૂળ વતન ઇટલિના વહાણવટી અમેરિગો વેસ્પુચીએ (Amerigo Vespucci) જે ખંડની શોધ કરી તેને, એના નામ પરથી 'અમેરિકા' નામ આપવામાં આવ્યું. કોલંબસનું નામ જાળવવાના પ્રયાસરૂપે, અમેરિકાના સંયુક્ત સંસ્થાનોનું પાટનગર આવેલું છે તે ટચુકડું પરગણું ડિસ્ટ્રિક્ટ ઑફ કોલંબિયા નામે ઓળખાય છે અને કેનેડાના પશ્ચિમના એક પ્રાંતને (બ્રિટિશ) કોલંબિયા નામ આપવામાં આવ્યું છે. તે ઉપરાંત, દક્ષિણ અમેરિકામાં વાયવ્ય ખૂણે પણ કોલંબિયા નામે એક નાનકડો પ્રદેશ છે.

કોલંબસ અને વેસ્પુચીને પગલે યુરોપીય પ્રજાઓનાં ધાડાં એ નવા ખંડમાં ગયાં ત્યારે ત્યાં જે પ્રજાઓ વસતી હતી, એ પ્રજાઓએ જે સંસ્કૃતિઓ વિકસાવી હતી અને એ બધી પ્રજાઓની જે ભાતીગળ જીવનશૈલી હતી તેથી તદ્દન ભિન્ન એવી યુરોપીય પ્રજાઓના સંપર્કનાં જે પરિણામ આવ્યાં તેનું મૂલ્યાંકન કરવાનો સમય પાકી ગયો છે.

(૩)

યુરોપની પ્રજાઓના ઇતિહાસમાં કોલંબસની શોધથી શોધયુગનો સાહસિકતાનો, નવું જાણવાજોવાનો યુગ આરંભાયો એમ આપણને ભણાવવામાં આવે છે. વેસ્પુચી, વાસ્કો દ ગામા, ફ્રાન્સિસ ડ્રેઈક, વૉલ્ટર રેલે, મેગેલન જેવા અનેક સાગરખેડૂઓએ કોલંબસના વહાણના શિરોટામાં પોતાની ખેપ કરી હતી. કોલંબસથી આરંભાયેલા કહેવાતા શોધયુગનાં વિવિધ પાસાંઓનું અવલોકન કરીએ તે પહેલાં કોલંબસના જીવનની ઉપલબ્ધ હકીકતો પર નજર નાખી લઈએ.

કોલંબસનો જન્મ ઈ.સ. ૧૪૫૧માં, ઇટલીને વાયવ્ય ખૂણે આવેલા જિનોઆ બંદરમાં થયો હતો. એના પિતા ડોમિનિકો કોલંબો વણકર હતા. કોલંબસની માતાનું નામ સુઝન્ના હતું. કોલંબસના જન્મ પછી બે વર્ષે, મધ્ય યુગના ખ્રિસ્તી મહાનગર કોન્સ્ટંટિનોપલનું પતન થયું અને આખા યુરોપે તેની ધ્રુજારી અનુભવી. બાળ કોલંબસ પર આ ઘટનાની કંઈ ને કંઈ અસર થઈ હશે.

એ કંઈ ખાસ ભણ્યો હોય એવું જણાતું નથી તેમજ એના પિતાના ધંધામાં એણે કેટલો હાથ આપ્યો તે પણ આપણે જાણતા નથી. પણ કોલંબસે પોતે જણાવ્યું છે કે, પોતે ૧૪ વર્ષનો થયો કે કોઈક વહાણે ચડી ગયો હતો.

એ જમાનો મારે તેની તલવારનો હતો. વહાણવટામાં થોડું પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યા પછી અને હથિયાર ચલાવતાં આવડ્યાં પછી ૨૧ કે ૨૨મે વર્ષે તો એ રેને દાંજુના કાફલામાં એક લડાયક જહાજનો નાખુદો બન્યો હતો. પૂર્વ બાજુએ ઈજિયન સમુદ્રમાંના ગ્રીક ટાપુ ચિયોસના ધીંગાણામાં ભાગ લઈ, ભૂમધ્ય સમુદ્રને પશ્ચિમ છેડે આવેલા સેંટ વિન્સેંટ ભૂશિરના યુદ્ધમાં ભાગ લેવા એ ગયો હતો ને ત્યાં એના જહાજમાં આગ લાગતાં, પોતાનો જીવ બચાવવા એને દરિયામાં કૂદી પડવું પડ્યું હતું. દરિયામાં તણાતા એક હલેસાની મદદથી તરતો તરતો એ પોર્તુગાલને કાંઠે પહોંચ્યો. એ યુદ્ધમાં એ પોર્તુગાલના ભાડૂતી સૈનિક તરીકે લડ્યો હતો. એ કદી પાછો જિનોઆ ગયો જ નહીં અને એણે જે કંઈ લખ્યું છે તે ઇટાલિયન ભાષામાં નહીં પણ સ્પૅનિશ ભાષામાં જ તે, એની દેશભક્તિ પર પ્રકાશ પાડે છે. પોતાની સહી કોલંબો, કોલમો કે કોલોન તરીકે એણે કરી છે. લૅટિનમાં લખતી વખતે પણ એણે 'કોલંબસ' પ્રયોજેલ નથી.

સને ૧૪૭૯માં ફેલિપા પેરેસ્ત્રોલો સાથે એણે લગ્ન કર્યાં અને એક પુત્રનો પિતા બન્યો. ફેલિપાની વિધવા માએ, પોતાના પતિ ઘરમાં મૂકી ગયેલા તે નકશાઓ અને વહાણવટીની વહીઓ કોલંબસને બતાવ્યાં. એ મૃત નાવિકે એ યુગના ખ્યાતનામ પ્રિન્સ હેન્રી નૅવિગેટર (સાગરખેડુ) સાથે ગોસો ખેડી હતી. કોલંબસનું એક પ્રેરકબળ આ નોંધો, ટાંચણો, વહીઓ, નકશાઓ પણ હોઈ શકે.

વિધિસરનું ભણતર એ કેટલું ઓછું ભણ્યો હતો એ કહેવાની જરૂર નથી, પણ જિનોઆના બારામાં આવતા દેશદેશના બનેલાઓ અને કોટિયાઓના માલમો અને ખલાસીઓ પાસેથી તેમ જ, ડાર્ડેનલ્સની સામુદ્રધુનીથી જિબ્રાલ્ટરની સામુદ્રધુની સુધીના ભૂમધ્ય સમુદ્રના ખેડાણથી થયેલા અનુભવોથી અને અનેક સંપર્કોથી એણે ભૂગોળ, ખગોળ, નૌવિદ્યા વગેરેની જાણકારી મેળવી હતી. 'બાઈબલ'માં એને દૃઢ શ્રદ્ધા હતી અને એ યુગને અનુરૂપ ધર્મપ્રચારના ઝનૂનનું ભૂત પણ એને થોડું વળગ્યું હતું. એક માન્યતા અનુસાર એનું કુળ સ્પૅનિશ યહુદી હતું અને એના કોઈ વડવાએ ખ્રિસ્તી ધર્મ અપનાવી જિનોઆમાં વાસ કર્યો હતો.

માર્કો પોલોના અદ્‌ભુત પ્રવાસની રોચક કથા એણે વાંચી હતી. એ કથામાંની પૂર્વની અઢળક સમૃદ્ધિના આકર્ષણનું જીન એના મન પર સવાર થઈ ગયું હતું. પૃથ્વી ગોળ છે એ હકીકત સ્વીકારાઈ ચૂકી હતી અને તેથી તો યુરોપથી પશ્ચિમે હંકારતાં એનું વહાણ કાં કેથે (ચીન)કાં હિંદને કિનારે લાંગરશે એમ એ મક્કમપણે માનતો થઈ ગયો હતો. કેટલાક સાહસિક સાગરખેડૂઓ આફ્રિકાને પશ્ચિમ કાંઠે દક્ષિણ તરફ આગળ વધતા હતા તો કોઈ એટલૅંટિક મહાસાગરમાં પશ્ચિમ તરફ જવાનું સાહસ કરતા હતા. યુરોપથી દૂર, નૈઋત્યમાં એટલૅંટિક મહાસાગરમાં આવેલા કેનેરી દ્વીપસમૂહ સુધી અને, કોઈ સાહસિક તો વળી મદીરા ટાપુ સુધી જઈ ચડ્યા હતા. કર્કવૃત્ત સુધી જવાની હિમ્મત કરનાર વીર કહેવાતો. પોર્તુગાલ અને સ્પેઈનની બંદરગાહોમાં આવી સાગરખેડની વાતો રોજ થતી અને કોલંબસ જેવા યુવાન નાવિકોને ઉત્તેજતી.

માર્કો પોલોની પ્રવાસકથા ઉપરાંત તે સમયે પોતાને ઉપલબ્ધ એવું ભૂગોળને લગતું સાહિત્ય કોલંબસે વાંચ્યું હતું. પૃથ્વીનું સર્વેક્ષણ થયું ન હતું, એ માટેનાં સાધનો ન હતાં અને એની જરૂરત પણ કદાચ સમજાઈ ન હતી, એટલું જ નહીં પણ જે સ્થળો કોઈએ કદી જોયાં ન હતાં તેનાં ચોક્કસ દિશાન્તરો કોણ ને કેવી રીતે આપી શકે? પૃથ્વી ગોળ છે એ બરાબર પણ, એનો પરિઘ કેટલો છે? આઈબીરિયન કાંઠાથી કેથેના અને હિંદના કાંઠા કેટલા છેટા છે ? આ બાબત કોઈ જાણતું ન હતું. એરિકસન પણ ઘોઘે જઈ આવેલા હીરાની માફક લેબ્રેડોરને ડેલે હાથ દઈ આવ્યો હતો અને એ નૉર્ડિક નાવિકના પ્રવાસની દક્ષિણે સ્પેઈનમાં કોઈને જાણ પણ ન હતી. પરિણામે કોલંબસે એવી ગણતરી કરી હતી કે સ્પેઈનના દરિયાકાંઠાથી હિંદનો કાંઠો ૧૯૦૦ માઈલ - આશરે ૩,૦૦૦ કિ.મી. - દૂર છે ! ને સ્પૅનિશ માઈલ અને ઇટાલિયન માઈલના માપમાંયે ખાસ્સો ફરક હતો.

કોલંબસ પાસે જબ્બર સાહસવૃત્તિ, પૂર્વની સમૃદ્ધિની તીવ્ર લાલસા અને, એ બેના પ્રમાણમાં થોડી જાણકારી હતાં. કાવડિયાં ? પરિસ્થિતિ જ એવી હતી કે એની પોતાની પાસે સ્પષ્ટ ખ્યાલ ન હતો, પણ જે હતું તે લઈ એ પોર્તુગાલના રાજાની સહાય માટે ગયો ત્યારે એ તેત્રીસ વરસનો હતો. વળી, પોતાની શોધના બદલામાં એની અપેક્ષાઓ પિહીનીઝ પહાડથીયે ઊંચેરી હતી. પોર્તુગાલના રાજાએ નન્નો સુણાવ્યો. પછી એની નજર સ્પેઈન ભણી વળી. પ્રથમ કોલંબસે સ્પેઈનના એક - બે ઉમરાવોને નાણી જોયા. કંઈ પરિણામ આવ્યું નહીં. પછી પેદિમાસેલીના કોન્દે (કાઉન્ટે) એને રાજા ફર્દિનાન્દ અને રાણી ઇઝાબેલા સમક્ષ જવા સૂચન કર્યું. આ બધા પ્રયાસોમાં બેએક વરસ વીતી ગયાં.

૧૪૮૬માં કોલંબસ રાજારાણીને કોર્દોબામાં મળ્યો. એમણે કોલંબસની અરજી એમના હિસાબનીશ એલોન્ઝો દ કિવંતાનિલાને જાંચનપાસ માટે આપી અને, આપણી આજની સરકારી રસમ મુજબ, કોલંબસની દરખાસ્તો પર વિચારણા કરવા માટે એક ખાસ પંચ - કમિશન - નીમ્યું. એક ધર્મગુરુના વડપણ હેઠળના એ પંચે ચાર વરસ વિચારણામાં વીતાવ્યાં. પોતાની દરખાસ્તોની બાબતમાં જેટલો કોલંબસ અસ્પષ્ટ હતો (જોકે પોતાને માટેના બદલાની બાબતમાં એ ખૂબ ચોક્કસ અને સ્પષ્ટ હતો, જે આપણે પછી જોઈશું) એટલું જ એ પંચ દુનિયાની ભૂગોળથી અજાણ હતું. પણ રાજા-રાણીનો પીછો પકડી કોલંબસ અત્રતત્ર ભમ્યો. સેલામાંકાપા એ રાજપુત્રના શિક્ષક દિયેગો દ દીઝાના સંપર્કમાં આવ્યો. એ દીઝા ત્યાંની યુનિવર્સિટીના પ્રાધ્યાપક હતા અને પ્રગતિવાદી હતા. એવામાં, મૂર લોકો સાથેના લાંબા યુદ્ધનો અંત આવ્યો અને સ્પેયન વિજયી બન્યું. આ આનંદના સંજોગોમાં પ્રોફેસર દીઝાની ભલામણે ભાગ ભજવ્યો. રાજારાણીએ કોલંબસની દરખાસ્ત સ્વીકારી, જો કે કોલંબસને સહાય કરવા માટે ઇઝાબેલાએ પોતાનું ઝવેરાત વેચ્યું એ વાત ઉપજાવી કાઢવામાં આવેલી છે. આ બધી ઘડભાંજ ચાલતી હતી એ દરમિયાન કોલંબસ કોઈ બિયેટ્રિસ

નામની બાઈના સંપર્કમાં આવ્યો અને ૧૪૮૮માં એ સ્ત્રીએ એક પુત્રને જન્મ આપ્યો હતો.

પ્રોફેસર દીઝ઼ ઉપરાંત પિન્ઝોં નામના એક અન્ય સાગરખેડૂએ અને પાર્ચેના નામના એક ખગોળશાસ્ત્રી સાધુએ કોલંબસને ઉત્તેજન આપ્યું હતું અને બીજા બે ધર્મગુરુઓની ભલામણે પણ કોલંબસની દરખાસ્તના સ્વીકાર પાછળ કામ કર્યું હતું. પોતે જે પ્રદેશની શોધ કરે તેની પર તે સ્પેઈનની આણ વર્તાવશે અને ત્યાંની પ્રજાને ખ્રિસ્તી બનાવી તેમનો 'ઉદ્ધાર' કરશે, આની સામે, કિંમતમાં કોલંબસે રાજારાણી પાસે ઉમરાવપદ, નવા પ્રદેશનું વાઈસરોયપદ અને નૌસેનાનું એડમિરલપદ એમ ત્રણ પદો, યાવચ્ચંદ્રદિવાકરૌ, અર્થાત્, વંશપરંપરા માગ્યાં અને પોતાના હાથ નીચેના વહીવટમાં જે રકમ વપરાય તેનો ૧૦ ટકા ભાગ પણ માગ્યો. આ માગણીઓથી રાજારાણી ડઘાઈ ગયાં અને પ્રથમ તો તેનો અસ્વીકાર કર્યો.

ઈંગ્લેંડ કે ફ્રાન્સ પાસે યાચના કરવાના ઈરાદાથી કોલંબસ ૧૪૯૨ના જાન્યુઆરીમાં સાંતા ફે બંદરે આવ્યો. એ બેમાંથી એક રાજ્ય કોલંબસની માગણી સ્વીકારે તો પોતે સંસ્થાનો ગુમાવે એ ડરે, કે કદાચ, કોલંબસ તરફી દરબારીઓની સમજાવટને કારણે, કે બેઉ કારણે, કોલંબસને તાકીદે પાછો બોલાવવામાં આવ્યો અને એણે માગેલી દસ લાખ મેરેદીની - એ સમયના સોનાના સિક્કા - રકમ એને અપાઈ.

પછી કોલંબસે ત્રણ વહાણોનો કાફલો તૈયાર કર્યો. મેરીગેલાન્ત, જે પછીથી સાંતા મારિયા નામથી ઓળખાયું તે મુખ્ય હતું. તેનો નાખુદા - અને કાફલાનો પણ - કોલંબસ પોતે હતો. મોરાથી સુકાન સુધીની એ જહાજની લંબાઈ ૧૧૭ ફીટ - આશરે ૩૭ મીટર - હતી. બે નાના કોટિયા જેવાં વહાણો પિંતા અને નિના હતાં. જે પચાસેક ફીટ - સોળેક મીટર- લાંબાં હતાં. કાફલામાં કુલ ૮૮ માણસો હતાં.

૧૪૯૨ના ઓગસ્ટની ૩જી તારીખે સૂર્યોદય પહેલાં, સ્પેઈનને દક્ષિણ કાંઠે આવેલા પેલોસ બંદરેથી, અલ્લાબેલી કરી, લંગર ઉપાડી ત્રણેય વહાણો આથમણી દિશાએ, અજાણી ભોમકાની તલાશમાં ઊપડી ગયાં. થોડા દિવસ તો બધું બરાબર ચાલ્યું, પણ પછી એના સાથી પિન્ઝોંને અને બીજા ખલાસીઓને તો ઠીક, ખુદ કોલંબસને પોતાને શંકા જવા લાગી, કારણ ઘર છોડ્યે ૫૭ વહાણાં વાયાં હતાં છતાં, હિંદ કે ચીન તો શું કોઈ બીજો દેશેય કળાતો ન હતો. ખૂવે બેઠેલા પિંજરિયાની આંખો પણ થાકી ગઈ. ખલાસીઓએ બળવા જેવું કર્યું તેને થોડી સમજાવટથી ને થોડી કડકાઈથી દાબી દીધું. આખરે, ઑક્ટોબરની ૧૨મી તારીખે, મધરાત વીત્યા પછી બેક કલાકે પિંતાને મોરે ઊભેલા ખલાસી રોદ્રિગેઝે ધરતીનાં દર્શન કર્યાં, અને પ્હો ફાટતાં પહેલાં તો કુમારિકા જેવું સૌન્દર્ય ધારણ કરતી, વનશ્રીથી ખચિત ધરતી પર કોલંબસ અને એના સાથીઓ ઊતર્યા.

કોલંબસે ત્યાં સ્પેઈનનો રાષ્ટ્રધ્વજ રોપ્યો અને એ પ્રદેશ પર સ્પેઈનના આધિપત્યની ઘોષણા કરી. બહામા દ્વીપસમૂહમાંના કયા ટાપુ ઉપર આ પરાક્રમ થયું હતું એ વિવાદનો વિષય છે. ત્યાંની નિર્વસ્ત્ર પ્રજાના નાકકાનમાં એને સુવર્ણનું દર્શન થયું, પણ 'સોનું પકવતી ભૂમિ'એ શોધી શક્યો નહીં. ગ્વાનાહાનીકે, જે ટાપુ પર એ લોકો ઊતર્યા હતા તેની પર અને, આજુબાજુના કેટલાક નાના ટાપુઓ પર એ સૌ ભમ્યા. સૌ ટાપુઓને સ્પેનિશ નામ આપ્યાં. એક થાણું સ્થાપી, પોતાના સાથીઓની એક ટુકડીને ત્યાં 'રાજ' કરવા રાખી, કેટલાક ટાપુ પરના ભોળા પ્રજાજનોને પકડી, વહાણે ચડાવી, કોલંબસ પાછો ફર્યો. રસ્તે તોફાન નડ્યું. સાંતા મારિયા તો નવી શોધેલી ભૂમિમાં જ ખૂંપી ગયું હતું. તોફાનમાં પિંતા વિખૂટું પડ્યું. કોલંબસને ડર લાગ્યો કે એ વહાણ વહેલું પહોંચશે તો બધો જશ ખાટી જશે. અથડાતો, કૂટાતો, આ ભયપ્રેર્યો જેમ તેમ કરી એ ૧૪૮૩ના માર્ચની ૧૫મીએ નિનામાંથી પેલોસ બંદરે ઊતર્યો. સાથી પિન્ઝોનું પિંતા પણ થોડા સમય પછી ત્યાં જ લાંગર્યું; પણ, તોફાનની પીડાથી, પરિશ્રમથી, ભૂખથી અને થાકથી એ પાંચમે દહાડે ગૂજરી ગયો. કોલંબસને એ રુચતું હતું.

એણે પેલોસથી પત્ર મોકલ્યો ને પછી પોતે રાજધાની બાર્સેલોના ગયો. ત્યાં મોટો દરબાર ભરી રાજારાણીએ કોલંબસનું ભવ્ય સ્વાગત કર્યું. પરંતુ સ્વાગત કરતાંયે અનેકગણો મોટો એનો દ્રવ્યલોભ છાનો થયા વિના ન રહ્યો. દરિયાપારની જમીનની ઝાંખી કરનાર પ્રથમ માણસ તરીકે એણે ૧૦,૦૦૦ મેરેદી માગ્યા !





ત્યાર બાદ કેડીઝ બંદરેથી ૧૪૯૩માં અને સેન લુકારથી ૧૪૯૮માં બીજી બે ખેપો એણે ખેડી. બીજી ખેપમાં તો એ ૧૭ વહાણનો કાફલો લઈને ગયો હતો. સ્પેઈનની પશ્ચિમે આવેલા એ ટાપુઓ હિંદને અડીને આવેલા છે એવી માન્યતાથી પ્રેરાઈ એ ટાપુઓના સમૂહને વેસ્ટ ઈંડીઝ નામ તેણે આપ્યું, જે આજ સુધી ચાલુ છે. એ સઘળા ટાપુઓ ઉપર

સ્પેઈનની આણ વર્તાવી, લૂંટફાટ ચલાવી, નિર્દોષોની કતલ કરી અને પોતાના ભાઈ બાર્થોલોમ્યુને ત્યાંનો ગવર્નર બનાવ્યો. પણ કોલંબસના સ્વાર્થી અને લોભી સ્વભાવને કારણે તેમજ વહીવટની અણઆવડતને કારણે બીજા સાથીઓએ એની વિરુદ્ધ બંડ પોકાર્યું. સ્પેઈનમાં રાજારાણી પાસે રાવ ગઈ. એ બંને પણ કોલંબસની નબળાઈઓથી વાજ આવી ગયાં હતાં. કોલંબસને અધિકારભ્રષ્ટ કરવામાં આવ્યો. સંસ્થાનો માટે બીજા ગવર્નરની નિમણૂક કરવામાં આવી અને કોલંબસને કેદી બનાવી સ્પેઈન તેડાવી મંગાવ્યો. આમ, પોતાની હયાતી દરમિયાન જ કોલંબસની કીર્તિને કાળો ડાઘ લાગી ગયો. રાજારાણી અને એને મદદ કરનાર સૌનો ભ્રમ ભાંગી ગયો હતો. વહીવટકર્તા તરીકે એ સરેઆમ નિષ્ફળ નીવડ્યો હતો. હિંદુસ્તાન એ જઈ શક્યો ન હતો - એ માન વાસ્કો દ ગામા ખાટી ગયો હતો અને ૧૫૦૧-૦૨માં એમેરિગો દ વેસ્પુચીએ દક્ષિણ અમેરિકા જઈ જણાવ્યું હતું કે એ પ્રદેશ સ્વતંત્ર વિશાળ ખંડ છે અને હિંદુસ્તાન તો ત્યાંથી ઘણું દૂર છે - અને ખાસ કંઈ દ્રવ્ય પણ એ લાવી શક્યો ન હતો.

આમ છતાં એના કરગરવાથી, એના સંબંધીઓની સિફારસથી અને ખાસ તો રાજારાણીની દયાથી એને મુક્ત કરવામાં આવ્યો હતો અને ફરી પ્રવાસની રજા અપાઈ હતી. પોતાનો ચોથો પ્રવાસ કોલંબસે ૧૫૦૨ના મેમાં આરંભ્યો. એ સેંતો દોમિંગો પહોંચ્યો તો ત્યાંના સ્પેનિશ ગવર્નરે એનાં વહાણોને ત્યાં લાંગરવાની અને એને તથા એના ખલાસીઓને ત્યાં ઊતરવાની પરવાનગી ન આપી. એ જમૈકા ગયો. કાલ્પનિક ભૂગોળમાં રાચતા કોલંબસે રાજાને જાણ કરી કે, હું હવે ગંગાના પ્રદેશથી દસ દિવસને અંતરે છું ! કેથે (ચીન) અને જાપાન પણ એને થોડાંક વાંભના અંતરે જ ભળાતાં હતાં !

પરંતુ એના સાથીઓ વીફર્યા હતા ને બંડખોર બન્યા હતા. સોનાનો દલ્લો હાથ લાગવો તો દૂર રહ્યો, એમને આશરો જ મળતો ન હતો. સૌને ભૂખમરાએ પીડતા હતા. બંડખોર ખલાસીઓથી ત્રાસેલો, ભૂખે ને મરડે પીડાતો, આર્થરાઈટિસ વગેરેનો બનેલો, જીવાતે ખવાઈ ગયેલાં વહાણો સાથે ૧૫૦૪ના નવેમ્બરની ૭મીએ સેં લુકાર પાછો ફર્યો. સેં લુકાર ઊતર્યો ત્યારે એ એટલો તો નખાઈ ગયેલો હતો કે એને ખાટલે નાખી સેવિલ લઈ જવો પડ્યો. થોડા જ દિવસોમાં નવેમ્બરની ૨૬મીએ રાણી ઈઝાબેલા અવસાન પામી. એના વસિયતનામામાં રાણીએ પોતાનો ભાગ રાખ્યો હશે એ કોલંબસની આશા ઠગારી નીવડી. તબિયત સુધરતાં કોલંબસ રાજાને મળવા ગયો. રાજાએ સહાનુભૂતિ દાખવી, પણ કોલંબસની નબળાઈઓથી એ પરિચિત હોઈ એણે કોલંબસને ફરી ગવર્નરપદ સોંપ્યું નહીં. લોભી કોલંબસ માટે આ એક આઘાત હતો. એની તબિયત વધારે બગડતી ચાલી અને ૧૫૦૬ના મેની ૨૦મી તારીખે એ વેલ્લાદોલિદમાં અવસાન પામ્યો. એના અવશેષોને, પાછળથી, સેં દોમિંગોમાં લઈ જવામાં આવ્યા હતા અને ત્યાર પછીથી ત્યાંથી યે એને અન્યત્ર ખસેડવામાં આવ્યા હતા.

આમ, પડછંદ અને પ્રતિભાશાળી કાયા ધરાવનાર, કલ્પનાશીલ સાહસખેડુના જીવનનો અંત આવ્યો. એના જીવનકાર્યના મૂલ્યાંકનમાં અત્યુક્તિ ખૂબ થયેલી છે. એના કાર્યનાં, શોધ અને સાહસ સિવાયનાં પાસાંઓને લક્ષમાં લેવામાં આવ્યાં નથી અને યુરોપ સિવાયના બીજા દેશો પરની એની, એના પ્રવાસની અને, એને અનુસરી અનેક યુરોપીય સાગરખેડુઓએ કરેલા પ્રવાસોની અસર વિશે ઓછું લખાયું છે.

(૪)

આગાઉ જોયા પ્રમાણે કોલંબસમાં હિમ્મત, સાહસિકતા, કલ્પનાશીલતા, એક વખત નક્કી કરેલા કાર્યની સિદ્ધિ માટે ખંતપૂર્વક વળગી રહેવાની વૃત્તિ અને પોતાના વિષયની તે જમાનાની મર્યાદામાં રહીને શક્ય તેટલી જાણકારીના ગુણો હતા. પરંતુ યુરોપે એને શોધયુગનો પ્રણેતા ગણ્યો છે તેમાં કેટલું તથ્ય છે ? કોલંબસે જે 'શોધ' કરી તેની પાછળ વૈજ્ઞાનિક વૃત્તિ કે દૃષ્ટિ હતી ? ને હતી તો કેટલી ?

જે સમકાલીન પુરાવાઓ ઉપલબ્ધ છે - કોલંબસની પોતાની નોંધો, બીજાં લખાણો અને એના પુત્રે લખેલું એનું જીવનચરિત્ર તથા સ્પેઈનના રાજદફતરમાંની નોંધો વગેરે - તે પરથી સ્પષ્ટ સમજાય છે કે કોલંબસનું પ્રેરક બળ ધર્મનું હતું. 'બાઈબલ'માંનાં કેટલાંક વાક્યોથી એ પ્રેરાયો હતો. રાજા ફર્દિનાંદ અને રાણી ઈઝાબેલાને ૧૫૦૨માં લખેલા પત્રમાં એણે લખ્યું હતું કે, 'હિંદના મારા સાહસમાં તર્ક, ગણિત કે નકશાઓ ખરે જ્યાંય કામના નથી. મને તો ઈસાયાના કથન (૧૧.૧૦-૧૨)ની સહાય મળી છે.'

આમ લખવાનું કારણ ચુસ્ત ખ્રિસ્તી રાજારાણીના પ્રીતિપાત્ર બનવાનું ન હોઈ શકે એમ માનીએ તો પણ, કોન્સ્ટંટિનોપલના પતને જે ધર્મઝનૂન ઊભું કર્યું હતું તેનાથી કોલંબસ અલિપ્ત હોય તેમ માનવાને કારણ નથી. આ ઝનૂનથી પ્રેરાઈ એણે પોતાના સાદા નામનું લેટિનીકરણ કરી 'કોલંબસ' રાખ્યું હતું અને એ નામની આગળ એણે લગાડેલા 'ક્રિસ્ટોફર'નો અર્થ થાય છે, 'ખ્રિસ્તને ધારણ કરનાર'. કોલંબસે લખેલા એક પુસ્તકનું નામ પણ 'પ્રોફેસિયા' - ભવિષ્યકથનો - છે. જેમાં એણે લખ્યું છે કે, 'પ્રભુજીએ નિર્માર્યું હતું કે હિંદ (?) ભણીની આ ખેપોમાં કંઈક એવું ચમત્કારિક બને કે એ મને અને બીજાઓને પ્રભુજીની નજીક જવા ઉત્તેજન આપે.' પોતાની વિવિધ ખેપોમાં એણે પાદરીઓને એ હેતુથી રાખ્યા હતા કે હિંદ (?)ના લોકોનું ધર્માંતર કરી એમને 'બચાવી' (?) શકાય.

ધનલોલુપતા અને રાજ્યવિસ્તાર કોલંબસનાં બીજાં પ્રેરકબળો હતાં. કોલંબસની માત્ર પ્રશંસામાં રાચનારાઓ પણ આ અંગે કશો જ વિરોધ કરી શકે તેમ નથી એટલા પુરાવાઓ કોલંબસે પોતે જ પૂરા પાડ્યા છે.

આમ છતાં, એને શોધયુગનો પ્રણેતા એટલા પૂરતો ગણી શકાય કે, એના સાહસથી અને એની હિંમતથી પ્રેરાઈ - આ બધી પ્રેરણાના મૂળમાં ધર્મઝનૂની ઇસ્લામના અનુયાયીઓએ, તુર્કોએ અને આરબોએ, એશિયા સાથેના યુરોપના વેપારવણજને પહોંચાડેલા ફટકાએ ખૂબ સિંચન કર્યું હતું - વાસ્કો દ ગામા, વેસ્પુચી, ફ્રાન્સિસ ડ્રેઈક, વોલ્ટર રેલે, કોર્ટેઝ,

મેગેલન, કુક વગેરે સાહસિકોએ જાણે કે મહાસાગરોને સરોવરોમાં પલટી નાખ્યા હતા.

જે ભૂમિ પર કોલંબસે પગ મૂક્યો ત્યાંના રહેવાસી પ્રત્યે એણે કોઈ સદ્ભાવ દાખવ્યાનો પુરાવો નથી. પોપના આદેશનો લાભ લઈ સ્પેઈને અમેરિકાને બોડી બામણીનું ખેતર બનાવી નાખ્યું હતું. કોલંબસને અનુસરી ત્યાં જનારાં યુરોપીય સાહસિકોએ ત્યાં વસતી માયા એઝતેક અને ઈન્કા પ્રજાઓને અને તેમણે વિકાસવેલી સંસ્કૃતિઓને ધમરોળી નાખી અને તેમનો સર્વનાશ કર્યો. રેડ ઈન્ડિયનો તરીકે ઓળખાતી જે ઓછી સંસ્કૃત પ્રજા હતી - કોલંબસે કેટલાક રેડ ઈન્ડિયનોને નગ્ન હાલતમાં વિચરતા જોયા હતા - તેમને લગભગ નામ શેષ કરી નાખી. એ ક્રૂર કતલોનાં, ઉઘાડી લૂંટનાં, અમર્યાદિત લોભનાં, એ પ્રજાઓનાં પરાણે કરાયેલાં ધર્માંતરોનાં લેખાં-જોખાંનો સાચો હિસાબ ઈતિહાસને ચોપડે હજી નોંધાયો નથી. જો કે આ બધાંને માટે કોલંબસની સીધી જવાબદારી કેટલી એ સવાલ કોઈ જરૂર ઉઠાવી શકે.

આખી યે ૧૫મી સદી અને સોળમી સદીના લગભગ અંત સુધી કોલંબસની મહત્તા વિશે કોઈ વિચારતું ન હતું. સોળમી સદીના અંતમાં- ઈંગ્લંડમાંથી રાણી ઈલિઝાબેથ પહેલીના સમય આસપાસ - વિસ્મૃતિનાં પડ પાછળથી કોલંબસને બહાર કાઢવામાં આવ્યો. લોપે દ વેગા (૧૫૬૭-૧૬૩૫) નામના સુવિખ્યાત, સ્પેનિશ નાટ્યકારે 'કોલંબસની નવી દુનિયાની શોધ' નામનું નાટક લખ્યું, જે ખૂબ લોકપ્રિય નીવડેલું. હવે ઈટાલિયનોને પણ યાદ આવ્યું કે કોલંબસ મૂળમાં જિનોઆવાસી ઈટાલિયન હતો. યુરોપમાં ત્યારથી કોલંબસ 'મૂઠી ઊંચેરો' માનવી બની ગયો અને એના નામની આસપાસ દંતકથાઓની વાતોના તાણાવાણા વણાવા લાગ્યા.

ઉત્તર અમેરિકામાં, ખાસ કરીને સંયુક્ત સંસ્થાનોમાં, એ ખંડના આદિ શોધક તરીકે કોલંબસનું બહુમાન થવા લાગ્યું. ૧૮૨૮માં વૉશિંગ્ટન ઈર્વિંગે ત્રણ ગ્રંથોમાં કોલંબસના જીવન અને પ્રવાસો વિશે લખ્યું હતું ત્યારથી માંડી હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્વાન ઈતિહાસકાર સેમ્યુઅલ એલિયટ મોરીસન સુધી - એણે ઠેઠ ૧૯૭૪માં લખ્યું છે કે, "પ્રકૃતિને પૂજનારા, ટૂંકી અને જંગલી આવરદાવાળા, ભાવિ માટે આશાહીન નવી દુનિયાના લોકો સમક્ષ દયાળુ પ્રભુનું અને ભવ્ય સ્વર્ગનું દર્શન લઈને કોલંબસ આવ્યો હતો.' મોરીસનના આ વિધાનમાં બીજા ધર્મો અને બીજી પ્રજાઓ કરતાં ખ્રિસ્તી ધર્મના અને યુરોપીય પ્રજાના ચડિયાતાપણાની ભાવના જોવા મળે છે, ઐતિહાસિક દૃષ્ટિ નહીં જ. અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો આઝાદ થઈ ગયાં તે પછી પ્રથમ તે પ્રજાના આગેવાનોએ સમવાય તંત્રનું બંધારણ ઘડ્યું હતું અને ન્યૂ યૉર્ક કે ફિલાડેલ્ફિયા કે અન્ય કોઈ શહેરને રાજધાની તરીકે પસંદ કરવાને બહાને, પોટોમેક નદીના કાંઠે, રાજધાની બાંધવી તેમ નક્કી કર્યું. ત્યારે, અને ૧૭૯૨માં માગણી ઊઠી હતી કે તે નવા શહેર સાથે કોલંબસનું નામ જોડવું. પણ શહેર સાથે વૉશિંગ્ટનનું નામ જોડાયું એને પાછળથી એ પરગણાને 'કોલંબિયા' નામ આપી લોકોને સંતોષવામાં આવ્યા હતા.

૧૮૯૨માં કોલંબસના પ્રવાસની ચતુર્થ શતાબ્દી શિકાગોમાં કોલંબાઈન ઍક્સ્પોઝિશન - કોલંબસ મેળાના નામથી ખૂબ દબદબાપૂર્વક ઉજવાઈ હતી. એ પ્રસંગે વિશ્વમેળો, આનંદપ્રમોદ વગેરેના આયોજન ઉપરાંત વિવિધ વિષયો પર વિશ્વપરિષદોનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાંથી એક તે વિશ્વધર્મ પરિષદ હતી, જો કે એનો યે પ્રચ્છન્ન હેતુ જગતના બીજા ધર્મો કરતાં ખ્રિસ્તી ધર્મની શ્રેષ્ઠતા સાબિત કરવાનો હતો. પરંતુ, સ્વામી વિવેકાનંદે, પોતાના એક ગુરુભાઈના કહ્યા પ્રમાણે, એ પરિષદ સ્વામી વિવેકાનંદ માટેની પરિષદ બની ગઈ હતી. એલેનોર સ્ટાર્ક નામની એક અમેરિકન મહિલાએ, ૧૯૮૮માં પ્રકટ કરેલા પોતાના પુસ્તક 'ધ ગિફ્ટ અનઓપન્ડ' (વણખોલી ભેટ)નું વૈકલ્પિક શીર્ષક 'ન્યૂ અમેરિકન રેવૉલ્યૂશન' (નવી અમેરિકન ક્રાંતિ) રાખ્યું છે. તેમાં, એ લેખિકા જણાવે છે કે ૧૮૯૩માં સ્વામી વિવેકાનંદે શિકાગોની પરિષદમાં અને, ત્યાર પછી પોતે ત્યાં રહ્યા એ બેત્રણ વર્ષોમાં, જે આધ્યાત્મિક ક્રાંતિની ચિનગારી પ્રકટાવી હતી તે ક્રાંતિ આજે થઈ રહી છે.

૧૮૯૨ની એ ઉમંગભેર અને દબદબા સાથે થયેલી ઉજવણીની સામે આજે ત્યાં નિરુત્સાહ જોવા મળે છે. અમેરિકન, અને બીજા તટસ્થ વિચારકોએ અમેરિકન અને યુરોપીય પ્રજાઓમાં પરિવર્તન આણ્યું તેનું એ સૂચક છે. અલબત્ત, ન્યૂ-યૉર્ક જેવા રાષ્ટ્રના ગવર્નર મૂળ ઈટાલિયન હો ત્યાં થોડો ઉત્સાહ દેખાયો તેયે મર્યાદિત. અને જે સ્પેઈને કોલંબસને એક નહીં પણ ચાર વાર સહારો આપ્યો હતો તે દેશની પ્રજા આજે કોલંબસનો સ્વીકાર પણ કરવા તૈયાર ન થઈ, કારણ કે 'કોલંબસ તો ભાડૂતી ઈટાલિયન ખલાસી હતો !'

આમ છતાં, કોલંબસની શોધને લઈને નવીજૂની દુનિયા વચ્ચે કેટલીક ચીજવસ્તુઓની, કેટલાંક પ્રાણીઓની અને કેટલાક રોગોની આપલે થઈ છે તેમાંથી મુખ્ય, કશા ટીકાટિપ્પણ વિના, જોઈએ : જૂની દુનિયામાંથી અમેરિકા ગયેલી મુખ્ય વસ્તુઓ : કેળાં, જવ, કોબી, અંજીર, કેરી, નારંગી, પીચ, દાડમ, શેરડી, ઘઉં વગેરે. અને જૂની દુનિયામાં આયાત વસ્તુઓ : કોકો, કૉફી, મકાઈ, પપૈયું, અનેનાસ, બટેટાં, રતાળુ, તંબાકુ વગેરે અને યુરોપ પૂરતાં મરચાં.

જૂની દુનિયામાંથી અમેરિકા ગયેલા રોગો : પ્લેગ, શીતળા, ઓરી, અછબડા, ઈન્ફ્લુએન્ઝા, કમળો, મેલેરિયા, ચાંદી વગેરે (સને ૧૪૯૦ પહેલાંના મળેલા કોઈ મૃતદેહના અવશેષમાં આ રોગોનાં ચિહ્ન જોવામાં આવ્યાં નથી.)

અમેરિકા ગયેલાં પ્રાણીઓ : એનોફિલિસ મચ્છર (મેલેરિયાનો વાહક મચ્છર), ગાય, બકરાં, પાળેલી બિલાડી, ઘોડા, ભૂંડ વગેરે અને ત્યાંથી આયાત કરેલાં પ્રાણીઓ : ભૂરી ખિસકોલી, ગિનીપિગ વગેરે. □

કમ્પ્યૂટરની સલામતી

પ્રહ્‌લાદ છ. પટેલ

આજકાલ સાધન, સંપત્તિ અને માનવ સલામતીના પ્રશ્નો ઉત્તરોત્તર જટિલ બનતા જાય છે. પ્રમુખો અને પ્રધાનોની સલામતી ખાતર બ્લેક-કેટ કમાન્ડો તેમની તહેનાતમાં હરઘડી ખડેપગે તૈયાર હોય છે તે છતાં શું તેઓ ખરેખર સલામત છે ? માણસની બુદ્ધિ બેધારી તલવારની જેમ કાર્ય કરે છે, તે વિકાસની દિશાઓ ચીંધી ગતિ આપે છે અને બિનસલામતી પણ. માણસની તૃષ્ણા અને આંતરસ્પર્ધાએ સલામત સાધનો અને સ્રોતને હોડમાં મૂક્યાં છે. જ્યારે કશુંજ સલામત ન હોય ત્યારે કમ્પ્યૂટરની સલામતી કેટલી ?

લશ્કરી મથક, યુનિવર્સિટી વિસ્તાર કે મોટા શહેરોમાં એક જ કેન્દ્ર ઉપર શક્તિશાળી કમ્પ્યૂટર સ્થાયી કરવામાં આવે છે. દૂરદરાજનાં પેટાકેન્દ્રો સાથે કમ્પ્યૂટરને જોડવામાં આવે છે. આવા કમ્પ્યૂટર ઉપર એકસાથે કેટલીક વ્યક્તિઓ કામ કરી શકે છે. રિમોટ કંટ્રોલ વડે પણ કમ્પ્યૂટર સાથે કામ લઈ શકાય છે. હવે તો ટેલિફોન દ્વારા કમ્પ્યૂટરને સૂચના આપીને નાણાંની લેવડદેવડ થઈ શકે છે, એક ખાતામાંથી બીજા ખાતામાં નાણાં તબદીલ થાય છે. આ પ્રક્રિયા દરમ્યાન કેટલાંક જોખમો પણ રહેલાં છે. કોઈ વ્યક્તિના ખિસ્સામાંથી ચોર ચેકની અથવા પાકીટની સિફતપૂર્વક તફડંચી કરે છે. બેંકના મુખ્ય મથકથી શાખાઓ ઉપર નાણાંનો ખજાનો લઈ જવાતો હોય ત્યારે લૂંટારાઓ ધાડ પાડી તે લૂંટી જાય છે. આવા કિસ્સાઓમાં પોલીસને સતર્ક કરી તેની મદદ લઈ શકાય છે. પણ કમ્પ્યૂટરમાં ગફલત કે ગુનાખોરી પરમ શાંતિથી તસલ્લીપૂર્વક કરવામાં આવે છે. તાજુબીની વાત તો એ છે કે આવી ગરબડ પ્રકાશની ઝડપે થાય છે. ચેક પાછો ફરે ત્યારે જ કમ્પ્યૂટરની ગરબડનો ભાંડો ફૂટે છે. ગુપ્ત માહિતીઓ તથા ધંધાકીય રહસ્યો કમ્પ્યૂટરના ભરોસે તેને હવાલે કરવામાં આવે છે. ધારાશાસ્ત્રી અસીલ પ્રત્યેની ખાનગી બાબતો કમ્પ્યૂટરને સોંપે છે. રાષ્ટ્રની સંવેદનશીલ મુત્સદ્દીગીરી તથા લશ્કરી યોજનાઓ કમ્પ્યૂટરમાં સંચિત કરવામાં આવે છે. આજકાલ વિકસિત દેશોના રાષ્ટ્રજીવનનો પ્રવાહ કોઈપણ હરકત વિના કમ્પ્યૂટર નિયંત્રિત કરે છે. સમગ્ર રાષ્ટ્રમાં કયા પ્રદેશમાં કઈ ચીજવસ્તુઓની અછત છે અને કયા પ્રદેશમાં તેનો જથ્થો વિશેષ છે, તે બધાની નોંધ કરીને અછતવાળા પ્રદેશોને જરૂરી ચીજવસ્તુઓ પહોંચતી કરવા માટે કમ્પ્યૂટર આદેશ આપે છે. આંતરખંડીય માહિતીપ્રવાહોનું સંગઠન, આફતોની આગાહી, હોસ્પિટલમાં જીવન ટકાવનારી પદ્ધતિઓનું નિયમન અને ન્યૂક્લિઅર રિએક્ટરનું નિયંત્રણ કમ્પ્યૂટર વડે થાય છે.

યંત્ર જે હેતુ માટે તૈયાર કરવામાં આવ્યું હોય તેનું આધારભૂત અને વફાદારીપૂર્વક પરિપાલન થતું હોય છે, પણ ભૌતિક આફતો કોઈપણ યંત્રને ઘેરી લે છે. જેમ કે, કમ્પ્યૂટર માટે જરૂરી માહિતીસભર ચુંબકીય પટ્ટી કે તકતી ઉપર ચા કે કોફી ઢળવાથી અથવા હાથનો મેલ લાગવાથી તેની સપાટી વિકૃત બને છે. તેથી તેની કાર્યવાહી સદંતર બદલાય છે અથવા બંધ પડે છે. કમ્પ્યૂટરોને મળતા વિદ્યુતપ્રવાહમાં થતા ક્ષણિક ભારે ફેરફારોથી ચુંબકીય પટ્ટી કે તક્તી ઉપરની માહિતી ભૂંસાઈ જાય છે અથવા તેમાં ભંગાણ સર્જાય છે. ન્યૂક્લીય વિસ્ફોટની અસરો કમ્પ્યૂટર તથા ઇલેક્ટ્રૉનિક સામગ્રી વડે શોધી કાઢવા લશ્કરી આયોજકો સફળ રહ્યા છે. લશ્કરી નિષ્ણાતો બૉંબધડાકા, ઉષ્મા કે રેડિયોએક્ટિવ વિકિરણ કરતાં તેનાથી પેદા થતાં વિદ્યુતચુંબકીય સ્પંદો માટે વધુ ચિંતિત હોય છે. કારણ કે પરમાણુ અથવા હાઈડ્રોજન બૉંબના વિસ્ફોટથી ફેલાતું વિકિરણ પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર સાથે આંતરક્રિયા કરીને વિદ્યુતચુંબકીય ઊર્જા પેદા કરે છે, જે કમ્પ્યૂટરની સુંદર અને સૂક્ષ્મ વિદ્યુત પરિપથના નેટવર્કની કાર્યવાહી કાંતો થંભાવી દે છે અથવા તેનો નાશ કરે છે. આ દરમ્યાન મિસાઈલ તેનો કમ્પ્યૂટર-નિર્ધારિત માર્ગ ચૂકી જાય છે અથવા એરક્રાફ્ટ તૂટી પડે છે. પરિણામે સંચારતંત્રમાં ભંગાણ સર્જાય છે.

ભૌતિક જોખમો જેવું જ માઠું પરિણામ કમ્પ્યૂટરની સારસંભાળ રાખનાર તથા તેના ઉપર કાર્ય કરનારની બેદરકારી અથવા બદમાશીથી પણ આવે છે. કેટલીક વખત કમ્પ્યૂટરનો ઉપયોગ કરનારની ભૂલ કે અપ્રામાણિક પ્રયાસ ગુનો બની જાય છે. આથી ઇચ્છિત કે ઇરાદાપૂર્વકની પ્રવૃત્તિ સામે જ સલામતીની ગોઠવણ કરવામાં આવે છે. કમ્પ્યૂટર ઉપર કામ કરતાં બાળકો અથવા નવા નિશાળિયા પણ આફતને આમંત્રણ આપે છે. મોટાં કમ્પ્યૂટરો કેટલીક સંસ્થાઓ તથા કંપનીઓને છેડા આપે છે. એકનું રહસ્ય બીજાના હાથમાં ન જાય તે માટે દરેક છેડા-ધારકને કમ્પ્યૂટર ઉપર કાર્ય કરવાની મંજૂરી આપતો શબ્દ-પાસવર્ડ - આપવામાં આવે છે. જ્યારે કમ્પ્યૂટરને સાચો પાસવર્ડ મળે છે ત્યારે જ તે કાર્યરત બને છે. આવા સંજોગોમાં કેટલાક અપ્રામાણિક લોકો અથવા સ્પર્ધકો પાસવર્ડ જાણી લેવા પ્રયત્ન કરતા હોય છે. કમ્પ્યૂટરના રસિયા અથવા કમ્પ્યૂટર-તંત્ર સાથે અનધિકૃત અથવા બદઇરાદાવાળી વ્યક્તિ (જેને હેકર - hecker - કહે છે) ટેલિફોન કે કીબોર્ડ મારફતે કમ્પ્યૂટરમાં ઘૂસણખોરી કરે છે. લોસ એન્જેલસની સ્કૂલના એક વિદ્યાર્થીએ સ્ટેટ યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાથે 'મજાક ખાતર' હાથચાલાકી કરતાં ખૂબ જહેમતથી તૈયાર કરેલ એક સંશોધનકારનું સઘળું કાર્ય, જે કમ્પ્યૂટરમાં સંચિત કરેલું તેનો નાશ કર્યો હતો. આવા કેટલાય ગંભીર કિસ્સાઓ નોંધી શકાય તેમ છે. એક વિદ્યાર્થી એવો દાવો કરે છે કે કમ્પ્યૂટર હેકિંગ એ તો એક જાતની રમત છે અને તે રમત કમ્પ્યૂટરના ઉપયોગ-કર્તાને પોતાની હોંશિયારી પુરવાર કરવાની તક આપે છે ! આથી પાસવર્ડ એવો હોવો જોઈએ કે તે હેકર્સને હાથ ન લાગે. જે કમ્પ્યૂટર ઉપર એકથી વધુ ઉપયોગકર્તાઓ કામ કરતા હોય

ત્યાં સલામતી-અધિકારી રખાય છે, જે પાસવર્ડનું ખાસ ધ્યાન રાખે છે. પાસવર્ડ અક્ષરો અને આંકડાનો બનેલો હોય છે. ૧૦ અક્ષરો (કૅરેક્ટર) એટલે કે ૧૦ આંકડા-અક્ષરો વડે જુદા જુદા સંયોજન કરતાં લગભગ 3.7×10^{15} સંયોજનો એટલે કે પાસવર્ડ મળે છે. આટલાં સંયોજનોમાંથી સાચો પાસવર્ડ પકડવા માટે હૅકરને હજારો વર્ષ લાગે છે. આવી ગુનાખોરી સામે કોઈ ઉપાય ખરો ?

કમ્પ્યૂટર, માહિતી-સંચય અને કાર્યક્રમને હેકર્સ કે ગુનેગારો નુકસાન ન કરી શકે તે માટે આંતરિક નકલી ગોઠવણ (duplicate) કરવામાં આવે છે. આ હેતુ માટે કમ્પ્યૂટર-ઘટકો વિકસાવવાનો ઉદ્યોગ પણ વિકસ્યો છે. આ સુવિધા બૅંકના સેફ-વૉલ્ટ જેવી સુરક્ષિત છે. તે સાથે જહોન મેક્સફિલ્ડે 'કાળી પેટી' (black box) તૈયાર કરી છે, જે દૂર-અંતરી ટેલિફોન કૉલને રોકી પાડે છે. ડેઈલી ટેલિગ્રાફ સામયિકની ગણતરી મુજબ બ્રિટિશ ઉદ્યોગોને કમ્પ્યૂટર-છળકપટને કારણે દર વર્ષે આશરે એક અબજ પાઉન્ડનું નુકસાન થાય છે.

કમ્પ્યૂટર પ્રણાલી સાથે એક વખતે કામ ચાલુ થાય ત્યારે ઘૂસણખોર પ્રણાલીના પોતાના સૉફ્ટવેરનો ઉપયોગ કરીને માહિતીઓની ચોરી કરે છે. જેની લાઠી એની જ ભેંસ જેવો ખેલ થાય છે. આવા સૉફ્ટવેરમાં ક્રિયાકારી તંત્ર (Operating System) તથા ઉપયોગી અને પ્રયોજી શકાય તેવા કાર્યક્રમનો સમાવેશ થતો હોય છે. આથી ઘૂસણખોર માહિતી અને કાર્યક્રમ સાથે ચેડાં કરે છે અથવા કમ્પ્યૂટ તંત્રના પ્રતિબંધિત ભાગનો ઉપયોગ કરે છે. આથી પાસવર્ડ ઉપરાંત બીજી તકેદારીઓ રાખવામાં આવે છે. અધિકૃત ઉપયોગ-કર્તાના વજન અને અવાજની નોંધ કમ્પ્યૂટરમાં સંચિત કરવામાં આવે છે. પાસવર્ડ, વજન અને અવાજ એમ ત્રણેનો મેળ બેસે ત્યારે જ કમ્પ્યૂટરનું તાળું ખૂલે છે અને તે કાર્યાન્વિત થાય છે.

કેટલાંક પર્યાવરણીય પરિબળો કમ્પ્યૂટર તંત્રને જોખમમાં મૂકી દે છે અને તેની પૂરક સામગ્રીમાં ભંગાણ સર્જે છે. આથી કમ્પ્યૂટર-તંત્રના સફળ સંચાલન માટે વાતાનુકૂલિત પદ્ધતિ આવશ્યક છે. તેનાથી હવા ગળાઈને કમ્પ્યૂટર ખંડમાં દાખલ થાય છે. આથી રજકણો કમ્પ્યૂટર સુધી જતા નથી. આવા રજકણો ચુંબકીય પટ્ટી કે તક્તી ઉપર લીસોટા પાડે છે, તેથી તેમના ઉપર ઘસારો પડે છે. પરિણામે તેમના પર કંડારેલી માહિતીમાં ગાબડાં પડે છે અને કાર્યવાહીમાં અસાતત્ય જોવા મળે છે. કમ્પ્યૂટર ખંડમાં ભેજમાનનું પણ નિયંત્રણ કરવું પડે છે, નહીંતર ભેજનું ઠારણ નાજુક ભાગોના કાર્યને વિકૃત કરે છે.

ઠંડી અને સૂકી હવામાં સ્થિત વિદ્યુતની સંભાવના વધે છે. વિદ્યુતવિભારને કારણે ઉદ્ભવતા તણખા માઈક્રોચીપ્સ ઉપર લકવા જેવી અસર કરી કાયમી નુકસાન કરે છે. તેના ઈલાજ તરીકે તાંબાના પાતળા તાંતણા વડે તૈયાર કરેલી કાર્પેટનો ઉપયોગ કરવામાં આવે છે. આથી કાર્પેટ વડે સ્થિત વિદ્યુતભારનું વહન થઈ જાય છે અને તણખા થતા નથી. બીજો વિકલ્પ એવો છે કે ખુદ કમ્પ્યૂટરમાં એવી આધુનિક રચના કરવામાં આવે જે સ્થિતવિદ્યુતની અસરોને સક્ષમ રીતે ઝીલી શકે. આ રીતે કમ્પ્યૂટર આસપાસ હવામાન ઉપર માણસ નિયંત્રણ મેળવી શકે છે. પણ કમ્પ્યૂટર માટે જરૂરી પાવરમાં થતી અણધારી વધઘટ સામે રક્ષણ આપવું મુશ્કેલ છે. પાવરની અલ્પજીવી લહેર અને લચક (surge and sag) કેટલીક વખત તાર્કિક ત્રુટિઓ પેદા કરે છે. આથી સમગ્ર કાર્યક્રમ બદલાઈ જાય છે. લોસ એન્જેલસમાં એક તોફાની મેઘગર્જના દરમ્યાન પેદા થયેલ પ્રબળ ચુંબકીય ક્ષેત્રને લીધે ચુંબકીય પટ્ટીઓની ધોલાઈ થતા સઘળી માહિતી નાશ પામી અને અબજો ડૉલરનું નુકસાન થયેલું. વિદ્યુતતરંગો અને વિદ્યુતદબાણ માટેનાં નિયંત્રણો અહીં કારગત નીવડતાં નથી. આથી તે માટે તો બિનરૂકાવટી પાવર પુરવઠો (Uninterrupting power supply) આવશ્યક છે તેનાથી કમ્પ્યૂટર કાં તો સદંતરબંધ થઈ જાય છે અથવા તો સહાયક પાવર પુરવઠાને કાર્યરત કરે છે. યું.એસ.એ.ના લશ્કરી મથક પેન્ટાગોનના કમ્પ્યૂટર કેન્દ્રના બંધ ખંડમાં ૩૦૦ વૉટનો ગોળો ચાલુ રહી જતાં જે ઉષ્મા પેદા થઈ અને બારણું ખોલતાંની સાથે આગ લાગતાં ત્રણ કમ્પ્યૂટર બળીને ભસ્મ થઈ ગયાં, જેને પરિણામે કરોડો ડૉલરનું નુકસાન થયું.

જેમ ડાયબિટીઝના દર્દીને ખાંડ ઝેર સમાન છે તેમ કમ્પ્યૂટરને પાણી ઝેર સમાન છે. કમ્પ્યૂટરના કોઈપણ ભાગમાં થોડુંક પણ પાણી પ્રવેશે તો તેનાથી વિદ્યુતપરિપથ ટૂંકો થતાં તંત્ર સળગી ઊઠે છે. આથી કમ્પ્યૂટર-તંત્રની આસપાસ થતી આગને કાર્બન ડાયોક્સાઈડ વડે બુઝાવવી હિતાવહ છે. કાર્બન ડાયોક્સાઈડના ઉપયોગથી ક્ષારણ સંયોજનો પેદા થતાં નથી તથા હાનિકારક કચરો પડતો નથી. નૉર્થ અમેરિકન ઍરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ (NORAD)નું કમ્પ્યૂટર વિશ્વમાં બધી રીતે સૌથી વધારે સુરક્ષિત છે. આ કમ્પ્યૂટરનું સુરક્ષા તંત્ર યુ.એસ.એ. અને કૅનેડાના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે. કોલોરાડો રાજ્યની ચેયેમ (cheyeme) પર્વતમાળાઓ વચ્ચે આ કમ્પ્યૂટર તંત્ર ગોઠવવામાં આવ્યું છે. ૬૯૦,૦૦૦ ટન ખડકો તોડી આ તંત્રને ગોઠવવામાં આવ્યું છે. કુદરતી આફત, યુદ્ધ અને ભાંગફોડ પરત્વે કિલ્લેબંધ કરેલું આ કમ્પ્યૂટર ઘણું સુરક્ષિત છે.

આપેલી માહિતી (ડેટા)ની ચોરી પણ થતી હોય છે. કમ્પ્યૂટરના સંગ્રહ (મેમરી)માંથી મહત્ત્વનો ડેટા ચોરી કાઢવા કેટલાક લોકો ઈરાદાપૂર્વક ફાંફાં મારતાં હોય છે. રદબાતલ કરેલી કે અધૂરી ભૂંસેલી ચુંબકીય પટ્ટી કે તક્તી ઉપરથી ડેટા ચોરવાની ઘટનાને સફાઈકામ (Scavenging) કહે છે. જે કમ્પ્યૂટર ઉપર વધુ ઉપયોગકર્તા કામ કરતા હોય ત્યાં સફાઈકામ દ્વારા ચોરી ઘણી સરળતાથી થાય છે. એક તેલ કંપનીએ આંકડા-પદ્ધતિ (seismic)થી કઈ જગ્યાએ તેલના કૂવા છે તેને લગતી ચોક્કસ માહિતી તૈયાર કરેલી. એક કમ્પ્યૂટર કર્મચારીએ છાનેમાને આ માહિતી ચોરી બીજી કંપનીને આપતાં અઢળક નાણાં મેળવેલાં. તે જ રીતે એક વાદ્યમંડળીએ તેના વૃંદવાદ્ય સંગીતનો કાર્યક્રમ તૈયાર કરેલો અને તેની ટેપ તૈયાર કરેલી નકામી, રદ કરેલી અને અર્ધભૂંસેલી ટેપ ઉપરથી વાદ્યસંગીતના કાર્યક્રમની ચોરી કરીને બીજા જૂથે કરોડો ડૉલરની કમાણી કરેલી. સમગ્ર કમ્પ્યૂટર-

તંત્રને જડબેસલાક કરવાથી તથા કાનૂની જોગવાઈઓ ઊભી કરીને આવી હાથચાલાકી અટકાવી શકાય છે. કમ્પ્યૂટરનો ડેટા ચોરવા બદલ અમેરિકામાં એક વર્ષની સજાની જોગવાઈ છે. ડેટાચોરીના એક ગુના (કિસ્સા)માં જેનું સ્વરૂપ છળકપટ અને કાવતરા તરીકે પુરવાર થયેલું તે માટે જવાબદાર વ્યક્તિને ૩૦ વર્ષની સજા અને ૧૫,૦૦૦ ડોલર દંડ ફટકારવામાં આવેલો.

કેટલીક વખત કમ્પ્યૂટર કે મેમરીમાં ડેટા દાખલ કરતી વખતે જ તેમાં ફેરફાર કરી દેવામાં આવે છે. આવી ઘટનાને ડેટા-વિકૃતિ (data diddling) કહે છે. સોલ્ટ લેક સિટીમાં એક માનવતાવાદી સંસ્થા કમ્પ્યૂટર પદ્ધતિ વડે ટેલિફોનના સંદેશા દ્વારા ગરીબો અને ઘરડાઓને ખોરાકનું વિતરણ કરે છે. કોઈએ તેનો ડેટા વિકૃત કરતાં સમગ્ર વિતરણતંત્ર ભાંગી પડ્યું હતું. એટલું જ નહીં પણ લાભાર્થીઓને અશ્લિલ અને ધમકીભર્યા સંદેશા મળ્યા હતા. આવી મસ્તીમજાક કે ડેટાની ચોરી કંઈ ગમ્મત ખાતર થતી નથી પણ તેની અંદર સ્થાપિત હિત રહેલું હોય છે. ખાસ તો તેની અંદર આર્થિક લાભ મેળવી લેવાનો ઇરાદો હોય છે.

કમ્પ્યૂટર અને કાર્યકારી તંત્ર માટે પાસવર્ડ હોય છે. કમ્પ્યૂટર અને ડેટા દાખલ કરતી વખતે રચના વચ્ચેના જોડાણને પોર્ટ (port) કહે છે. પોર્ટ સુરક્ષા રચના (port protection device- PPD) તૈયાર કરવામાં આવે છે. તે માઈક્રોપ્રોસેસર વડે ચાલતી સિગાર-સ્વરૂપની નાની પેટી છે, જે ટેલિફોનનો જવાબ આપે છે. કમ્પ્યૂટર અને ઉપયોગ-કર્તા વચ્ચે કામકાજ શરૂ થાય તે પહેલાં પી. પી. ડી. પાસવર્ડ માગે છે. સાચો પાસવર્ડ મળે તો જ કામકાજની પ્રકિયા શક્ય બને છે. સલામતી માટે પી. પી. ડી. વધારાનો અસરકારક નુસખો ખરો, પણ તેના ઉપયોગથી કાર્યમાં થોડોક વિલંબ થાય છે. એટલે કડક સલામતી સામે કોઈ ને કોઈ આડઅસર થતી જોવા મળે છે. આથી સલામતી નિષ્ણાતો માને છે કે ખરી સલામતી માટે કમ્પ્યૂટરને નાના ટાપુની જેમ તદ્દન અલગ રાખવું અને થોડાક જ વિશ્વાસુ માણસો વડે તે ચલાવવું. બાકી કમ્પ્યૂટર સલામતી નિષ્ણાતો અને ઇલેક્ટ્રોનિક ઘૂસણખોરો વચ્ચે યુદ્ધ તો ચાલતું રહેવાનું. તાળું બનાવનાર કરતાં તાળું તોડનાર પાસે એક યુક્તિ વધારે હોય છે.

માહિતીની ફાઈલ સુધી પહોંચવાના આંતરિક પ્રવેશમાર્ગ ઉપર અંકુશ અને કેટલાક નિયમોની જોગવાઈ કરવામાં આવે છે. કાર્યકારી તંત્ર પોતેજ નિર્ણય કરે છે કે ઉપયોગ-કર્તાને ફાઈલનો ઉપયોગ કરવા દેવો કે નહીં અથવા તેમાં ફેરફાર કરવા દેવા કે નહીં. મહત્ત્વનું કામ પાર પાડવા માટે ટ્રોજન ઘોડાનો કાર્યક્રમ ઘડવો પડે છે. જ્યારે સોફ્ટવેરને આહ્‌વાન આપવામાં આવે છે ત્યારે સલામતીમાં ગાબડાં પાડવા સંતાડેલી સૂચનાનો ઉપયોગ થાય છે. આથી ટ્રોજન ઘોડાના હુમલાને ખાળવા માટે સંદર્ભ તાકીદતંત્ર (reference monitor)નો ઉપયોગ થાય છે. તે એવું એક ચુસ્ત કાર્યકારી તંત્ર છે, જે અધિકૃત ઉપયોગ-કર્તાને કામ કરવા મંજૂરી આપે છે, અને અનધિકૃત ઉપયોગ-કર્તાને કામ કરવા ના પાડે છે.

મૂળ પ્રોગ્રામને આહ્‌વાન આપતાં જે પ્રોગ્રામ કમ્પ્યૂટરમાં જ નવા ડેટા આધારિત પોતાની પ્રતિકૃતિ તૈયાર કરે છે તેને વાયરસ કહે છે. ટૂંકમાં, વાયરસ એટલે નકલી કાર્યક્રમ. કમ્પ્યૂટર-તંત્ર કે નેટવર્કમાં વાયરસની અસર એક કાર્યક્રમ ઉપરથી બીજા કાર્યક્રમ ઉપર અને એક ફાઈલ ઉપરથી બીજી ફાઈલ ઉપર થતી હોય છે. કાર્યક્રમ (પ્રોગ્રામ) સક્રિય થતાંની સાથે જ વાયરસ કમ્પ્યૂટરની મેમરીમાં દાખલ થાય છે. અને તે જ વખતે વાયરસ તેના ઉપર હુમલો કરે છે. આવી દૂષિત ડેટા ફાઈલો અને કાર્યક્રમ જે કોઈ કમ્પ્યૂટરમાં વપરાય છે તે બધાને ચેપ લગાડે છે. વાયરસ ચુંબકીય પટ્ટી કે તકતી ઉપર માહિતીકેન્દ્રોને ખસેડે છે અથવા દૂર કરે છે. પરિણામે ફાઈલો ભૂંસાય છે. અથવા તો સમગ્ર તંત્ર પાંગળું બની જાય છે. આ રીતે વાયરસ તાર્કિક (logic) બૉંબનું કાર્ય કરે છે. ૧૯૮૪માં સધર્ન કેલિફોર્નિયા યુનિવર્સિટીના સંશોધક ફ્રેડ કોહેને વાયરસનાં લક્ષણોની સૌપ્રથમ જાહેરાત કરી. આંતરરાષ્ટ્રિય કમ્પ્યૂટર સલામતી અધિવેશનમાં તેણે પ્રાયોગિક રીતે બતાવી આપ્યું કે વાયરસ માત્ર પાંચ જ મિનિટમાં સમગ્ર તંત્રને ચેપ લગાડે છે. આવા વાયરસને નિરર્થક બનાવવા માટે પ્રોગ્રામિંગ વેક્સીન (રસી)નો ઇલાજ પણ શોધી કાઢવામાં આવ્યો છે. વાયરસથી મુક્ત રહેવા માટે ફ્રેડ કોહેન કમ્પ્યૂટરને ટાપુની જેમ અલગ રાખવાની ભલામણ કરે છે - જેમ ચેપી રોગના દર્દીને ડૉક્ટર દૂર રાખે છે તેમ.

વૈયક્તિક ચાવી પ્રણાલી (single - key system) અને પબ્લિક ચાવી પ્રણાલી (public key system) પ્રથાઓ કમ્પ્યૂટર-સલામતી માટે વપરાય છે. ગમે તેટલી પ્રથાઓ અને ગમે તેવા ઈલાજો શોધવા છતાં ચોર હંમેશાં એક ડગલું આગળ અને અદૃશ્ય રહે છે. ઘર કે તિજોરીને ભારેખમ તાળું મારી સલામતીનો આભાસી સંતોષ લઈ શકાય છે, સંપૂર્ણ સલામત થવાતું નથી. આથી કમ્પ્યૂટરની સલામતીનાં ઉપાયો અને ઉપકરણો તથા માનવ-સલામતીના પ્રબંધોનું સીમાચિહ્ન સંતોષ છે. □

અનુસંધાન] 'હિંદ છોડો' ચળવળના સૈનિકો [પૃ.૨૫૫ પરથી

અમદાવાદથી કેટલાક યુવાનોની પાંચ ટુકડીઓ પૂના મોકલવામાં આવી હતી. તેઓ પૂનાથી સરઘસ કાઢીને આગાખાન મહેલ પર જતા. તેઓની રસ્તામાં ધરપકડ કરી લેવામાં આવતી. એક ટુકડીમાં અમદાવાદથી ચન્દ્રકાન્ત વ્યાસ (મામા), સરસ્વતીચન્દ્ર દેસાઈ પણ પૂના ગયા હતા.

મુલાકાત : ૨૬-૭-૧૯૭૦

૧. હરિવદન દેસાઈ : જુલાઈ ૧૯૭૦માં જીવન વીમા કોર્પોરેશનમાં નોકરી કરતા હતા.

૨. સરસ્વતીચંદ્ર દેસાઈ : જીવન વીમા કોર્પોરેશનમાં ફિલ્ડ ઑફિસર હતા.

૩. ચન્દ્રકાન્ત વ્યાસ (મામા) : પ્રીતમનગર વ્યાયામશાળામાં વર્ષો સુધી સંચાલક તરીકે સેવાઓ આપી હતી.

૪. બાબુરાવ શાહ : ચળવળ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર પોલીસ ઑફિસર (હેડ ઈન્સપેક્ટર) હતા. □

૧૭૦ વર્ષ જૂની થીએટર પ્રણાલી રામનગરની રામલીલા

હસમુખ બારાડી

કોઈ સ્થળ નિષ્પક્ષ ન હોય; એ સ્થળનો આકાર-પ્રકાર એમાં પ્રસ્તુત થતા સંબંધોને રંગ/અર્થ/દૃષ્ટિકોણ આપે. મંચીય સ્થળ તો વિશેષ કરીને એવા સંદર્ભો રચે. એ ખાલી જગ્યામાં કોઈ જીવન ધબકી ઊઠે, પાત્રો જીવતાં થાય, અને એટલાં વિવિધ અને આગવાં દૃષ્ટિબિંદુઓ પેશ થાય કે એકાદ નાની મુદ્રા કે ધ્વનિ પણ નવો સ્થલીય સંકેત આપે/પામે. આ રીતે પૂર્વનિર્મિત, સર્જેલ કે માત્ર કલ્પિત એવાં બધાં સ્થળો - સમયનું તત્ત્વ ઉમેરાતાં - અવનવા સંદર્ભો રચતાં હોય છે, જે એના દૃષ્ટિકોણ અને ફ્રેમ્સને સહારે મંચીય વસ્તુ, અને ખુદ મંચનની ઘટનાના, તત્કાલીન તત્સ્થલીય સંદર્ભને વળોટી જાય...

રંગમંચીય ઘટના જીવંત આદાન-પ્રદાનની પ્રક્રિયા છે. એ આ ક્ષણે અને આ જ સ્થળે ઘટી રહી હોય છે. નટ અને પ્રેક્ષક બંનેને માટે એ 'બનંતી' છે, (happening)એમની સહભાગિતા છે, સહસર્જન છે. એ પ્રેક્ષકોને ઉદ્દેશીને નહીં, પણ એમના સહયોગે જ સર્જાય; એનાં લયતાલ, રંગરૂપરચનાસ્થિતિ (કમ્પોઝીશન્સ) અને ગતિ; આકારો અને પરિપ્રેક્ષ્યો; ધ્વનિના આરોહો-અવરોહો, અને એ બધાંનું સંયોજન સામયિક સ્થળ (ટિમ્પોરલ સ્પેસ) અને સ્થલીય સમય (સ્પેસિયલ ટાઈમ) સર્જે.

નટને માટે એ રોજેરોજ કંઈ નવા બનવાનો જાદુ હોય છે, તો પ્રેક્ષકોને માટે એ રૂપ-અંતરોને નજર સામે જ ઘટતાં નિહાળવાનું કુતૂહલ હોય છે. એ રીતે એ નક્કર સ્પર્શક્ષમ માનવીય ઘટના હોય છે, જે સામાજિક પ્રક્રિયાના ભાગરૂપે નટની રમણભૂમિમાં યુગોથી અવતરી રહી છે. ભલે પછી એ ગ્રીસનું એમ્ફિથીએટર (મોટી અને અર્ધ કે લંબગોળાકાર નાટકશાળા) હોય, ભરતમુનિની નાટ્યશાળા હોય, આજનું પરદે વિભાજિત પ્રોસીનિઅમ - આર્કથીએટર હોય, પરંપરાગત ભવાઈ જેવાં (લોક)નાટ્ય



રામનગરના રામલીલા મેદાનમાં 'અશોકવાટિકા', જ્યાં રાવણે સીતાજીને રાખ્યાં હતાં તેનું રેખાંકન.

પ્રકારો હોય કે શેરીનાટક હોય. આ બધાંમાં કેન્દ્રસ્થ તો છે પહેલો સ્થલીય સંબંધ, જેના દ્વારા નટ અને પ્રેક્ષક વચ્ચે અને થીએટરની દીવાલોની પેલે પાર સમાજો અને સંસ્કૃતિઓ સાથે પ્રત્યાયનની કડી ભિડાય છે.

આ સ્થલીય સંબંધો સંસ્કૃતિસાપેક્ષ હોય છે. ગ્રીક અને રોમન લોકોએ તેમના સામાજિક/રાજકીય જીવન અનુસાર જરૂર હતી એવાં રંગસ્થળો રચ્યાં - ખુલ્લા આકાશ નીચે ટેકરીઓના ઢોળાવે બેઠકો કોતરી, વચ્ચેની સપાટ ભૂમિમાં નટો નાચી/ગાઈ શકે - જેથી થોડા નટોનું વૃંદ હજારોની જનમેદનીને સંબોધી શકે.


વળી, થીએટર પ્રણાલીઓનાં મૂળિયાં જે તે સંસ્કૃતિનાં પરિપાક રૂપે જ ઉદ્‌ભવે. ભરતમુનિની ત્રણ પ્રકારની નાટ્યશાળાઓ સમસંવેદન અનુભવી શકે એવા સામાજિકો માટે રસાનુભવના ઉદ્દેશથી નાટ્યકૃતિ પ્રસ્તુત કરવા અને એ માટે ચાર પ્રકારના અભિનયો (આંગિક, વાચિક, આહાર્ય અને સાત્ત્વિક) પ્રયોજવા બાંધવામાં આવી હતી. જેમ આપણા દેશમાં તેમ ચીન અને જાપાનમાં પણ, વિશિષ્ટ પ્રકારનાં અમૂર્ત કલ્પનો અને પ્રતીકોનો એમાં ઉપયોગ થતો, અને એ વિશેષરીતે પૌરસ્ત્ય હતાં. એટલે કે, મંચીય અભિ-નય (અર્થનું પ્રત્યાયન) એની નાટ્યશાળાના સ્થળનો સંદર્ભ પામે, સ્થળસમયબદ્ધ સંસ્કૃતિ-પ્રણાલીઓ અનુસાર એ સમજાય, એના નવા સંદર્ભો ઊભા થાય અને રસાનુભાવ કરાવે. આ રીતે રંગસ્થળ સંસ્કૃતિનું સર્જન અને સર્જક બંને બની રહે, એના પૂરા વ્યાપાર-વર્તુળમાં.

આ સંસ્કૃતિ-સાપેક્ષ રંગસ્થળમાં અનેક ઈચ્છિત અર્થો અને સંદર્ભો આપી શકાય - એમાં પ્રસ્તુત થતા સ્થળ/સમય/પાત્ર/પરિસ્થિતિ/ ઉદ્દેશ અનુસાર. એ એક જ રંગસ્થળે હેમ્લેટના પિતાનું ભૂત દેખાય, ગોદોની રાહ જોવાય, શકુંતલાની વીંટી ખોવાય કે શકારને હાથે વસંતસેનાનું ગળું દૂંપાવાય. **ત્યાં તે ક્ષણે જે સર્જો તે તેનો અર્થ તે પામે.**

માનવસંબંધો પણ ત્યાં સ્થલીય સંબંધોમાં પલટાય. નાટ્યકૃતિ (પાત્રો, કથા, રસ, નિર્વહણ તથા સંઘર્ષ અને મંચન સ્થિતિ, ગતિ, લય, તાલ, રંગ, આકાર, ધ્વનિ-આરોહ-અવરોહ, નીરવતા)ના સંદર્ભોથી મંચે અર્થભર સ્થળો સર્જાય - નટો દ્વારા અને નટો વચ્ચે, અને એ જ રીતે પ્રેક્ષકો સમક્ષ અને પ્રેક્ષકોની વચ્ચેય. કારણ કે રંગસ્થળની એ અભિવ્યક્તિ કલાત્મક પ્રક્રિયા દ્વારા 'પસંદ થયેલી' અને 'ગોઠવેલી' હોય છે. આ અર્થસભર સ્થળો જે તે મંચનની ભૌતિક મર્યાદાને વળોટીને સમગ્ર વાસ્તવિકતાનું પ્રતિનિધિત્વ કરવા સક્ષમ હોય છે. મંચે દર્શાવાયેલી આ જગ્યાઓ વાસ્તવિકતાનો સર્વાંગી અનુભવ કરાવી શકતી હોય છે; અને એમાં જો પ્રેક્ષકોની સહભાગિતા ભળે તો તો પ્રત્યાયનનું વર્તુળ પૂરેપૂરું રચાય.

આ રીતે નટો અને પ્રેક્ષકો વચ્ચે જે આદાનપ્રદાન થાય છે. એમાં એમના અને એમની વચ્ચેનાં સ્થળો, એના આકાર-પ્રકારો, એ અંતરોનું માપ અને દષ્ટિકોણો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. હાલના પડદે વિભાજિત, ઊંચો મંચ ધરાવતાં પ્રોસીનિઅમ-આર્કનાં થીએટરોમાં ખરીદશક્તિ મુજબ બેઠક-અધિકાર મેળવતા વર્ગ-જાગૃત પ્રેક્ષકો નિશ્ચિત દષ્ટિકોણથી નાટ્ય-અનુભવ લેતા હોવાથી તેઓને આ સહસર્જનમાં પૂરતી ભાગીદારીની તક મળતી નથી; પરંતુ પ્રણાલીગત (લોક)-નાટકો કે (એરિના જેવા) શેરીનાટકે ૩૬૦ અંશના પ્રત્યાયનમાં ચોતરફથી નાટ્ય નિહાળવાનો જે અનુભવ પ્રેક્ષકો લઈ શકે તેમાં કમનીય ભાગીદારીની આદાનપ્રદાનની સ્થિતિ સર્જાય છે. આવાં એરેના થીએટરો મૂળભૂત રીતે લોકતાંત્રિક હોય છે; જેમાં નટ અને પ્રેક્ષક એક જ સ્થળે અને ભૂમિકાએ અદાનપ્રદાન કરી નવું સ્થળ-મૂલ્ય સર્જતાં હોય છે. એ તો જે હોય તે - પ્રોસીનિઅમ કે એરિના, પ્રેક્ષકો સાથે કે સામે - નટો પોતની રમણભૂમિમાં જે સંદર્ભો સર્જે એમાં પ્રેક્ષકો કલ્પનાશીલતાથી સંડોવાતા રહે છે. જો કે મંચનનાં આ સ્થળો - ખાસ બાંધેલાં, સર્જેલાં કે કલ્પેલાં - નાટ્ય-અભિવ્યક્તિમાં આટલાં બધાં નિર્ણાયક કેવી રીતે બની રહે છે એનો વિશિષ્ટ અનુભવ બનારસ નજીક રામનગરની રામલીલા સતત બે વરસ (૧૯૯૦,૧૯૯૨) જોઈ ત્યારે જ થયો, અને એમાંથી આ બધા વિચારો ઉદ્ભવ્યા. આ રામલીલા - કૃતિ, મંચન, પ્રેક્ષકો, સ્થળ, સમય, કથનરીતિ - વગેરે દ્વારા નવા સ્થલીય સંબંધો સર્જી આપતી ઘટના બની રહે છે.

રામલીલા એટલે રામની કથા, એમના જન્મથી અયોધ્યામાં રાજતિલક સુધીની; અયોધ્યાથી જનકપુરી, ચિત્રકૂટ, પંચવટી અને લંકા થઈને પાછી અયોધ્યા સુધીની; બાળલીલાથી આરંભી એમણે પૂર્ણ પુરુષોત્તમપણું સિદ્ધ કર્યું ત્યાં સુધીની. બનારસની પાસેના દસેક હજારની વસ્તી ધરાવતા રામનગરમાં વિજયાદશમીએ રામના રાજતિલક સાથે એની પૂર્ણાહુતિ થાય એ રીતે આખો મહિનો, દરરોજ સાંજે ત્રણ-ચાર કલાક આ રામલીલા છેલ્લાં ૧૭૦ વર્ષોની ભજવાતી આવી છે. (કદાચ આ ભજવાતી શબ્દ બરાબર નથી, જે એની વાત વાંચતાં સમજાશે.)




આ રામલીલા આખા રામનગરમાં પ્રસ્તુત થાય છે એટલે કે આ નગરનાં જુદાં જુદાં સ્થળોમાં રામકથામાં આવતાં લોકેલ્સનાં દશ્યો ભજવાય છે. રામનગરને પાદરે આવેલું ઊંચી ગેલરીવાળું વિશાળ મેદાન ધરાવતું એક સ્થળ આ મહિના દરમ્યાન અયોધ્યા 'બને' (આમ તો એ આખું વર્ષ અયોધ્યા નામે ઓળખાય અને ટપાલ-સરનામામાંય એને અયોધ્યા જ કહેવાય); તો નગરનું એક સરોવર ક્ષીર-સાગર બને, એની એક તલાવડીને કાંઠે પંપા સરોવરનું દશ્ય ભજવાય; હાલના નગર-ઉદ્યાનમાં રામ અને સીતાનું પ્રથમ મિલન થાય; કોઈ ઘટાદાર વૃક્ષની નીચે શબરી એઠાં બોર લઈને રામની રાહ જોતી હોય; એક વિશાળ ચોગાનની એક બાજુએ માંચડો ઊભો કરી રાવણની લંકા દર્શાવાય, એની સામેના નીચા ગઢની રાંગે સીતાની અશોકવાટિકા હોય અને વચ્ચે રામરાવણ યુદ્ધ ખેલાય...

ટૂંકમાં, રામકથાનાં બધાં સ્થળો, કહે છે કે એનાં ભૌગોલિક અંતરનાં માપ પ્રમાણે રામનગરમાં છે - બાંધેલા (માંચડા જેવા), બનાવેલા કે કલ્પેલાં. કથામાં આવતાં દશ્યોનાં જે તે સ્થળોએ નટો અને પ્રેક્ષકો જાય અને આખા મહિના દરમ્યાન ક્રમબદ્ધ ભજવાય. નગરનાં વાસ્તવિક સ્થળો આ દરમ્યાન નાટ્યાત્મક સંદર્ભ પામે. રામલીલાની આ પહેલી વિશિષ્ટ વાત.

રામકથાનાં પાત્રોમાં રામ, લક્ષ્મણ, સીતા માટે દસ-બાર વર્ષનાં બાળકો પસંદ કરી તેમને ત્રણ થી છ મહિનાની તાલીમ મળે, ઉચિત પોષાકો અપાય, દર વર્ષે આ નટો બદલાય. એકલો રાવણ એકનો એક હોય. (અહીં કંઈ અર્થ અભિપ્રેત હશે?)





ગંગા નદીને કિનારે રામનગરમાં રામલીલાની ભજવણીનાં વિવિધ સ્થાનો
૧. અયોધ્યા, ૨. રામનગરનો ગઢ, ૩. જનક રાજાનો મહેલ, ૪. ચિત્રકૂટ, ૫. ખોખરા તળાવ, ૬. દુર્ગા-મંદિર, ૭. રામબાગ, ૮. જમુના નદી, ૯. ગંગાનદી, ૧૦. સીતાની વાટિકા ૧૧. પ્રયાગ, ૧૨. પંચવટી, ૧૩. સુમેર પર્વત - રામનો મુકામ, ૧૪. લંકા, ૧૫. રાવણનો ગઢ, ૧૬. અશોકવાટિકા, ૧૭. રામેશ્વર, ૧૮. કિષ્કિંધા અને ૧૯. ભરતમિલાપ. રામકથાની વિધવિધ ઘટના અંને પ્રસંગોની ભજવણી આ વિધવિધ સ્થાનોમાં થાય છે.

બીજાં રાક્ષસી પાત્રો કુંભકર્ણ અને મેઘનાદ જેવાનાં વિશાળકાય પૂતળાં (ઘાસ, કાગળના વાંસડે ઊભાં કરેલાં) બનાવવામાં આવે, જ્યારે જટાયુ જેવાં પંખીઓ કે રથ ખેંચવાના ઘોડાઓની પણ એવી જ ઘાસ-કાગળની વાસ્તવિક કદની પ્રતિકૃતિ-'ઝાંખી'-બનાવવામાં આવે. અન્ય પાત્રો મોટે ભાગે નાની ઉંમરનાં બાલક-બાલિકાઓ જ ધારણ કરે. આ પાત્રોને (જેને તેઓ 'સ્વરૂપ' કહે છે) નાટકનાં સ્થળોએ ખભે ઊંચકીને લઈ જવામાં આવે. એક દિવસે બે સ્થળોએ એકના એક પાઠ હોય તો એક દૃશ્ય પૂરું થતાં જે તે નટોને ખભે ઊંચકીને રામનગરના સાધુઓ લઈ જાય અને એની સાથે પ્રેક્ષકો પણ રામભજન કરતાં ચાલે! દરરોજ પ્રેક્ષકોની સંખ્યા ચાલીસ હજારથી એક લાખની વચ્ચે હોય. સાંજના છથી રાતના સાડા આઠ વાગ્યા સુધીના પ્રસ્તુતિ-સમય દરમ્યાન જાણે યાત્રાએ નીકળ્યાં હોય એમ આજુબાજુનાં નગરગામડાંઓમાંથી આ પ્રેક્ષકો આવે: કોઈ સાથે ભાતું લાવે, તો કોઈ આજુબાજુનાં લારીગલ્લાઓમાંથી ખાઈ-પી શકે એવું મેળા જેવું ત્યાં વાતાવરણ હોય.આ પ્રેક્ષકોમાં થોડા હજાર તો આખા મહિના માટે સમનગરમાં જ ધામા નાખે, ને એવી વ્યવસ્થા રામનગરના રાજા કરે. પ્રેક્ષકો પોતાને બેસવા માટે લાકડાની સ્હેજ ઊંચી પાટલી પણ લાવે.આ બધાં નેમીઓ (નિયમ ઉપરથી) કહેવાય. એમની સાથેની વાતચીત ઉપરથી જાણવા મળ્યું કે અસંખ્ય પ્રેક્ષકો, બની શકે તો, દર વર્ષે આવે અથવા કેટલાક તો શક્ય હોય ત્યારે, રામલીલા જોવા જરૂર આવી જાય.

પ્રેક્ષક ભાગીદારીની સૌથી વિશેષ વાત એ છે કે આ હજારો પ્રેક્ષકોને એવો વિકલ્પ મળે છે કે તેમને રામના જાનૈયાં થવું છે કે સીતા ને માંડવે માંડવિયાં, અથવા રામની સાથે જંગલમાં રહેવું છે કે પછી અયોધ્યાથી ભરતની સાથે આવવું છે ! (કેટલાંય પ્રેક્ષકો દર વર્ષે પોતાની આ 'ભૂમિકા' બદલતાં રહેતાં હોય છે)

આનો અર્થ એ થયો કે આ પ્રેક્ષકો પોતાના વાસ્તવિક સમયમાં અનેક સ્થળે પાઠ ભજવતાં રામકથાના એ સમયને પણ જીવે છે, ખૂટતું કલ્પનાથી ઉમેરી લે છે અને એ એક મહિના માટે નવો 'સમય' સર્જે છે.

તો રામકથાની આ નાટ્યધર્મી (સ્ટાઈલાઈઝ્ડ) પ્રસ્તુતિ કેવી રીતે થાય છે?

રામનું એ પ્રખ્યાત કથાનક છે; અનેક વાર જોયું હોય કે પછી રામાયણમાં વાંચ્યું હોય એટલે પ્રેક્ષકોને કંઈ અજાણ્યું, અચિંતું બનતું નવું જોવા આવ્યાનું કુતૂહલ કે આશ્ચર્ય ન હોય; પ્રસ્તુતિની રચના (પ્રોડકશન ડિઝાઈન) એટલે તો આવી છે: ચોતરફ વિશાળ પ્રેક્ષકવર્ગ બેઠો હોય, રામભજન ચાલતાં હોય; એમાં પ્રેક્ષકોની વચ્ચે એ જગ્યાએ બાર રામાયણીઓ (તુલસીકૃત રામાયણના ગાયકો) વર્તુળાકાર બેસી રામાયણનાં દુહા- ચોપાઈઓનું વાઘો સાથે ગાન કરે; અને ત્યાં પ્રેક્ષકકોની વચ્ચે ઊભેલા 'વ્યાસ' (સૂત્રધાર) પ્રેક્ષકોને 'સાવધાન' રહેવા બે હાથ ઊંચા કરી મોટેથી કહે (એને વ્યાસ કેમ કહેતાં હશે?) ; પછી આ સૂત્રધાર જીવિત કે પૂતળાનાં પાત્રોના સંવાદો 'ચોપડો' ખોલીને બોલે, જે બધા- પ્રેક્ષકો એકાગ્ર થઈને સાંભળે; એ પછી પાત્રો કે પૂતળાંની પાછળ છુપાયેલા નટો એ સંવાદો નાટ્યાત્મક રીતે ફરી બોલે, જરૂરી મુદ્રા ધરે કે ક્રિયા કરે! અને એમ પાત્રો કે પૂતળાંઓનું ધ્વનિયુક્ત ચિત્ર ઊપસે...

આમપરિચિત કથાવસ્તુ, સંવાદો અને ક્રિયા છે; ચોપાઈ- દુહાઓમાં એનું વર્ણન લયબદ્ધ કરે છે, ને પછી પાત્રો એને પ્રસ્તુત કરે છે... આ આખી પ્રક્રિયા જ નાટ્યાત્મક બની રહે છે. વાસ્તવિકતાનો પેલો નાટ્યાત્મક આભાસ ઉત્પન્ન કરવાની અહીં જેમ જરૂર નથી તેમ એવી કોઈને અપેક્ષાય નથી. (આ બાળનટોની સરતચૂકો, ભૂલો કે બાળસહજ પાત્રબહારની ગતિ પણ નાટ્ય-અનુભવમાં બાધા ઊભી નથી કરતી.) અહીં તો રામકથાનાં સમયસ્થળમાં ભાગ લીધાનું મહત્ત્વ છે.

આ પ્રક્રિયા માટે આડખીલી ઊભી ન થાય એ રીતે આ રામલીલા-ઉત્સવને આશ્રય આપી પેઢી-દર-પેઢીથી પ્રયોજતા રામનગરના મહારાજા શ્રી વિભૂતિનારાયણ સિંહ ક્યારેક પોતે, તો ક્યારેક એનો રાજપરિવાર નાના રસાલા સાથે હાથી પર અંબાડીએ બેસી એને નિહાળે; અને મહારાજા પસાર થાય ત્યારે 'હર હર મહાદેવ'ની છડી પોકારે !

આ થીએટર ૧૮૨૦થી આ રીતે આ સ્થળે પ્રણાલીગત રીતે કોઈ કર્મકાંડ અને ઉત્સવ તરીકે ભજવાયા કરે છે. વરસોવરસની પ્રસ્તુતિમાં કોઈ મોટા તફાવતો ન હોય અને બધું પુનરાવર્તિત થતું હોય તો પણ આ થીએટર મુક્ત આદાન-પ્રદાન અને કમનીય ભાગીદારીની પ્રતિવર્ષની ઘટના છે. જાણે રામાયણની સીરિયલ દર વર્ષે આવ્યા જ કરે છે. (હજી ગયે વર્ષે જ અમે જોયું કે પ્રેક્ષકનો પસારો જરાય ઘટ્યો નથી અને ટીવી ત્યાં હજી સુધી તો આક્રમણ કરી શક્યું નથી.)

બનારસ એકલામાં અને એની આજુબાજુનાં અનેક સ્થળોએ આવાં થીએટરજૂથો છે, જે અનેક સ્થળોએ આખો મહિનો કે અનેક દિવસો સુધી રામ-કથા પ્રસ્તુત કરતાં હોય; એટલે પ્રેક્ષકોને એવો વિકલ્પ પણ મળે છે કે એક જૂથનો ધનુષ્યભંગનો પ્રસંગ, બીજા જૂથનો ભરતમિલાપ, તો ત્રીજાનો જટાયુ-વધ પ્રસંગ જોવાય...

ક્યારેક આ થીએટર-પ્રકાર આપણી રથયાત્રાઓ અને તાજિયાનાં દૃશ્યો કે મધ્યકાલીન યૂરોપના મિસ્ટરી મિરેકલ-પ્લેઝની યાદ અપાવે; પરંતુ એની સમાનતા કે પૃથક્પણાની વાત હવે પછી કરીશું.

રામનગરની આ રામલીલા પાત્રો કે નટોને બદલે સ્થળો અને સમયોનું થીએટર છે. અહીં રામકથા તળાવો ટેકરીઓ અને વૃક્ષો જેવાં લેન્ડસ્કેપ્સ, પુલો, ઝૂંપડાંઓ જેવાં કાચાં બાંધેલાં માળખાંઓ અને ગેલરિઓ, મકાનો કે ગઢો જેવી કાયમી બંધાયેલી ઇમારતોનાં 'સ્થળો' માં ભજવાય છે; એટલે કે પાત્ર/ પ્રસંગ/પરિસ્થિતિ નહીં પણ સ્થળો/ સમયો અનુભવવાનું એ થીએટર છે. નટો અને પ્રેક્ષકો એકસંગાથે પેલાં સ્થળો અને સમયોમાં ભૌતિક અને માનસિક રીતે ગતિ કરે છે. વર્તમાન અને ભૂતકાળ અહીં એક સાથે જિવાય છે, વારંવાર, અવારનવાર. (દાંડીકૂચની જયંતીએ તાજેતરમાં જેઓએ એ માર્ચમાં ભાગ લીધો હશે, તેમને આવો અનુભવ થયો હશે.)

તુલસીકૃત રામાયણને આધારે સાંપ્રત મહારાજાના દાદા શ્રી ઉદયનારાયણ સિંહે દૃશ્યો-સંવાદોનો આલેખ તૈયાર કરાવ્યો તે આજેય કેન્દ્રમાં છે; પરંતુ બાકીનું બધું સ્થળ, સમય અંતર, પાત્ર, પૂતળાં વગેરેથી થીએટર સર્જાય છે. શ્રદ્ધા એનો આત્મા છે. અને છતાંયે એમાં ધાર્મિક વિતંડાવાદ નથી; અનેક કોમોનાં લોકો એના પ્રેક્ષકો છે. એ સિક્યુલર થીએટર છે.

થીએટર નામની ઘટના રિચ્યુઅલ્સ (કર્મકાણ્ડ)માંથી જન્મી એ વિધાન આ રામલીલા જોતાં સમજાય. એના પ્રેક્ષકો નેમિઓ છે; નિયમ મુજબ આવતાં, આવી શકતાં હોય તેવા, ભાગીદારો છે, છતાં તેઓ પાત્રો 'જુએ' છે, ચોપાઈઓ અને સંવાદો 'સાંભળે' છે, અનુભવે છે; એ વિશે મત, અભિગમ કે લાગણી ન હોય- કારણ કે એ રિચ્યુઅલ છે.

આ થીયેટરમાં નેમિઓને ખભે ચઢી આવતા નટો પ્રેક્ષકોની આંખ સામે પાત્રો બને છે અને પાઠ પૂરો થતાં પ્રેક્ષકો ફરી તેમને નટો બનતાં જુએ છે. અહીં સંવાદો-પાત્રો પ્રાસંગિક છે. વેશભૂષા ફક્ત પ્રતીકાત્મક છે-અહીં કુતૂહલ પણ નવો અર્થ ધારણ કરે છે. એટલે એ જોવા-સાંભળવાનું થીએટર નથી, ફરી ફરી ભાગ લેવાનું થીએટર છે. રામનગરની આ રામલીલા પ્રત્યાયનશીલ સ્થલીય સંબંધોને તત્ત્વતઃ વ્યક્ત કરતું ઉદાહરણ રૂપ થીએટર છે.

સ્કેચ : મનીષ બારડી

અનુસંધાન] તારિણીકાકા અને વેતાળ [પૃ. ૨૩૭ પરથી

આ જોઈ બૂમ પાડી માર્તન્ડ મૉડેલ પાસે દોડી ગયા. બંને જણે સાથે મળી હાર્ડપિંજરની પકડ છોડાવવા મહેનત કરવા માંડી, પણ કંઈ વળ્યું નહીં. અંતે પ્રયાસ છોડી માર્તન્ડ થાકીને લથડતે પગલે મારી પાસે દીવાલને ટેકે ઊભા રહી ગયા.

મારો કિંકર્તવ્યમૂઢ ભાવ બહુ વાર ન રહ્યો, પણ એટલામાં મૉડેલ પીઠ ઉપર હાર્ડપિંજર સહિત ભોંય પર ગબડી પડેલો. ઘોઘરા અવાજે માર્તન્ડે મને કહ્યું, 'ડુ સમથિંગ'

એટલે પછી હું મંચ ભણી દોડી ગયો,એટલી વારમાં મારો ડર પણ દૂર થઈ ગએલો. મારું મન કહેતું હતુ કે હાર્ડપિંજર મને કંઈ નહીં કરે અને મારા પ્રયાસમાં આડું આવી મને રોકશે પણ નહીં. પાસે જતાં જ જોયું કે મૉડેલના દાઢીમૂછપાઘડી બધું માથા પરથી નીકળી ગયું હતું. પરિણામે ચહેરો હવે મને સ્પષ્ટ દેખાતો હતો. એ હતો ફિલ્મલાઈનમાં નિષ્ફળ ગયેલો સોલંકી.

એક પળમાં જ મારી આંખ આડેનો પર્દો હટી જઈ જાજવલ્યમાન સત્ય સ્પષ્ટ થઈ ગયું. મારા મગજમાં એક પૈશાચિક વિચાર ખેલી રહ્યો. સોલંકી પર ઝૂકી પડી મેં પૂછ્યું, 'હવે સાચું કહી દેજે. મારું સ્થાન લેવા માટે તેં જ માથા પર લાઠીનો ઘા કરેલો કે નહીં ? સાચું નહીં કહે તો હાર્ડપિંજરની પકડમાંથી તારો છુટકારો થવાનો નથી.'

સોલંકીની તો આંખો ફાટી રહી. એના ડોળા જાણે બહાર નીકળી આવેલા. રૂંધાયેલા અવાજે એ બોલ્યો, 'યસ, યસ, યસ. પ્લીઝ સેવ મી, પ્લીઝ.'

મેં માર્તન્ડ તરફ જોઈ કહ્યું, 'તમે સાંભળ્યુંને ? એણે જે કબૂલ્યું તેના તમે સાક્ષી છોને ? કારણ આને હવે હું પોલીસમાં સોંપવાનો છું.'

માર્તન્ડે માથું હલાવી હા પાડી.

એ પછી હાર્ડપિંજરના ખભા પર હાથ મૂકી સહેજ ખેંચ્યું કે તરત જ એ રાજાનો ખભો છોડી ઊભું થઈ ગયું.

એ પછી સોલંકી મોહાયથી મૉડેલ ન બની શકાયું. કારણ એને ઘણાબધા દિવસો સુધી પોલીસને આશરે રહેવું પડેલું, અને એના બદલે વિક્રમાદિત્યની ચિત્રમાળામાં હીરો બન્યા તારિણીચરણ બાંડુજ્જે. આ બનાવથી માર્તન્ડ પણ ખૂબ ગભરાઈ ગએલા, પણ થોડા દિવસમાં જ સ્વસ્થ થઈ જઈ ફરી શક્તિથી કામે લાગી ગયા.

વેતાળનાં ચિત્રોની માળા પૂરી થઈ ગયા પછીના બીજા જ દિવસે હું હાર્ડપિંજરને મુસી નદીનાં જળમાં પધરાવી આવ્યો. જરા વારમાં જ એ પાણીમાં ઊંડું ઊતરી ગયું. □

ઈતિહાસધારા

અશોક હર્ષ

ભારત પરના બ્રિટિશ શાસન દરમિયાન કાળાપાણીની સજાને વરીને આંદામાનની નામચીન સેલ્યુલર જેલમાં ધકેલી દેવામાં આવેલા કોઈ પણ ક્રાંતિકારીનાં સ્મરણો વાંચતાં ત્યાંની જેલનાં વડા અધિકારી ડૅવિડ બેરીનો ઉલ્લેખ તેમાં અવશ્ય આવવાનો, પછી તે વિનાયક દામોદર સાવરકરનું 'માઝી જન્મકેદ' હોય કે ઉપેન્દ્રનાથ બંદ્યોપાધ્યાયનું 'નિર્વાસિતેર આત્મકથા' હોય. એ પોતે આયરિશ હતો, એના પોતાના દેશના ક્રાન્તિકારીઓ આયર્લૅન્ડને સ્વતંત્ર કરવા બ્રિટિશ સલ્તનત સામે ઝઝૂમી રહ્યા હતા. તેમ છતાં ભારતીય ક્રાન્તિકારીઓ પ્રત્યેની તેની નફરત અને તેનો દુર્વર્તાવ બેનમૂન હતાં. બારીન્દ્રકુમાર ઘોષે તેમની નિર્વાસનકથામાં બેરીનું એક નરરાક્ષસ તરીકેનું સ્વરૂપ પૂરેપૂરું ખુલ્લુ પાડ્યું છે. એના ત્રાસે તો માણિકતોલા બોમ્બ કેસમાં સજા પામેલા ઇન્દુભૂષણ રોયે આત્મહત્યા કરવાનું પસંદ કરેલું, અને એ જ કેસમાં સજા પામેલા ઉલ્લાસકર દત્તને સાંકળે બાંધી જેલની કોટડીની છતમાંથી ઊંધા માથે સાત દિવસ સુધી લટકાવી રાખેલો, અને પછી વીજળીનાં આંચકા આપતાં ત્રણ દિવસ સુધી દત્ત બેભાન રહેલા.

આંદામાનના પાટનગર પોર્ટબ્લેરમાંનો આ નરપશુ પોતાની જાતને ઈશ્વર તરીકે ઓળખાવતો. એ કહેતો : 'સમગ્ર વિશ્વ પર એક ઈશ્વરનું રાજ ચાલે છે. પણ અહીં પોર્ટબ્લેરમાં બીજા ઈશ્વરનું રાજ ચાલે છે, અને તે મારું એટલે કે ડૅવિડ બેરીનું. આકાશમાંનો ઈશ્વર તો તમને જ્યારે તમે તેની પાસે પહોંચશો ત્યારે બદલો આપશે. પણ હું તો અહીં અને અત્યારે જ બદલો આપીશ.'

પૃથ્વી પરનો આ ઈશ્વર છેવટે બીમાર પડી પોતાના દેશ આયર્લૅન્ડ ઊપડ્યો, પણ તેનું જહાજ આયર્લૅન્ડ પહોંચે ત્યાં રસ્તામાં જ તેની કૅબિનમાં પડ્યો પડ્યો મૃત્યુ પામ્યો.

¤

પૂનાથી ૧૬ માઈલ અગ્નિકોણે જ્યાં ઇન્દ્રાયણી નદી ભીમાને મળે છે ત્યાં આવેલું તુલાપુર ગામ જૂના જમાનામાં નાંગરગાંવ તરીકે ઓળખાતું. શિવાજીના પિતા શાહજી જ્યારે વિજાપુરના સુલતાનની સેવામાં હતા ત્યારે ત્યાંના વઝીર અને શાહજીના મિત્ર મુરાર જાદવે કહ્યું કે પોતાની સવારીના હાથીનું વજન કોઈ કરી આપે તો એટલા જ વજનની ચાંદી પોતે દાનમાં આપશે. આદિલશાહી દરબારના અનેક દરબારીઓએ અનેક પ્રયત્નો કરી જોયા છતાં સફળ ન થયા. છેવટે શાહજી તૈયાર થયા. તેમણે એક પહોળી હોડીમાં હાથીને ઉતારી તે ઇન્દ્રાયણી નદીમાં તરતી મૂકી, અને તેનો જેટલો ભાગ પાણીમાં ડૂબેલો રહ્યો તેના ઉપરના ભાગમાં એક નિશાન કર્યું. બાદ હાથીને ઉતારી લઈને એટલો જ ભાગ પાણીમાં ડૂબે ત્યાં સુધી તેમાં પથરા ભરવા માંડ્યા. કરેલા નિશાન સુધી હોડી ડૂબી એટલે પથરા ભરવાનું બંધ કરાવી તે બધા બહાર કઢાવ્યા અને તેમના વજન પરથી હાથીનું વજન એમણે દર્શાવી આપ્યું. સી. એ. કિનકેડે આ બનાવ નોંધેલો છે.

¤

ઈ. ૧૮૫૭માં મેરઠના સૈનિકોએ નિર્ધારિત સમય પહેલાં જ તા. ૧૦મી મેના રોજ અંગ્રેજ શાસકો સામે વિપ્લવ શરૂ કરી દીધો અને તા. ૧૧મી મે દિલ્હી આવી પહોંચતાં દિલ્હીના દેશી સૈનિકો પણ તેમની સાથે જોડાયા. ત્યારના મુગલ સમ્રાટ બહાદુરશાહ ઝફરને હિન્દુસ્તાનનો શહેનશાહ જાહેર કરવામાં આવ્યો, પણ તેની પાસે નહોતાં નાણાં કે નહોતા સૈનિકો. વિપ્લવમાં બરેલી સર કર્યાં પછી ખાન બહાદુરખાને બખ્તખાનને ૧૪૦૦૦ પાયદળ અને ત્રણ રેજિમેન્ટ હયદળની સાથે કેટલીક તોપો બહાદુરશાહની મદદમાં મોકલી આપી. ૧૮૫૭ના જુલાઈની બીજીએ બહાદુરશાહે તેનું સ્વાગત કરી તેને મુખ્ય સેનાપતિ બનાવ્યો.

પરંતુ પંજાબથી સતત કુમક આવતી જ રહેતાં દિલ્હીમાંનાં અંગ્રેજ દળોની તાકાત ઓગસ્ટના અંત સુધીમાં ખૂબ વધી જવા પામી. સપ્ટેમ્બરના મધ્ય સુધીમાં તો ચાંદનીચોક સુધી પહોંચી આવી તેમણે કિલ્લાની દીવાલો સાથે અનેક મકાનોને ઉડાવી દેવાનું અને દુકાનોને લૂંટવાનું શરૂ કરી દીધું. લાલ કિલ્લા અને જામા મસ્જિદમાંના દેશી સૈનિકોએ દિલ્હી ખાલી કરી જવાનું નક્કી કર્યું, અને બખ્તખાને પોતાની સાથે ચાલી નીકળવાની વિનંતી બહાદુરશાહને કરી; આગ્રા અને લખનૌ મુકામેથી અંગ્રેજોનો સામનો ચાલુ રાખવા જણાવ્યું. પરન્તુ બહાદુરશાહે ઇલાહીબક્ષ મિર્ઝા, અહસાનુલ્લાહ વગેરેની સલાહથી પોતાને જીવતદાન આપવા માટે બ્રિટિશ સરકારને અરજ કરવાનું પસંદ કર્યું.

અંગ્રેજ સેનાપતિ હડસનનો એક આંખે કાણો રજબઅલી નામનો જાસૂસ હતો. એની દરમિયાનગીરીથી બહાદુરશાહે તા. ૨૧મી સપ્ટેમ્બરના રોજ અંગ્રેજનું શરણું સ્વીકારી લીધું. આ પછી શાહી કુટુંબને ગાડામાં બેસાડી દિલ્હીગેટ ભણી લઈ જવામાં આવ્યું. ગાડું ખૂની દરવાજા સુધી પહોંચ્યું ત્યાં હડસને ત્રણ શાહજાદાઓને વીંધી નાખ્યા, અને બહાદુરશાહ તથા તેમની બેગમ ઝીનતમહલને લાલ કિલ્લામાં કેદ રાખવા મોકલી આપ્યાં, જ્યાંથી તેમને પાછળથી રંગૂન દેશનિકાલ કરવામાં આવ્યાં.

¤

બંદા વેરાગી અથવા બંદા બહાદુર તરીકે જાણીતા શીખ વીર બંદાસિંહે શીખોના દસમા ગુરુ ગોવિંદસિંહના કહેવાથી શીખોની નેતાગીરી હાથમાં લીધી. ઈ. ૧૭૦૯માં ભાઈ મણિસિંહના હાથમાંથી એ નેતાગીરી લઈને સરહિંદના સૂબા વઝીરખાનને હરાવી પંજાબનો મોટો ભાગ

(અનુસંધાન પાન ૨૫૨ ઉપર)

ટ્યુનિશિયામાં પ્રવેશ

——— પ્રીતિ સેનગુપ્તા ———

પ્રવાસના સમય અને ખર્ચાનો વધારેમાં વધારે વપરાશ થાય તે માટે મેં ટ્યુનિશિયા સાથે ઈંગ્લન્ડ અને આયરલૅન્ડની યોજના કરેલી. ન્યૂ યૉર્કથી ટ્યુનિશિયા જતાં કોઈ પણ એક યુરોપિયન શહેર થઈને તો જવું જ પડે. મેં લંડન પસંદ કર્યું, કારણ કે ત્યાં મિત્રો છે, ને ઈંગ્લન્ડ ગમે પણ બહુ, ત્યાંથી આયરલૅન્ડ તો સાવ પાસે, ને પહેલાં ત્યાં ગઈ પણ નહતી. આયરલૅન્ડનો પાસપોર્ટ હોવાને કારણે ફાઈલ ડબ્લિન મોકલવાનો એમનો નિયમ છે. પરવાનાના ઘણા ડૉલર થયા, ને લંડનથી વિમાનમાર્ગે ગઈ ને પાછી આવી, ત્યારે કોઈએ પરવાનો તો શું - મારી સામે પણ નજર ના કરી.

ટ્યુનિશિયા જતું વિમાન લંડનથી નીકળીને યુરોપના મોટા વિસ્તાર પર થઈને ઊડ્યું. ઈંગ્લન્ડ પછી ફ્રાન્સ, સ્વિત્ઝરલૅન્ડ ને ઈટાલીની આખી લંબાઈ દેખાઈ. કોમો તળાવ ને મિલાનો પર થઈને વિમાન પિસા ને આલ્બા ટાપુ પર થતુંથતું ગયું. સાર્ડિનિયાના સુંદર દ્વીપની લંબાઈ ધુમ્મસમાંથી પણ મને દેખાતી હતી. ઓહ ! ઇટાલી માટે મન ઝૂરતું હતું. આગલા વર્ષે મહિનો ત્યાં જમીન-માર્ગે વિચરેલી. તે હવે હવા-માર્ગે પુનર્ગ્રહણ કરી રહી હતી. ટ્યુનિશિયા જેવા દૂરવર્તી, કષ્ટપ્રાપ્ય સ્થાનની પ્રતિ જઈ રહી હતી, તે વિચાર પણ આવેશનો અનુભવ કરાવતો હતો. આખા યુરોપ પર ઊડીને જવાનું, પણ જતાં ફક્ત ત્રણ જ કલાક થાય. યંત્રયુગની એ કરામત !

આછાં ભૂખરાં વાદળની જાળ પથરાયેલી હતી, પણ જમીનની રૂપરેખા નજરે જરૂર ચડી. જરા વાર પછી ટ્યૂનિસ પાસેની સૂકી ભૂમિ પણ સ્પષ્ટ થઈ. પાણી યે નહીં, ને મેદાન પણ નહીં એવો ભાગ દેખાયો. મારી સાથે બેઠેલા અમેરિકન દંપતીએ કહ્યું કે તળાવને સરકાર સૂકવી રહી છે, જેથી ત્યાં બાંધકામ કરી શકાય.ટ્યૂનિસથી કાર્થાજ જતો લાંબો માર્ગ ચોખ્ખો અને ખાલી દેખાતો હતો. વિમાન-મથક પણ ચોખ્ખું, ને નવું બંધાયેલું, લાગતું હતું. પાસપોર્ટ-તપાસમાં જરાયે વાર ના લાગી. પરવાનો મળતાં સાત અઠવાડિયાં, ને વૉશિન્ગ્ટનમાંના ટ્યુનિશિયાના એલચીખાતા સાથે કેટલા ફોન ને અજંપો થયેલાં. છેક આવી પહોંચી ત્યારે સ્હેજ અછડતી નજર, એ જ !

ભૂરાં, ગણવેશ જેવાં કપડાંમાં બે-ત્રણ ઊંચા પુરુષો સામાન માટેની ઠેલણ-ગાડી સાથે ઊભેલા. મને એમ કે પ્રવાસીઓને આપવા માટે ઊભા હશે. પણ પછી જોયું કે એ પોર્ટર હતા. ને સામાન બહાર લઈ જવાની મજૂરી માટે રાહ જોતા હતા. અમારાંમાંનાં કોઈએ એમને ભાડે ના કર્યા. મારો જીવ બળ્યો, ને ભારતની યાદ આવી. બાથરૂમમાં ઊભેલી બાઈએ જલદીથી બારણું ખોલ્યું, હાથ લૂછવા કાગળનો રૂમાલ આપ્યો, પછી હાથમાનું પરચૂરણ ખખડાવ્યું. એની ભાષા નહીં જાણનાર મને એ, એને સૂક્ષ્મ લાગની હશે તેવી રીતે પૈસા આપવા જણાવી રહી હતી. ત્રીજા વિશ્વના, ગરીબ દેશોનું પહેલું દર્શન આ હોય છે. ગરીબ જન-ગણની ક્યારેય ના બદલાતી આ દશા છે.

મારો સામાન તરત આવ્યો, આ પ્રવાસતપાસમાં એક મિનિટ માંડ થઈ, ને બહાર નીકળવામાં હું સૌથી પહેલી હતી. બહારના મોટા આગમન-કક્ષમાં થોડાં જણ રાહ જોતાં ઊભાં હતાં. એમાં મારા યજમાન હતા. એમણે ઍરલાઈનને ફોન કર્યો હતો, પણ જવાબમાં કોઈએ કહ્યું નહોતું કે વિમાન મોડું પડ્યું છે. આ પણ બરાબર ભારતની અવસ્થાનું જ પ્રતિબિંબ હતું.

પણ સરખામણી આટલેથી જ અટકાવવી પડે. બહાર નહોતો કશો ઘોંઘાટ, ધમાલ, કે ભીંસતી ભીડ. આ ખરેખર બીજા વિશ્વનો દેશ હતો-ત્રીજા વિશ્વના દેશના લેબાશમાં. જેટલું વાંચ્યું હતું, ને પછી જોયું તે પરથી આટલું જરૂર સિધ્દ થયું હતું. ટ્યુનિશિયાની પ્રગતિને ત્રીજા વિશ્વના એક દેશની સફળતાનું પ્રમાણ કહી શકાય. ત્યાંની ઓછી વસ્તી, હસતી પ્રજા, સ્વચ્છતાની ટેવ, ગંદકીનો અભાવ, સાદા સુખી જીવનનાં ચિહ્ન વગેરે તત્ત્વોને લીધે ટ્યુનિશિયાનો પ્રવાસ રુચિકર રહ્યો.

વિમાન-મથક પાટનગર ટ્યુનિસ અને ઐતિહાસિક શહેર કાર્થાજની વચ્ચે છે, તેથી યજમાન ને ઘેર જતાં વિમાનમાંથી જોયેલા લાંબા, ખાલી રસ્તે જવાનું ના થયું. અમે જતાં હતાં તે પણ એક મોટો જ રસ્તો હતો. ટ્રાફિક ખૂબ ઓછો હતો. પાદચારીઓ તો કોઈ હતાં. જ નહીં. કાર્થાજની પાસે જતાં અચાનક જ બંને બાજુ ખૂબ ઝાડ આવી ગયાં. પરિસર સરસ, ઘનિષ્ટ થઈ ગયો. ક્યારેક એકલદોકલ ગ્રામસ્ત્રી દેખાઈ જતી - સફેદ ચાદરમાં ઢંકાયેલી. મોરોક્કોના વાઝાન નામના ગામમાં મેં જોયેલી સ્ત્રીઓ મને યાદ આવી. ત્યાં પણ આ જ રીતે શરીરને ઢાંકવાનું આવતું હતું. માથે ઓઢી ચાદરના બે છેડા મોટે ભાગે જમણા હાથે કે ક્યારેક દાંતથી પણ પકડી રાખે. બીજા હાથની ત્વચા ક્યારેક અંદરથી દેખાઈ જાય. ચાદરના આવરણની નીચે આધુનિક કપડાં હોય.

પછી રહેવાસના લત્તા શરૂ થાય. દરેક ગલી તે જાણે એક લાંબી, સળંગ દીવાલ જ. મોટર જાય નેટલા મોટા દરવાજા હોય, પણ તાળું મારીને બંધ રાખેલા હોય. ઊંચા કોટની પાછળ ઘરો સંતાયેલાં હોય. દરેકનું નાનું કમ્પાઉન્ડ ખરું ને એમાં જૂનાં વૃક્ષોનો સરસ છાંયો પણ હોય. બહારથી તો દીવાલ પર ઊભરાઈને ઝૂલતાં, ઘેરા રંગનાં બોગનવેલિયા ફૂલ જ દેખાય. આ બધી જગ્યાઓ પર પ્યુનિક મંદિર અને બીજાં બાંધકામ હતાં. આધુનિક સમયમાં, ઘર બાંધવા માટે ખોદતાં ઘણા અવશેષો મળી આવેલા. થાંભલાના ટુકડા, જેનાં ટેબલ કમ્પાઉન્ડમાં મુકાય છે; અલંકૃત કમાનનો ભાગ, તોપ માટે રોમનો દ્વારા વપરાયેલા પથ્થરના ગોળા વગેરે દીવાલની ઉપર શોભા માટે ગોઠવાય છે. રોમમાં જાણે કશા પ્રાચીન ખંડેરને હાથ ના લગાવાય, અને આ 'પ્રિ-રોમન'- રોમન કાળથી પણ જૂની- જગ્યાએ પ્રાચીનતા આધુનિક સંદર્ભ સાથે ભળી ગઈ છે. આ રીતે જાણે

એ પુરાતન સંસ્કૃતિ હજી જીવંત રહી છે: મૃત ને વિસ્મૃત નહીં; કશીક રીતે લોકભોગ્ય રહી છે.

કાર્થાજમાંથી તો પ્રાગૈતિહાસિક સંસ્કૃતિની શરૂઆત થઈ. રોમન સામ્રાજ્યની મહત્તાની પણ પહેલાં અત્યારના લિબ્યાના કિનારા પરથી જે ફિનિશિયન લોકો આવ્યાં, એમાંની એલિસ્સા કે ડિડો નામની રાજકુમારીએ આ શહેર વસાવ્યું. એ બાજુ રહેતી મૂળ પ્રજા બર્બરની સામે ડિડો પોતાની માલિકી દૃઢ કરવા માગતી હતી. બર્બર લોકોએ શરત એ મૂકી કે ગાયના ચામડા જેટલી જ જગ્યામાં એ શહેર, કે ગામ વસાવી શકે. ડિડોએ બુદ્ધિ વાપરી, ચામડાના ચીરા કરી છેડા અડકે તેવા આકાર ને પરિમાણમાં ગોઠવ્યા, અને એ સીમાઓની અંદર વસ્યું 'કાર્ત હાદશત', 'કાર્થાજ', 'નવું શહેર'. હું ત્યાં ગઈ તે વર્ષે - ૧૯૯૦માં - કાર્થાજને ૨,૮૦૨ વર્ષ પૂરાં થતાં હતાં. મને થાય કે મારે કશુંક અનુભવવું જોઈએ. વ્યક્તિની ટૂંકી, અને તુચ્છ, હસ્તીની સામે આવાં શાશ્વત પરિમાણો ને અંત આવે ત્યારે એવાં આભાં થઈ જવાય, કે ઉત્સાહની સાથે ઉદાસી પણ અનુભવાય. આવી અનન્ય જગ્યા જોઈ એનો આનંદ, અને કદાચ, વીતી ગયેલા કાળ માટે શોક. મેં મિશ્ર સંવેદનોથી મ્લાન થઈને જાતને પૂછ્યું હતું, 'કશું પણ અનુભવવું શક્ય છે આ મહોત્તમ સ્થાન માટે ? એને અભિવ્યક્ત કરવું શક્ય છે ?'

કાર્થાજના જૂના ભાગોમાં ઈતિહાસના સ્તર જોવા મળે છે. સાચેસાચ. એક ટેકરી પર કાર્થાજ શહેરનું સંગ્રહાલય છે - રોમન શૈલીની પ્રાભવશાળી ઇમારતમાં ત્યાં એક જમાનામાં રોમન ફોરમ હતું. હજી એના સ્તંભ ગૌરવશીલ લાગે છે. અંદરના મોટામોટા ઓરડાઓ ખાલી લાગે, અને એનો પ્રચીન અવશેષોનો સંચય બહુ સમૃદ્ધ ના કહેવાય. પણ બહાર બગીચામાં ચીજો, અને ટુકડાઓ, વેરવિખેર પડ્યા છે. નીચાં ઊગેલાં સરુના કોઈ એક પ્રકારનાં ઝાડ જગ્યાને ખાસ શોભા આપે છે.

તે પછી, ઢોળાવો તરફ જતાં નીચે કાર્થાજનો પ્રસ્તાર અને ભૂમધ્ય સમુદ્રનો ભૂરો વિસ્તાર સૂર્યના પ્રકાશની ઝાંયમાં ઝગમગ થતા દેખાય. ગજબનું સંદર્શન હતું એ : પ્રચીન અને અર્વાચીન, એકસાથે. હું ઊભી હતી ત્યાં ઈ. પૂ.ની સાતમી, છઠ્ઠી, ત્રીજી, બીજી વગેરે સદીઓનાં અવશેષો ખોદાયેલા, હજી દટાયેલા, પડ્યા હતા. ત્યાંથી શરૂ કરીને છેક નીચે સમકાલીન જીવન હતું, ને પછી સાગરની મુક્તિ. જોકે એ જ દિશાના સાગર પરથી રોમન સૈન્યનું આક્રમણ થયું હતું. એટલે જ મને લાગતું હતું કે આ એવી જગ્યા હતી જ્યાં જૂનું-નવું, પરાજય-વિજય, બંધન-મુક્તિ વગેરે બધું જ સંમિશ્રિત, જટિલ હતું. ત્યાં આનંદ અનુભવવો કે ઉદાસી ?

જ્યાં ઉત્ખનન હજી ચાલતું હતું તે ઢોળાવો પર નીચે જતાં પગથિયાં કે પગથી હતાં નહીં. ફરીને ત્યાં બધું જોવું હોય તો ફરી શકાય એમ લાગ્યું ખરું, પણ કોઈ એમ ફરતું દેખાયું નહીં. નામશેષ ઇતિહાસના સ્તરોમાં સૌથી ઉપર જોવા મળે રોમન, પછી કાર્થાજિયન, અને સૌથી નીચે ફિનિશિયન સંસ્કૃતિનાં ચિહ્ન ખડકાયેલાં છે. શું શું વાતો પણ સાથે દટાયેલી હશે. એક કથા એમ કહે છે કે જ્યારે રોમન સૈન્યે કાર્થાજને પરાજિત કર્યું ત્યારે બંદી બનવાને બદલે રાજકુમારી ડિડોએ આપઘાત કરવો પસંદ કર્યો હતો. જો એ મહત્ત્વકાંક્ષી હતી તો સાથે જ એ વીરાંગના પણ હતી.

કાર્થાજના બીજા એક રસ્તે જઈએ તો 'પ્યુનિક પોર્ટ'-ઈ.પૂ.ની ત્રીજી સદીમાં પ્યુનિક યુદ્ધ સમયે વપરાયેલાં બંદર- આવે. યુદ્ધમાં તો સાગરમાં ઊભેલાં વહાણ પરની તોપોમાંથી પથ્થરના ગોળા કિનારા પરના કાર્થાજ શહેર પર ફેંકાયા હતા. રોમન વિજય પછી આ બંદરો લશ્કરનાં તેમજ વેપારનાં મુખ્ય થાણાં બન્યાં હતાં. આધુનિક કાળમાં અત્યારે જુઓ તો ત્યાં કાદવ ને કળણ રહ્યાં છે. સરકાર એમને પ્રાચીન સ્વરૂપે સ્થાપિત કરવા ઇચ્છે છે, પણ પૈસા હોય તો ને ! આ જ રીતે ઘણી જગ્યાઓ ઉત્ખનન માટે આરક્ષિત કરી મુકાઈ છે. કામ પૈસા હશે ત્યારે થશે. દરિયાની નજીક, એક જગ્યાએ જર્મન સરકારનું નામ હતું. એ ઉત્ખનનના ખર્ચાનો ભાર એણે લીધો હતો. શાંત, સ્વચ્છ, વૃક્ષાવરણવાળા એ વિભાગમાં એલચીખાતાં, પરદેશીઓનાં રહેઠાણ, અને ધનિક ટ્યુનિશિયનોનાં નિવાસ હતાં. જ્યાં મોભો હતો ત્યાં ઈતિહાસ માટેની હિમાયત શક્ય હતી. ☐

અનુસંધાન] ઈતિહાસધારા [પૃ. ૨૫૦ પરથી

શીખ-સત્તા નીચે આણ્યો. પાંચ વરસ સુધી મુઘલ દળોને હંફાવ્યા બાદ ઈ. ૧૭૧૫ના ડિસેમ્બરમાં એ ઘેરાઈ જઈને મુઘલોના હાથમાં પડતાં તેને દિલ્હી મોકલી દેવામાં આવ્યો. ત્યારના મુઘલ સમ્રાટ ફર્રુખશિયરે તેને લોઢાના પાંજરામાં પૂરી સાત દિવસ બંદાસિંહના અનુયાયીઓની કત્લ ચલાવી, બાદ બંદાસિંહને કુતુબમિનાર પાસે જઈને તેમની સાથે તેમના પુત્રની પણ જૂન ૧૭૧૬માં કત્લ કરી નાખવામાં આવી, જ્યાં અઢીસો વર્ષ બાદ શીખો તરફથી તેમનું સ્મારક ઊભું કરવામાં આવ્યું છે.

બંદાસિંહનું મૂળ નામ માધોદાસ હતું. શરૂઆતમાં તો તે પોતાને ગુરુ ગોવિંદસિંહથી સવાયો માનતો હતો અને ગોવિંદસિંહ સાથે તે તેમની નાંદેડયાત્રામાં સામેલ રહેલો. અહીં ગુરુ પાસે પોતાનો પરાજય સ્વીકારી તેમને ચરણે પડતાં ગુરુ ગોવિંદસિંહ તેને ઊભો કરી બાથમાં લઈ ભેટી પડ્યા. માધોદાસે ત્યાં શીખધર્મ સ્વીકારી લઈને પોતાને ગોવિંદસિંહનાં બંદા જાહેર કર્યા. ☐

કથાસરિત્સાગર

લંબક ૨૮ તરંગ ૫ (ચાલુ)

(શ્લોક ૯૨-૯૩થી આગળ)

સિદ્ધિકરીની ધનપ્રાપ્તિ

કનુભાઈ જાની

જ ના વખતમાં ઉત્તરાપથેથી કોઈ વણિકપુત્ર અહીં આવ્યો હતો. એ અહીં હતો એ દરમ્યાન વેશપલટો કરીને, યુક્તિથી મારી શિષ્યા એને ઘેર જઈને રહી પડી, અને કામવાળી તરીકેનું સ્થાન મેળવી લીધું. પછી વિશ્વાસ સંપાદન કરી, ઘરમાં જે કાંઈ સુવર્ણસંચય હતો તે બધો જ લઈને ચૂપચાપ એક પરોઢે ઘરબહાર રફુચક્કર થઈ ગઈ. એને નગરમાંથી (આમ) પલાયન થતી જોઈને શંકા આવવાથી એક મૃદંગવાળા ચાંડાલે પણ, એને લૂંટી લેવાના ખ્યાલથી એટલી જ ઝડપે એનો પીછો પકડ્યો. ત્યાં એક વડના[1] ઝાડ તળે પહોંચી, પેલાને આવેલો જોઈ આ સિદ્ધિકરી દીનતાપૂર્વક એને કરગરવા લાગી : 'મારા ધણીની સાથે ઉગ્રમાં જ કજિયો કરીને હું ઘરબહાર નીકળી ગઈ છું એટલે હવે તો મરવા માટે, ભલા ભાઈ,[3] તમે આ ઝાડે ફાંસો કરી આપો કે હું (ઝટ) લટકી મરું.' (વાહ!) પોતે જાતે જ ફાંસી ખાઈ મરવા માગે છે તો પછી મારે સ્ત્રીહત્યા શા માટે વહોરવી ?' એમ વિચારીને પેલા ચાંડાલે[3] તો એ ઝાડે ફાંસલો બાંધી.

ત્યારે સિદ્ધિકરીએ તો પોતે ભોળીભટાક હોય એમ પૂછ્યું : આમાં ગળું કેમ ભરાવવું? જરા બતાવને ભાઈ! ત્યારે ચાંડાલે મૃદંગ પગ હેઠળ મૂકીને ફાંસલામાં પોતાનું ગળું ભરાવી જોવું કહ્યું. જો આમ કરાય. કે પેલીએ મૃદંગને માથું ઠેલ્યું. પગની લાતથી મૃદંગ ફસકી પડતાં જ, પેલો ચાંડાલ પોતાના ફાંસલામાં પોતે જ લટકી મર્યો. ત્યાં તો પેલો વણિક આને શોધતો શોધતો ત્યાં આવ્યો, ને દૂરથી પોતાના, ખજાનો લૂંટનારી આ સિદ્ધિકરીને જોઈ. સિદ્ધિકરીએ તેને આવતો જોયો કે તરત જ ઝાડે ચઢીને ન દેખાય એમ પાંદડાંઓની ઘાટી ઘટામાં છુપાઈ બેઠી. પેલો વણિક એના નોકરો સાથે ત્યાં આવ્યો. ત્યાં તો જોયો ફાંસીએ લટકતો ચાંડાલ ! સિદ્ધિકરી ક્યાંય નહોતી !

એ આ ઝાડે જ ચડી ગઈ હોવી જોઈએ એમ તરત જ એક નોકરને લાગ્યું કે એ ઝાડે ચડ્યો. અરે ! હું તો સદા તને જ ચાહતી હતી અને તું જ હવે અહીં ચઢી આવ્યો ! તો, હે સુંદર ! હવે લો આ બધુંય ધન ને મનેય ભોગવો. એમ કહીને એ તો એને આલિંગી, ને મુખે ચુંબન ચોડતાંચોડતાં એ મૂર્ખ વણિકની જીભ દાંતેથી કરડી ખાધી. પારવિનાની પીડાવાળો, મોંએથી લોહી ઓકતો, લલલલ લલ એવા અસ્ફુટ લોચા વાળતો એ ઝાડેથી પટકાયો નીચે.

એને પડતો જોઈને પેલો વેપારી તો ભડક્યો. એને ભૂત વળગ્યું માનીને પોતાના નોકરો સાથે પોતાને ઘેર પાછો ભાગી આવ્યો. પેલી તાપસી સિદ્ધિકરી પણ ભયભીત થઈ, વૃક્ષેથી ઊતરીને ધન સાથે ઘેર આવી ભરાઈ. આવી છે મારી એ શિષ્યા – બહુ કાબેલ, પહોંચેલી. આમ એની કૃપાથી આ અપાર ધન મને મળ્યું છે, પુત્ર !

એમ કહીને, તે જ વખતે બહારથી આવેલી યોગિનીએ શિષ્યાને આ વણિકપુત્રોને બતાવતાં એ પ્રવ્રાજિકા કહે, હવે, દીકરાઓ, કહી દો જે મનમાં હોય તે. કઈ સ્ત્રીને તમે ઇચ્છો છો ? એ (કામ)ને તો હું આમ પાર પાડી આપું. એ સાંભળીને પેલાઓ કહે, એનું નામ છે દેવસ્મિતા, ગુહસેન નામે વણિકની પત્ની. એની સાથે અમારો સંગમ કરાવી આપો. સાંભળતાં જ એ પ્રવ્રાજિકાએ તો એ કામ પાર પાડવાની પ્રતિજ્ઞા લીધી, અને પેલા વણિકપુત્રોને પોતાને ત્યાં ઉતારો આપ્યો.

પછી પેલા ગુહસેનને ઘેર, એના નોકરચાકરોને ખાવાપીવાનું ને દક્ષિણા વગેરે આપીને ખુશ કરી દઈ, એને ઘેર એણે પોતાની શિષ્યા સાથે પગપેસારો કર્યો. છેક દેવસ્મિતાના આવાસને દ્વારે પહોંચી. તો ત્યાં સાંકળે બાંધેલી એક કૂતરી ! એણે જોરદાર રીતે એને પ્રવેશતી રોકી. ત્યારે દેવસ્મિતાએ એને જોઈ. આ વળી કેમ આવી હશે ? એમ વિચારી, પોતે દાસી મોકલીને એને અંદર બોલાવી. પેલી પાપિણી પ્રવ્રાજિકા અંદર પેઠી. એ સાધ્વી દેવસ્મિતાને આશિષ આપ્યા ને આદર આપવાનો દેખાવ પણ કર્યો. પછી કહે, આપને જોવાની તો કાયમની મારી ઇચ્છા હતી પણ એ બન્યું છેક આજ ! આજ તો મને સ્વપ્નમાં આવ્યાં. એટલે દર્શને આવવાની ઉત્કંઠા જાગી. તમને આમ ભર્તાવિનાનાં જોઈને તો મારું મન ભરાઈ આવે છે. પ્રિયના ઉપભોગ વિનાનાં યૌવન અને રૂપ તો સાવ નકામાં[5] !'

આવાં વચનોથી એ સાધ્વી સ્ત્રીને આશ્વાસન આપતી એ પ્રવ્રાજિકા લાંબો સમય ત્યાં બેઠી, પછી, પોતાને ઘેર પાછી આવી.

બીજે દિવસે, માંસના એક કટકામાં મરચાની ભૂકી ભરી દઈને, એ લઈને તે દેવસ્મિતાને ઘેર પહોંચી. બારણે બાંધેલી કૂતરીને, પેલો માંસનો કટકો નાંખ્યો, એટલે એ તે ખાવા લાગી. મરી મરચાં હોવાથી એની બેય આંખોમાંથી પાણી વહેવા લાગ્યાં, ને નાકમાંથી પણ પાણી દદડવા લાગ્યાં.[6] એટલે પેલી પ્રવ્રાજિકા એ વખતે દેવસ્મિતાની પાસે પહોંચી ગઈ, ને જરાક આવકાર મળતાં જ, એ શઠ બાઈએ તો રોવાનું શરૂ કરી દીધું. દેવસ્મિતાએ પૂછ્યું ત્યારે માંડ માંડ બોલી : દીકરી ! હમણાં જ, જો, પેલી બહાર રહેલી કૂતરી રુએ છે. ! મને જોતાં જ અમારો પૂર્વજન્મનો સંબંધ એ જાણી ગઈ છે ! એને રોતી જોઈને મારી આંખો પણ એના તરફની દયાથી ઊભરાઈ ઊઠી છે.

એ સાંભળીને, અને બહાર વળી એ કૂતરીને રોતી જોઈને દેવસ્મિતા ક્ષણભર વિચારમાં પડી ગઈ : આ વળી કેવું વિચિત્ર ! ત્યારે પેલી પ્રવ્રાજિકા બોલી દીકરી ! પૂર્વજન્મમાં આ (કૂતરી) અને હું બેય એક જ બ્રાહ્મણની બે પત્નીઓ હતી. એ અમારો પતિ રાજાના આદેશને કારણે વારંવાર દૂરદૂરને દેશાન્તરે જતો. જ્યારે જ્યારે એ પ્રવાસે હોય ત્યારે ત્યારે આપણે તો સ્વેચ્છાથી પુરુષસંગ કરતાં !! મેં તો મારી ઇન્દ્રિયોને ક્યારેય, એ જેને માટે નિર્માયેલી છે એના આનંદથી એને વંચિત – ક્યારેય –

રાખી નથી. હું તો માનું છું કે ઇન્દ્રિયોત્પત્તિના હેતુઓનો પુરસ્કાર કરવો એ પરમ ધર્મ છે.(૭) એટલે જ મને પ્રાપ્ત થયું જાતિસ્મરણજ્ઞાન અને મળ્યો માનુષાવતાર; આના અજ્ઞાનને કારણે પેલીને મળ્યો કૂતરીનો અવતાર. હવે એને પૂર્વજન્મ સાંભરે છે.' (ક્રમશઃ)

પાદટીપ

૧. ટૉનીએ મૂળના 'ન્યગ્રોધ'ને માટે અંગ્રેજીમાં ખોટી રીતે દર્શાવાતા 'the fig tree' ભાષાન્તરને બદલે મૂળ શબ્દ જ યથાવત રાખ્યો છે; હિંદીમાંનો 'પીપળ' અનુવાદ ખોટો છે, 'અશ્વત્થ' એટલે 'પીપળો'.

૨. મૂળમાં શબ્દ છે 'હે ભદ્રે !'

૩. મૂળમાં શબ્દ છે 'ડોમ્બ'. ફાંસીગર. ફાંસીનું કામ તો ક્યારેક જ મળે ; એટલે ઢોલ (મૃદંગ) પણ વગાડે.

૪. મૂળમાં શબ્દ છે 'શ્રિયં'

૫. મૂળમાં પંક્તિ છે 'प्रियोपभोगवन्ध्ये हि विफले रूपयौवने'; ગુજરાતીમાં આમ પણ કરાય : 'પ્રિયોપભોગવન્ધ્યાનાં વિફળાં રૂપયૌવન.' શ્યામજી શાસ્ત્રી અને ઇચ્છારામ સૂ. દેસાઈ અહીં મુક્ત પદ્યાનુવાદ આપે છે.

'પ્રમદા કેરાં રૂપ રંગ, જોબન ને શૃંગાર,
પ્રિયમિલન વિના બધું ફોગટ છે નિરધાર.'

હેઈન્ર વર્થહેમનો આ અંશનો પદ્યાનુવાદ આવો છે :

'...For this is said to be,my child,
The highest duty to indulge one's sense,
And give the rein to pleasure.'

૬. અરબી કથાઓ પરથી ૧૧૦૬માં એક જ્યુ પેટ્રસ આલ્ફોન્સસે એક કથાસંગ્રહ આપ્યો છે 'ડિસીપ્લીના ક્લેરિકેલિસ' ('Disciplina Clercalis'). એમાંની એક કથામાં કૂતરીને માંસ આમ અપાય છે. એનો અર્થ એ થયો કે મૂળ 'કથાસરિત્સાગર'માંની આ ભારતીય કથા અરબસ્તાનમાં થઈને યુરોપમાં ગઈ ૧૦મી- ૧૧મી સદીની આસપાસ. પછી તો નાનામોટા ફેરે એ યુરોપની ઘણી ભાષાઓમાં પ્રસરી છે. 'ગેસ્ટા રોમાનોરમ'માં પણ એ છે 'ધી ઓલ્ડ વૂમન એન્ડ હર ડૉગ' એ નામે. 'શુકસપ્તતિ'માં પણ આવી કથા છે. યાયાવર લોકકથાનું આ એક સરસ દૃષ્ટાન્ત છે.

પૂર્વનું તો કોઈ જ કથાજૂથ આવા મોટિફ વિનાનું નથી. એટલે આ મોટિફ સારી રીતે લોકપ્રિય બન્યું લાગે છે. આની કથાઓ બધે ફેલાયેલી છે અને એનું મૂળ અહીં છે.

આ કથાનું એરેબિયન રૂપાન્તર (વર્ઝન) જરા જુદું છે. બર્ટનમાં 'લિબર્ટાઈન હસબન્ડ'ના શીર્ષકવાળી કથામાં એ જોવા મળશે. ત્યાં ગેરહાજર પતિને ઘેર આવતો આશક માંસ-મરચાંની યુક્તિ અજમાવે છે. કોનરાડના જર્મન કાવ્ય 'ધી ઓલ્ડ વાઈફ્સ ડિસેપ્શન'માં પણ આ કથા છે. આ અંગે પેન્ઝરની નોંધ વિગતસભર છે. (I 169-171)

૭. મૂળમાં છે 'भूतेन्द्रियानभिद्रोहो धर्मो हि परमो मतः' આજની 'પરમિસિવ સોસાયટી'ની મુક્ત સ્વેચ્છાચાર માટેની દલીલ ! ભારતીય સમાજમાં પણ આવું આત્યન્તિકતાવાળું જૂથ હતું. અલબત્ત, અહીં આ દલીલ કરનારી ધૂતારી છે ને અન્યને અનાચારે દોરવવા આ દલીલ કરે છે એવી યોજના જ સ્પષ્ટ છે.

અનુસંધાન] અંગ્રેજી સાહિત્યનું આચમન [પૃ ૨૫૯ પરથી

આમ, વર્ડ્ઝવર્થ જેવા કવિઓએ કાવ્યવિષય અને રીતિની ભાષાની બાબતમાં નવો જ ક્રાંતિકારી કહી શકાય તેવો અભિગમ રજૂ કર્યો કે ગ્રામજનોની જ ભાષામાં આદિમ લાગણીઓ સમર્થપણે પ્રકટે છે. એમની બોલી બળકટ અને સ્વાભાવિક, સાદી અને સરળ હોય છે અને વધુ પ્રત્યાયનક્ષમ લાગે છે.

અંગ્રેજી કવિતામાં રોમેન્ટિક વલણ પાછળ માત્ર અંગ્રેજી વિચારધારા જ નહોતી. જર્મનીમાં રોમેન્ટિક વિચારધારા પ્રભાવક હતી. અઢારમી સદીના છેલ્લા દાયકામાં એ વિચારધારાની ભરતી અંગ્રેજી સાહિત્યને પણ ભીંજવી ગઈ. સ્કોટ, ટેલર, મોન્ક, લેવિસ, કોલરિજ, શેલી અને બીજા અનેક પર તેણે પોતાનો રંગ છાંટ્યો.

એવી જ રીતે ફ્રાન્સમાં જે સામાજિક અને રાજકીય ઊથલપાથલ થઈ તેણે પણ અંગ્રેજી રોમેન્ટિક વલણ પર ગણનાપાત્ર અસર કરી. ફ્રેંચ લેખક રુસો (Rousseau)એ 'return to nature' (પ્રકૃતિ તરફ વળો)ની જે પ્રબળ હિમાયત કરી તેણે વિલિયમ ગોડ્વિન (William Godwin) જેવાની તત્ત્વવિચારણાને અસર કરી અને એનો પ્રભાવ અંગ્રેજ કવિ શેલી (Shelley)એ ઝીલ્યો. તદુપરાંત ક્રાંતિકારીઓનો યુદ્ધનાદ - સ્વતંત્રતા, સમાનતા, બંધુતા (liberty, equality and fraternity) યુવાન વર્ડ્ઝવર્થ (Wordsworth) અને કોલરિજ (Coleridge)ના કવિચિત્તને વિવશ કરી મૂકતો. તેમ છતાં અંગ્રેજ કવિતામાં રોમેન્ટિક વલણ એ ફ્રેંચ ક્રાંતિની નીપજ હતી એમ કહેવું યોગ્ય નથી. ખરું જોતાં રોમેન્ટિક વલણનાં લક્ષણો ધ્યાનમાં લેતાં ફ્રેંચ ક્રાંતિ અને રોમેન્ટિક ધારા બંને એક જ ગોત્રમાંથી ઊતરી આવેલાં હતાં એમ કહી શકાય. કારણ બેસ્ટાઈલ (Bastille)નો કિલ્લો તૂટ્યા પહેલાં પણ અંગ્રેજી સાહિત્યમાં રોમેન્ટિક વલણના અણસાર પ્રવર્તમાન હતા જ.

તેમ છતાં વર્ડ્ઝવર્થ, કોલરિજ જેવા રોમેન્ટિક કવિઓ ફ્રેંચ ક્રાંતિથી, સ્વાતંત્ર્યની ઘોષણાથી આનંદપૂર્વક નાચી ઊઠ્યા હતા એ વાત નોંધવી જોઈએ. યુવાન વર્ડ્ઝવર્થ તો ઉદ્ગાર કરી ઊઠ્યો હતો.

Bliss was it in that dawn to be alive,
But to be young was very heaven.

અન એ બંને કવિઓનાં ઉત્તમ સર્જન ફ્રેંચ ક્રાંતિના ઉત્સાહના સમયમાં થયાં હતાં.

શેલીએ પણ ફ્રેંચ ક્રાંતિની ભરતી મનભર માણી હતી; અને શેલીએ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો જે ધ્વજ ફરકાવ્યો તેવો કદાચ કોઈએ ફરકાવ્યો નથી. □

'હિંદ છોડો' ચળવળના સ્વાતંત્ર્ય સૈનિકો

— ડૉ. જયકુમાર ર. શુકલ —

હરિવદન કનૈયાલાલ દેસાઈ (ભચ્ચુભાઈ)

હરિવદન દેસાઈ ખાડિયા વ્યાયામશાળામાં જોડાયા હતા. ઈ.સ. ૧૮૩૦ની સવિનય કાનૂનભંગની ચળવળમાં વાનરસેનામાં તેમણે ભાગ લીધો હતો. 'હિંદ છોડો' આંદોલન વખતે તેમની ઉંમર આશરે ૨૪ વર્ષની હતી. તે વખતે હરિવદનભાઈ અરવિંદ મિલમાં નોકરી કરતા હતા. આ લડતમાં તેમણે પત્રિકાપ્રવૃત્તિ તથા બૉબપ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો હતો. પત્રિકાઓ રાત્રે બાર વાગતાં સાઈક્લોસ્ટાઈલ કરવામાં આવતી. તેનાં બંડલો બાંધીને રાત્રે બે વાગ્યાથી વિવિધ લત્તાઓમાં પત્રિકાઓ મોકલવામાં આવતી હતી. પત્રિકાપ્રવૃત્તિમાં અમદાવાદ શહેરમાં આશરે પાંચસો ભાઈ-બહેનો ભાગ લેતાં હતાં.

સારંગપુરમાં ઘાસીરામની પોળમાં આવેલા હરિવદન દેસાઈના મકાનમાં ભાંગફોડની પ્રવૃત્તિ તથા બૉબપ્રવૃત્તિની સામગ્રી સાચવી રાખવામાં આવતી હતી. તેમના ઘેર બૉબ બનાવવામાં આવ્યા હતા. આ અંગે તેમણે મારી સાથેની મુલાકાતમાં જણાવ્યું, 'મારે ત્યાં ૧૮ રિવોલ્વર હતી. તે રિવોલ્વરો ગોવિંદભાઈ થીણોલ લઈ આવ્યા હતા. થીણોલ સાથે હું પણ એક વાર રિવોલ્વરે ખરીદવા ગયો હતો. મારે ત્યાં દસ હજાર કારતૂસ, એક મણ (આશરે ૨૦ કિલોગ્રામ) ગન પાવડર, ૧ રતલ ફોસ્ફરસ અને ગેસ્ટેટનર કંપનીનાં છ સાઈક્લોસ્ટાઈલ મશીન (કૉંગ્રેસ સંગ્રામ સમિતિનાં) હતાં. નરહરિ રાવળ, નરેન્દ્ર નંદલાલ જોશી વગેરે મારે ઘેર બૉબ બનાવતાં હતા. રાયપુર, પીપરડીની પોળમાં નંદલાલના ભાડાના ઘરમાં બૉબ બનાવતાં ફાટ્યો એટલે હું તેના મેડા ઉપર ગયો. ત્યાંથી મારે બનાવેલા બૉબ લઈ આવવાના હતા. એટલામાં ત્યાં પોલીસ અમલદારો બાબુરાવ શાહ, ઈન્સપેક્ટર ઝરીવાલા વગેરે આવી ગયા. તેમણે મને જવા દીધો.

'ન્યૂ રાજપુર મિલમાંથી મારે ત્યાં બૉબ બનાવવા માટેના સિલિન્ડર આવ્યા હતા. અમે સિલિન્ડરમાં ગન પાવડર ભરતા. ટેસ્ટ ટ્યૂબમાં તેજાબ ભરીને સિલિન્ડરમાં ગોઠવતા. ટેસ્ટ ટ્યૂબ ઉપર જીલેટિનનાં બે-ત્રણ પડ (લેયર) રાખીને તે ગનપાવડરમાં મૂકતા. સિલિન્ડર ઊંધો મૂકવાથી તેજાબ સાથે ગનપાવડર ભેગો થતાં તે બૉબની જેમ ફાટે. સિલિન્ડરને ખોખામાં ફિલ્મના રોલ સાથે મૂકવાથી તે વધારે સળગી ઊઠે. એક દિવસ સાંજે મારે ત્યાં આ રીતે પાંચ બૉબ બનાવ્યાં પછી છઠ્ઠો બૉબ બનાવતી વખતે એકાએક આગ લાગી. તેથી ઉપર જણાવેલ બધો સામાન એક કલાકમાં બીજે ખસેડી દેવામાં આવ્યો. આ બનાવ નવેમ્બર ૧૯૪૨માં બન્યો હતો. ત્યાર બાદ પોલીસને જાણ થતાં રાત્રે ૮.૩૦ વાગ્યે મારે ઘેર રેઈડ પડી અને મારાં બહેન મૃદુલાબહેન દેસાઈની તથા ઘાસીરામની પોળમાં ૧૮ જણની પોલીસે ધરપકડ કરી હતી.'

ત્યાર બાદ ગુપ્તવાસ સેવવા માટે હરિવદન મુંબઈ ગયા. મુંબઈમાં અચ્યુત પટવર્ધન સાથે કેટલોક સમય રહ્યા. તે દરમિયાન ત્યાં જયપ્રકાશ નારાયણ, અરુણા અસફઅલી વગેરે નેતાઓને મળ્યા. આ સમયે સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજની સ્થાપના (પુનર્જીવિત) કરીને તેના સૈનિકોને 'ચલો દિલ્હી' અને 'જયહિંદ'નાં સૂત્રો સહિત ભારતની પૂર્વ સરહદે આક્રમણ કરવાની તૈયારી કરી હતી. ભારતમાંથી કેટલાક દેશભક્ત યુવાનો તેમની સાથે જોડાવા ઉત્સુક હતા. એવા યુવાનોની એક ટુકડી કલકત્તાથી વાયા આસામ થઈને આગળ જવા નીકળી. તે દેશભક્ત યુવાનો રસ્તામાં પકડાઈ ગયા. પરન્તુ ત્યાંથી એકાએક છાપો મારીને તેઓને છોડાવી લાવવામાં આવ્યા. બીજી ટુકડીમાં જોડાવા માટે અમદાવાદનાં ક્રાંતિકારીઓમાં જયંતીભાઈ ઠાકોર, વાસુદેવ ભટ્ટ, હરિવદન દેસાઈ વગેરે કલકત્તા ગયા હતા. પરંતુ તે કાર્યક્રમ બંધ રાખવામાં આવ્યો અને તેઓ સૌ મુંબઈ પાછા આવ્યા. મુંબઈમાં તેઓ ગુપ્ત રહેતા હતા ત્યાં (મહંમદ અલી રોડ પરના એક મકાનમાં) પોલીસે એકાએક દરોડો પાડવાથી હરિવદન પાણી જવાની પાઈપ પરથી નીચે ઊતર્યા અને બધા નાસી ગયા.

ફેબ્રુઆરી ૧૯૪૩માં ચન્દ્રકાન્ત વ્યાસ (મામા), સરસ્વતીચન્દ્ર દેસાઈ, હરિવદન દેસાઈ સહિત અમદાવાદના બાર યુવાનો ગુપ્તવાસ સેવવા અને સમય પસાર કરવા માટે નાસિકની ભોંસલે મિલિટરી સ્કૂલમાં જોડાયા. તે સ્કૂલ ડૉ. મુંજે ચલાવતા અને લડતમાં ભાંગફોડમાં ભાગ લેનારા ઘણા યુવકો ત્યાં ગયા હતા. ત્યાં તેઓ ત્રણેક મહિના રહ્યા બાદ એક રાત્રે બે વાગ્યે પોલીસની રેઈડ પડવાથી તેઓને નાસી જવું પડ્યું. નાસિકથી ઔરંગાબાદ થઈને તેઓ મુંબઈ ગયા. હરિવદન દેસાઈ આ લડત દરમિયાન પકડાયા જ નહીં. મુંબઈમાં હરિવદનભાઈ થોડા દિવસ બાબુલાલ ઝવેરીને ઘેર રહ્યા હતા. પાછા ફરતાં બાબુલાલ પાસેથી એક લોકકાસ્ટિંગ મશીન હરિવદન અમદાવાદ લઈ આવ્યા અને તેનો ઉપયોગ કરવા ખીડકીની પોળમાં સંગ્રામ સમિતિના કાર્યકરોને તે આપ્યું હતું.

મુંબઈમાં ભૂગર્ભવાસ દરમિયાન હરિવદન વખતોવખત અમદાવાદ આવતા હતા. એ રીતે એકવાર અમદાવાદ આવ્યા હતા ત્યારે સાઈકલ ઉપર રાયપુર મિલમાં જતાં ગોમતીપુરના પુલ પરથી પસાર થતાં લોકલ ઈન્ટેલિજન્સ બ્રાન્ચ (એલ. આઈ. બી) ના માણસે તેમને ઓળખ્યા. પરંતુ તેમને પકડાવું ન હતું. તેથી સાઈકલ ઉપર ઝડપથી નાસી ગયા. પોતાને ઘેર જઈને, વેશપલટો કરીને પચીસેક છાપરાં કૂદીને નાસી ગયા.

ગાંધીજીએ પૂનામાં આગાખાન મહેલમાં ઉપવાસ શરૂ કર્યા ત્યારે તેમના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવા અને તેમને છોડી દેવાની માગણી કરવા

(અનુસંધાન પાન ૨૪૫ ઉપર)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

રોમેન્ટિક કવિઓ

અંદાજે ઈ. ૧૭૮૦ થી ૧૮૩૦ના અડધી સદીના ગાળામાં સંખ્યાબંધ કવિઓની કૃતિઓમાં એક નવી લહર, એક નવીન-હલચલ જોવા મળે છે અને તે છે રોમેન્ટિસીઝમની.

રોમેન્ટિસીઝમ

અઢારમી સદીના ડ્રાયડન, જૉન્સન જેવા કવિઓની કાવ્યશૈલીમાં ક્લાસિકલ તત્ત્વો ધ્યાન ખેંચતાં હતાં - ધૈર્ય, સૌષ્ઠવ, સપ્રમાણ સ્પષ્ટતા વગેરે.

ક્લાસિકલના સામા છેડાનો શબ્દ છે રોમેન્ટિક. આ શબ્દે અને એની વ્યાખ્યાએ ઘણાબધા વિવેચકોને ગૂંચવ્યા છે. રોમેન્ટિસીઝમ શું છે ? એ કોઈ એકધારી, એકસાથે પ્રકટેલી ચળવળ છે ? અચાનક ફૂટી નીકળેલો પ્રવાહ છે ? એનાં લક્ષણો કયાં ? આવા અનેક પ્રશ્નો રોમેન્ટિસીઝમના ઉદય સાથે ઉદ્ભવ્યા છે.

એની એક વ્યાખ્યા પ્રમાણે રોમેન્ટિસીઝમ એ સામાન્ય રીતે કલાની પરિભાષામાં તીવ્ર સંવેદનશીલતાથી સભર અને ઉત્કટ ઊર્મિ-કલ્પના-યુક્ત અભિવ્યક્તિ છે. Romanticism, generally speaking, is the expression in terms of art of sharpened sensibilities, heightened imaginative feeling

રોમેન્ટિસીઝમ માત્ર સાહિત્યમાં નથી, કલાનાં અનેક સ્વરૂપો ઉપર તેનો પ્રભાવ છે - ઈતિહાસ અને તત્ત્વજ્ઞાનની શાખા પર પણ તેની છાયા પડેલી છે.

વૉલ્ટર પેટરે કલામાં રોમેન્ટિક તત્ત્વ વિશે જે નોંધ્યું છે તે ધ્યાનપાત્ર છે. પેટર લખે છે : The romantic character in art consists in 'the addition of strangeness to beauty"

The desire of beauty being a fixed element in every artistic organisation, it is the addition of curiosity to this desire of beauty that constitutes the romantic temper'

પરંતુ આટલી આગળ પર્યાપ્ત નથી. રોમેન્ટિસીઝમનાં બીજાં પણ કેટલાંક લક્ષણો વિવેચકોએ નોંધ્યાં છે. તેમાં રહસ્યમયતા માટેની સૂક્ષ્મ દૃષ્ટિ, બૌદ્ધિક જિજ્ઞાસા, જીવનમાં પાયારૂપ સાદગી- પ્રકૃતિ માટેનો ઊર્મિલ અભિગમ વગેરે ગણાવી શકાય. (subtle sense of mystery' an exuberant intellectual curiosity, an instinct for the elemental simplicities of life)

અંગ્રેજી કવિતામાં રોમેન્ટિસીઝમનો ઉદય

અંગ્રેજી કવિતાસાહિત્યમાં રોમેન્ટિક વલણનો ઉદય-અથવા વધારે યોગ્ય રીતે કહીએ તો એનું પુનરુત્થાન કોઈ એકાદ કારણને આભારી ન હતું. સ્થૂલ રીતે- વ્યાપક રીતે કહીએ તો એ રેનેસાં- (Renaissance) અને રેફર્મેશન (Reformation) માંથી ફલિત થયું હતું.

મનુષ્યનું મનુષ્ય તરીકે મહત્ત્વ, ગૌરવ, સૃષ્ટિ પ્રત્યેનો સમાદર અને એવા ભાવ અઢારમી સદીના અંત ભાગમાં પ્રકટવા માંડ્યા હતા. તે ખરું જોતાં તો સૈકાઓજૂના હતા અને સત્તરમી-અઢારમી સદીમાં રાજકીય અજંપાની પરિસ્થિતિમાં પણ ધીરેધીરે તે માનવચિત્તમાં વિકસતા જતા હતા.

અઢારમી સદીના મધ્યભાગમાં કાવ્યવિષયોમાં અને રીતિમાં પ્રયોગ અને પરિવર્તન વરતાવા માંડ્યાં હતાં. પ્રકૃતિને જોવા-સમજવાની દૃષ્ટિમાં તેમ જ કાવ્યના પ્રયોજન પરત્વેના ખ્યાલમાં પણ નવીન અભિગમ પ્રવર્તવા માંડ્યો હતો. સત્તરમી સદીના અંતભાગ સુધીમાં અંગ્રેજી સમાજે અને વિચારધારાએ જે સ્થિરતા પ્રાપ્ત કરી હતી તે ધીમેધીમે ડહોળાવા માંડી હતી. વિષાદ, ગ્રામ્ય અને વિચિત્ર પ્રત્યેનું આકર્ષણ, કંઈક નવીન માટેનો રાગ, બંધિયારપણામાંથી મુક્ત થવાની ઝંખના- આવી મનોદશા પ્રકટવા માંડી હતી. આ સર્વમાં રોમેન્ટિસીઝમના અણસાર હતા. અલબત્ત, ઉપર્યુક્ત લક્ષણો પણ રોમેન્ટિકવલણને પૂરેપૂરું વિશદ કરવા માટે પર્યાપ્ત નથી. તેમ છતાં કાવ્ય વિશેના નવતર ખ્યાલ અને જીવન-જગત જોવાની દૃષ્ટિમાં પરિવર્તન જોતાં એટલું સમજાય છે કે માત્ર ઇંગ્લૅંડમાં નહીં, સમગ્ર યુરોપમાં અઢારમી સદીના પાછલા દાયકાઓમાં રુચિ તેમજ અભિગમની બાબતમાં મહત્ત્વના ફેરફારો વરતાવા માંડ્યા હતા. અને સાહિત્યમાં એ ઝિલાવા માંડ્યા હતા.

આમ, ક્ષિતિજ વિસ્તરવાથી કાવ્યસાહિત્ય માટે એક નવીન પ્રદેશ ખુલ્લો થવા માંડ્યો. આદિમ અને શૌર્યમંડિત સમાજો-સર્જકો માટે રસના વિષય બની રહ્યા.

ડ્રાયડન અને પોપ જેવા કવિઓએ એમના જમાનામાં કવિતામાં શિષ્ટ, નાગરી ભાષા માટે આગ્રહ સેવ્યો હતો. હવે રોમેન્ટિક કવિતાના યુગમાં વર્ડ્ઝવર્થ (Wordsworth) જેવા કવિઓએ કવિતામાં ગ્રામજનોની લોકબોલી પ્રયોજવાની હિમાયત કરવા માંડી. વર્ડ્ઝવર્થનું મંતવ્ય જોઈએ તો- Humble and rustic life was generally chosen (as the subjects of his poems) because in that condition, the essential passions of the heart find a better soil in which they can attain their maturity, are less under restraint and speak a plainer and more emphatic language, because in that condition of life our elementary feelings coexist in a state of greater simplicity, and, consequently can be more accurately contemplated and more forcibly communicated'

(અનુસંધાન પાન ૩૫૮ ઉપર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

રાજકીય ખૂન

તા. ૫-૧-૭૫.

રાજકીય ખૂન (Political Murder)ની ઘાતકી પરંપરા અમેરિકન રાજકારણમાં જાણીતી છે. કેનેડી ભાઈઓનાં ખૂન આનાં તાજાં ઉદાહરણ છે. રાજકીય ખૂનની એક વિશેષતા એ હોય છે કે કેટલાક કિસ્સાઓમાં તો ખૂન શા માટે કરવામાં આવ્યું છે તેની સામાન્ય માનવીને સમજ જ ન પડે. પ્રમુખ કેનેડીનું ખૂન શા માટે કરવામાં આવ્યું તે હજુ સુધી કોઈને સમજાયું નથી વળી, તે ખૂનીનું પણ ખૂન થયું તે પણ કેનેડીના ખૂનનું રહસ્ય વધુ ઘેરું બનાવે છે.

યુરોપ-અમેરિકામાં તો આવા રાજકીય ખૂનના ઘણા કિસ્સા મળે છે. ભારતના રાજકારણમાં પણ આવી પરંપરા ઊભી થતી લાગે છે. ત્રણ દિવસ પહેલાં બિહારમાં સમસ્તીપુર અને મુઝફ્ફરનગર વચ્ચેની નવી બ્રોડગેજ રેલવેલાઈનનું ઉદ્‌ઘાટન હતું. ઉદ્‌ઘાટન-ભાષણ પૂરું કરી રેલવેપ્રધાન લલિતનારાયણ મિશ્રા વિધિસર ઉદ્‌ઘાટન કરવા મંચ પરથી ઊભા થયા ત્યાં મંચ ઉપર એકાએક બોમ્બ ફૂટ્યો. તરત જ વીજળીની બત્તી ગુલ થઈ ગઈ. નાસભાગ થઈ. બોમ્બ ધડાકાને કારણે મંચ ઉપરના લગભગ વીસ જણને ઇજા થઈ. પ્રધાન લલિતબાબુને પગમાં અને પેઢુમાં ઇજા થઈ અને ૧૨ કલાકમાં તેમનું મૃત્યુ થયું. ઇજા પામેલામાંથી ચારનાં અત્યાર સુધીમાં મૃત્યુ થયાં છે.

આ પ્રધાન (લલિતનારાયણ મિશ્ર) હમણાંહમણાં ઘણા જ કુખ્યાત થયા હતા. ગયા મે-જૂનમાં રેલવે મજૂરોએ હડતાળ પાડી ત્યારે સરકારે જરા પણ નમતું ન જોખ્યું અને છેવટે મજૂરોનાં મંડળોને મોંમાં તરણું લઈને હડતાલ સંકેલ લેવી પડી હતી, એટલે મજૂરોમાં પણ તેમના પ્રત્યે રોષ હતો. શુક્રવારે તેમનું અવસાન થયું તે દિવસે બપોરે ૧-૦૦ વાગે મધ્યસ્થ સરકારના કર્મચારીઓની રેલીને જયપ્રકાશ નારાયણ સંબોધન કરવાના હતા. રેલીમાં પહોંચતાં પહેલાં જે.પી.ને મિશ્રાના અવસાનના સમાચાર મળ્યા હતા. તેમણે રેલીમાં જઈને ગંભીરતાથી આ સમાચાર કહ્યા અને તરત જ આ વિશાળ રેલીમાં તાળીના ગડગડાટ થયા! આ પ્રધાન કેટલા બધા અળખામણા થઈ ગયા હતા! જયપ્રકાશને પંદર-વીસ મિનિટ સમજાવતાં લાગી અને પછી રેલીએ બે મિનિટ મૌન પાળવાની રસમ જાળવી. જો કે રેલી પૂરી થયા પછી એ જ કર્મચારીઓ રેલ મંત્રાલયની ઑફિસે જઈ ભાંગડા નૃત્ય કરી નાચ્યા હતા.

લલિતનારાયણનું ખૂન કરવામાં કોને રસ હશે? વિરોધપક્ષોને તો બિલકુલ રસ ન હોય, કારણ કે તે હતા તો રાજ્યકર્તા પક્ષના ભ્રષ્ટાચારને જનતા સમક્ષ ખુલ્લો કરવામાં સરળતા હતી. એ ભ્રષ્ટાચારીનું ખૂન થતાં તો વિરોધ પક્ષનું નુકસાન થયું છે. ત્યારે રેલવે કર્મચારીએ ખૂન કર્યું હશે? એ પણ બે કારણોસર શક્ય નથી લાગતું. એક તો રેલવે હડતાલ દરમિયાન મિશ્રાએ તો સમાધાન માટે સતત વલણ દાખવેલું, પણ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી મક્કમ રહ્યાં હતાં અને આ વાત રેલ-કર્મચારીઓમાં જાણીતી હતી બીજું એ કે બિહારમાં તો અત્યારે જે.પી.નું આંદોલન ચાલે છે. એટલે પોલીસ મિલિટરીનો સખત બંદોબસ્ત હતો. પાસ વગર કોઈને મંચ પાસે જવા દેવામ આવતા નહોતા. વળી, આખું કાવતરું એવું સિફતથી ગોઠવાયું હતું કે હજુ સુધી એ ખબર નથી પડી કે કોઈએ મંચ ઉપર બોમ્બ ફેંક્યો કે પછી મંચ નીચે ટાઈમ બોમ્બ ગોઠવેલો હતો! આ સંયોગોમાં કોઈ ગુસ્સે ભરાયેલા રેલવે કર્મચારીએ આ કર્યું હોય તેવો સંભવ નથી.

તો પછી આ ખૂનનો હેતુ શો? સામાન્ય જનતાને જલદી સમજણ ન પડે તેવી જાતનો આ કિસ્સો ભારતીય રાજકારણમાં નવી જ ભાત પાડે છે.

આપણે ત્યાં રાજકીય ખૂનની નવાઈ નથી. ઔરંગઝેબ તેના ભાઈઓને મારીને ગાદીએ આવ્યો હતો. કવિ કલાપીનું પણ રાજકીય ખૂન જ કહેવાય પણ આવા બધા કિસ્સામાં હેતુ - motivation - સ્પષ્ટ દેખાઈ આવે જ્યારે આ લલિતબાબુનો કિસ્સો તો અસલ ભેદી હેતુના અંશવાળો છે. ગાંધી અને જવાહર રાજઘાટ અને શાંતિવનમાં તથા અહીં છેલ્લી ફેશનની હિંસા રાજકારણમાં! ક્યાંથી ક્યાં પહોંચી ગયાં આપણે ? □

ચિન્તન બંધ તો ચિંતા શરૂ

તા. ૮-૯-'૭૫.

વિનોબા ભાવેને ૧૦મી સપ્ટેમ્બરે ૮૧ વર્ષ પૂરાં થશે. આખા વર્ષનું મૌન રાખ્યું છે. જયપ્રકાશ નારાયણે પક્ષીય રાજકારણમાં પગલાં માંડ્યાં તેને પરિણામે વિનોબાએ શરૂ કરેલી સર્વોદય પ્રવૃત્તિમાં ભાગલા પડ્યા અને વિનોબાએ એક વરસ મૌન રહેવાનું નક્કી કર્યું. આઝાદી પછી સક્રિય રાજકારણમાં બધાંને પડવાની જરૂર ન હતી. ઊલટું બિનરાજકીય એવું આધ્યાત્મિક કે બૌદ્ધિક નેતૃત્વ દેશમાં વિકસવું જોઈએ એવી સ્પષ્ટ ભાવના સાથે રાજકારણથી પર એવી સર્વોદય પ્રવૃત્તિ વિનોબાએ શરૂ કરી. જયપ્રકાશ પૂરી લગનથી તેમાં જોડાયા અને હવે સંસ્થા કૉંગ્રેસ, જનસંઘ, સ્વતંત્ર પક્ષ જેવા શંભુમેળાના સહકારમાં તે પણ રાજકારણમાં પડ્યા, વિનોબા માટે આ એક મોટો આઘાત થયો... ખેર !

આવા જ બિનરાજકીય પણ બૌદ્ધિક નેતૃત્વના આગ્રહી કાકા કાલેલકર ૯૧ વર્ષની ઉંમરે અત્યારે (૧૯૭૫) દિલ્હીમાં જમુનાકાંઠે રાજઘાટ સામે નાના મકાનમાં રહે છે. કાને જરા પણ સાંભળતા નથી. આંખો સારી છે એટલે વાચન અને લેખન પ્રવૃત્તિ ચાલે છે. હવે નવા અનુભવ તો થતા નથી, પણ જૂના અનુભવો વાગોળીને જે ચિંતન થાય છે તેના પરિપાકરૂપે એકાદ પુસ્તક મળે ખરું. કાકાનો સૌથી નાનો પુત્ર બાળ ૬૩ વર્ષની ઉંમરે હમણાં ગુજરી ગયો. પણ કાકા તો કહે છે, ચિન્તન બંધ થાય તો ચિંતા શરૂ થાય. માટે ચિંતન બંધ ન જ કરવું.

જાણીતા પુરાતત્ત્વવિદ અમૃત વસંત પંડ્યાનું હમણાં અવસાન થયું. વિદ્યાનગરના વસવાટને કારણે આ અમૃત પંડ્યાને ઓળખવાનું થયેલું. બી.એ. પાસ નહિ થઈ શકેલ એવા એ આપમેળે વૈજ્ઞાની થયેલા. તેમની બે મુખ્ય શોધોને કારણે તેઓ જગવિખ્યાત થયા હતા. Lost Saraswati (અત્રલુપ્ત સરસ્વતી) નામના અંગ્રેજી ગ્રંથમાં તેમણે સરસ્વતીને બે મુખ્ય સંસ્કૃતિનાં મિલનસ્થાન તરીકે સાબિત કરી છે. તેમના મત મુજબ ચોખાની ખેતી કરતી અને કોદાળીનો ઉપયોગ કરતી પૂર્વની ઈન્ડોપેસેફિક સંસ્કૃતિ મૂળભૂત રીતે સ્થિર વસવાટવાળી નહિ અને તેથી એ રશિયાના પૂર્વ વિસ્તારથી ફરતી ફરતી સરસ્વતી-તીરે આવેલી, બીજી સંસ્કૃતિ ઘઉં અને જવની ખેતી કરતી અને હળનો ઉપયોગ કરતી પશ્ચિમ એશિયાની ઈન્ડો-આટલાંટિક સંસ્કૃતિ. હળનો ઉપયોગ તો કાયમી સ્થિર વસવાટનું પ્રતીક છે. પણ સમય જતાં તેમનો પ્રદેશ શુષ્ક-રણ થતો આવ્યો અને તેથી આ સંસ્કૃતિનાં લોકો ખસતાં ખસતાં પૂર્વમાં સરસ્વતીને કિનારે આવવા લાગ્યા અને ત્યાં આ બંને સંસ્કૃતિના સમન્વયથી ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ભવ થયો... તેમની આ થીયરિ બધાએ સ્વીકારી નથી, પણ તેનું ખંડન કરવા માટે દલીલ કે અન્ય સાબિતી પણ રજૂ થઈ નથી.

તેમનું બીજું કાર્ય તે નર્મદાની ખીણમાં જાતે ભટકી-રખડીને પ્રાગૈતિહાસિક આર્ય વસવાટની સાબિતી એકઠી કરવાનું. તેમનું આ કાર્ય સર્વસ્વીકૃત પ્રશંસાપાત્ર ગણાયું છે. હરપ્પા સંસ્કૃતિના સમકાલીન આર્યોએ નર્મદા, ચંબલ અને તાપીની ખીણમાં વસવાટ કરેલો તેની સાબિતી આપીને તે વસવાટને તેમણે 'દ્વિપકલ્પીય તામ્રપાષાણ સંસ્કૃતિ' એવું નામ આપ્યું હતું.

ઉડ ગયા ભંવરા, કલિ ઉદાસ

તા. ૧૦-૧૧-'૭૫.

૩૧મી ઑક્ટોબરે સચીનદેવ બર્મનનું ૭૩ વર્ષની વયે અવસાન થયું. ૧૯૪૬થી તેમણે હિન્દી ફિલ્મોમાં સંગીત નિયોજનનું તથા પાર્શ્વગાયકનું કામ શરૂ કર્યું. એટલે આપણે બધાંને તો તેમનું નામ ફિલ્મી જગતમાં સંગીત નિર્દેશક તરીકે જ પરિચિત છે. પણ કલકત્તા યુનિવર્સિટીના એમ.એ. થયેલા સચીનદેવ બર્મન જ્યારે સચીનદાદા નહોતા થયા ત્યારથી લગભગ ૧૯૨૫થી મહેફિલોમાં ગાતા રહેતા. કે. સી. ડે અને પંકજ મલ્લિક પાસેથી તે શાસ્ત્રીય અને હળવું સંગીત શીખ્યા હતા. તેમની પહેલી પ્રખ્યાત રેકોર્ડ ગેરફિલ્મી હતી. 'ધીરે સે જાના બગિયનમેં ઓ ભંવરા, ધીરેસે જાના બગિયનમેં.' ૧૯૪૦-૧૯૪૪ના અરસામાં એ રેકોર્ડ ખૂબ પ્રખ્યાત થયેલી. હું ત્યારે સૂરતની એમ.ટી.બી. કૉલેજમાં હતો. કૉલેજના વાર્ષિક દિનના કાર્યક્રમમાં ભ્રામગરા નામનો વિદ્યાર્થી આ ગીત ગાઈને કેટલાયે વન્સમોર લઈ ગયો ! એવા જ તેમણે ગાયેલ બીજા બિનફિલ્મી વિખ્યાત ગીત પરથી ગઈકાલના ગુજરાત સમાચાર માં તેમના વિષે આવેલા સ્મરણ લેખનું મથાળું હતું. 'ઊડ ગયા ભંવરા, કલિ ઉદાસ'

ફિલ્મી સંગીતમાં ૧૯૬૯ પછી તેમનાં સંગીત નિર્દેશન નીચે તૈયાર થયેલી ફિલ્મ 'ગાઈડ' અને 'કાગજ કે ફૂલ'નાં ગીતો ખૂબ જ વિખ્યાત છે. ગાઈડમાં તેમણે જ ગાયેલું, 'વો કોન હૈ તેરા, મુસાફિર'ના સ્વરો હજુ પણ કાનમાં ગુંજે છે. અને 'કાગજ કે ફૂલ'નું ગીત, 'મેરા જીવન કોરા કાગજ, કોરા હી રહ ગયા' તો અમારી નાની મુન્ની પણ ગણગણે છે.

કાકડ, શર્ફુદ્દીન અને ગુણવર્દન

તા. ૨૧-૧૨-'૭૫.

દક્ષિણ એશિયાના દેશોની છ દિવસની ગણિતશિક્ષણની પરિષદ અલ્હાબા[d] પાસેના ભરવાડી ગામે મળી ગઈ. આમ તો સમાજમાં ઉપયોગ સાથે તથ બીજા વિષયોના શિક્ષણ સાથે સમન્વયમાં ગણિત કેમ શીખવવું એ વિ[ષ] પરિષદ હતી. પણ તે બાબત આ પત્રમાં નથી લખવું. આ પત્રમાં ત[ો] એશિયાના બીજા દેશોમાંથી જે પ્રતિનિધિઓ આવ્યા હતા. તેમના વિષે કાંઈ[ક] લખ્યું છે.

અફઘાનિસ્તાનમાંથી કાબૂલ યુનિવર્સિટીના પ્રોફેસર અબ્દુલગફ[ાર] કાકડ આવ્યા હતા. મારાથી બે વેંત ઊંચા, માથે સાવ તાલકું અને ૬[૦] વર્ષની ઉંમરના કાકડ ૫૩ વર્ષની ઉંમરે પહેલી વાર પરણ્યા અને તે ૧[૯] વર્ષની છોકરી સાથે. એમનું બધું મોડું થયું છે. ભણ્યા મોડા ૪૦ વ[ર્ષે] પીએ.ડી. થયા ! પરણ્યા પણ મોડા !

ઈરાકથી ચાર જણ આવેલા. ઈરાકમાં સામ્યવાદી પ્રકારનું રાજતં[ત્ર] ચાલે છે. ઈરાકના પ્રતિનિધિએ પોતાના દેશમાં ગણિત-શિક્ષણ વિષે રૂડીરૂડ[ી] વાત કરી ત્યારે તેના ભાષણ પછી પેલા અફઘાનિસ્તાનનો કાકડ કહે : "બેટા ક્યાં જાય ! જો સારી સારી વાત ન કહે અને સરકારની ટીકા ક[રે] તો જેલ ભેગા થઈ જાય.'

બાંગલાદેશથી શર્ફુદ્દીન આવ્યા હતા. તે તો બંગાળી. આપણા બંગાળ આસામથી આવેલા સાથે બંગાળીમાં વાતો કરે એટલે વિદેશી જેવા લાગે જ નહિ. બાંગલાદેશના રાષ્ટ્રપતિ શેખ મુજીબુર રહેમનનું ખૂન થયું, તેના સઘળાં કુટુંબીઓને મારી નાખીને ખૂનીઓ નાસી છૂટ્યા તેમાં અમેરિકન સરકારે કેવો ભાગ ભજવ્યો તેની તેમણે વાત કરી. આ ખૂનીઓ વિમાનમાં જ બેંગકોક ગયા તે પહેલાં તેમણેએ ઢાકાની અમેરિકન એલચી કચેરીમાં આશ્રય લીધો હતો. અને અમેરિકન એલચીએ થાઈલેન્ડની સરકારને દબાણ કરી તેમને ૧૫ દિવસ સુધી બેંગકોકમાં રહેવાની પરવાનગી અપાવી હતી.

શ્રીલંકાથી ગુણવર્દન આવ્યા હતા. ૧૯૭૨માં લંકાના યુવાનોએ સશસ્ત્ર બળવો કર્યો. બળવો તો દબાઈ ગયો. સેંકડો યુવાનો માર્યા ગયા. હજારો કેદ પકડાયા. પણ પછી લંકાની સરકારને સૂઝ્યું કે અંગ્રેજોના સમયથી ચાલી આવતી અંગ્રેજી શિક્ષણપદ્ધતિ તો યુવાનોને નિરાશ કરી બળવા તરફ લઈ જાય છે. એટલે હવે ત્યાં સ્વભાષામાં શિક્ષણ અને સ્વનિર્મિત સાધનોથી ગણિત-વિજ્ઞાન શીખવવાનો નવો કાર્યક્રમ બનાવ્યો છે. ગુણવર્દને પોતાના વ્યાખ્યાનમાં તેનો નમૂનો આપ્યો હતો. તાડનાં પાંદડાંની સળીઓની એક ઝૂડી, બટેટું અને ચપ્પુની મદદથી બટેટું કાપી તેમાં સળીઓ ખોસીને ઘન ભૂમિતિની આકૃતિઓ બનાવી હતી.

ખનીજ તેલની નવી સમૃદ્ધિથી તરબતર થયેલ ઈરાનથી પણ બે જણ આવ્યા હતા. ઈરાનની શાળાગણિતની ચોપડીઓ જોઈ. ચોપડીઓ તો ફારસી (Persian) માં હતી. પણ દરેક પુસ્તકમાં ઈરાનના શાહનો ફોટો, શાહબાનુનો ફોટો અને પાટવી કુંવરનો ફોટો* જૂના જમાનામાં જામનગર રાજ્યની નિશાળોમાં જે ગુજરાતીનું પાઠ્ય પુસ્તક ચાલતું તેમાં જામનગરના રાજા જામસાહેબના ફોટા આવતા. ઈરાનમાં આજે (૧૯૭૫માં) પણ જામનગર જ છે, ફરક ફક્ત એટલો કે ઈરાનના શાહ પાસે લખલૂટ પૈસો છે જ્યારે પ્રમાણમાં જામબાપુ લુખા હતા !

* ૧૯૭૫માં ઈરાનમાં શાહનું રાજ ચાલતું હતું. (અનુ પાન ૨૬૧ ઉપર)

નરહિંસ

ભગીરથ બ્રહ્મભટ્ટ

'નરસિંહ' સંજ્ઞા કર્ણપટ ઉપર પડતાં જૂનાગઢના એ જ્ઞાની અને ભક્ત કવિ સ્મૃતિપટ ઉપર ઊભરાઈ આવે છે, પણ હું તો બીજા એક નરસિંહની વાત કરું છું.

'નરસ્યા ! અલ્યા હાચુ કહેજે તારી વૌ અમ જતી રૈ ?'

'જૈ તો જૈ. એટલી જફા ઓછી'

'પણ શું કરવા ગૈ ?'

'જાખ મારવા. જૈ તો સુખી થશે'. તમે ગમે તેટલા ચિડવવાના ઈરાદેથી એને પૂછો તો પણ એ નમ્ર ભાવે ઉત્તર આપે -

'પણ એ તો ભણેલીગણેલી નોકરી કરતી હતી ત્હોયે ગૈ ?'

'ભૈ ગૈ તો ગૈ, એ સુખી થશે' - એ એનો ઉત્તર.

તમે એનો પીછો પકડીને બસ પૂછ્યા જ કરો : 'નરસિંહ ! તું ખોટું બોલે છે. એમાં જનારીનો તો કોઈ વાંક જ ન્હોતો પણ....'

'તને એક વાર કહ્યું ને કે વાંક મારો, સત્તર વાર મારો, તું જા અહીંથી, મગજમારી ના કર.'

ખૂબ ચીડવવાનો પ્રયત્ન કરો તો ઊભો થઈને ચાલતો થાય. દૂર દૂર ખેતરોમાં જઈને બેસી રહે. ચૂપચાપ બેઠો હોય, કોઈનીય સાથે વાત સરખીય ના કરે. નાનાંનાનાં બાળકોને એનાં વર્તનમાં કુતૂહલ. મજા પડે. ધીમેધીમે એનું નામ 'નરસ્યો ગાંડો' એવું સ્થિર થઈ ગયું.

અમારા ગામમાં નરસિંહ અને વિષ્ણુ બે ભાઈઓ. ભારે સંપીલા. ઘરના ગરીબ. વિષ્ણુ અમદાવાદ મિલમાં મજૂરી કરે. ઘરડાં માબાપને તથા નરસિંહને વિષ્ણુની વહુ કમને રાંધી ખવડાવે. ગામની ગામઠી નિશાળમાં નરસિંહ ભણે. ચાર ધોરણ પછી ભણવા માટે બાજુના ગામમાં ચાલતા જવું પડે, નરસિંહ એ રીતે ફાઈનલ સુધી ભણ્યો. ઇનામો મેળવ્યાં. ગામમાં એની વાહવાહ થઈ ગયેલી. એની હોંશિયારીને કારણે એ ઉંમરે એનો સંબંધેય થઈ ગયેલો.

એવામાં એનાં ફોઈ વિધવા થયાં. સમાચાર જાણી એના પિતા મોકાણમાં જતા હતા, ત્યાં એક અકસ્માતમાં મૃત્યુ પામ્યા. એમના શબને ઘરે લાવ્યા પછી લોકો કહે છે કે નરસિંહનું ચસકી ગયું છે, કોઈ કહે છે એ અમદાવાદ' ગયો પછી....

ઘરમાં ડોસાની બીક રહી નહિ એટલે વિષ્ણુની વહુને મોકળું મેદાન મળ્યું. એ વાઘણની જેમ વીફરી. સાસુ સાથે ઝઘડી, સાસુ-દિયરને ગામડે છોડીને અમદાવાદ વિષ્ણુ પાસે જતી રહી.

'નરસિંહ મારી જોડે ભણશે' એમ કહી મોટાભાઈ એને અમદાવાદ લઈ ગયા. નરસિંહના ગયા પછી ઘરડી મા વધારે ને વધારે બીમાર પડ્યાં. આખરે એમને શહેરમાં લઈ જવાયાં.

માને ઉદ્દેશીને કહે - 'આ ટરચી મરતીય નથી. આ બધાં અહીં શું ભાળી ગયાં છે ?'

બિચારા નરસિંહથી અપમાનો સહન થાય નહિ. કોકવાર બાને દેવદર્શને લઈ જાય. મા-દીકરો ઊભરા ઠાલવે.

વિષ્ણુભાઈ તો એ ભલા ને એમનું કામ ભલું. ફરિયાદ કરીએ તો, એમનો સંસાર બગડે એ બીકે કોઈ કંઈ કહે નહિ. ભાભી સામેથી ભાઈને ભંભેરે: 'આ બધાં તમને ફોલી ખાવા બેઠાં છે, હોં. 'પછી આપણે, છોરાંએ કંઈ માંજનમાં જવાનું છે ?'

અપમાન, ઉપેક્ષા અને ભંભેરણીઓના આઘાતમાં મા ભગવાનને ઘેર ગઈ. એકલો પડ્યો નરસિંહ.

વ્હેલો ઊઠે. ઠંડા પાણીએ ન્હાય. અધકચરું ખાયપીએ, વાક્બાણો સાંભળે, અંદર અંદરથી સોરાય. ભાભીના રોફ સામે એની નમ્રતાનું ગજુય શું ? એમાં ને એમાં એ આઠમામાં નાપાસ થયો. પછી તો ખલાસ!

'ભઈના ઓલે જનમ લીધો હશે ને ? મારે જ તમારા રોટલા ઘડવાના ને ? છાશેય ને મળે, ખાવું હોય તો ખો'

નરસિંહ પછી તો લોખંડની દુકાનમાં નોકર તરીકે રહ્યો. ખૂબ વ્હેલો ઊઠે. ચાલતો બાપુનગરથી માણેકચોક જાય. કોકવાર ટાઈમસર પહોંચાય પણ નહિ. એવામાં એને તાવ ચઢ્યો, એમાંથી ન્યુમોનિયા.... દવાના અભાવમાં એ લેવાતો ગયો.... ભાઈભાભીનો કકળાટ વધ્યો.

'ચોખ્ખાં હવાપાણી તો મળે' એમ કહી વિષ્ણુભાઈ ગામડે મૂકી આવ્યા. શરૂશરૂમાં તો રજાના દિવસે ખબર-અંતર કાઢી જતા, પણ....

નરસિંહ તો ચૂપચાપ જ્યાં બેઠો હોય ત્યાં બેસી જ રહે. ન કશું બોલે. ન ખાવાનું ભાન, ન પીવાનું ભાન. કોઈ ચોપડી હાથમાં આવે તો વાંચ વાંચ કર્યા કરે. દિવસે દિવસે ઓગળતો જાય. કશામાં ચેન પડે નહિ.

ત્યારે હું છઠ્ઠા ધોરણમાં બાજુના ગામડે જતો. એકવાર અમારા ગણિતના નવા સાહેબે થોડા દાખલા ગૃહકાર્ય માટે આપેલા. મને ગણિત ફાવે નહિ એટલે હું તો નરસિંહ પાસે ગયો.

'આ દાખલા કરાવોને ?'

'લાય' એમ કહીને નરસિંહે મને બધું જ ગૃહકાર્ય કરી આપેલું, પણ પછી નિશાળમાં સાહેબે મને ઊભો કરીને પૂછેલું :

'આ દાખલા કોણે શીખવાડ્યા ? સાચું બોલ' કહી સાહેબે તાડૂકીને મારા ગાલે એક તમાચો મારી દીધેલો.

'સાહેબ, પેલા નરસ્યાએ' હું ત્રૂટક ત્રૂટક બોલેલો.

એ જ દિવસે સાંજે એ સાહેબ મારી સાથે ચાલતા મારા ગામમાં આવેલા. નરસિંહનો પરિચય કેળવી એની સાથે અઢળક વાતો કરેલી. જે ગણિત એમને ન્હોતું આવડતું એ નરસિંહે એમને શીખવેલું. સાહેબે ઊઠતાં મને કહેલું - 'આની જોડે બેસજે, એની પાસેથી શીખજે, બહુ હોંશિયાર છે, હોં !'

'શું ધૂળ ? આખો દા'ડો ઓટલા તોડે છે ઓટલા, ખેતરનુંય ધ્યાને પૂરું રાખતો નથી' - નરસિંહનાં ભાભી તાડૂકેલાં.

પછી તો ભાભી ખેતરનો ભાગલાગ લેવા આવતાં. નરસિંહને ભાંડતાં. આખું ગામ ભેગું કરતાં. ઝઘડતાં. નરસિંહ તો એક હરફ બોલે કે ચાલે. એનો પક્ષ લઈ ગામવાળાઓએ કહ્યું - 'એના કરતાં એને પૈણાઈ દો.'

'હા, રાંધનારી આવે, હાચવે તો વળી વળેય ખરો' ભલાભાએ હોંકારો ભણેલો.

'અમે ચેટલા રૂપિયા માગીએ છીએ, ખબર છે ?' વહુ હાથ લાંબા કરીકરીને ગામવાળાઓને કહેતી હતી.

'ભૈ, ઈમાં ઑં રૂપિયા ખરચવાના છે? ઈનો વિવા તો ઈના બાપા કરીને જ્યાસે, તમ તમારે મંદિરમાં ચાર ઑંટા ફેરવી દો. બચારો સુખી થાહે.'

હું મારા પેલા સાહેબના કહ્યા પછી નરસિંહ જોડે વધારે બેસતો. એનેય સારું લાગે. આમ જુઓ તો એ પીળો પડી ગયેલો. એના હાથપગ સળી જેવા. મોટાં માપનાં ફાટેલાં કપડાં - જીવનમાં કોઈ રસ પડે નહિ, વાંચવાનું ગમે - જાતે રસોઈ કરે. રોટલો ઘડે, પાણી પીએ, પેલી એક એકર જમીનમાંથી ખેડૂત દાણા આપે. નરસિંહ ખાય. પણ નરસિંહને છોકરા ભણાવવાનું બહુ ગમે. મોટે ભાગે એ નિશાળના ઓટલાની પડખે બેઠો હોય. ક્યારેક ભાગોળે વડની નીચે માંદલો, હાંફતો, વાંચતો નજરે ચઢે.

કોઈ છોકરાને શીખવતો હતો કક્કો. હું જોડે બેઠેલો એટલે મને કહે -

"બોલ જો છોકરાને પ્હેલાં 'ક' શિખવાય કે 'ડ'"

મેં કહ્યું, સ્હેલો પડે 'ડ', પણ શિખવાય 'ક'

'તો કક્કામાં પ્હેલો 'ડ' આવતો હોય તો ?'

'શી ખબર ?' હું તો મૂક બની સાંભળું.

કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, ઓષ્ઠ્ય, એમ ક્રમવાર શ્રેણીઓની યોજના આપણા કક્કામાં છે.

ત્યારે તો હું કંઈ સમજેલો નહિ, પણ જ્યારે બી.એ.માં ભાષાવિજ્ઞાનનો અભ્યાસ કરવા લાગ્યો ત્યારે સમજાયું કે અમારા એ નરસિંહમાં 'ભાષાણી'-પણું કેવી રીતે પ્રવેશી ગયું હશે - એ સમયે ?

એટલામાં પેલા છોકરાની મા આવી અને મોટેમોટેથી બોલવા માંડી:

"એક તો ભણવામાં 'ઢ' મુઓ છે ને આ નરસ્યા ગોંડા પાહે..."

પેલો છોકરો તો જાય નાઠો. પેલી બાઈ નરસિંહને ક્હેવા લાગી : -

'ગૉંમનાં છોકરા બગાડ્યા વના સૉંનોમૉંનો બેહી રે તો હોય તો -'

નરસિંહ કશું જ ન્હોતો બોલ્યો. એ બાઈના ગયા પછી મને ક્હે -

"બોલ 'ઢ' કોણ ?" એણે સૂચક પ્રશ્ન કરેલો; પણ હું તો - 'જે ઠોઠ હોય તે' - એમ બોલેલો.

"પણ ઠોઠને 'ઢ' જ કેમ કહેવાય ? 'ક' નહિ, 'ખ નહિં', ને 'ઢ' ?'

'ઠોઠ હોય એટલે -' મેં દલીલ કરવા ખાતર કહ્યું.

એ વિનમ્રતાથી બોલ્યો : 'આ લિપિ શોધાઈ હશે ત્યારથી આપણા કક્કાના બધા અક્ષરોમાં ફેરફાર થતો આવ્યો છે, એકલો જ 'ઢ' જ એવો છે કે એમાં કોઈ જ ફેર પડ્યો નથી.'

ત્યારે હું તો સાંભળીને હસી પડેલો માત્ર.

પછી તો ગામવાળા ભેગા થયા. નરસિંહના ભાઈભાભીને બોલાવ્યાં. નરસિંહને પૂંછ્યા સિવાય એના નક્કી થયેલા વિવાહ પ્રમાણે લગ્ન કરી દેવાં.

'ઈમાં એ ગોંડાને હું પૂછવાનું ! હાચવનારી આવે તો એનો મનખો સુધરે' - ગામનું કોઈક બોલ્યું.

'પણ જુઓ - આ ઘર એનું અને જમીન અમારી. અમને બહુ જોર આયું, છે હોં' - નરસિંહના ભાભી બોલેલાં.

"એ તો આવનારી નોકરીવાળી છે ને... બધું હારું થશે. એક વાર આ કંકુને પોંણી ભેગાં થઈ જવાદોને !"

પછી તો એક દિવસે નરસિંહની મરજી વિરુદ્ધ કન્યાને સામે લાવીને અમારા ગામના મંદિરમાં નરસિંહના લગન થઈ ગયાં.

બીજે દિવસે સવારે જ ગામલોકો અંદરોઅંદર વાતો કરતાં હતાં -

'એ નાહી જૈં,'

'ભૈ, નાહી ના જાય તો કરે હું ?'

'એ ગાંડિયું એને હું ખવરાવત ?'

'હારું થયું બચારી સુખી થશે.'

આ અને આવી અનેક ઉક્તિઓ ગામમાં વહેતી થઈ ગયેલી. ભાઈ-ભાભી તો ફજેતો થવાની બીકે અમદાવાદ જતાં રહેલાં.

ત્યારથી નરસિંહ વધારે નંખાઈ ગયેલો લાગે. લોકો હવે વધારે ચીડવે. 'નરસ્યો ગાંડો, નરસ્યો ગાંડો' એ એનું નામ બની ગયું.

'અમ જતી રૈ ?' લોકો પૂછે.

'જઈ તો સુખી થશે,' એ એનો ઉત્તર.

દાઢી વધેલી, વાળ અસ્તવ્યસ્ત, શરીર હાડકાંનો માળો. શરીરમાં નરી ફિકાશ. તમે ખાવાની વાત પૂછો તો એ શબરીની વાત કરે. તમે પાણીનું પૂછો તો એ ગંગાની વાત કરે. તમે બૈરીની વાત કાઢો તો એ માથે હાથ રાખે, બે હાથે પેટ ઊંચે ચઢાવે. આખું જીવન અસંગત થઈ ગયેલું. એનું દર્દ પકડાય નહિ. અક્ષરેય બોલે નહિ. ચૂપચાપ બેસી રહે. કોઈ સાધુ પુરુષ ગામમાં આવે તો એની પાસે બેસે. સાધુને સમજાવતા હોય એમ વળી પાછાં લોકો ક્હેઃ 'મુઓ છે ડાયો, પણ ગાંડિયું ડાપણ છે'

'ઈમ તો છોકરાંને ભણાવેય ખરો, પણ મોજીલો'

ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે? એમ અમારા ગામમાં કોઈ એને ઓળખી શક્યું નહિ. એ 'ગાંડિયા' તરીકે ઓળખાયો.

હમણાં અમારે ત્યાં એક નવા અધ્યાપક જોડાયા. તેમને ત્યાં સત્યનારાયણની કથામાં હું ગયેલો. તેમણે તેમના પિતા સાથે મારો પરિચય કરાવતા કહ્યું -

'આ સાહેબ આપણી બાજુના છે, હોં ?'

'કયું ગામ, ભૈ ?'

'નાદરી' મેં વંદન કરતાં કહ્યું.

'તો તો ભૈ એ અમારી જોડેનું જ - અમારા ગામને અડીને.'

'આવો આવો,' કહી મને પાસે બેસાડી વાંસે હાથ ફેરવ્યો. પછી હળવેથી મને પૂછ્યું - 'પેલો નરસિંહ તમારા ગામનો જ ને ?'

મેં ડોકી હલાવી કહ્યું : 'કોણ, નરસ્યો ગાંડો ?

'ભૈ, નરસિંહ તો નરસિંહ હતો. બૌ હુશિયાર હતો, હોં !' મને રસ પડ્યો એટલે મેં પૂછ્યું : - 'તમે ક્યાંથી ઓળખો ?'

'એને મેં ભણાવેલો.'

'ના હોય ?' મેં વિસ્મયથી એમની તરફ જોયું..

'ભૈ, ભણવામાં એક્કો હતો એક્કો. ઘણીવાર અમને શીખવે. સૂઝ પણ ગજબની. પણ..... એ ના ભણી શક્યો. એની ભાભીનો કકળાટ એની તેજસ્વીતાને ખાઈ ગ્યો, ભૈ' એટલું બોલતાં બોલતાં એમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

પછી રડમસ અવાજે મને કહે : 'એણે એની બૈરીને પ્હેલી રાતે જ પોતાની અશક્તિ વિશે સ્પષ્ટ કહી દીધેલું. એની સાથે લગ્ન કરીને એ સુખી નહિ થાય એવી સમજ આપીને વહેલી સવારે જ વળાવવા ગયેલો.'

'ના.. હોય ? પણ અમારા ગામમાં તો લોકો અવળી વાતો...'

'ભૈ, એ તો એના જીવનની ખૂબી છે. એણે ક્યારેય કોઈનોય દોષ કાઢીને પોતાની જાતને મૂલવી નથી.'

સત્યનારાયણ ભગવાનની કથાનો મહાપ્રસાદ આરોગતો આરોગતો, હું તો એ સાહેબની વાત ઉપર વિચાર કરતો કરતો સ્તબ્ધ થઈ ગયો.

કેવો માણસ? કેવી જિંદગી?'

ગામમાં ગયો ત્યારે જાણવા મળેલું કે બીમારીના કારણે એ મૃત્યુ પામ્યો. ત્યારે એના ઘરમાંથી એક ચિઠ્ઠી મળી આવેલી -

'મારા ઘરની આવકમાંથી ટ્રસ્ટ રચી, એના વ્યાજમાંથી ગામના ગરીબ લાયક વિદ્યાર્થીને ભણાવવા.'

આજેય અમારા ગામમાં 'નરસિંહ ટ્રસ્ટ' માંથી ગરીબ વિદ્યાર્થીઓ ભણે છે,

જ્યારે જ્યારે નરસિંહની વાત નીકળે છે ત્યારે મને જૂનાગઢના પેલા નરસિંહ મહેતા અચૂક યાદ આવે છે. મનોમન બોલી પણ પડાય છે કે 'ભલું થયું ભાંગી જંજાળ' જેવી પંક્તિઓ બોલ્યા સિવાય અમારો નરસિંહ કંઈ ઓછું મહત્ત્વનું કાવ્ય જીવ્યો છે એમ થોડું કહી શકાય? □

અનુસંધાન] પત્નીનાં પાનાં [પૃ.૨૫૮પરથી

ઊછીની ટેકનોલૉજિ

તા. ૧૮-૧-૭૬.

દેશમાં અત્યારે મુખ્ય વાત તો ચાસનાલાની કોયલાની ખાણની હોનારતની છે. હું જેને 'ઊછીની ટેકનોલૉજિ' કહું છું તે આ હોનારત પાછળનું મુખ્ય કારણ છે. ચાસનાલામાં કોયલાના ખૂબ જ જાડા થર છે. અંગ્રેજોના જમાનામાં જમીન ઉપરથી શરૂઆત કરી અને કોયલાના થર ખોદવા લાગ્યા. ૩૦ થી ૭૦ ફુટ (૧૦ થી ૨૪ મીટર) સુધીની ઊંડાઈનું પહેલું થર ખોદાઈ ગયું એટલે પછી તે જગ્યાએ ખોદકામ બંધ થયું. સમય જતાં તે ખોદાયેલી ખાણમાં પાણી ભરાઈ સરોવર થઈ ગયું.

પણ આ નકલી સરોવરની નીચે હજુ કોયલાના થરના થર હતા. આઝાદી પછી વર્લ્ડ બેન્કની સહાયથી વિદેશથી ઊછીની લીધેલી ટેકનોલૉજિ વાપરી, સમક્ષિતિજ શાર પાડવાની (horizontal drilling) પદ્ધતિથી આ સરોવરની નીચેના કોયલાના થર ખોદવાનું શરૂ થયું. આપણે ત્યાં જે ટેકનોલૉજિનો વિકાસ થાય તે આપણા સંયોગો, ભૂગોળ તથા ભૂપૃષ્ઠને અનુકૂળ અનાયાસે જ થઈ જાય. પણ ઊછીની ટેકનોલૉજિને આપણા સંયોગો પ્રમાણે થીંગડાં મારીને ગોઠવવી પડે. થીંગડું બરાબર લાગ્યું-નહીં કે યોગ્ય જગ્યાએ ન લાગ્યું જે થયું હોય તે પણ, ડિસેમ્બરની ૨૭મી તારીખે મોટા ધડાકા સાથે સરોવરની જમીન તૂટી અને આખા સરોવરનું પાણી તેની નીચે આવેલી ખાણમાં ધસ્યું. તે વખતે ૩૭૨ ખાણીઆ ખાણમાં હતા તે તેમાં સપડાયા.

સમક્ષિતિજ શારના લેવલ સુધીનું પાણી પંપ વડે બહાર કાઢતાં ૨૦ દિવસ થયા. આજે (૧૮-૧-૭૬) પહેલી બચાવ ટૂકડી ખાણમાં ઊતરશે. કોઈ ભાગ્યવશાત્ બચી ગયું હશે તો કાલે ખબર પડશે.

આખી ખાણમાંથી સઘળું પાણી તો બહાર કાઢી નાખવું પડશે. કારણ કે ચાસનાલા ખાણમાંથી રોજનો ૫૦ હજાર ટન કોલસો કાઢીએ તો પણ વરસોના વરસો સુધી મળી શકે તેટલો કોયલો છે એટલે ખાણને છોડી દેવાય નહીં.

વૈજ્ઞાનીઓ કે ટૅક્નિશિયનો ભૂલ કરે, તો કેવું ભયંકર પરિણામ આવી શકે? અથવા બીજે વિકસેલી ટેકનોલૉજિ તમારે ત્યાં વાપરતાં પહેલાં તેના સઘળા સંયોગો અને આનુષંગિક શરતોનો અભ્યાસ ન થાય અને ફક્ત ટૅક્નિશિયનની રીતે જ ટેકનોલૉજિનો ઉપયોગ થાય તો પણ ભયંકર પરિણામ નીપજે !

અને સૌથી સારી રીત તો એ છે કે દેશમાં જ ગણિત અને વિજ્ઞાનના શિક્ષણનો વ્યાપક અને મજબૂત પાયો ગોઠવી આપણી ટેકનોલૉજિ આપણે જ વિકસાવવી જોઈએ. □

'શું ધૂળ ? આખો દા'ડો ઓટલા તોડે છે ઓટલા, ખેતરનુંય ધ્યાને પૂરું રાખતો નથી' - નરસિંહનાં ભાભી તાડૂકેલાં.

પછી તો ભાભી ખેતરનો ભાગલાગ લેવા આવતાં. નરસિંહને ભાંડતાં. આખું ગામ ભેગું કરતાં. ઝઘડતાં. નરસિંહ તો એક હરફ બોલે કે ચાલે. એનો પક્ષ લઈ ગામવાળાઓએ કહ્યું - 'એના કરતાં એને પૈણાઈ દો.'

'હા, રાંધનારી આવે, હાચવે તો વળી વળેય ખરો' ભલાભાએ હોંકારો ભણેલો.

'અમે ચેટલા રૂપિયા માગીએ છીએ, ખબર છે ?' વહુ હાથ લાંબા કરીકરીને ગામવાળાઓને કહેતી હતી.

'ભૈ, ઈમાં ઓં રૂપિયા ખરચવાના છે? ઈનો વિવા તો ઈના બાપા કરીને જ્યાસે, તમ તમારે મંદિરમાં ચાર ઓંટા ફેરવી દ્યો. બચારો સુખી થાહે.'

હું મારા પેલા સાહેબના કહ્યા પછી નરસિંહ જોડે વધારે બેસતો. એનેય સારું લાગે. આમ જુઓ તો એ પીળો પડી ગયેલો. એના હાથપગ સળી જેવા. મોટાં માપનાં ફાટેલાં કપડાં - જીવનમાં કોઈ રસ પડે નહિ, વાંચવાનું ગમે - જાતે રસોઈ કરે. રોટલો ઘડે, પાણી પીએ, પેલી એક એકર જમીનમાંથી ખેડૂત દાણા આપે. નરસિંહ ખાય. પણ નરસિંહને છોકરા ભણાવવાનું બહુ ગમે. મોટે ભાગે એ નિશાળના ઓટલાની પડખે બેઠો હોય. ક્યારેક ભાગોળે વડની નીચે માંદલો, હાંફતો, વાંચતો નજરે ચઢે.

કોઈ છોકરાને શીખવતો હતો કક્કો. હું જોડે બેઠેલો એટલે મને કહે -

"બોલ જો છોકરાને પ્હેલાં 'ક' શિખવાય કે 'ડ'"

મેં કહ્યું, સ્હેલો પડે 'ડ', પણ શિખવાય 'ક'

'તો કક્કામાં પ્હેલો 'ડ' આવતો હોય તો ?'

'શી ખબર ?' હું તો મૂક બની સાંભળું.

કંઠ્ય, તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, ઓષ્ઠ્ય, એમ ક્રમવાર શ્રેણીઓની યોજના આપણા કક્કામાં છે.

ત્યારે તો હું કંઈ સમજેલો નહિ, પણ જ્યારે બી.એ.માં ભાષાવિજ્ઞાનનો અભ્યાસ કરવા લાગ્યો ત્યારે સમજાયું કે અમારા એ નરસિંહમાં 'ભષિયાણી'-પણું કેવી રીતે પ્રવેશી ગયું હશે - એ સમયે ?

એટલામાં પેલા છોકરાની મા આવી અને મોટેમોટેથી બોલવા માંડી:

"એક તો ભણવામાં 'ઠ' મુઓ છે ને આ નરસ્યા ગોંડા પાહે..."

પેલો છોકરો તો જાય નાઠો. પેલી બાઈ નરસિંહને ક્હેવા લાગી : -

'ગોંમનાં છોકરા બગાડ્યા વના સોંનોમોંનો બેહી રે તો હોય તો -'

નરસિંહ કશું જ ન્હોતો બોલ્યો. એ બાઈના ગયા પછી મને ક્હે -

"બોલ 'ઠ' કોણ ?" એણે સૂચક પ્રશ્ન કરેલો; પણ હું તો - 'જે ઠોઠ હોય તે' - એમ બોલેલો.

"પણ ઠોઠને 'ઠ' જ કેમ કહેવાય ? 'ક' નહિ, 'ખ નહિ', ને 'ઠ' ?'

'ઠોઠ હોય એટલે -' મેં દલીલ કરવા ખાતર કહ્યું.

એ વિનમ્રતાથી બોલ્યો : 'આ લિપિ શોધાઈ હશે ત્યારથી આપણા કક્કાના બધા અક્ષરોમાં ફેરફાર થતો આવ્યો છે, એકલો જ 'ઠ' જ એવો છે કે એમાં કોઈ જ ફેર પડ્યો નથી'

ત્યારે હું તો સાંભળીને હસી પડેલો માત્ર.

પછી તો ગામવાળા ભેગા થયા. નરસિંહના ભાઈભાભીને બોલાવ્યાં. નરસિંહને પૂછ્યા સિવાય એના નક્કી થયેલા વિવાહ પ્રમાણે લગ્ન કરી દેવાં.

'ઈમાં એ ગોંડાને શું પૂછવાનું ! હાચવનારી આવે તો એનો મનખો સુધરે' - ગામનું કોઈક બોલ્યું.

'પણ જુઓ - આ ઘર એનું અને જમીન અમારી. અમને બહુ જોર આયું, છે હોં' - નરસિંહના ભાભી બોલેલાં.

"એ તો આવનારી નોકરીવાળી છે ને... બધું હારું થશે. એક વાર આ કંકુને પોંણી ભેગાં થઈ જવાદોને !"

પછી તો એક દિવસે નરસિંહની મરજી વિરુદ્ધ કન્યાને સામે લાવીને અમારા ગામના મંદિરમાં નરસિંહના લગન થઈ ગયાં.

બીજે દિવસે સવારે જ ગામલોકો અંદરોઅંદર વાતો કરતાં હતાં -

'એ નાહી જૈ,'

'ભૈ, નાહી ના જાય તો કરે શું ?'

'એ ગાંડિયું એને શું ખવરાવત ?'

'હારું થયું બચારી સુખી થશે,'

આ અને આવી અનેક ઉક્તિઓ ગામમાં વહેતી થઈ ગયેલી. ભાઈ-ભાભી તો ફજેતો થવાની બીકે અમદાવાદ જતાં રહેલાં.

ત્યારથી નરસિંહ વધારે નંખાઈ ગયેલો લાગે. લોકો હવે વધારે ચીડવે. 'નરસ્યો ગાંડો, નરસ્યો ગાંડો' એ એનું નામ બની ગયું.

'અમ જતી રૈ ?' લોકો પૂછે.

'જઈ તો સુખી થશે,' એ એનો ઉત્તર.

દાઢી વધેલી, વાળ અસ્તવ્યસ્ત, શરીર હાડકાંનો માળો. શરીરમાં નરી ફિકાશ. તમે ખાવાની વાત પૂછો તો એ શબરીની વાત કરે. તમે પાણીનું પૂછો તો એ ગંગાની વાત કરે. તમે બૈરીની વાત કાઢો તો એ માથે હાથ રાખે, બે હાથે પેટ ઊંચે ચઢાવે. આખું જીવન અસંગત થઈ ગયેલું. એનું દર્દ પકડાય નહિ. અક્ષરેય બોલે નહિ. ચૂપચાપ બેસી રહે. કોઈ સાધુ પુરુષ ગામમાં આવે તો એની પાસે બેસે. સાધુને સમજાવતા હોય એમ વળી પાછાં લોકો ક્હે: 'મુઓ છે ડાહ્યો, પણ ગાંડિયું ડાપણ છે'

'ઈમ તો છોકરાંને ભણાવેય ખરો, પણ મોજીલો'

ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે? એમ અમારા ગામમાં કોઈ એને ઓળખી શક્યું નહિ. એ 'ગાંડિયા' તરીકે ઓળખાયો.

હમણાં અમારે ત્યાં એક નવા અધ્યાપક જોડાયા. તેમને ત્યાં સત્યનારાયણની કથામાં હું ગયેલો. તેમણે તેમના પિતા સાથે મારો પરિચય કરાવતા કહ્યું -

'આ સાહેબ આપણી બાજુના છે, હોં ?'

'કયું ગામ, ભૈ ?'

'નાદરી' મેં વંદન કરતાં કહ્યું.

'તો તો ભૈ એ અમારી જોડેનું જ - અમારા ગામને અડીને.'

'આવો આવો,' કહી મને પાસે બેસાડી વાંસે હાથ ફેરવ્યો. પછી હળવેથી મને પૂછ્યું - 'પેલો નરસિંહ તમારા ગામનો જ ને ?'

મેં ડોકી હલાવી કહ્યું : 'કોણ, નરસ્યો ગાંડો ?

'ભૈ, નરસિંહ તો નરસિંહ હતો, બૌ હુશિયાર હતો, હોં !' મને રસ પડ્યો એટલે મેં પૂછ્યું : - 'તમે ક્યાંથી ઓળખો ?'

'એને મેં ભણાવેલો.'

'ના હોય ?' મેં વિસ્મયથી એમની તરફ જોયું..

'ભૈ, ભણવામાં એક્કો હતો એક્કો. ઘણીવાર અમને શીખવે. સૂઝ પણ ગજબની. પણ... એ ના ભણી શક્યો. એની ભાભીનો કકળાટ એની તેજસ્વીતાને ખાઈ ગ્યો, ભૈ' એટલું બોલતાં બોલતાં એમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

પછી રડમસ અવાજે મને કહે : 'એણે એની બૈરીને પ્હેલી રાતે જ પોતાની અશક્તિ વિશે સ્પષ્ટ કહી દીધેલું. એની સાથે લગન કરીને એ સુખી નહિ થાય એવી સમજ આપીને વહેલી સવારે જ વળાવવા ગયેલો.'

'ના... હોય ? પણ અમારા ગામમાં તો લોકો અવળી વાતો...'

'ભૈ, એ તો એના જીવનની ખૂબી છે. એણે ક્યારેય કોઈનોય દોષ કાઢીને પોતાની જાતને મૂલવી નથી.'

સત્યનારાયણ ભગવાનની કથાનો મહાપ્રસાદ આરોગતો આરોગતો, હું તો એ સાહેબની વાત ઉપર વિચાર કરતો કરતો સ્તબ્ધ થઈ ગયો.

કેવો માણસ? કેવી જિંદગી?'

ગામમાં ગયો ત્યારે જાણવા મળેલું કે બીમારીના કારણે એ મૃત્યુ પામ્યો. ત્યારે એના ઘરમાંથી એક ચિઠ્ઠી મળી આવેલી -

'મારા ઘરની આવકમાંથી ટ્રસ્ટ રચી, એના વ્યાજમાંથી ગામના ગરીબ લાયક વિદ્યાર્થીને ભણાવવા.'

આજેય અમારા ગામમાં 'નરસિંહ ટ્રસ્ટ' માંથી ગરીબ વિદ્યાર્થીઓ ભણે છે.

જ્યારે જ્યારે નરસિંહની વાત નીકળે છે ત્યારે મને જૂનાગઢના પેલા નરસિંહ મહેતા અચૂક યાદ આવે છે. મનોમન બોલી પણ પડાય છે કે 'ભલું થયું ભાંગી જંજાળ' જેવી પંક્તિઓ બોલ્યા સિવાય અમારો નરસિંહ કંઈ ઓછું મહત્ત્વનું કાવ્ય જીવ્યો છે એમ થોડું કહી શકાય? □

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ.૨૫૮પરથી

ઊછીની ટેકનોલોજિ

તા. ૧૮-૧-૭૬.

દેશમાં અત્યારે મુખ્ય વાત તો ચાસનાલાની કોયલાની ખાણની હોનારતની છે. હું જેને 'ઊછીની ટેકનોલોજિ' કહું છું તે આ હોનારત પાછળનું મુખ્ય કારણ છે. ચાસનાલામાં કોયલાના ખૂબ જ જાડા થર છે. અંગ્રેજોના જમાનામાં જમીન ઉપરથી શરૂઆત કરી અને કોયલાના થર ખોદવા લાગ્યા. ૩૦ થી ૭૦ ફુટ (૧૦ થી ૨૪ મીટર) સુધીની ઊંડાઈનું પહેલું થર ખોદાઈ ગયું એટલે પછી તે જગ્યાએ ખોદકામ બંધ થયું. સમય જતાં તે ખોદાયેલી ખાણમાં પાણી ભરાઈ સરોવર થઈ ગયું.

પણ આ નકલી સરોવરની નીચે હજુ કોયલાના થરના થર હતા. આઝાદી પછી વર્લ્ડ બેન્કની સહાયથી વિદેશથી ઊછીની લીધેલી ટેકનોલોજિ વાપરી, સમક્ષિતિજ શાર પાડવાની (horizontal drilling) પદ્ધતિથી આ સરોવરની નીચેના કોયલાના થર ખોદવાનું શરૂ થયું. આપણે ત્યાં જે ટેકનોલોજિનો વિકાસ થાય તે આપણા સંયોગો, ભૂગોળ તથા ભૂપૃષ્ઠને અનુકૂળ અનાયાસે જ થઈ જાય. પણ ઊછીની ટેકનોલોજિને આપણા સંયોગો પ્રમાણે થીંગડાં મારીને ગોઠવવી પડે. થીંગડું બરાબર લાગ્યું-નહીં કે યોગ્ય જગ્યાએ ન લાગ્યું જે થયું હોય તે પણ, ડિસેમ્બરની ૨૭મી તારીખે મોટા ધડાકા સાથે સરોવરની જમીન તૂટી અને આખા સરોવરનું પાણી તેની નીચે આવેલી ખાણમાં ધસ્યું. તે વખતે ૩૭૨ ખાણીઆ ખાણમાં હતા તે તેમાં સપડાયા.

સમક્ષિતિજ શારના લેવલ સુધીનું પાણી પંપ વડે બહાર કાઢતાં ૨૦ દિવસ થયા. આજે (૧૮-૧-૭૬) પહેલી બચાવ ટૂકડી ખાણમાં ઊતરશે. કોઈ ભાગ્યવશાત્ બચી ગયું હશે તો કાલે ખબર પડશે.

આખી ખાણમાંથી સઘળું પાણી તો બહાર કાઢી નાખવું પડશે કારણ કે ચાસનાલા ખાણમાંથી રોજનો ૫૦ હજાર ટન કોલસો કાઢીએ તો પણ વરસોના વરસો સુધી મળી શકે તેટલો કોયલો છે એટલે ખાણને છોડી દેવાય નહીં.

વૈજ્ઞાનીઓ કે ટેક્નિશિયનો ભૂલ કરે, તો કેવું ભયંકર પરિણામ આવી શકે? અથવા બીજે વિકસેલી ટેકનોલોજિ તમારે ત્યાં વાપરતાં પહેલાં તેના સઘળા સંયોગો અને આનુષંગિક શરતોનો અભ્યાસ ન થાય અને ફક્ત ટેક્નિશિયનની રીતે જ ટેકનોલોજિનો ઉપયોગ થાય તો પણ ભયંકર પરિણામ નીપજે !

અને સૌથી સારી રીત તો એ છે કે દેશમાં જ ગણિત અને વિજ્ઞાનના શિક્ષણનો વ્યાપક અને મજબૂત પાયો ગોઠવી આપણી ટેકનોલોજિ આપણે જ વિકસાવવી જોઈએ. □

હમણાં અમારે ત્યાં એક નવા અધ્યાપક જોડાયા. તેમને ત્યાં સત્યનારાયણની કથામાં હું ગયેલો. તેમણે તેમના પિતા સાથે મારો પરિચય કરાવતા કહ્યું -

'આ સાહેબ આપણી બાજુના છે, હોં ?'

'કયું ગામ, ભૈ ?'

'નાદરી' મેં વંદન કરતાં કહ્યું.

'તો તો ભૈ એ અમારી જોડેનું જ - અમારા ગામને અડીને.'

'આવો આવો,' કહી મને પાસે બેસાડી વાંસે હાથ ફેરવ્યો. પછી હળવેથી મને પૂછ્યું - 'પેલો નરસિંહ તમારા ગામનો જ ને ?'

મેં ડોકી હલાવી કહ્યું : 'કોણ, નરસ્યો ગાંડો ?

'ભૈ, નરસિંહ તો નરસિંહ હતો, બૌ હુશિયાર હતો, હોં !' મને રસ પડ્યો એટલે મેં પૂછ્યું : - 'તમે ક્યાંથી ઓળખો ?'

'એને મેં ભણાવેલો.'

'ના હોય ?' મેં વિસ્મયથી એમની તરફ જોયું..

'ભૈ, ભણવામાં એક્કો હતો એક્કો. ઘણીવાર અમને શીખવે. સૂઝ પણ ગજબની. પણ.... એ ના ભણી શક્યો. એની ભાભીનો કકળાટ એની તેજસ્વીતાને ખાઈ ગ્યો, ભૈ' એટલું બોલતાં બોલતાં એમની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

પછી રડમસ અવાજે મને કહે : 'એણે એની બૈરીને પહેલી રાતે જ પોતાની અશક્તિ વિશે સ્પષ્ટ કહી દીધેલું. એની સાથે લગ્ન કરીને એ સુખી નહિ થાય એવી સમજ આપીને વહેલી સવારે જ વળાવવા ગયેલો.'

'ના... હોય ? પણ અમારા ગામમાં તો લોકો અવળી વાતો...'

'ભૈ, એ તો એના જીવનની ખૂબી છે. એણે ક્યારેય કોઈનોય દોષ કાઢીને પોતાની જાતને મૂલવી નથી.'

સત્યનારાયણ ભગવાનની કથાનો મહાપ્રસાદ આરોગતો આરોગતો, હું તો એ સાહેબની વાત ઉપર વિચાર કરતો કરતો સ્તબ્ધ થઈ ગયો.

કેવો માણસ? કેવી જિંદગી?'

ગામમાં ગયો ત્યારે જાણવા મળેલું કે બીમારીના કારણે એ મૃત્યુ પામ્યો. ત્યારે એના ઘરમાંથી એક ચિઠ્ઠી મળી આવેલી -

'મારા ઘરની આવકમાંથી ટ્રસ્ટ રચી, એના વ્યાજમાંથી ગામના ગરીબ લાયક વિદ્યાર્થીને ભણાવવા.'

આજેય અમારા ગામમાં 'નરસિંહ ટ્રસ્ટ' માંથી ગરીબ વિદ્યાર્થીઓ ભણે છે,

જ્યારે જ્યારે નરસિંહની વાત નીકળે છે ત્યારે મને જૂનાગઢના પેલા નરસિંહ મહેતા અચૂક યાદ આવે છે. મનોમન બોલી પણ પડાય છે કે 'ભલું થયું ભાંગી જંજાળ' જેવી પંક્તિઓ બોલ્યા સિવાય અમારો નરસિંહ કંઈ ઓછું મહત્ત્વનું કાવ્ય જીવ્યો છે એમ થોડું કહી શકાય? □

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૨૫૮પરથી

ઊછીની ટેકનોલૉજિ

તા. ૧૮-૧-૭૬.

દેશમાં અત્યારે મુખ્ય વાત તો ચાસનાલાની કોયલાની ખાણની હોનારતની છે. હું જેને 'ઊછીની ટેકનોલૉજિ' કહું છું તે આ હોનારત પાછળનું મુખ્ય કારણ છે. ચાસનાલામાં કોયલાના ખૂબ જ જાડા થર છે. અંગ્રેજોના જમાનામાં જમીન ઉપરથી શરૂઆત કરી અને કોયલાના થર ખોદવા લાગ્યા. ૩૦ થી ૭૦ ફુટ (૧૦ થી ૨૪ મીટર) સુધીની ઊંડાઈનું પહેલું થર ખોદાઈ ગયું એટલે પછી તે જગ્યાએ ખોદકામ બંધ થયું. સમય જતાં તે ખોદાયેલી ખાણમાં પાણી ભરાઈ સરોવર થઈ ગયું.

પણ આ નકલી સરોવરની નીચે હજુ કોયલાના થરના થર હતા. આઝાદી પછી વર્લ્ડ બેન્કની સહાયથી વિદેશથી ઊછીની લીધેલી ટેકનોલૉજિ વાપરી, સમક્ષિતિજ શાર પાડવાની (horizontal drilling) પદ્ધતિથી આ સરોવરની નીચેના કોયલાના થર ખોદવાનું શરૂ થયું. આપણે ત્યાં જે ટેકનોલૉજિનો વિકાસ થાય તે આપણા સંયોગો, ભૂગોળ તથા ભૂપૃષ્ઠને અનુકૂળ અનાયાસે જ થઈ જાય. પણ ઊછીની ટેકનોલૉજિને આપણા સંયોગો પ્રમાણે થીંગડાં મારીને ગોઠવવી પડે. થીંગડું બરાબર લાગ્યું-નહીં કે યોગ્ય જગ્યાએ ન લાગ્યું જે થયું હોય તે પણ, ડિસેમ્બરની ૨૭મી તારીખે મોટા ધડાકા સાથે સરોવરની જમીન તૂટી અને આખા સરોવરનું પાણી તેની નીચે આવેલી ખાણમાં ધસ્યું. તે વખતે ૩૭૨ ખાણીઆ ખાણમાં હતા તે તેમાં સપડાયા.

સમક્ષિતિજ શારના લેવલ સુધીનું પાણી પંપ વડે બહાર કાઢતાં ૨૦ દિવસ થયા. આજે (૧૮-૧-૭૬) પહેલી બચાવ ટૂકડી ખાણમાં ઊતરશે. કોઈ ભાગ્યવશાત્ બચી ગયું હશે તો કાલે ખબર પડશે.


આખી ખાણમાંથી સઘળું પાણી તો બહાર કાઢી નાખવું પડશે. કારણ કે ચાસનાલા ખાણમાંથી રોજનો ૫૦ હજાર ટન કોલસો કાઢીએ તો પણ વરસોના વરસો સુધી મળી શકે તેટલો કોયલો છે એટલે ખાણને છોડી દેવાય નહીં.

વૈજ્ઞાનીઓ કે ટેક્નિશિયનો ભૂલ કરે, તો કેવું ભયંકર પરિણામ આવી શકે? અથવા બીજે વિકસેલી ટેકનોલૉજિ તમારે ત્યાં વાપરતાં પહેલાં તેના સઘળા સંયોગો અને આનુષંગિક શરતોનો અભ્યાસ ન થાય અને ફક્ત ટેક્નિશિયનની રીતે જ ટેકનોલૉજિનો ઉપયોગ થાય તો પણ ભયંકર પરિણામ નીપજે !

અને સૌથી સારી રીત તો એ છે કે દેશમાં જ ગણિત અને વિજ્ઞાનના શિક્ષણનો વ્યાપક અને મજબૂત પાયો ગોઠવી આપણી ટેકનોલૉજિ આપણે જ વિકસાવવી જોઈએ. □

કલાયાત્રા

ઉત્તમ મૌલિક કલાકૃતિઓનું અનેક રીતે આગવું મહત્ત્વ અને મૂલ્ય અંકાય એ તો સ્વાભાવિક છે, પણ આવી કૃતિઓની આબેહૂબ અનુકૃતિમાં મૌલિક વિચારને બાદ કરતાં બાકી બધી રીતે એનું એટલું જ મહત્ત્વ બની રહે છે. ઉત્તમ કલાકૃતિઓની દુનિયાભરમાં અનુકૃતિઓ થતી જ રહી છે. આવું અનુકરણ અભ્યાસ-અર્થે પણ હોય તેમજ તેના વ્યાપક પ્રસાર તથા વ્યાવસાયિક દૃષ્ટિથી યે હોઈ શકે. ગમે તેમ પણ એથી ઉમદા કૃતિઓ જનસામાન્ય સુધી પણ સરળતાથી પહોંચી શકે છે. કલાના વિદ્યાર્થીઓ આવાં અનુકરણ દ્વારા મૂળ કૃતિના આલેખનની લાક્ષણિકતાઓ વધુ ઊંડાણથી સમજવા સાથે પોતાની શક્તિને રિયાઝનો ઓપ આપે છે. અસલ કૃતિથી વંચિત રહી જતાં લોકો અનુકૃતિ દ્વારા સંતોષ લે છે. મૂળકૃતિની ઉપલબ્ધિના અભાવે અનેક સંગ્રહાલયો તથા ખાનગી કલાસંગ્રહોમાં આવી ઉમદા અનુકૃતિઓ સંઘરાતી આવી છે, અને ત્યાં તેનું મૂલ્ય અસલ કૃતિની બરોબરનું ગણાતું રહ્યું છે. અને આ અનુકરણ પણ કંઈ સરળ નથી. એ માટે ઘણી ક્ષમતા કેળવવી પડે છે. અને ક્યારેક તો એ અનુકરણ પણ દાદને પાત્ર બને છે.





હરિવદન જે. સોમપુરા અને મહેશ સોમપુરા બે સ્વશિક્ષિત કલાકાર ભાઈઓની સાધના


બંસીલાલ દલાલ

અમદાવાદના હરિભાઈ સોમપુરા અને મહેશભાઈ સોમપુરાએ કલાની કોઈપણ જાતની પદ્ધતિસરની તાલીમ પામ્યા વિના સ્વપ્રયત્ને આવી સિદ્ધિ હાંસલ કરી છે. હરિભાઈએ બી. કૉમ.નો અભ્યાસ કર્યો છે, પણ ચિત્રકામના રસથી પ્રેરાઈ પારંપરિક ભારતીય ચિત્રશૈલીઓનાં લઘુચિત્રોની અનુકૃતિઓ, જૈન પરંપરાનાં ચિત્રો, ગ્રંથાવરણો, પોસ્ટરો વગેરે જેવા ચિત્રકામને વ્યાવસાયિક રૂપે અપનાવ્યું છે. આ ઉપરાંત ચાળેલી રેતીનો ઉપયોગ કરીને તેઓ પ્રાચીન શિલ્પોનાં ત્રિપરિમાણીય સુંદર ચિત્રો પણ કરે છે, જે એમની આગવી સિદ્ધિ છે.

એમના નાનાભાઈ મહેશે સિવિલ ડ્રાફ્ટમૅનશિપનો અભ્યાસ કર્યો છે. અને હાલ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં નકશાનવીસી કરે છે. પણ મોટાભાઈની માફક એમને પણ ચિત્રકળામાં એવો જ ઊંડો રસ હોઈ તેઓ ભારતીય લઘુચિત્રોની અનુકૃતિ કરવામાં તેમજ એ શૈલીનાં ચિત્રસર્જનમાં સિદ્ધહસ્ત છે. બંને ભાઈઓનો સમાન રસ હોઈ બંને સાથે મળીને કામ કરે છે. સ્વપ્રયત્ને જ કરેલી આ કલાસાધનામાં એમણે સારી એવી સિદ્ધિ મેળવી છે, જે આ લેખ સાથે આપેલી ઉદાહરણ રૂપ થોડીક કૃતિઓ જોતાં સમજાશે. રેખા પર એમણે અજબ પ્રભુત્વ મેળવ્યું છે અને એવી જ સૂઝ એમણે રંગાલેખનમાં પણ કેળવી છે. આ જ શૈલીમાં એમણે કરેલાં આગવાં ચિત્રસર્જનો પણ લઘુચિત્રોની બધી જ લાક્ષણિકતા દાખવે છે. કેટલીકવાર અનુકૃતિમાં તેઓ આગવા ફેરફારો પણ કરે છે, પણ એથી ચિત્રની લાક્ષણિકતામાં જરાય ઓટ આવતી નથી.

ભવન અને મંદિરના નિર્માણના માહેર સોમપુરા પરિવારમાં એમનો જન્મ. પિતા જગજીવનદાસ આરસ અને પથ્થરના ભવન તેમજ મંદિરના નિર્માણમાં કામ કરતા. ગુજરાત યુનિવર્સિટીના ભવ્ય ભવનના નિર્માણમાં પણ તેઓ સંકલિત હતા. કારકિર્દીના આરંભમાં એમણે ભારતીય શૈલીનું શિલ્પકામ પણ કરેલું.





ડાબુ બાજુ : કૃષ્ણ અને રાધા
કાંગડા કલમની બે અનુકૃતિ
કરનાર : મહેશ સોમપુરા



જમણી બાજુ : દક્ષિણ ભારતીય શિલ્પ પરથી સૂક્ષ્મ રેતીનો ઉપયોગ કરીને સર્જેલું ત્રિપરિમાણીય ચિત્ર નટરાજ. નીચે ડાબી બાજુ : શ્રી મણિભદ્ર. કાપડ ઉપર તૈલરંગો તથા સોનાના વરખ સાથે કરેલું ચિત્ર, તથા જમણી બાજુ : રાજસ્થાનની શૈલીમાં એક લગ્નપત્રિકા માટે કરેલું ચિત્ર. બંને ભાઈઓમાં મહેશભાઈ ચિત્રકામમાં વિશેષ પ્રવૃત્ત અને માહેર છે, જ્યારે મોટા હરિભાઈ તેમને સહાય કરવા ઉપરાંત રેતીના માધ્યમમાં પ્રવીણ છે.

૧૯૮૦ના ઑક્ટોબરમાં અમદાવાદમાં એમણે પોતાના કામનું નિજી પ્રદર્શન ભરેલું, જેને સારો આવકાર મળેલો. આજે યે વ્યાવસાયિક ચિત્રકામ ઉપરાંત એમની આવી અનુકૃતિઓની પણ માંગ રહે છે, અને એ ઉત્તેજનને પાત્ર છે.

જર્મન સાહિત્યકાર ગટેએ કલામાં મૌલિકતા અને એને નાતે કલાકૃતિની અનન્યતાની છણાવટ કરેલી. આથી મૌલિક સર્જકનો મહિમા સ્વતઃસિદ્ધ છે જ. પરન્તુ અનુસર્જન પણ આગવી પ્રતિભા અને સૂઝ માગી લે છે. જેમ સાહિત્યમાં પણ અનેક અનુસર્જનોનો મહિમા થયેલો છે, તેમ કલાનાં અન્ય ક્ષેત્રોમાં પણ અનુસર્જનનો મહિમા ઓછો નથી. મૌલિકતા પ્રત્યે અપાર માન જરૂર હોવું ઘટે, પરન્તુ સામે પલ્લે અનુસર્જન પ્રત્યે નિરર્થક સૂગથી કલાક્ષેત્રને જ હાનિ થવાનો સંભવ છે.









શ્રીનાથજી : મૂળ ચિત્રના ચરણમાં થોડા ફેરફાર સાથે. જમણી બાજુ : નૃસિંહ અવતાર. બસૌલી શૈલીમાં ચિત્ર પરથી પ્રેરિત ચિત્ર. નીચે : રાધાકૃષ્ણનો જલવિહાર. ૧૯૮૯માં મ્યુનિસિપલ કોર્પોરેશન યોજિત સ્થાનિક કલાકારોના ચિત્રપ્રદર્શનમાં પારિતોષિક પામેલું ચિત્ર. જમણી બાજુ - ગોવર્ધનધરણ. પહાડી કલમના એક ચિત્રની અનુકૃતિ. ચિત્રકાર : મહેશ સોમપુરા





કંકાવટી

અજવાળીબા : એક સમર્પિત અસ્તિત્વ

ઈ. ૧૯૧૬ની સાલની વાત છે. દેશમાં ગાંધીવિચાર, સ્વાતંત્ર્ય-ચળવળ અને સમાજ-સુધારણાની નવજાગૃતિનો જુવાળ હતો ત્યારે પચ્છેગામ જેવા અંતરિયાળ ગામના એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા અજવાળીબાનું લગ્ન સુધારાવાદી અને ગાંધીરંગે રંગાયેલા શ્રી નાનાભાઈ ભટ્ટ સાથે થયું. આ નાનાભાઈ એ ભાવનગર, આંબલા અને મણારની દક્ષિણામૂર્તિ અને ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા, સણોસરાની ગ્રામ-વિદ્યાપીઠ લોકભારતીના આદ્યસ્થાપક, સ્વાતંત્ર્યસેનાની અને પદ્મશ્રીથી વિભૂષિત સૌરાષ્ટ્ર રાજ્યના પ્રથમ શિક્ષણપ્રધાન. અજવાળીબાની રગેરગમાં રૂઢિચુસ્તતા સાથોસાથ આદર્શ પતિપરાયણ નારીના સંસ્કાર ભર્યા હતા. નાનાભાઈની હરિજનવિકાસ, અસ્પૃશ્યતા અને સુધારાવાદી ચળવળો સાથે અજવાળીબાને ગોઠવાવું શરૂઆતમાં અઘરું પડ્યું. એટલું જ નહીં, ખાદી પહેરવી પણ અજવાળીબાને મંજૂર ન હતી. ત્યારે સામી બાજુ નાનાભાઈ ખાદી પહેરવા અને પહેરાવવાનો ઝંડો લઈને નીકળેલા, અને તેમના ઘરમાં જ આવી પરિસ્થિતિ હોવા છતાં, નાનાભાઈએ ક્યારેય પતિદેવ તરીકેનું ફરમાન કરી ખાદી પહેરવા ફરજ પાડી ન હતી. પરંતુ ધીરેધીરે અજવાળીબામાં પડેલી રૂઢિચુસ્તતા અને પતિપરાયણતા વચ્ચેનો સંઘર્ષ શમતો ગયો. પતિનાં કાર્યોમાં સમર્પિત ભાવે સહયોગ આપવો ને જ ધર્મ ગણી, ધીરેધીરે એમણે ખાદી અંગીકાર કરી, બહારથી આવેલા પતિને નાહ્યા બાદ જ જમવા મળે તે નિયમમાં બાંધછોડ કરી. નાનાભાઈની કશી જ આદેશાત્મક આજ્ઞાઓ વિના અજવાળીબામાં સહજતાથી આ બધું બદલાતું રહ્યું. પરંતુ જન્મજાત સંસ્કાર અને ઊંડે ઘર કરી ગયેલી રૂઢિચુસ્તતા સાવ ખંખેરી નાખવી સરળ નહોતી. આજે પણ તેઓને જ્ઞાતિજન્ય આભડછેટ નહીં તો સ્વચ્છતા અને સંસ્કારજન્ય તફાવતો તરફ તો સૂગ છે જ.



અજવાળીબાના સમગ્ર જીવનને જોઈએ તો પહેલી નજરે જે છાપ બહાર આવે છે તે પોતાના અસ્તિત્વને ઓગાળીને પણ પતિના પડખે અર્ધું અંગ બની અડીખમ ઊભા રહેનારા નારીના તેમનામાં દર્શન થાય છે. તેમની સાથેની વાતોમાંથી જાણવા મળ્યું કે હાથમાં લીધેલા સમાજ-સુધારણાનાં કામોના કારણે નાનાભાઈ ઘરમાં બહુ જ ઓછા રહી શકતા. વારંવાર જેલયાત્રા, અમદાવાદ, પવનાર અને વર્ધાના ફેરા તથા ગામમાં હોય ત્યારે સંસ્થાની ચિંતામાંથી નાનાભાઈને ફુરસદ ન મળતી. ત્યારે અજવાળીબા કહે છે કે 'સંસ્થા નામનું મોટું કુટુંબ તેમણે સંભાળેલું, અને મારું ઘર નામનું નાનકડું કુટુંબ હું સંભાળતી' બાળકોનો ઉછેર, સંસ્કારઘડતર અને જાળવણીની નાનાભાઈને બહુ ચિંતા કરવી નથી પડી. અજવાળીબાએ આ મોરચો સુંદર રીતે સંભાળી લીધેલો.

નાનાભાઈએ ભાવનગરમાં શરૂ કરેલી અને વિસ્તારેલી દક્ષિણામૂર્તિ સંસ્થા છોડી, ગાંધીજીની ઇચ્છા પ્રમાણે ગામડામાં જઈને એવી રાષ્ટ્રિય સંસ્થા શરૂ કરવા ભાવનગર છોડવાનો સમય આવ્યો, ત્યારે સાથે કશું જ લઈ ગયા વગર પહેર્યે કપડે જ ગામડે જવાનું નાનાભાઈએ નક્કી કરેલું, પરંતુ ચાલતાં સમયે અજવાળીબાએ એક લોખંડની લોઠી સાથે લીધી અને તે પણ અંતે પરત મૂકવી પડી. આટલી હદ સુધી નાનાભાઈની સિદ્ધાંતનિષ્ઠા સાથે તેમને અનુકૂલન કરવું પડતું.

એ જ રીતે એક દિવસ મોડી રાત્રે હરિજનવાસમાં સંસ્કારસભાનો કાર્યક્રમ પૂરો કરી, નાનાભાઈ ઘેર આવ્યા ત્યારે અજવાળીબાએ ન્હાઈને જમવાનું કે ઓરડામાં આવવાનું તેમને કહ્યું. નાનાભાઈને તે મંજૂર ન હતું. તેમણે જમ્યા વગર જ ઘરની બહાર કોથળો પાથરી સૂઈ રહેવાનું નક્કી કર્યું. પછી અજવાળીબા કેમ જમી શકે, કેમ પથારીમાં સૂઈ શકે ? તેમણે પણ બીજો કોથળો લઈ ઓટલે જ નાનાભાઈની જેમ રાત કાઢી. આ તેમનું સાહચર્ય, સહવાસ, સાન્નિધ્ય કે દામ્પત્ય.

અજવાળીબા, સમગ્ર સંસ્થાનાં બા, સૌ કોઈનાં બા, વાત્સલ્યમૂર્તિ પ્રેમગંગા વહાવતાં વહાવતાં કુટુંબની સીમારેખા એવડી મોટી કરી ગયાં કે ઘરઆંગણું તેમજ સંસ્થાની ભેદરેખા ભુલાઈ ગઈ. નાનાભાઈના અવસાન પછી પૌત્ર-પૌત્રીના ઉછેરની જવાબદારી સંભાળવા અજવાળીબાએ ભાવનગરમાં તેમના ઘેર સૌથી નાના પુત્ર સાથે રહેવાનું શરૂ કર્યું. ૧૯૬૨માં પાકિસ્તાન સાથેના યુદ્ધ સમયે શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ બહેનોને પોતાનું સ્ત્રીધન દેશને આપવા હાકલ કરેલી ત્યારે અજવાળીબાએ તેમની જીવનમૂડી સમો પાંચેક તોલાનો ચેઈન દેશને અર્પણ કરી દીધેલો.

હાલ તેમના ત્રણ પુત્રો અને બે પુત્રીઓ જીવિત છે. તેમાંના સૌથી નાના પુત્ર પ્રશાંત ભટ્ટ, કે જેઓ ભાવનગરની જાણીતી ઔદ્યોગિક સંસ્થામાં ઊંચા હોદ્દા પર સેવા બજાવે છે, તેમની સાથે તે રહે છે. બીજા પુત્ર ભરતભાઈ ભટ્ટ લોકભારતીમાં અધ્યાપક છે, પરંતુ અજવાળીબા બધાં પુત્રોપુત્રીઓ સાથે જીવંત સંપર્ક જાળવે છે. ઉપરાંત લોકભારતી, આંબલા, મણાર અને અહીંની દક્ષિણામૂર્તિ સંસ્થાના વિશાળ પરિવાર સાથે કૌટુંબિક ઘરોબો હોઈ સૌ કોઈ તેમને 'બા'નાં આદરથી હળતાંમળતાં રહે છે.

હવે બા બાકી રહેલી જિંદગી પ્રભુભક્તિ અને ધાર્મિક વાચનમાં વિતાવે છે. આજે આયુના નવ દાયકા પછી એ શુભકાર્યમાં સમર્પિત કર્યાની કૃતજ્ઞતાનું અજવાળું એમની આંખોમાં છલકાય છે.

- અરવિંદ પી. ત્રિવેદી

સાહિત્યસંપર્ક

સ્વ. ચાંપશી ઉદેશી

'નવચેતન'ના નિષ્ઠાવાન તંત્રી

મુકુન્દ શાહ

મારા વતન શિનોરની હાઈ સ્કૂલમાં હું ભણતો હતો ત્યારે ગામની લાયબ્રેરીમાં 'નવચેતન', 'કુમાર', 'શારદા', 'પ્રસ્થાન' વગેરે વાંચતો. આ માસિકોમાં મને 'નવચેતન' અને 'કુમાર' વિશેષ ગમતાં. તેમાંયે 'નવચેતન'માં આવતી વાર્તાઓને કારણે મને તે વિશેષ ગમતું. એ વખતે તો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે વર્ષો પછી મારે મારા એ પ્રિય માસિક 'નવચેતન'માં જોડાવાનું આવશે અને તેના તંત્રી સ્વ. ચાંપશીભાઈ ઉદેશી સાથે એક પિતા-પુત્રની પેઠે જીવન ગાળવાનું આવશે.

હું શિનોરથી અમદાવાદ આવ્યો અને ચાંપશીભાઈ કલકત્તાથી અમદાવાદ આવ્યા. ત્યાર પછી તેમનાં પત્ની શ્રીમતી ચંપાબહેનનું અમદાવાદમાં દુઃખદ અવસાન થવાથી હું તેમની સાથે મારા કુટુંબ સહિત રહેવા ગયો. (એમના સુપુત્ર શ્રી વિજયસિંહ ઉદેશી એ વખતે કલકત્તામાં સિંધીયા સ્ટીમ નેવિગેશનમાં સેવા આપતા હતા એટલે અમદાવાદ આવી શકે તેમ નહોતા.) અને



ત્યારથી સતત ૨૫ વર્ષ સુધી તેમનાં સાથ રહેવાનુ સદ્ભાગ્ય મને સાંપડ્યું હતું.

આ સ્વ. ચાંપશીભાઈની જન્મશતાબ્દીનું વર્ષ તાજેતરમાં જ પૂરું થયુ એ પ્રસંગે એમના વ્યક્તિત્વને છતું કરતી કેટલીક વિગોત અહીં રજૂ કરું છું.

ચાંપશીભાઈનો જન્મ તા. ૨૪-૪-૧૮૯૨ના રોજ તેમના મોસાળ ટંકારામાં થયો હતો, પણ તેઓ પાંચ વર્ષના હતા ત્યારથી તેમના પિતા સાથે કલકત્તા રહેતા હતા. એમના પિતાશ્રી એ વખતે કલકત્તામાં ખટાઉ મકનજીની કાપડની પેઢીમાં કારકૂન હતા.

ચાંપશીભાઈએ પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ કલકત્તામાં લીધું હતું. ગુજરાતી ભાષાનાં સામયિકો તથા શિષ્ટ પુસ્તકોના વાચનથી તેમને સાહિત્યનો શોખ લાગ્યો હતો અને એ વખતે પ્રકટ થતા 'જ્ઞાનસુધા', 'વસંત', 'વીસમી સદી' જેવાં સાહિત્યિક સામયિકોમાં લખતા પણ હતા.

૧૯૨૦માં શ્રી હાજી મહંમદનું અવસાન થતાં 'વીસમી સદી' બંધ પડ્યું ત્યારે એ પ્રકારનું માસિક શરૂ કરવાનું ચાંપશીભાઈને મન થયું અને અનેક મુશ્કેલીઓ વચ્ચે તા. ૧-૪-૧૯૨૨માં કલકત્તાથી તેમણે 'નવચેતન' પ્રકટ કરવાનું શરૂ કર્યું.

'નવચેતન' આર્થિક રીતે ખોટ કરતું હતું. એ ખોટ સરભર કરવા માટે ચાંપશીભાઈ ટ્યૂશન કરતા, લક્ષ્મીદાસ પ્રેમજીની ઘીની પેઢીમાં મેનેજર તરીકે નોકરી કરતા હતા, ત્યાંની એમેચ્યોર નાટક કંપની માટે નાટકો લખતા, દિગ્દર્શન કરતા અને તેમાં અભિનય પણ આપતા. વળી, ધંધાદારી ગુજરાતી રંગભૂમિ માટે તેમણે 'જંજીરને ઝણકારે', 'ઘેલી ગુણિયલ', 'ગરીબનાં આંસુ', 'આજની દુનિયા' વગેરે નાટકો પણ લખ્યાં હતાં.

બીજા વિશ્વયુદ્ધ વખતે ચાંપશીભાઈ વડોદરા આવ્યા અને ૧૯૪૨ના જુલાઈની તા. ૧લીએ 'નવચેતન'નો અંક ત્યાંથી પ્રકટ કર્યો. ૧૯૪૫ના ડિસેમ્બર સુધી 'નવચતેન' વડોદરાથી પ્રકટ થતું હતું. બીજું વિશ્વયુદ્ધ પુરું થયા પછી 'નવચેતન' પુનઃ કલકત્તાથી પ્રકટ થવા માંડ્યું. પણ ત્યાં ગુજરાતી કંપોઝિટરોની મુશ્કેલીને કારણે ચાંપશીભાઈ અમદાવાદ આવ્યા અને ૧૯૪૮નો જુલાઈ-ઓગસ્ટનો સંયુક્ત અંક અમદાવાદથી પ્રકટ કર્યો. ત્યારથી 'નવચેતન' અમદાવાદથી નિયમિત રીતે પ્રકટ થતું રહ્યું છે.

ચાંપશીભાઈ એટલે 'નવચેતન' અને 'નવચેતન' એટલે ચાંપશીભાઈ - સાહિત્યજગતમાં આ પ્રચલિત ઉક્તિ સર્વથા સાચી હતી. 'નવચેતન' ચાલુ રહે તે માટે તેઓ કલકત્તાથી વડોદરા, વડોદરાથી પુનઃ કલકત્તા અને કલકત્તાથી અમદાવાદ આવ્યા. જગતનું સઘળું ઐશ્વર્ય એકબાજુ મૂકો અને 'નવચેતન' બીજી બાજુ મૂકો તો ચાંપશીભાઈએ 'નવચેતન' જ પસંદ કર્યું હોત એમ હું ખાતરીપૂર્વક કહી શકું. 'નવચેતન' માટે તેઓ પૃથ્વીના બીજા છેડે જવા પણ તૈયાર હતા.

'નવચેતન'નું પ્રકાશન ચાલુ રાખવા માટે તેમણે અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. ગુજરાતથી સેંકડો માઈલ દૂર છેક કલકત્તા (બંગાળ)થી એક ગુજરાતી માસિક શરૂ કરવું અને ગુજરાતી વ્યાપારી પ્રજા વચ્ચે ચાલુ રાખવું એ નાનીસૂની વાત નથી. લોઢાના ચણા ચાવવા અને તલવારની ધાર પર ચાલવું તેના કરતાં ગૂજરાતી સાહિત્યિક સામયિક ચલાવવું એ વધુ કઠિન કાર્ય છે અને એ કાર્ય ૧૯૨૨થી ૧૯૭૪ સુધી પૂરા બાવન વર્ષ સુધી - પોતાના અવસાન સુધી - ચાંપશીભાઈ એ ચાલુ રાખ્યું હતું. સાહિત્યજગતના ઈતિહાસમાં કદાચ એક વિક્રમ છે કે એક જ તંત્રી, એક જ સંચાલકે આટલા લાંબા સમય સુધી કોઈ સામયિક ચલાવ્યું હોય.

ચાંપશીભાઈને સાહિત્યજગત 'નવચેતન'ના તંત્રી તરીકે જ જોવા ટેવાયેલું હતું. એમણે કાવ્યો, વાર્તાઓ, નવલકથાઓ, ચિંતનલેખો, પ્રેરણાત્મક, વિવેચનો, નાટકો, હાસ્યકટાક્ષ વગેરે સાહિત્યનાં વિવિધ પ્રકારો પર સફળતાપૂર્વક કલમ ચલાવી હોવા છતાં અને તેમનાં પંદરેક જેટલાં પુસ્તકો પણ પ્રકટ થયાં જવાં છતાં 'લેખક' તરીકે ગુજરાતી સાહિત્યજગત તેમનો જોઈએ તે પ્રમાણમાં ઉલ્લેખ કરતું નહોતું તેનો તેમને છેક સુધી વસવસો રહ્યો હતો.

ચાંપશીભાઈ કોઈને અન્યાય કરતા નહીં અને કોઈનો અન્યાય સહન પણ કરતા નહીં.

સ્વમાનભંગ થાય તેવું કોઈ વર્તન કરે કે તેમને કોઈ અન્યાય કરે અથવા 'નવચેતન'ની કોઈ ટીકા કરે તો એવે સમયે ગુસ્સે પણ થઈ જતા અને ગમે તેવા ચમરબંધીની પણ શેહ કે શરમ રાખ્યા વિના પોતાનો પ્રતિભાવ સખત શબ્દોમાં વ્યક્ત કરતા.

વર્ષો પહેલાં ગુજરાત વિદ્યાપીઠમાં પંડિત જવાહરલાલ નેહરુ આવ્યા હતા ત્યારે હાજર રહેવા તેમને નિમંત્રણ મળ્યું હતું. તેઓ ત્યાં સમયસર ગયા હતા. તેમને યોગ્ય બેઠક પણ આપી હતી, પરન્તુ સમાજમાં આગળ પડતું સ્થાન ધરાવવા એક શ્રીમંત ઉદ્યોગપતિનું આગમન થતાં ચાંપશીભાઈને અન્યત્ર બેસવાનું કહેવામાં આવ્યું. તેમને તે ગમ્યું નહીં અને ત્યાંથી ઘેર આવતા રહ્યા હતા.

અમદાવાદમાં ઘીકાંટા રોડ પરની લક્ષ્મી ટોકિઝમાં એક પ્રેસ શોનું આયોજન કરાયું હતું ત્યારે એમને સારી જગ્યાએ બેસાડવામાં આવ્યા હતા. પણ એક દૈનિકના તંત્રી આવી ચડતાં ચાંપશીભાઈને એ જગ્યાએથી ઊઠી જઈ અન્યત્ર બેસવાનું કહેવાયું ત્યારે ઘે ચિત્ર જોયા વિના જ તેઓ ઘેર આવતા રહ્યા હતા અને ત્યાર પછી ટિકિટ લીધા વિના ક્યારેય પણ 'પ્રેસ શો'માં ફિલ્મ જોવા ગયા નહોતા.

અમદાવાદથી પ્રસિદ્ધ થતા એક દૈનિક તરફથી એક સામાહિક પણ પ્રકટ થતું હતું. તેમાં ચાંપશીભાઈ નિયમિત રીતે ફિલ્મના અવલોકનો લખતા હતા. તેમનાં અવલોકનો એટલાં તો તટસ્થ, નીડર અને સચોટ આવતાં કે તે વાંચ્યા પછી જ ચિત્રો જોનારો એક વર્ગ ઊભો થયો હતો. એક ચિત્ર તેમને ન ગમવાથી તેમણે તે ચિત્રની સારી એવી ઝાટકણી કાઢી હતી. એ વાંચીને ચિત્રની જાહેરાત આપનારે એ પત્રના તંત્રીને જણાવ્યું કે ચાંપશીભાઈ જો આવાં અવલોકનો લખશે તો અમે જાહેરખબરો આપવાનું બંધ કરીશું. એ દૈનિકના તંત્રીએ ચાંપશીભાઈને બોલાવીને કહ્યું કે તમે અવલોકનો લખો તો બહુ કડક ન લખશો, કારણ કે એથી જાહેરાતોને અસર પડે છે. ચાંપશીભાઈને આથી ખૂબ જ માઠું લાગ્યું. તેમણે તે જ વખતથી નિશ્ચય કર્યો કે એ સાપ્તાહિકમાં અવલોકનો લખવાં નહીં. તેમણે તેનો અમલ પણ કર્યો અને પછી માત્ર 'નવચેતન'માં ફિલ્મનાં અવલોકનો લખવા શરૂ કર્યાં હતાં.

'નવચેતન' માટેના લેખોની પસંદગી કરતી વેળા લેખકનું નામ નહીં પણ લેખકની કૃતિ જોતા અને પોતાના પત્રને, પત્રની નીતિને, પત્રના વાચકોની કક્ષાને ધ્યાનમાં રાખીને જ તેનો સ્વીકાર કે અસ્વીકાર કરતા. લેખક ખૂબ જ પ્રતિષ્ઠિત હોય છતાં તેની કૃતિ 'નવચેતન'ના ધોરણને અનુકૂળ ન લાગે તો તે વિનાસંકોચ તેને પરત કરતા. એથી ઊલટું લેખક નવોદિત હોય પણ એની કૃતિ સારી હોય તો તે અવશ્ય પ્રકટ કરતા. આમ, ગુજરાતી સાહિત્યમાં ઘણા લેખકોની પ્રથમ કૃતિ 'નવચેતન'માં પ્રકટ થઈ હતી.

ચાંપશીભાઈ મોટા ભાગની કૃતિઓ 'રિ રાઈટ' કરતા એટલે કે પુનઃ લખતા. કૃતિઓમાંની વાક્યરચના તેમને ઠીક ન લાગે તો તે બદલતા, ગુજરાતી ભાષાને બદલે પરભાષાનો કોઈ શબ્દ આવી જતો તો તે બદલી નાખતા. લેખકને કૃતિના સ્વીકાર-અસ્વીકારનો જવાબ તરત જ લખી નાખતા. તેમને લીલી શાહી ખૂબ ગમતી. પોતાનું બધું જ લખાણ તેમણે લીલી શાહીમાં જ લખ્યું છે. બોલપેન કે ફાઉન્ટન પેન તેમને ફાવતી નહીં. હમેશાં ખડિયામાં કલમ બોળીને જ તેઓ લખતા.

નિયમિતતાના પણ એ અંત્યત આગ્રહી હતા. એમનું બધું જ કામ ઘડિયાળના કાંટે થતું. ઊઠવાનું, ચા પીવાનું, જમવાનું, આરામ કરવાનું, બહાર પ્રેસમાં જવાનું, ત્યાંથી પાછા ફરવાનું, રેડિયો સાંભળવાનું અને સૂવાનું- બધાં જ કામ માટે એમનો નિશ્ચિત સમય રહેતો.

કોઈને પૈસા આપવાના હોય કે કોઈ પાસેથી પૈસા લેવાના હોય તો તે આપ્યા કે લીધા વિના (વિશેષતઃ જ્યાં સુધી માથે એક પાઈનું પણ દેવું હોય તો તે ભરપાઈ ન થતું ત્યાં સુધી) તેમને ચેન પડતું નહીં.

ચાંપશીભાઈને મુખ્ય ચાર શોખ હતા : (૧) ફિલ્મો જોવાનો (૨) નાટકો જોવાનો (૩) રમતગમતો જોવાનો કે રેડિયો પર કોમેન્ટ્રી સાંભળવાનો અને (૪) ભજિયાં ખાવાનો.

આ ચારેય શોખ એમણે છેવટ સુધી નિભાવ્યા હતા. તેઓ એકાંત અને શાંતિપ્રિય હતા. તેમને ઘોંઘાટ બિલકુલ ગમતો નહીં. એટલે સુધી કે તે લખતા હોય ત્યારે ચકલીનો ચીં ચીં અવાજ પણ તેમનાથી સહન થતો નહીં.

ચાંપશીભાઈએ 'નવચેતન'ના ત્રણ અંકો આખેઆખા પોતે લખ્યા હતા. 'નવચેતન'ના ત્રણ-ચાર અંકોનું મેટર અગાઉથી નક્કી કરી લેતા હતા અને અંકનું પ્રકાશન નિયમિત થાય તેની કાળજી રાખતા. નવનિર્માણની લડત વખતે અમદાવાદનો કબ્જો લશ્કરને એક વાગ્યે સોંપવાનો હતો અને તે 'નવચેતન' ટપાલમાં રવાના કરવાનો પણ દિવસ હતો, ત્યારે પણ મને સવારે મોકલીને સમયસર ટપાલ રવાના કરાવી હતી.

ચાંપશીભાઈ એકરંગી જીવન જીવ્યા હતા. તેમનો પોશાક પણ એક સરખો જ - ધોતિયું, ખમીસ, લાંબો કોટ અને માથે કાળી ટોપી.

ભારતીય સંસ્કૃતિના તેઓ ચાહક હતા. 'નવચેતન'માં આવતી વાર્તાઓ પણ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ હોય તેને પહેલી પસંદ કરતા.

ચાંપશીભાઈના ગુણો જોવા જઈએ તો કોઈનું બૂરું ન કરવાની વૃત્તિ, એક જ રંગે જીવન જીવવાની મનોવૃત્તિ, નમ્રતા, નિરભિમાનપણું, સચ્ચાઈ, સાદાઈ, નિરાડંબરીપણું, નિખાલસતા, સરળતા, એકાગ્રતા, નિયમિતતા, પરિશ્રમ કરવાની ટેવ વગેરે હતા. એથી ઊલટું ઉતાવળિયો સ્વભાવ, નજીવાં કારણોસર ઉશ્કેરાઈ જવાની ટેવ, થોડીઘણી ઈર્ષાવૃત્તિ, ઉત્સાહ કે નિરાશાનો અતિરેક, કાચે પાયે અને તાત્કાલિક મત બાંધી લેવો, પૂર્વગ્રહ રાખવો, અતડાપણું - એ પણ એમની ખાસિયતો હતી, જેની એમણે પોતે કબૂલાત કરેલી છે.

ચાંપશીભાઈ ઈશ્વરમાં માનતા હતા. પણ ક્યારેય ઘરમાં પાઠપૂજા કે દીવો કરતા નહીં, કે મંદિરે જતા નહીં. 'નવચેતન' જ તેમને મન સર્વસ્વ હતું. દિવાળીના દિવસોમાં ચોપડાપૂજન કે લક્ષ્મીપૂજન પણ કરતા નહીં. તેમની ઇચ્છા કામ કરતાં કરતાં મરણ પામવાની હતી અને તે ફળી પણ હતી એમ કહી શકાય. ૧૯૭૪ની તા ૨૬મી ફેબ્રુઆરીએ તેમનું અવસાન થયું તે વખતે તેમણે બે ઇચ્છાઓ મારી સમક્ષ વ્યક્ત કરી હતી. એક તો 'નવચેતન' ચાલુ રાખી તે ૬૦ વર્ષ પૂરાં કરે ત્યારે તેનો હીરક મહોત્સવ ઉજવવો અને બીજી તેમની આત્મકથા 'સ્મૃતિસંવેદન'ની બીજી આવૃત્તિ પ્રકટ કરવી. આ બન્ને ઇચ્છાઓ પરિપૂર્ણ થઈ છે એનો મને આનંદ છે. □

સાહિત્યિક સંજ્ઞાઓ

Canon : (કેનન) પ્રમુખ ધારા

ડૉ. દિગીશ મહેતા

માણસને તેમ વિવેચનની સંજ્ઞાઓને પણ વારાફેરા હોય છે. અહીં ચર્ચવા ધારેલી 'કેનન' સંજ્ઞાનું પણ એવું જ છે. આજથી પાંચ-પચીશ વર્ષ પહેલાં તેનું એટલું મહત્ત્વ ન હતું જેટલું આજે છે. અત્યારની સિદ્ધાંતચર્ચામાં અને ખાસ કરીને સાહિત્ય શિક્ષણ જેને પેડેગોજી (Pedagogy) કહીએ, તે સંદર્ભમાં આ સંજ્ઞા આજે બિલકુલ કેન્દ્રમાં છે.

સાવ સાદી રીતે મૂકવા પ્રયત્ન કરીએ તો 'કેનન' એટલે આ કે તે સાહિત્ય વિશે સર્વ - સ્વીકૃત એવી તેની પ્રમુખ ધારા. આમ એવું કહી શકાય કે એક દષ્ટિએ 'અંગ્રેજી સાહિત્ય' એમ કહેતાંની સાથે જ શેક્સ્પીઅર પછી મિલ્ટન પછી વર્ડ્ઝવર્થ પછી - પણ આવું કોઈક સમીકરણ સ્થાપિત થઈ ગયેલું હોય છે. સામાન્ય સંસ્કારી માણસથી માંડીને શિક્ષણસંસ્થાઓ, અને તેથી ય આગળ સાંસ્કૃતિક વારસાને નિભાવતા રાજ્યાશ્રય ધરાવતો બૃહદ્ આખો શાખા-પ્રશાખામાં પ્રસરતો સત્તાધારી એવો સંસ્થાનપ્રસ્તાર, એ સમગ્ર સંજ્ઞાઓની માયાજાળમાં, અમુક સમયે, અમુક સ્થળે, અમુક સમાજમાં એક જ સમીકરણ પડધાતું રહે છે. જેમ 'અંગ્રેજી સાહિત્ય' = આ કૃતિ/લેખક પછી આ પછી આ તેમ 'ગુજરાતી સાહિત્ય' પ્રેમાનંદ પછી નર્મદ તે દશકાઓ સુધી ખેંચાયા કરે. એ રીતે પછી - એમ એક દઢ સમજ એક વાર બંધાઈ જાય, પછી તે દશકાઓ સુધી ખેંચાયા કરે. એ રીતે શું અંગ્રેજી કે શું ગુજરાતી સાહિત્યની એક પ્રમુખ ધારા, એનો કેનન, પ્રસ્થાપિત થાય છે, થયો હોય છે.

બસ, આજની ભોંયખોદી બધું ખુલ્લું કરતી 'થીઅરિ', સિદ્ધાંતચર્ચાને આ આખીય ઘટનામાં, કેનનનું બનવું, બદલાવવું, વળી ફરી બનવું, એ ઘટમાળમાં ખૂબ જ આકર્ષણ રહ્યું છે. એનું મુખ્ય કારણ એ છે કે હવે જરા થોભીને જોઇએ તો આપણને જરા વિસ્મય તો થવું જોઈએ કે આ આખીય પ્રક્રિયા, આ ચરખો, કોણે ચલાવ્યો? એમાં કેટલાં બધાં સામાજિક, સાંસ્કૃતિક, કોઈક વાર વર્ગલક્ષી, સત્તા એટલે કે પાવરનાં પ્રેર્યાં, એવાં કંઈ કેટલાંય પરિબળો કામ કરી જતાં હશે. એક રીતે 'કેનન' એ આમ તો છૂત - અછૂત, ઊંચ-નીચ, ભદ્ર-દલિત એવા ભેદોને ચાલાકીથી, સંસ્કાર-વારસાને નામે, પોતાના લાભમાં નિયમિત કરવાનો, સમાજના આ કે તે વર્ગનો તરીકો જ છે ને ?

ગુજરાતી સાહિત્ય વિશે ઉપરછલ્લું ઉદાહરણ લઈએ તો ગુજરાતી નવલકથાની વાત કરતાં જ ગોવર્ધનરામ, મુન્શી, એમ પરંપરા મનમાં રમતી હોય તો એનો અર્થ એ કે ગુજરાતી સાહિત્ય સવર્ણોનો જ વારસો છે. આ અને આવી સમજોને 'કેનન ફૉર્મેશન', પ્રમુખ ધારાની પ્રતિષ્ઠાની આખીય પ્રક્રિયા સાથે સંબંધ છે. અત્યારની સિદ્ધાંતચર્ચા આ વિશે સભાનતા, સજાગ જિજ્ઞાસાની માગ ઉઠાવે છે.

સમાજ એ આજ પહેલાંના માર્ક્સવાદની ઘેરવણી નીચે, ઉપલા-નીચલા વર્ગ-વર્ગ વચ્ચેના બલાબલ તણાવોથી રચાયેલી વ્યવસ્થા છે એ સમજ આજે હવે નવા સૂક્ષ્મ સ્તરો પર ઊંચે ઉઠાવાઈ છે. જેને આપણે સમાજ કે સામાજિક વાસ્તવ કહેતા હતા તે મૂલત: તો સંજ્ઞાત્મક સંકેતોની આખીય માયાજાળ છે, જે સંકેતોની પરિભાષાના પોતમાં સત્તા; અને તેથી આગવી જેને આપણે 'જ્ઞાન' એટલે કે 'નોલેજ' કહેતા આવ્યા છીએ, તે ખુદ તેના તાણાવાણા જ પડેલા છે. આ સંકેત-સૃષ્ટિ એ જ એકમાત્ર સૃષ્ટિ છે. માણસે જો કાંઈ સમજવાનું છે તો તે આ સૃષ્ટિ જ છે... આવી રીતે જોઈએ તો જેને 'સંસ્થા' કહીએ, ઈન્સ્ટિટ્યૂશન, તે પણ એક સંકેત - સંકુલ જ છે, અને શું ધર્મ કે કાયદો કે રાજકારણ કે સાહિત્ય પણ આ રીતથી 'સંસ્થા' રૂપમાં વિસ્તરતું એક પરિબળ છે અને સંસ્થાભૂત પ્રક્રિયાનું એક મોટું પરિણામ તે 'કેનન' છે.

આજે અંગ્રેજી સાહિત્યના શિક્ષણ સંબંધે એક કેન્દ્રવર્તી પ્રશ્ન એ પુછાય છે કે શું શેક્સ્પીઅર શીખવો/શીખવવો સર્વથા જરૂરી છે? શેક્સ્પીઅરથી જ સર્વ વાતનો આરંભ થાય એવું શું? કેનનમાં શેક્સ્પીઅરની અનિવાર્યતા, તેની 'નેસેસિટી' કેમ?

આ અને આવી અનિવાર્યતા, તેને દઢ કરતાં પરિબળોમાં એકથી વધુ ઘટકો કામ કરતાં રહે છે. દાખલા તરીકે, વખતોવખત પ્રસિદ્ધ થતા કાવ્યસંગ્રહો. ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં એક સમયે પાલ્ગ્રેવનું કાવ્યસંપાદન એટલું બધું પ્રભાવક થયું કે તેણે દાયકાઓ સુધી અંગ્રેજી કવિતાની અમુક રેખાને ઉપસાવી આપી. આજે અંગ્રેજીમાં લખાયલી ભારતીય કવિતા વિશે પણ આવા પ્રભાવક સંગ્રહોની અસર એટલી જ વર્તાય છે.

સંગ્રહો પછી અસરકારક બની રહેતું બીજું ઘટક છે અભ્યાસક્રમ અને પરીક્ષાપદ્ધતિ. અંગ્રેજી સાહિત્યના વર્ગશિક્ષક વિશે આજે આમૂલ નવી વિચારણા ચાલી રહી છે, જેટલી ખુદ ઈંગ્લંડમાં તેટલી જ ભારતમાં. સંસ્થાનવાદ નામની ઐતિહાસિક ઘટનાના ઓછાયામાં જે કંઈ બની ગયું તેની અસર ઠેઠ શાળા-મહાશાળાના વર્ગો સુધી ખેંચાઈ, અને તેથી જ આજનો અંગ્રેજી-શિક્ષકસમૂહ એક જવાબદાર સામાજિક વર્ગ તરીકે, વ્યવસાય વિશે ખૂબ જ નિખાલસ અને વૈજ્ઞાનિક, ચર્ચા કરી રહ્યો છે.

દેખીતું છે કે આ આખાય પ્રશ્નને સાહિત્યના ઈતિહાસની વિભાવના સાથે સંબંધ છે. આ વિભાવના આજે વધુ ને વધુ વિવિધતા, અનેકતા એટલે કે પ્લુરાલિટી, તરફ ઝૂકતી જાય છે, વળી સાહિત્યની પ્રમુખ ધારા બદ્ધ ન થઈ જાય, મોકળી, ખુલ્લી રહે તે ખ્યાલ ગુજરાતી સાહિત્ય માટે વિશિષ્ટ રીતે સુસંગત છે કેમકે ગુજરાતી સાહિત્ય સમગ્ર ભારતીય સંદર્ભમાં જોતાં એક અનેક-વિધ ભાષાઓ, અનેકવિધ સાંસ્કૃતિક સંદર્ભોને સ્વીકારતી, સમાવતી સમાજવ્યવસ્થાના સ્વીકૃત આદર્શ વચ્ચે વિકસતી પ્રવૃત્તિ રહેવાની ગુજરાતી સાહિત્ય હિંદુઓ ઉપરાંત મુસ્લિમો, પારસીઓ, બિનગુજરાતી ભાષકો, દલિતો એથી આગવી સ્ત્રીઓ - એમ સમાજના કેન્દ્રથી સામાન્યતયા દૂરવર્તી જનસમૂહોનું પણ પ્રતિનિધિત્વ ધરાવતું રહે તે જરૂરી છે.

આ બધી નવસિદ્ધાંતચર્ચાનો નિચોડ સાહિત્યના શિક્ષણમાં ઊપસી રહેવાનો, એ અહીં કેનનનું મહત્ત્વ છતું થાય છે.

¤

અવલોકન

વેદનારસિત આનંદનું ગાન

'બે અક્ષર આનંદનાં' : જયન્ત પાઠક (એસ.એન.ડી.ટી. મહિલા વિદ્યાપીઠ, મુંબઈ ૪૦૦ ૦૨૧, ૧૯૯૨ પૃ. ડેમી ૪૮+૧૨, મૂલ્ય રૂ. ૩૦)

'બે અક્ષર આનંદનાં' જયન્ત પાઠકનો નવમો કાવ્યસંગ્રહ છે. 'શૂળી ઉપર સેજ' (૧૯૮૮)ના આ અનુગામી સંગ્રહમાં મોટા ભાગનાં કાવ્યો ૧૯૮૮ પછી લખાયેલાં છે. 'મર્મર' (૧૯૫૪)થી કાવ્યયાત્રા આરંભનાર કવિની મનીષા શું છે? અનુગાંધી યુગના આ સમર્થ કવિ સંગ્રહના આરંભે જ ઉચ્ચારે છે :

બે અક્ષર આનંદના પાડી શકું તો બસ.

ગાંધીયુગની કાવ્યસૃષ્ટિથી અનુગાંધીયુગની કવિતાને અલગ પાડનાર કવિમિજાજ અહીં દૃષ્ટિગોચર થાય છે. સંગ્રહની એક રચના 'નથી જોઈતું'માં પોતે આકાશમાં ભળવાની કે ગેબી ગહનોમાં ગળવાની અભિલાષા નથી રાખતા એમ જણાવી પળ બે પળ રમવાની, લ્હેરોમાં લીલા કરવાની ઇચ્છા પ્રદર્શિત કરે છે. દુનિયાની દૃષ્ટિએ જે પ્રવૃત્તિઓ નિરર્થક છે, તુચ્છ છે એ કવિને ગમતી પ્રવૃત્તિઓ છે. તેઓ ન તો સૂરજને ઝંખે છે, ન પૃથ્વીને; તેઓ તો ઝંખે છે :

જરાક ઉષ્મા, જરા જોઈએ જોવાને અજવાળું
જરાક ગમતો ગંધ, હૃદય બે ભીની
ધડકનવાળું ! (પૃ.૭)

પ્રકૃતિ અને પ્રેમ - જયન્તની કવિતાના બે મુખ્ય વિષયો. આ કાવ્યમાં કવિએ એ બે પ્રત્યેનું પોતાનું આકર્ષણ અભિવ્યક્ત કર્યું છે. આ રચનામાં જોવા મળતી સરળ સ્વાભાવિકતા સમગ્ર સંગ્રહની પણ ઊડીને આંખે વળગે એવી વિશેષતા છે. સંગ્રહની કોઈ રચનામાં દુર્બોધતા જોવા મળતી નથી.

જીવનની ઉત્તરાવસ્થામાં રચાયેલી આ સંગ્રહની રચનાઓમાં કવિ તરીકે અને વ્યક્તિ તરીકે પણ એકંદરે સફળતા પ્રાપ્ત કરેલ જયન્ત પાઠકનો સંતોષનો, શમનો, સમાધાનનો ભાવ જોવા મળે છે. સંગ્રહની અંતિમ રચના 'બસ હવે'માં પોતે બહુ રમ્યા, ભમ્યા એનો સંતોષ પ્રકટ કર્યા પછી અંતિમ પ્રયાણ માટેની પોતાની તૈયારી દર્શાવતાં કવિ પોતાની માતાને સ્મરે છે.

દીર્ઘજીવન શાપ છે કે વરદાન એ તો આપણે કહી શકતા નથી પણ જેમને દીર્ઘજીવન સાંપડે છે એમણે વાર્ધક્યનો સ્વાદ ચાખવો પડે છે. કવિએ કેટલીક કૃતિઓમાં વાર્ધક્ય સાથે સંકળાયેલી સંવેદનાઓને શબ્દસ્થ કરી છે. એ રચનાઓ પૈકી 'વાર્ધક્ય' પારંપરિક સોનેટ છે. 'વિસર્જન'માં પંચેન્દ્રિયની વિસર્જન પામતી ઘટના ઝીણવટથી અને તાજગીપૂર્વક આલેખાઈ છે. વૃદ્ધાવસ્થામાં આંખે મોતિયો આવે ને ઝાંખું દેખાય એ સહુ જાણે છે. કવિ એ વાત આવી કાવ્યાત્મક રીતે પ્રકટ કરે છે :

ચાલી જાય આંખ
મૂકીને પાછળ મેલા અરીસાની ઝાંખ.
(પૃ. ૧૩)

પ્રાસ જેવી સ્થૂળ, બાહ્ય પ્રયુક્તિ પાસેથી પણ સિદ્ધહસ્ત કવિએ કેવું કામ કઢાવ્યું છે! સરળતાનું સૌન્દર્ય અહીં અનુભવી શકાય છે. 'વૃદ્ધ દંપતી'નું શબ્દચિત્ર પણ આસ્વાદ્ય છે.

જગતમાં જે જન્મે છે એ મરે છે. સર્જનની સાથે જ વિસર્જન થાય છે. ક્ષર જગતમાં બુદ્ધિશાળી વ્યક્તિ અક્ષરની શોધ કરે છે. એવી શોધને અંતે કવિને સમજાય છે કે :

કશું એક છે જે બહુ થૈ રમે છે
જીવે છે, મરે છે, ઊગે-આથમે છે. (પૃ. ૧૨)

આ કશાકની ખોજમાં, તલાશમાં ભમનારાને કવિ કહે છે કે એ તત્ત્વ તો 'રમી આપમાં, આપમાં જે શમે છે !' (પૃ. ૧૨) 'એકોઽહમ બહુસ્યામ્'નો પડઘો પ્રથમ પંક્તિમાં સાંભળી શકાય છે. ઉપનિષદનું તત્ત્વજ્ઞાન નરસિંહની જેમ જયન્ત પાઠકે પણ સહજ સરળ ભાષામાં વ્યક્ત કર્યું છે.

પરંતુ નરસિંહ મહેતા અને જયન્ત પાઠક વચ્ચે મૂળભૂત ભેદ છે. નરસિંહને જે પ્રતીતિ થઈ અને અનુરૂપ તેઓ પોતાના જીવનને પ્રભુપરાયણ બનાવી શક્યા. જયંત બૌદ્ધિક ભૂમિકા પર જગતની નશ્વરતા વગેરે સમજે છે, પણ તેમનું મન ખીલે બાંધવા છતાં સાંકળ તોડીને નાસે છે અને ગલી ગલી ભટકે છે. સંગ્રહની પ્રથમ રચના 'શું કરીએ !'- માં પોતાની મૂંઝવણ વ્યક્ત કરતાં કવિ કહે છે :

ઘટીકમાં આ બાજુ ઢળે છે
ઘડીકમાં ઓ બાજુ ઢળે છે
ઘાટ વગરની લોટી છે, રહે સંસારે ના સરસીજી
શું કરીએ મહેતા નરસીંજી ! (પૃ.૧)

પોતાની આવી ડોલાયમાન મનઃસ્થિતિને કવિએ સંગ્રહની અનેક કૃતિઓમાં વાચા આપવાનો પ્રયાસ કર્યો છે. 'પાનબાઈનો વલોપાત' વાસ્તવમાં તો આપણા કવિનો વલોપાત છે. લોકગીત જેવી સરળ અને સચોટ બાનીમાં કવિ પોતાની આપાબદ્ધતા વ્યક્ત કરે છે.

જયન્ત પાઠકની આત્મલક્ષી રચનાઓ અમુક અંશે પરલક્ષી પણ છે. કવિ પોતાની જ મર્યાદાઓ પ્રકટ કરે છે તે મોટા ભાગના મનુષ્યોની પણ છે જ. આધુનિક સમયના આપણા કવિ મધ્યકાલીન કવિઓની જેમ ઉપદેશ આપવાનું પસંદ કરતા નથી, પણ એવા ઉપદેશનું પાલન સામાન્ય મનુષ્ય માટે કેવું દુષ્કર છે એ પોતાને નિમિત્ત બનાવી સ્પષ્ટ કરે છે.

કવિ શબ્દના બંદા છે તેથી 'સર્જનની ક્ષણ'માં શબ્દનો મહિમા કરે છે, પણ બીજી બાજુ 'શબ્દોનું શું કામ, અમારે બાવનબા'રો રામ !' (પૃ. ૩૯) એમ કહી અંતે રામ તો મૌનમાં જ રમે છે એમ સૂચવે છે.

પ્રકાશને પામવા માટે પણ પહેલાં તો અંધકારને સમજવો પડે. સંગ્રહની અનેક કૃતિઓમાં કવિ અંધકારની વાત કરે છે. સૂર્ય અંધકારને હટાવી શકે છે પણ 'નિત્ય ને હંમેશનાં નકરાં અંધારાં' એનાથી પણ ક્યાં હટે છે? કવિ એક રચનામાં વારાફરતી અજવાળાં અને અંધારાંનો લ્હાવો લેવાની અભિલાષા વ્યક્ત કરે છે, પણ તેમને મનગમતું તો છે, અંધારું તેમની અંધકારવિષયક રચનાઓ આસ્વાદ્ય છે.

જયન્ત પાઠકની કવિતાનો એક શક્તિશાળી ઉન્મેષ તેમની પ્રકૃતિવિષયક કવિતામાં પ્રકટ્યો છે. આ સંગ્રહમાં પણ થોડાંક ઉલ્લેખનીય પ્રકૃતિકાવ્યો સાંપડે છે. કેટલાંક પ્રકૃતિકાવ્યોમાં 'ગ્રીષ્મ'ના 'તડકા' અને 'ઓતરા-ચીતરાના તાપ'ને બલિષ્ઠ રીતે મૂર્ત કરવાનો પ્રયાસ કવિએ કર્યો છે. પૂર્વાર્ધના સંગ્રહોમાં સંખ્યાબંધ પ્રણયકાવ્યો આપનાર કવિ અહીં 'બે શૃંગાર મુક્તકો'થી સંતોષ માને છે. પણ આ સંગ્રહમાં મળતું કૃષ્ણકાવ્યોનું નાનકડું ગુચ્છ નોંધપાત્ર છે. પોતાની વ્યથાની વાત મીરાંને કરતાં કવિ કહે છે કે અમે સંસારી દ્વિધાના દાસ છીએ તેથી અમને 'વીતક બહુ વીત્યાં' (પૃ. ૧૦). કવિને ભલે બહુ વીતક વેઠવાં પડ્યાં હોય, એમણે આપણને તો એમાંથી 'બે અક્ષર આનંદનાં' જ આપ્યા છે. એ માટે આપણે એમના ઓશિંગણ છીએ.

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ



માધુકરી

વર્ષાની ધારના કોણે આકાશથી
અવનિને ઉરવ આ તાર સાંધિયા ?
અંગુલિ વીજની કોણે આ ફેરવી,
શુષ્કતા વિદારતાં ગીત છેડિયાં ?


પ્રહ્‌લાદ પારેખ

ફીલ્ડ માર્શલ કે. એમ. કરીઅપ્પાની ચિરવિદાય


ગઈ તા. ૧૫મી મે (૯૩)ના રોજ બૅંગ્લોરની વાયુદળની કમાન્ડ હૉસ્પિટલમાં ભારતના લશ્કરી દળોના પ્રથમ વડા ફીલ્ડ માર્શલ કે. એમ. કરીઅપ્પાનું હૃદયરોગના કારણે ૯૩ વર્ષની વયે અવસાન થતાં દેશે એક મહાન વીર પુરુષ ગુમાવ્યા છે.

ખડતલ સૈનિકોની ભૂમિ તરીકે જાણીતા કુર્ગના શનિવર્સાન્તે નામે ગામમાં એક મહેસૂલી અમલદારને ત્યાં થયો હતો. કોદંડરા મદપ્પા કરીઅપ્પા એ એમનું પૂરું નામ. પ્રાથમિક શિક્ષણ ગામઠી શાળામાં પૂરું કરી તેઓ મરકરાની સેન્ટ્રલ હાઈ સ્કૂલમાં દાખલ થયા. અભ્યાસની સાથે રમતગમતમાં પણ તેઓ અગ્રસ્થાને રહેતા. આકર્ષક રીતભાત અને સામી વ્યક્તિને મિત્ર બનાવી લેવાની આવડતને કારણે તેમણે શાળાના હેડમાસ્ટર મિ. વ્હિટવર્થની પણ ગાઢ મૈત્રી સંપાદન કરી હતી. આ મિ. વ્હિટવર્થ પહેલા મહાયુદ્ધ વેળા ઈંગ્લંડ જઈ લશ્કરમાં જોડાયા તે પછી યે તેઓ 'ચીમા'ને પત્રો લખી પોતાના સૈનિકી અનુભવો જણાવતા. 'ચીમા' એ કરીઅપ્પાનું મિત્રોમાં જાણીતું નામ હતું. ભવિષ્યમાં સૈન્યમાં જ પોતાની કારકિર્દી ઘડવાની પ્રેરણા એમને વ્હિટવર્થના પત્રો દ્વારા જ મળી હશે.

ઈ. ૧૯૧૬માં મેટ્રિક થઈ તેઓ મદ્રાસની પ્રેસિડન્સી કોલેજમાં દાખલ થયા. ત્યાં તેઓ ઈન્ટરમાં હતા ત્યારે પોતે જે ઝંખતા હતા તે તક તેમને



મળી ગઈ. એ વખતે પ્રથમ મહાયુદ્ધ પૂર-જોશમાં ચાલતું હતું. એટલે હિંદની સરકારે અફસરપદની તાલીમ આપવા કેટલાક ઉચ્ચ કક્ષાના હિંદીઓને લેવાનું ઠરાવ્યું અને તે મુજબ કુર્ગ વિસ્તાર-માંથી કેડેટશિપ માટે જે બે યુવાનો પસંદ થયા તેમાંના એક કરીઅપ્પા હતા.



ઘાયલ થઈને ડૂબી રહેલા કોઈ સૈનિક કે આંતકવાદીનો આ પાણી બહાર દેખાતો હાથ નથી, પણ સ્પેઈનમાં ૧૯૫૯માં મેડ્રિડ મુકામે ત્યાંના લશ્કરી દળોએ યોજેલી તરણસ્પર્ધામાં ભાગ લેનાર એક સૈનિકનો હાથ છે. ફોટોગ્રાફરે જે તક ઝડપી લઈને આ ફોટો લીધો છે તેનું તેમાં મહત્ત્વ છે, જે આ ફોટને અસામાન્ય બનાવે છે. આ જ રીતે સૈનિકો માટેની આ સ્પર્ધામાં એક એવી પણ સ્પર્ધા હતી, જેમાં ભાગ લેનાર સૈનિકે પાણીમાં ઊંડે ડુબાડીને રાખેલા માનવદેહના ડમીને, ત્રણ પ્રયત્નમાં પાણીમાં ડૂબકી મારી તે ડમી શોધીને સપાટી પર લાવવાનું હતું. પાણી ભરેલાં સ્થાનોમાં સૈનિકોએ કરવી પડે એવી કામગીરીની તાલીમના એક ભાગ રૂપ આ સ્પર્ધા યોજાઈ હતી.

આ પછી ઈંદોરમાં ડેલી કૉલેજમાં કરીઅપ્પાની તાલીમ શરૂ થઈ. અત્યંત પરિશ્રમવાળી એ તાલીમને અંતે ૧૯૧૯ના ડિસેમ્બરમાં જે પરીક્ષા લેવાઈ તેમાં એકવડા બાંધાના કરીઅપ્પાએ લેફ્ટેનન્ટના દરજ્જાનો કાંસ્યપદક મેળવ્યો હતો.

સેકન્ડ લેફ્ટેનન્ટ બન્યા પછી તરત જ એમને મેસોપોટેમિયાના યુદ્ધમેદાન પર મોકલવામાં આવ્યા, અને ત્યારથી એમની યુદ્ધવિજયોની તેજસ્વી માળા આરંભાઈ. જ્યાં જ્યાં એમની નિમણુક થઈ ત્યાં બધે એમણે હિંદુસ્તાનનું ખમીર ઝળકાવ્યું હતું. આ પછી એમને ડોગરા ટુકડી સાથે વઝીરીસ્તાન જવાનું થએલું. કમિશન્ડ ઑફિસર તરીકે વિદેશી સૈન્યોના અભ્યાસ અને તાલીમ માટે એમને દુનિયાના દેશોના પ્રવાસે પણ મોકલવામાં આવેલા, જેને પરિણામે એમની જન્મજાત યોગ્યતામાં સંગીન વધારો થયો. તેમની યોગ્યતા, કૌશલ, બહાદુરી ઇત્યાદિ વિષે અધિકારીઓને એવો વિશ્વાસ

બેસી ગયેલો કે હિંદી સૈન્યમાં કોઈ પણ મહત્ત્વની જગ્યા હિંદીને આપવાનું ઠરે કે તરત કરીઅપ્પાનું જ નામ આગળ આવતું. આમ, તેઓ એક પછી એક અગત્યનાં પદ મેળવતા જ ગયા.

બીજા મહાયુદ્ધમાં મધ્યપૂર્વમાં તથા આરાકાન મોરચે બહોળો અનુભવ મેળવવા સાથે મહત્ત્વની કામગીરી બજાવી. પરિણામે એમને બ્રિગેડીઅરપદ અપાયું. પછી એમને લશ્કરી કોલેજ વેસ્ટપોઈન્ટની તાલીમપદ્ધતિના અભ્યાસ માટે ત્યાં મોકલવામાં આવ્યા. અમેરિકન સૈન્યના સ્ટાર જનરલ જેટલી યોગ્યતા ધરાવનાર એક હિંદી બ્રિગેડીઅરની આવડત તથા કુશળતા જોઈ અમેરિકન અફસરો પણ મુગ્ધ થઈ ગયા હતા.

ઈ. ૧૯૪૨ના એપ્રિલમાં તેઓ હિંદી લશ્કરી ઇતિહાસમાં પ્રખ્યાત એવી ૭મી રાજપૂત રેજિમેન્ટમાં યાંત્રિક તોપટુકડીના લેફ્ટેનન્ટ કર્નલ નિમાયા. આ સ્થાને પહોંચનાર એ સૌપહેલા હિંદી અફસર હતા. એ પછી પૂર્વ વિભાગના જનરલ ઑફિસર ઇન ચીફ નિમાયા અને પછી તેઓ દિલ્હી અને પૂર્વ પંજાબ વિભાગના પશ્ચિમ કમાન્ડના નામથી ઓળખાતા ભાગના જી.ઓ.સી. ઈન સી. નિમાયા. આથી એમની સર્વ સૈનિકી કારકિર્દી પર જાણે કળશ ચડી ગયો. કાશ્મીરનું પહાડી યુદ્ધ પણ એમની જ નિષ્ણાત દોરવણી નીચે લડાયું હતું. આઝાદ ભારતના તેઓ પ્રથમ સરસેનાપતિ હતા.

ઈ. ૧૯૫૩માં સેનામાંથી નિવૃત્ત થયા બાદ પં. જવાહરલાલે આગ્રહપૂર્વક એમને ઑસ્ટ્રેલિઆમાં ભારતના હાઈકમિશનરપદે મોકલ્યા હતા. ત્યાંથી તેઓ ન્યૂ ઝીલેન્ડ પણ ગયેલા.

બ્રિટિશ શાસન, નેપાળ, ફ્રાંસ અને અમેરિકાની સરકારોના શ્રેષ્ઠ લશ્કરી માન મેળવનાર કરીઅપ્પાએ સેનામાં અદ્‌ભુત શિસ્ત, સંયમ, દેશપ્રેમ અને નિષ્ઠાનું સિંચન કરેલું. નૈતિક બળ અને દૃઢ નિર્ધારના ચુસ્ત આગ્રહી એવા એમણે જીવનભર તેનું પાલન કરેલું.

નિવૃત્તિ બાદ રાજકીય માળખા અને લશ્કરના ઘરઆંગણે વારંવારના ઉપયોગ જેવા મુદ્દાઓ પરના એમનાં વિચારો અને વિધાનોએ અનેક ચર્ચાઓ ઊભી કરી હતી, પણ પોતે જે માનતા તે કહેતા એ કદી અચકાતા નહોતા. ૧૯૭૧માં મુંબઈમાં લોકસભાની ચૂંટણીમાં ઊભા રહેલા પણ ચૂંટાયા નહોતા. યુવાપેઢીને તેઓ રાજકારણથી દૂર રહેવાની સલાહ આપતા હતા.

એમના પુત્ર કે. સી. કરીઅપ્પા પણ આપણા સંરક્ષણદળમાં એર વાઈસ માર્શલ છે. એમને નલિની મુરતબેગ નામે એક પુત્રી પણ છે.

કર્ણાટકના કોડાગુ જિલ્લામાં એમના વતન માડીકેરી ગામે સંપૂર્ણ લશ્કરી અને રાજ્ય સન્માન સાથે એમની કુર્ગી વિધિ પ્રમાણે અંતિમક્રિયા કરવામાં આવી.

ભારતીય સેનાને પુનર્ગઠિત કરી એમણે તેના દ્વારા જે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરીને ભારતીય સૈન્યનું જે માન વધાર્યું હતું તે બદલ તેઓ સદાય યાદ રહેશે. □

આંખો માટેનો એક જાતઅનુભવ

ઉંમરના વધવા સાથે બેતાળા, ઝામર કે મોતિયો જેવા આંખના રોગો થાય છે. મોટે ભાગે વૃદ્ધાવસ્થામાં આંખોની કંઈ ને કંઈ તકલીફ થાય છે. પણ થોડીક કાળજી રાખવાથી તેમજ ઘરગથ્થુ ઉપચારોથી આંખોની મુસીબતોથી બચી શકાતું હોવનો મારો અનુભવ છે.

મને અગાઉ ચશ્મા આવેલા તેથી કેટલાંક વર્ષો તો મેં ચશ્મા વાપર્યા, પણ પછી કંટાળીને મેં એ કાઢી નાખેલા અને છતાંય મારું કામકાજ સારી રીતે નભે જતું હતું. એ રીતે વીસેક વર્ષ વીત્યાં બાદ ઉંમર થવાને લીધે કે ગમે તે કારણે મોતિયાની થોડીક અસર વરતાવા લાગી અને આમ દસેક વર્ષ થયાં. આ પછી થોડા સમયથી વાંચવા-લખવામાં થોડી થોડી મુશ્કેલી પડવા લાગી. દાક્તરોએ મોતિયો હોવાનું જણાવ્યું. આ રીતે કેટલોક સમય પસાર થયા પછી આંખોની દૃષ્ટિમાં ઝાંખપ વરતાવા લાગી એટલે મેં વીસનગરની આંખની જાણીતી જ્યોતિ હૉસ્પિટલમાં તા. ૯ જુલાઈ ૧૯૯૨ના રોજ ત્યાંના સુખ્યાત સર્જન ડૉ. મિહિરભાઈને આંખો બતાવી. મોતિયો અને એ ઉપરાંત ઝામર હોવાનું જણાવી એમણે એ માટે મને દવા લખી આપી.

થોડો સમય એમણે બતાવેલા ઉપચારો કર્યા અને પંદર પંદર દિવસે આંખોની તપાસ કરાવતો રહ્યો, પણ બહુ ફેર ન પડવાથી જમણી આંખે ઝામરનું ઑપરેશન વિચારી તે માટે સમય તારીખ નક્કી કર્યાં. પણ હું આયુર્વેદનો રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર વૈદ્ય હોવાથી ડૉક્ટરની મંજૂરી લઈ મેં આયુર્વેદના પ્રયોગો શરૂ કર્યા અને એમણે લખી આપેલી ઝામરની દવાનાં ટીપાં નાખવાનાં બંધ કર્યાં.

આયુર્વેદની માન્યતા છે કે બહુ શાક ખાવાથી આંખો બગડે છે. વધુકાં શાક આંખોને નુકસાન કરતાં હોય છે. આંખો માટે માત્ર કાસુંદરાના પાનની ભાજી, સવાની ભાજી, તાંદળજો, સરગવો અને ડોડીનું શાક જ હિતકર છે. આમેય અમારા ઘરમાં શાક વધુ પ્રમાણમાં ખવાતું. મેં શાક ખાવાનું બંધ કર્યું; અને પથ્યાદિ કવાથ પીવાનો શરૂ કર્યો. રાત્રે માટીની કુલડીમાં ત્રિફળાં પલાળી રાખી સવારે તેનું પાણી આંખે છાંટવા માંડ્યું અને સવાર-સાંજ સપ્તામૃત લોહ એક એક ગ્રામ લેવાનું શરૂ કર્યું. [illegible]કમાં ઘઉંની રોટલી, દાળભાત, મગ અને કાસુંદરાનાં કે તાંદળજાના પાનની ભાજી લેવા માંડી. પંદરપંદર દિવસે આંખની તપાસ કરાવવાની ચાલુ રાખી. ઊગતા તેમજ આથમતા સૂર્ય સામે ખુલ્લી આંખે દસદસ મિનિટ જોવાનું પણ રાખ્યું.

આ પ્રયોગથી ટીપાં બંધ કરવા છતાંય ઝામરનું દબાણ વધતું અટક્યું અને સામાન્ય રહ્યું તથા આંખોનું તેજ વધ્યું. અગાઉ ઝીણા અક્ષરો નહોતા વંચાતા કે સોયના નાકામાં દોરો નહોતો પરોવી શકાતો તે હવે ઝીણા અક્ષરો વંચાવા લાગ્યા અને સોયમાં દોરો પણ પરોવી શકાવા માંડ્યો. જો કે એકધારું વાંચનલેખન કરવાથી આંખે થાક વરતાય છે, પણ બાકી એકંદરે સારું રહેવા લાગ્યું અને તા. ૧૨ નવેમ્બર ૧૯૯૨ના રોજ આંખની તપાસ કરાવી ત્યારે ડૉક્ટરે પણ આશ્ચર્ય સાથે જણાવ્યું કે આંખોનું તેજ વધ્યું છે. ('ગુજરાત' અને માધવ મો. ચૌધરીના સૌજન્યથી)

'કુમાર'નું પ્રકાશન ઑગસ્ટ '૯૦થી પુનઃ ચાલુ થયું ત્યારે જો આપ તેના વાર્ષિક ગ્રાહક થયા હશો તો આ અંક સાથે કદાચ આપનું લવાજમ પૂરું થતું હશે. અમને શ્રદ્ધા છે કે અત્યાર સુધી આપે તેને જે સાથ આપ્યો છે તે હજી યે જારી રાખશો. અને હા, ૧૯૯૩થી તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦ છે એ પણ આપને ખયાલમાં હશે જ.

ન મસ્જિદમાં ન મંદિરમાં ન મક્કામાં ન કાશીમાં,
ફકત આ દિલ બની, દિલમાં વસ્યો દિલદાર મારો છે.

અમૃત નાયક

મહાત્મા ગાંધી જ્યારે સેવાગ્રામમાં રહેતા હતા ત્યારની આ વાત છે. કોઈ જાહેર સંસ્થાના બે ટ્રસ્ટીઓ મહાત્માજી પાસે કંઈક સલાહ લેવા આવ્યા. સલાહ લઈને તેઓ જ્યારે જતા હતા ત્યારે ગાંધીજીએ સહજભાવે પૂછ્યું : 'તમે બંને સંસ્થાના ખર્ચે જ અહીં આવ્યા હશો, નહીં ?' પેલા ટ્રસ્ટીઓએ હા કહી એટલે ગાંધીજીએ તેમને ઉદ્દેશીને કહ્યું, 'તો તો તમારામાંથી કોઈ એક જણ જ આવ્યા હોત તો ના ચાલત ? જાહેર સંસ્થાનાં નાણાં આમ નકામાં ખર્ચશો તો સંસ્થા શેં ચાલશે ?'

પેલા ટ્રસ્ટીઓ મૂગા બની ગયા.

¤

ઈ.સ. ૧૮૪૪માં યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા વચ્ચે પહેલી આંતરરાષ્ટ્રિય ક્રિકેટ મેચ ખેલાઈ હતી.

¤

જગતનું સૌથી જૂનું અને અત્યારે હયાત વર્તમાનપત્ર સ્વિડનનું 'પોસ્ટ ઓફ ઈનરિક્સ ટિડનિંગર' છે. તેનો પ્રારંભ ઈ.સ. ૧૬૪૫માં થયો હતો.

¤

આમળાનાં બી વાટીને સાકર સાથે થોડાં ફાકી જવાથી ઊલટીમાં રાહત થાય છે.

¤

થોડા વખત પહેલાં અમેરિકામાં એક શસ્ત્રક્રિયા દરમિયાન એક દર્દીના થાપાને બદલવાની ક્રિયામાં યંત્રમાનવે ભાગ લીધો હતો; તેથી તે ઘટના મહત્ત્વના સમાચાર બની હતી.

¤

જાપાનની એક બેંકમાં પાળેલા પ્રાણીઓના નામે હવે બચત ખાતું ખોલાવી શકાય છે એવા એક સમાચાર છે.

¤

દાંતનાં પેઢાંમાં દુખાવો થતો હોય તો લીમડાની છાલને પાણીમાં ઉકાળી તેના કોગળા કરવાથી રાહત થશે.

¤

કહેવતનો અર્થ : 'બાંડા ગામમાં બે તેરશ' - સામાન્ય રીતે કોઈપણ પ્રકારના નિયંત્રણ વગરના સ્થળે પ્રવર્તતી ગેરવ્યવસ્થા કે કુસંપ દર્શાવવા ઉક્ત કહેવતનો ઉપયોગ થાય છે.

¤

વિક્ટર હ્યુગો નામના ફ્રેંચ લેખક એકવાર પ્રવાસમાં હતા ત્યારે પોતાની નવી નવલકથા 'લે મિઝરાબ્લ'નું વેચાણ કેવું થાય છે તે જાણવા અત્યંત આતુર હતા. પોતાના પ્રકાશકને એમણે પત્રમાં લખ્યું : '?' (માત્ર એક પ્રશ્નાર્થચિહ્ન). પ્રકાશકે ઉત્તર પણ એવો જ પાઠવ્યો '!' (માત્ર એક આશ્ચર્યચિહ્ન). દુનિયાભરમાં આ કદાચ ટૂંકામાં ટૂંકો પત્ર અને વળતો પત્ર હશે !

¤

જોડણીભેદે અર્થભેદ

અંશ : ભાગ; અંસ : ખભો

¤

ગ્રીન હેરન પ્રકારનો બગલો પાણીમાં પોતાનું પીછું નાખીને માછલીને લલચાવે છે અને પછી પોતાની લાંબી ચાંચ વડે તેને પકડી લે છે.

¤

જાણો છો પર્શિયન અખાતી યુદ્ધ દરમિયાન સ્વીત્ઝર્લેન્ડે જરૂર પડ્યે ખપમાં લઈ શકાય તે માટે ૩૪ હજાર જેટલાં તાલીમબધ્ધ સંદેશવાહક કબૂતરોની એક ફોજ તૈયાર રાખી હતી ?

¤

આપ જાણો છો કે એક સામન્ય માખી પાત્ર લગભગ ત્રીશેક જેટલી બીમારીઓનું નિમિત્ત છે ?

¤

માનવજાતિને સ્વાતંત્ર્ય, માનવ એકતા અને ભાઈચારાના સાચા સ્રોત પ્રત્યે વાળવી એ છે ભારતનું કાર્ય.

શ્રીઅરવિંદ

મનુષ્યેતર પ્રાણીઓમાં એક વાંદરો જ એવું પ્રાણી છે કે જે વિવિધ રંગોને અલગ અલગ પહેચાની શકે છે.

¤

દક્ષિણ અમેરિકામાં એક વિશિષ્ટ પ્રકારનું વૃક્ષ ઊગે છે. આ વૃક્ષ વરસાદ થતાં પૂર્વે થોડીક ડાળીઓ પેદા કરી શકે છે. આ વૃક્ષને બેરામીટર કહેવામાં આવે છે.

¤

વિશ્વવિક્રમોની નોંધો રાખતી ગિનેસ બુકથી કદાચ ઘણા જ્ઞાત હશે જ. આ ખ્યાતનામ વિશ્વ-કોશની પહેલી આવૃત્તિ ૧૯૫૫માં બ્રિટનની ગિનેસ મદિરા પેઢીના માલિકે પ્રકટ કરી હતી, અને એના સંપાદકો હતા નોરિસ અને રોસ મેક્વર્ટરે.

¤

કલાકણિકા

ઈસ્વીસન પૂર્વે લગભગ પાંચસો વર્ષના અરસાનો ચીનનો શોભનમંડિત ઘંટ.

